


# સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાન

## (ઉત્તરાર્ધ)

HOLISTIC SCIENCE RESEARCH CENTER
**Vitrag Vignan Charitable Research Foundation**
Near Mahavideh Teerth Dham, N. H. 8, Nansad Road, Kamrej Char Rasta,
Ta. Kamrej, Dist. Surat - 394 185. Tel. : +91 2621-250750
e-mail : hsrcsurat@gmail.com | www.holisticscience.org, www.vvcrf.org

## સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન (હોલિસ્ટિક સાયન્સ) શું છે?

જ્યારે આપણે જીવનને વ્યાપક રીતે સમજીએ ત્યારે જ જીવનના ચરમ-પરમ લક્ષ્યને સમજી શકીએ છીએ. આ દુન્યવીજીવનને તેનાં માત્ર બાહ્ય પાસાંઓથી પૂરું સમજી નહિ શકાય પણ સાથે સાથે તેના આંતરિક પાસાંઓ દ્વારા પણ સમજવું જોઈએ. હોલિસ્ટિક સાયન્સનો ઉદ્દેશ્ય એ છે કે સમસ્ત શિષ્ટસાહિત્ય, વિજ્ઞાન, ટૅક્નોલૉજી, તત્ત્વજ્ઞાન, ધર્મ અને અધ્યાત્મમાંથી પ્રાપ્ત જ્ઞાનને સંચિત કરીને માનવજીવનના યુગો જૂના તેમજ વર્તમાન પ્રશ્નોનું સમાધાન ખોળીએ જેથી આપણે એકબીજાની સાથે સુમેળભર્યું જીવન જીવી શકીએ, એકબીજાને સમજી શકીએ, અપનાવી શકીએ, પ્રેમ આપી શકીએ અને કુદરતના અણમોલ ખજાનાનું જતન કરી શકીએ. વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિક વિકાસ, આપણા નૈતિકમૂલ્યો તેમજ અધ્યાત્મને પરસ્પર એકરૂપ કરીએ તો જ માનવ જીવનની સાર્થકતાનો અનુભવ થાય. સ્વાસ્થ્ય, સંપત્તિ, ઉત્કર્ષ અને શાંતિ પ્રાપ્ત કરવા માટે હોલિસ્ટિક સાયન્સ સહુને વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડે છે. આનાથી સમગ્ર માનવજાતિ સમૃદ્ધિ તરફ આગળ વધતા વૈશ્વિક પરિવારરૂપ બનવાની દિશામાં આગળ વધશે.

**શ્રી દાદા ભગવાન પ્રબોધિત**

# સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાન

## (ઉત્તરાર્ધ : કામ અને મોક્ષ)

**:: ભાવાનુવાદ ::**

ડૉ. રજનીકાન્ત શાંતિલાલ શાહ

એમ.એ.બી.એડ.પી-એચ.ડી

કરજણ.

**પરામર્શક :** ડૉ.જે.પી. અમીન

**સંપાદન :** લાલાભાઈ ડી. પટેલ અને ડૉ. લલિત કાછડિયા

**:: પ્રકાશક ::**

વીતરાગ વિજ્ઞાન ચૅરિટેબલ રિસર્ચ ફાઉન્ડેશન,

હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટર

કામરેજ, સુરત.

૨૦૧૮

***Editing Associates***
Alpa Bharuchwala * Sohini Shah

***Word Processing & Design***
Pradeep K. Patel

© VVCRF 2018

*All rights reserved. No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording or otherwise, without the prior permission of the Publisher.*

ISBN: 978-81-935155-8-7

Price : Rs. 180.00

***Published by:***
Vasantbhai U. Patel
Founder Trustee,
HOLISTIC SCIENCE RESEARCH CENTER
Vitrag Vignan Charitable Research Foundation
Near Mahavideh Teerth Dham,
Kamrej Char Rasta, N.H. 8, Surat 394185 India
TEL: +91-2621-250750 hsrcsurat@gmail.com
www.holisticscience.org

***Printed by:***
Shree Sai Art & Printers
Mo: 9824747745

# આમુખ

વીતરાગ વિજ્ઞાન ચેરિટેબલ રિસર્ચ ફાઉન્ડેશન સંચાલિત હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર છેલ્લાં દસેક વર્ષથી સમાજના શૈક્ષણિક ક્ષેત્રોમાં સર્વાંગી જીવનદર્શન વિજ્ઞાનની સમજના અભ્યાસ માટે સેમિનાર, કોન્ફરન્સ, વર્કશોપ, પ્રકાશન, ઈ-મેગેઝિન, રિસર્ચ જર્નલ વિગેરે પ્રવૃત્તિઓનું આયોજન અવારનવાર કરે છે. આ સંસ્થાના અધિષ્ઠાતા અક્રમ વિજ્ઞાની દાદા ભગવાન પ્રબોધિત સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાનની સમજ તેમજ અન્ય તમામ દર્શનમાંથી પ્રાપ્ય વૈજ્ઞાનિક સમજનો સાંપ્રત જીવનમાં વિનિયોગ કરી વિદ્વાનોની મદદથી ભારતની તેમજ વિશ્વની વિવિધ ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે જેનો અદ્‌ભૂત પ્રતિભાવ મળી રહ્યો છે.

સર્વાંગી જીવન વિજ્ઞાનના અભિન્ન અંગ એવા સાત્ત્વિક જીવનશૈલી અને નીરોગી જીવન માટેના જ્ઞાન પ્રસાર માટે છેલ્લાં કેટલાંક વર્ષોથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી તેમજ લકુલીશ યોગ યુનિવર્સિટીના નેજા હેઠળ યોગના ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સનું સંચાલન આ સંસ્થા કરી રહેલ છે અને તે બાબતે ઘણો સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે.

આર્ય સનાતન ધર્મની ઉદાત્ત પરંપરામાં સર્વાંગી સાર્થક માનવજીવન વિકાસ માટે ચાર પુરુષાર્થ જણાવેલ છે : ધર્મ- અર્થ-કામ અને મોક્ષ. આ ચારેય પુરુષાર્થનું જ્ઞાન અને વિજ્ઞાન ‘માનવધર્મ’ તરીકે આપવામાં આવે તો આ સંસ્થાનો ઉમદા કાર્ય હેતુ વધુ સફળ થાય એવું અમારા ટ્રસ્ટી મંડળનું સૂચન હતું.

આ અંગે યોગશિક્ષકો તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે ચર્ચા વિચારણા કરતાં એવો નિષ્કર્ષ આવ્યો કે પરમ પૂજ્ય દાદા ભગવાને સર્વાંગી જીવન ઘડતરનું વિજ્ઞાન ઘણે અંશે વ્યક્ત કરેલ છે જેના આધારે એક અભ્યાસક્રમ બનાવી શકાય. દાદાશ્રીએ આધ્યાત્મિક કોલેજ સ્થાપવાની જરૂરિયાત છે તેવો અનુરોધ પણ કરેલ હોઈ આ પ્રકલ્પ સત્ત્વરે આયોજન થાય તેવી અમારી ભાવના સંસ્થા દ્વારા જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન આયોજિત એશિયન ફિલોસૉફી કોન્ફરન્સ અને ઈન્ડિયન ફિલોસૉફીકલ કોંગ્રેસના સુંદર પ્રસંગે દેશવિદેશના વિદ્વાનોની ઉપસ્થિતિમાં પ્રારંભ થઈ રહી છે.

સર્વપ્રથમ ગુજરાતી ભાષાના સર્ટિફિકેટ કોર્સ અંગેનું પ્રશ્નોત્તરમાળા રૂપેનું આ પુસ્તક બે ભાગમાં પ્રકાશિત થાય છે: પ્રથમ ભાગમાં ધર્મ અને અર્થના અને દ્વિતીય ભાગમાં કામ અને મોક્ષના વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે. નજીકના ભવિષ્યમાં હિન્દી તેમજ અંગ્રેજી ભાષામાં પણ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવનાર છે.

જય સચ્ચિદાનંદ સંઘ દ્વારા પ્રકાશિત પ.પૂ. દાદાજીની આપ્તવાણીના ભાગ: ૧-૨-૩ ના આધારે હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટર સંપાદિત અંગ્રેજી પુસ્તક ‘Dialogues with Dadaji on Life & Living’ નું પ્રોફેસર રજનીકાંત શાહે અથાગ પ્રયાસ કરી સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કરી આપવા બદલ તેમનો ખાસ આભારી છું.

જગત કલ્યાણ યજ્ઞની આ ઉદાત્ત યોજનાને બર લાવવા માટે યોગદાન આપનાર આ પાઠ્યક્રમ કમિટીના પરામર્શક ડૉ. જે. પી. અમિન તથા અન્ય વિદ્વાનો ડૉ. સોહનલાલ તાતેર, ડૉ. રજનીકાન્ત શાહ, ડૉ. નયના ડેલિવાલા, ડૉ. શૈલેશ મહેતા, શ્રી મોહનભાઇ પટેલ, શ્રી લાલાભાઈ પટેલ તેમજ ડૉ. લલિત કાછડિયાનો અમારા ટ્રસ્ટી મંડળ વતી આભાર માનું છું. આ પુસ્તક છપાવવા માટે સહયોગ આપનાર શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલનો આભાર માનું છું.

વસંતભાઈ પટેલ,
સ્થાપક ટ્રસ્ટી,
વીતરાગ વિજ્ઞાન ચેરિટેબલ રિસર્ચ ફાઉન્ડેશન, હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર, કામરેજ, સુરત,
૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૮ (જ્ઞાની પુરુષ શ્રી કનુદાદાજીનો ૮૯મો જન્મદિન)

# પ્રાક્-કથન

માનવીના સર્વાંગી વિકાસ અને માનવ જીવનની સાર્થકતા માટે પાયાના 'ચાર પુરુષાર્થ' માનવામાં આવેલ છે -ધર્મ-અર્થ-કામ અને મોક્ષ'. એમાં સર્વપ્રથમ પુરુષાર્થનું નામ - 'ધર્મ' એટલે કે 'આત્મધર્મ', જેને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે 'સ્વધર્મ' કહ્યો છે, જેની 'યથાર્થ સમજ' મેળવવી અત્યંત જરૂરી છે અને આ સમજ જીવનના પ્રથમ તબક્કામાં જીવનની સાર્થકતા માટે મેળવાય તે અનિવાર્ય - આવશ્યક છે.

જીવનમાં સંસાર વ્યવહાર ચલાવવા માટે 'અર્થ-ઉપાર્જન' ('અર્થોપાર્જન') અને 'ઉપજીવિકા'નું પણ અત્યંત મહત્વ છે. વ્યવહાર જીવનમાં વ્યવહાર સારી રીતે ચાલે તથા વ્યવહારના સુયોગ્ય સંચાલન માટે યોગ્ય પ્રમાણમાં લક્ષ્મીની પણ જરૂરિયાત રહે, એ સ્વાભાવિક છે. પણ આ લક્ષ્મીનું ઉપાર્જન માત્ર 'ધર્મ' અનુસારનું હોવું ઘટે. અધર્મથી પ્રાપ્ત કરેલી લક્ષ્મી પોતાને અધોગતિમાં લઈ જશે, જ્યારે ધર્મ અનુસાર પ્રાપ્ત કરેલ લક્ષ્મી દ્વારા વ્યવહાર સંચાલન સુંદર અને સ-રસ થશે, એ નિસંદેહ છે. 'અર્થ' શબ્દ લક્ષ્મીનાં સંદર્ભમાં ઉલ્લેખાયેલ હોવાની સાથે-સાથે, એમાં જીવન વ્યવહારની જરૂરિયાતની અનિવાર્ય ચીજ-વસ્તુઓનો પણ સામાન્ય રીતે સમાવેશ થાય છે.

સંપૂજ્ય 'દાદા ભગવાન' કહે છે તેમ લક્ષ્મી 'બાય પ્રોડક્ટ' છે, અર્થાત્ પોતે 'સ્વ-સ્વરૂપ'માં એટલે કે ચોથા પુરુષાર્થમાં (મોક્ષમાં - મુક્તજીવનમાં) સ્થિર થાય એટલે વ્યવહાર ચલાવવા માટે જરૂરી લક્ષ્મી વગેરે વ્યકિતને એની મેળે કુદરતી રીતે યથાયોગ્ય સમયે પ્રાપ્ત થયા જ કરે. લક્ષ્મીના અનુસંધાનમાં 'દાદા ભગવાન'નું યથાર્થ કથન છે કે 'ભીડ નહિ અને ભરાવો પણ નહિ', અર્થાત્ સામાજિક 'પ્રસંગ' વખતે એની મેળે પોત પોતાના પરિવારની સામાજિક પ્રતિષ્ઠાનાં ધારાધોરણ પ્રમાણે લક્ષ્મી પ્રાપ્ત થઈ 'પ્રસંગ' સારી રીતે ઉકલી જાય. યથાર્થ ધર્મના નિયમનું પાલન હોય તો લક્ષ્મી સહેજા સહેજ સ્વાભાવિક રીતે આવતી રહે છે, જેથી તેનાં ઉપાર્જન માટે કોઈ છળ-કપટ-કાવા-દાવા-ચિંતા-ઉપાધિ કરવાની જરૂર રહેતી નથી. દાદાશ્રી કહે છે કે, 'વેપારમાં ધર્મ હોવો ઘટે પણ ધર્મમાં વેપાર હોવો ન ઘટે'.

જીવન વ્યવહારમાં 'ધર્મ'ના પાયા પર 'અર્થ-ઉપાર્જન' કરતા રહીને કામનાઓની (લૌકિક ઈચ્છાઓની) પરિપૂર્તિ કરવાની હોય છે. સંસારી મનુષ્ય એટલે 'ઈચ્છાઓનું (કામનાઓનું) પોટલું' એમ સામાન્ય રીતે કહેવાય છે. પરંતુ આ 'કામ' નો યોગ્ય રીતે અને માનવ સમાજમાં બીજાઓને અથવા પોતાના 'આત્મહિત'ને હાનિ પહોંચાડયા સિવાય અને બીજાઓને બને તેટલો 'લાભ' પહોંચાડતા રહીને પોતાની કામનાઓ શમાવવી ઘટે. ન્યાયોચિત અને ધર્મપૂર્ણ જીવન જીવતા રહીને, સ્વ ઉપાર્જિત દ્રવ્યથી, પોતાની અને પોતાના કુટુંબની કામનાઓ શમાવવી ઘટે. અને તો જ સમાજ જીવનની વ્યવસ્થા અને સુલેહ જળવાઈ રહે, અન્યથા 'જર-જમીન અને જોરું એ ત્રણ કજિયાનાં છોરું' એ ન્યાયે ક્લેશ અને કંકાસ-કોર્ટ-કચેરી થયા વગર રહે નહિ.

જીવનના ચોથા તબક્કામાં ‘મોક્ષ’ (‘મુક્તજીવન’)ની પ્રાપ્તિ માટે પોતાનું સમગ્ર ધ્યાન, સમય અને શક્તિ કેન્દ્રિત કરવી ઘટે. જીવનના પ્રથમ તબક્કે ‘ધર્મ - આત્મધર્મ - સ્વધર્મ’ ની યથાર્થ વૈજ્ઞાનિક સમજ કેળવી, ન્યાયોચિત ‘અર્થ-ઉપાર્જન’ (અર્થોપાર્જન) કરી, પોતાની અને પોતાનાં આશ્રિત કુટુંબીજનોનું જરૂરી ભરણપોષણ અને કામનાઓનું શમન કરી, પોતાનાં સર્વ ઋણ ચૂકવી પોતે હળવાશનો અનુભવ કરે, એ જરૂરી છે. આ રીતે, સમજદાર વ્યક્તિ, ‘ઋણમુક્ત’ થતો-થતો બીજી બાજુ મનુષ્ય જીવનનો યથોચિત અનુભવ કરતાં-કરતાં, જીવનના સર્વોચ્ચ ધ્યેય એવા ‘મોક્ષ’ (‘મુક્તજીવન’)ની પ્રાપ્તિ તરફ ધ્યાન આપે અને ક્રમે-ક્રમે તે તરફ આગળ ને આગળ વધતો રહી, મનુષ્ય જીવનની સાર્થકતાનો અનુભવ કરી બિલકુલ હળવો થઈ ‘મોક્ષ-માર્ગે’ આગળને આગળ પ્રયાણ કરે.

આ રીતે ‘ધર્મ-અર્થ-કામ અને મોક્ષ’ ના ચારેય પાયાના પુરુષાર્થના આધારે સર્વાંગી-સમતોલ જીવન જીવીને તમામ વ્યક્તિઓ ‘માનવધર્મ’ની યથાયોગ્ય સમજ પ્રાપ્ત કરી શકે તેવી ઉદાત્ત ભાવનાથી ‘VVCRF (વીતરાગ વિજ્ઞાન ચેરીટેબલ રિસર્ચ ફાઉન્ડેશન)’ દ્વારા સંચાલિત ‘HSRC (હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર)’ દ્વારા શરૂ થતો ‘સર્ટિફિકેટ’ અભ્યાસક્રમ એ ખૂબ જ આવકારદાયક પગલું છે. આ સેન્ટર દ્વારા ‘ડિપ્લોમા ઈન યોગ’ તેમજ ‘સર્ટિફિકેટ ઈન યોગ’ કોર્સના અભ્યાસક્રમ પણ અત્રે આ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે. તેની સાથે-સાથે પૂરક રીતે મનુષ્ય જીવનની સાર્થકતાની પ્રાપ્તિનાં લક્ષ્ય સહિતનો, આ ‘સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાન’ (‘હોલિસ્ટિક સાયન્સ ઑફ લાઈફ ઍન્ડ લીવીંગ’ - ‘સર્વાંગી જીવન જીવવાનું વિજ્ઞાન’ નો સર્ટિફિકેટ કોર્સ સમાજના દરેક સ્તરના, દરેક ઉંમરના અને દરેક વ્યવસાયના વ્યક્તિઓને અત્યંત ઉપયોગી થશે, એવી અમોને ખાતરી છે. નજીકનાં ભવિષ્યમાં ગુજરાતી ભાષાની સાથે-સાથે અંગ્રેજી અને હિન્દી ભાષામાં પણ ‘Distance Education Course’ (‘ઘર બેઠા થઈ શકતો અભ્યાસ કોર્સ’) સત્ત્વરે ઉપલબ્ધ કરાવવામાં આવે તેવું અમારું વિનમ્ર સૂચન છે.

VVCRF ‘(વીતરાગ વિજ્ઞાન ચેરીટેબલ રિસર્ચ ફાઉન્ડેશન)’ - HSRC ‘(હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર)’ દ્વારા પ્રકાશિત ‘Dialogues with Dadaji on Life & Living’ ના સારાંશ સ્વરૂપે ગુજરાતી ભાષામાં માનવ જીવનના સર્વાંગી વિકાસ માટે જણાવેલ ચાર પુરુષાર્થ ‘ધર્મ-અર્થ-કામ અને મોક્ષ’ની સામાન્ય સમજ પૂરા વિશ્વમાં માનવમાત્રને સરળ ભાષામાં સમજાય એવી શૈલીમાં અત્રે વ્યક્ત કરવાનો નમ્ર પ્રયાસ થયો છે. અભ્યાસુ વાચકવર્ગ એક ચિત્તે એનો અભ્યાસ કરી જીવનનો સર્વાંગી વિકાસ સાધ્ય કરે તો અમારો આ પ્રયાસ સાર્થક થયો ગણાશે.

Dr. J. P. Amin, *M. A. (Ind. Cult.) : L.L.B., Ph.D., M. A. (Eco. Soc.) : L.S.G.D.*
*Former Principal & Chairman of Dept. of Indian Culture,*
*Shri R. P. Arts & K. B. Commerce College, Khambhat.*
*‘Academic Advisor’: Holistic Science Research Center, VVCRF, Surat.*
*Dada Bhagwan Mandir Complex, Surat, Mob.: 98252 04612*

તારીખ: ૧૦-૦૯-૧૮

# પ્રસ્તાવના

આ વિષમ કાળમાં સમસ્ત જીવન સામાન્યપણે અનેકવિધ સમસ્યાઓ, શંકાઓ અને કલહોથી ભરેલું છે. બહારના અનેક સુખ સાધનો હોવા છતાં પણ આજનો માનવી સુખી નથી, અભાવોથી ઘેરાયેલો જોવા મળે છે. તે આવી સમસ્યાઓનો ઉકેલ શોધે છે પણ સાચી દિશા મળતી નથી. તે મૂંઝવણ અનુભવતો રહે છે અને કરમાઈ જાય છે. એવા સમયે વિશ્વની માનવ જાતને માટે દીવાદાંડીરૂપ પૂજ્ય દાદાશ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલે ભારતીય ધર્મ દર્શનના ક્ષેત્રે 'દીવો દીવાને પ્રગટાવે' એ ન્યાયે જ્ઞાનનો આલોક પાથર્યો છે. અંધકારના અનુભવ પછી ઉજાસનો સાક્ષાત્કાર સૂર્યોદયી પ્રસન્નતા અને તાજગી પ્રસરાવે છે. એવી જ તાજગીની પ્રતીતિ તેમના અંતેવાસીઓ, મહાત્માઓ અને આપ્તપુત્રો અનુભવતા રહયા છે. કહેવાયું છે, કે 'વહેતું નીર' અને 'વહેતું જ્ઞાન' શ્રેયસ્કર હોય છે. એ ન્યાયે પૂજ્ય દાદા ભગવાનની આપ્તવાણી વર્તમાન અને ભાવિજીવન માટે કલ્યાણકારી અને ઉપકારક છે. પૂજ્ય દાદાજીએ 'આપ્ત' શબ્દનો ઉપયોગ સાર્થક રીતે કરેલ છે. આપ્ત એટલે બધી જ રીતે વિશ્વાસ કરવા લાયક. માત્ર સાંસારિક બાબતો જ નહીં પણ મોક્ષપ્રાપ્તિ માટે પણ, ઠેઠ સુધી ભરોસો કરવા જેવું. પૂજ્ય દાદાભગવાને એક સદ્‌ગુરૂ તરીકે પરમજ્ઞાન આપ્યું છે, જે ખૂબ જ ઉપકારક છે અને પ્રત્યેક યુગમાં પ્રાસંગિક છે.

પૂજ્ય દાદાભગવાન દ્વારા પ્રરૂપિત વીતરાગ દૃષ્ટિથી રાગ-દ્વેષ મુક્ત 'જીવન જીવવાની કળા' પ્રાપ્ત થાય છે. આ વ્યવહાર વિજ્ઞાનમાં મતભેદ, મનભેદ શી રીતે ટળે? મમત્વ, કંકાસ, અજંપો, પૂર્વગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ, કદાગ્રહ, અથડામણ વગેરે શી રીતે સહજપણે કેવી રીતે દૂર થાય? આ બધાનો જવાબ પૂજ્ય દાદાભગવાનની વાણીમાં સરળ ભાષામાં જોવા મળે છે.

પૂજ્ય દાદાભગવાનની 'આપ્તવાણી' અલગ-અલગ ભાગોમાં પ્રકાશિત થયેલ છે. આ ગ્રંથોમાં પૂજ્ય દાદાજીએ પોતાની સહજ સ્વાભાવિક તળપદી ભાષામાં વીતરાગ જ્ઞાનની સમજ આપી છે. અત્યારે સમય બદલાયો છે. માનવપેઢીઓ બદલાઈ રહી છે, તેની રહેણી-કરણી, રીતભાત અને ભાષા પણ બદલાઈ છે. નગરો, મહાનગરો અને ઉપનગરોમાં રહેતી નવી પેઢી તળપદી ભાષાથી દૂર થયેલી છે ત્યારે આવા જ્ઞાનના અમૃતકોષને માત્ર ભાષાના અજ્ઞાનને કારણે વંચિત શી રીતે રહેવા દેવાય? પેઢી જૂની હોય કે નવી હોય પણ જ્ઞાન પ્રાપ્તિની તેની ભૂખ તો એવીને એવી જ છે. એ ભૂખને સંતોષવાનું પરમ કાર્ય હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સેન્ટર, સુરતે અંગ્રેજી ભાષામાં 'Dialogues with Dadaji on Life & Living' પુસ્તક પ્રકાશિત કરવા દ્વારા કર્યું છે.

આ જ પુસ્તકનો દેશ-વિદેશની ભાષાઓમાં અનુવાદ કરીને લોકો સુધી પહોંચાડવાની પ્રેરણા પરમ પૂજ્ય શ્રી કનુદાદાએ કરી. મારા સદ્‌ભાગ્યે અને મારા પ્રચંડ પુણ્યબળે આ ગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો અનન્ય લાભ મળ્યો. બસ, એ

જ ક્ષણથી હું આ સંસ્થા સાથે સંપર્કમાં આવ્યો. અનુવાદનું કાર્ય ધારીએ એટલું સહેલું નથી પણ દેવ-ગુરૂ પસાદે હું આ કાર્ય સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રી વસંતભાઇ પટેલ, અકાદમીય વડા અને ટ્રસ્ટીશ્રી લાલાભાઈ પટેલ તથા મિત્રવર ડૉ. બાલાજી ગણોરકરની હૂંફે-હૂંફે પૂર્ણ કરી શક્યો.

બધા વડીલો-મિત્રો સાથે વિવિધ વાતચીત થતી રહેતી. ચર્ચા-વિચારણા દરમિયાન એક નવો વિચાર સ્ફુર્યો કે આજના દિશાવિહીન થતા જતા, છતાંય કોઈક દિશા ખોળી રહેલ અતિવ્યસ્ત માનવીને એવો રસ્તો બતાવવો જોઈએ કે તે એ માર્ગે આગળ વધીને પોતાનો વિકાસ કરી શકે. તેની પાસે મોટા-મોટા ગ્રંથો વાંચવાનો સમય નથી, મોબાઈલ અને ઇન્ટરનેટની દુનિયાએ તેને જકડી લીધો છે અને સત્સંગોમાં જઇ શકે તેમ નથી ત્યારે તે તેની નવરાશે અને ઇચ્છાએ વાંચી શકે.

આમ Distance Learning Programme નો વિચાર કરવામાં આવ્યો. કહેવત છે ને કે 'મન હોય તો માળવે જવાય' એ ન્યાયે આ વિષય ઉપર ચિંતન શરૂ થયું. આ પ્રોગ્રામ આ જ સંસ્થાના આશ્રયે આગળ ધપાવવાનું નક્કી કર્યું. 'સર્વાંગી જીવન દર્શન વિજ્ઞાન' પ્રમાણપત્ર અભ્યાસક્રમ પણ તૈયાર થઈ ગયો. હવે Reading-Material ની વાત આવી. નક્કી એ થયું કે આ જ પુસ્તકના ગુજરાતી અનુવાદને અભ્યાસક્રમમાં નક્કી કરેલ વિષયો મુજબ વહેંચી દઈએ તો વાંચકને વાંચવા તથા સમજવામાં સરળતા રહે.

માનવજીવનની સર્વાંગ સાર્થકતા માટે આર્ય સનાતનધર્મમાં ચાર પુરુષાર્થ પ્રરૂપેલા છે.: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. દરેક વ્યક્તિએ આ ચારેય પુરૂષાર્થો પર સરખું ધ્યાન આપવાની જરૂર છે. તો જ સમતોલ રીતે જીવનવ્યવહાર ચાલી શકે અને સમાજના એક સંસ્કારી વ્યક્તિ તરીકે પોતે પરસ્પર ઉપકારપૂર્ણ જીવન જીવી શકે અને જીવનની સાર્થકતાનો આનંદપૂર્ણ અનુભવ કરી શકે. આ કાર્ય માટે આ અભ્યાસક્રમ ઉપકારક નીવડે એવો ઉદ્દેશ્ય આ અભ્યાસક્રમનો છે.

આવા ઉમદા ઉદ્દેશ્યથી આ પ્રમાણપત્ર અભ્યાસક્રમને ચાર વિભાગ - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ મુખ્ય ચાર ખંડોમાં તે ગ્રંથના ૧૪૩ પ્રકરણોને હોલિસ્ટિક સાયન્સ રિસર્ચ સૅન્ટરના સહયોગી શ્રી લલિતભાઈના માર્ગદર્શન મુજબ વહેંચી લીધાં. આ ચારેય વિભાગોના અલગ અલગ પુસ્તકો બનશે. જેનો લાભ જિજ્ઞાસુઓ સારી રીતે મેળવી શકશે.

આ અનુવાદકાર્યમાં મારો ઉત્સાહ અને હરખ વધારવામાં પૂજ્યશ્રી કનુદાદાજીના આશીર્વાદ તથા માનનીય શ્રી વસંતભાઇ પટેલના પ્રોત્સાહને શક્તિ પૂરી પાડી છે. આપના શુભાશિષ સદૈવ અમારા શિરે રહે એવી પ્રાર્થના. આ કાર્યના સંપાદનમાં મિત્રવરશ્રી લાલાભાઈ ડી. પટેલનો હૂંફાળો સ્નેહ અને માર્ગદર્શન પ્રાપ્ત થયું હોઇ હું આપનો ખૂબ-ખૂબ આભાર માનું છું. આપ સહુ તથા ડૉ. બાલાજી ગણોરકર તથા ડૉ. નયનાબહેન ડેલિવાલાનો ઉષ્મિત સહયોગ મારી આ અધ્યયનયાત્રાને એક પરિણામ સુધી પહોંચાડવામાં નિમિત્ત રહ્યો છે.

શ્રદ્ધા છે, કે આ પુસ્તકો તથા આ સંસ્થાના આ મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ જિજ્ઞાસુઓ તથા વિદ્વાનોને ગમશે અને તેમના માધ્યમથી આ કાર્યક્રમને આગળ વધારાશે અને પૂજ્ય દાદા ભગવાન તથા પૂજ્ય કનુદાદાજીના આશીર્વાદ અને દૃષ્ટિકોણને સાર્થક કરવાના જ્ઞાનયજ્ઞમાં સહાય કરશે.

રજનીકાંત એસ. શાહ<br>
એમ.એ., પી.એચ.ડી<br>
કરજણ.

તારીખ: ૦૭-૦૯-૧૮

# અનુક્રમણિકા

## કામ


| | | |
|---|---|---|
| ૧. | મનુષ્ય તો કુદરતનો મહેમાન છે! | ૦૨ |
| ૨. | સાંસારિક સંબંધો. | ૦૩ |
| ૩. | સુખ અને દુઃખ. | ૦૫ |
| ૪. | ચિંતા અને અહંકાર. | ૦૯ |
| ૫. | તમારી પાસે જે કાંઈ હોય તેનો આનંદ માણો. | ૧૧ |
| ૬. | ભૌતિક વિકાસ અને આધ્યાત્મિક વિકાસ. | ૧૨ |
| ૭. | પ્રકૃતિ શું છે? | ૧૩ |
| ૮. | પ્રકૃતિ અને તેના ત્રણ ગુણધર્મો. | ૧૪ |
| ૯. | પરિવારઃ  પ્રાકૃતિક બગીચો. | ૧૫ |
| ૧૦. | જુદા-જુદા પ્રકારના વૈરાગ્ય. | ૧૬ |
| ૧૧. | આત્મોપયોગ. | ૧૭ |
| ૧૨. | ત્રણ પ્રકારનાં સુખ. | ૧૯ |
| ૧૩. | વાણીનું વિજ્ઞાન. | ૨૦ |
| ૧૪. | અંતઃકરણ. | ૨૩ |
| ૧૫. | મન શું છે અને વિચાર શું છે? | ૨૫ |
| ૧૬. | મનઃ કાર્યની પ્રેરણા. | ૨૭ |
| ૧૭. | તમારા મન પર સવારી કરો. | ૨૮ |
| ૧૮. | મનનો સંકોચ અને વિકાસ. | ૩૦ |

| | | |
|---|---|---|
| ૧૯. | મન અને વર્તનની વિસંવાદિતા. | ૩૧ |
| ૨૦. | મનની પ્રકૃતિ. | ૩૨ |
| ૨૧. | મનની ગ્રંથિઓ કેવી રીતે ઓગળતી હોય છે? | ૩૩ |
| ૨૨. | મન ભૌતિક છે. | ૩૫ |
| ૨૩. | મનના પ્રકાર. | ૩૫ |
| ૨૪. | બુદ્ધિની ક્રિયા અને જ્ઞાનની ક્રિયા. | ૩૬ |
| ૨૫. | નોખી બુદ્ધિઃ નોખા મત. | ૩૮ |
| ૨૬. | ચિત્ત. | ૪૨ |
| ૨૭. | ચિદાનંદઃ ચિત્તની પ્રસન્નતા. | ૪૪ |
| ૨૮. | ફરજિયાત અને મરજિયાત. | ૪૬ |
| ૨૯. | ઈચ્છા. | ૪૯ |
| ૩૦. | ભાવ એટલે શું? | ૫૧ |
| ૩૧. | દેહની ત્રણ અવસ્થાઓ. | ૫૨ |
| ૩૨. | આચાર, વિચાર અને ઉચ્ચાર. | ૫૬ |
| ૩૩. | લાગણીઃ ઉદ્વેગ. | ૫૮ |
| ૩૪. | વિષય. | ૬૧ |
| ૩૫. | પ્રેમ અને આસક્તિ. | ૬૯ |
| ૩૬. | કર્મનું વિજ્ઞાન. | ૭૧ |
| ૩૭. | ગમો અને અણગમો. | ૭૪ |
| ૩૮. | મોહનું સ્વરૂપ. | ૭૭ |

| | | |
|---|---|---|
| ૩૯. | માયા. | ૭૯ |
| ૪૦. | પ્રાકૃત સંયોગ. | ૮૧ |
| | **મોક્ષ** | |
| ૪૧. | સૃષ્ટિનું સર્જન. | ૮૬ |
| ૪૨. | વ્યવસ્થિતશક્તિ. | ૮૬ |
| ૪૩. | ભગવાન ઉપરી અને મોક્ષ | ૮૮ |
| ૪૪. | મોક્ષ ક્રમે-ક્રમે કે અક્રમમાર્ગ દ્વારા. | ૮૯ |
| ૪૫. | આત્મા અને અનાત્મા. | ૯૧ |
| ૪૬. | દિવ્ય-દૃષ્ટિ દ્વારા મોક્ષ. | ૯૨ |
| ૪૭. | પુનર્જન્મ. | ૯૩ |
| ૪૮. | મન, વચન અને શરીર ઈફેક્ટીવ (Effective) છે. | ૯૩ |
| ૪૯. | શું આ સંસાર મિથ્યા છે? | ૯૫ |
| ૫૦. | મન, વચન અને કાયા—ત્રણ વળગણ. | ૯૬ |
| ૫૧. | શાસ્ત્રો (આગમો અને નિગમો). | ૯૭ |
| ૫૨. | ધ્યાન (મેડિટેશન). | ૯૮ |
| ૫૩. | ધાર્મિક ક્રિયાકાંડ અને મન. | ૧૦૧ |
| ૫૪. | નિર્દોષ દૃષ્ટિ. | ૧૦૨ |
| ૫૫. | મદ અને મોક્ષ. | ૧૦૩ |
| ૫૬. | મોક્ષ જ સર્વોત્તમ અભીપ્સા છે. | ૧૦૪ |
| ૫૭. | સાધક અવસ્થા. | ૧૦૭ |

| | | |
|---|---|---|
| ૫૮. | સર્જન અને વિસર્જન. | ૧૦૮ |
| ૫૯. | પ્રકૃતિની પૂજા—પુરૂષની પૂજા. | ૧૦૯ |
| ૬૦. | માયા અને મોક્ષ. | ૧૦૯ |
| ૬૧. | મળ-વિક્ષેપ-અજ્ઞાનઃ રાગ-દ્વેષ-અજ્ઞાન. | ૧૧૧ |
| ૬૨. | શુદ્ધાત્માનું મૌન. | ૧૧૨ |
| ૬૩. | જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ. | ૧૧૩ |
| ૬૪. | મન અને આત્માનો જ્ઞેય-જ્ઞાતા સંબંધ. | ૧૧૪ |
| ૬૫. | બુદ્ધિપ્રકાશ અને જ્ઞાનપ્રકાશ. | ૧૧૫ |
| ૬૬. | બુદ્ધિનો આશય. | ૧૧૬ |
| ૬૭. | ગણપતિ : બુદ્ધિના અધિષ્ઠાયક દેવ. | ૧૧૭ |
| ૬૮. | બુદ્ધિજન્ય અનુભવ અને જ્ઞાનજન્ય અનુભવ. | ૧૧૭ |
| ૬૯. | ચિત્તનું શુદ્ધિકરણ. | ૧૧૯ |
| ૭૦. | અહંકાર. | ૧૨૧ |
| ૭૧. | ત્યાગ. | ૧૨૨ |
| ૭૨. | ભોગવે છે કોણ? | ૧૨૩ |
| ૭૩. | અહંકારનો રસકસ ખેંચી લો. | ૧૨૫ |
| ૭૪. | હસતે મુખે ઝેર પીએ. | ૧૨૬ |
| ૭૫. | માન - અપમાનનો હિસાબ. | ૧૨૮ |
| ૭૬. | અહંકારનું વિષ. | ૧૩૦ |
| ૭૭. | તમારો અહંકાર જ તમારો સંસાર. | ૧૩૨ |

| | | |
|---|---|---|
| ૭૮. | અંતઃકરણનું કાર્ય. | ૧૩૩ |
| ૭૯. | સંસારનું અધિષ્ઠાન —મૂળભૂત આધાર | ૧૩૭ |
| ૮૦. | માનવદેહ મોક્ષનો અધિકારી. | ૧૪૩ |
| ૮૧. | શરીરના ત્રણ પ્રકાર. | ૧૪૫ |
| ૮૨. | દેહાધ્યાસ ક્યારે તૂટે? | ૧૪૯ |
| ૮૩. | માનવ દેહનો મર્મ. | ૧૪૯ |
| ૮૪. | ક્લેશ. | ૧૫૩ |
| ૮૫. | આત્માને પોષણની કોઈ જરૂર નથી હોતી. | ૧૫૪ |
| ૮૬. | યોગ અને એકાગ્રતા. | ૧૫૪ |
| ૮૭. | નિર્વિકલ્પ સમાધિ. | ૧૫૬ |
| ૮૮. | ધ્યાતા-ધ્યેય-ધ્યાન. | ૧૫૭ |
| ૮૯. | ભગવાન વિશે. | ૧૫૯ |
| ૯૦. | ગુરૂચાવી (ગુરૂકિલ્લી). | ૧૬૦ |

# કામ

## ૧. મનુષ્ય તો કુદરતનો મહેમાન છે!

જિજ્ઞાસુઃ દાદાજી! કુદરત સાથે આપણે મનુષ્યોનો કેવા પ્રકારનો સંબંધ છે?

દાદાજીઃ મનુષ્ય તો કુદરતનો મહેમાન છે. જ્યારથી તે જન્મે છે ત્યારથી કુદરત સહાય કરે છે! આ દુનિયામાં દરેક જીવ કુદરતનો મહેમાન છે. કુદરત તમને બધું જ આપે છે, પણ માણસ આ સત્યને સમજતો ન હોવાને કારણે આખો વખત તે અંદર અને બહાર અશાંત રહે છે. કારણ કે તમે એમ સમજો છો કે હું કર્તા છું. આ એક ભ્રમ છે. હકીકતમાં કોઈપણ વ્યક્તિ કશાનો કર્તા નથી. તમે જન્મ્યા તે પહેલાં શું બધું તમારા માટે તૈયાર ન હતું? શું જન્મ્યા બાદ દૂધની ચિંતા કરવાની રહે ખરી? બાળક માટેનું દૂધ અને તેની બધી જ જરૂરિયાતો તેના જન્મ પહેલાં જ તૈયાર રાખી દેવામાં આવશે. ડૉક્ટર, નર્સ અને જો નર્સ ન મળે તો બીજી કોઈ અનુભવી સ્ત્રી (દાયણ) મદદમાં રહેશે.

બેફિકરીમાં પણ ચોક્કસ તૈયારીઓ થશે અને આ તૈયારીઓ જે મહેમાન આવનાર છે તેના ક્લાસ ઉપર આધાર રાખે છે. ફર્સ્ટક્લાસ મહેમાન માટે ફર્સ્ટક્લાસ તૈયારીઓ થઇ હશે; સેકન્ડકલાસ મહેમાન માટે સેકન્ડકલાસ મહેમાનને અનુરૂપ તૈયારીઓ થઇ હશે અને થર્ડક્લાસ મહેમાન માટે તેને લાયક, તેના ક્લાસ પ્રમાણે તૈયારીઓ થશે.

હમેશાં કલાસીસની કેટેગરી હશે, ખરું કે નહિ? આ બધું પાછલા ભવના કર્માનુસાર વ્યક્તિ ઉપાર્જિત કરે છે. તમે બધી જ તૈયારીઓ સાથે આવ્યા, માટે તમારે શા માટે બિનજરૂરી ચિંતાઓ કરવી જોઈએ કે બીજાઓ જોડે સરખામણી કરવી જોઈએ?

જો તમે કોઈના ઘેર મહેમાન થાવ તો શું તમારે મહેમાન તરીકે વિનમ્રતાપૂર્વક ન રહેવું જોઈએ? જો હું તમારા ઘરનો મહેમાન હોઉં તો શું મારે નમ્રતા અને કાળજી ન રાખવી જોઈએ? જો તમે મને કહો કે મારે ચોક્કસ જગ્યાએ સૂવાનું છે, તો શું તમે કહો તે પ્રમાણે હું નહિ કરું? જો મને જમવાનું બપોરે ૨-૦૦ વાગ્યે આપો તો શું હું શાંતિથી નહિ જમી લઉં? પિરસવામાં આવેલ જે કાંઈ વાનગી હશે તે હું જમી લઈશ. મારે ખોરાક વિશે કોઈ ફરિયાદ કરવાની ન હોય. કારણ કે હું મહેમાન છું. જો મહેમાન રસોડામાં જઈને જાતે જ રાંધવા માંડે તો કેવું લાગે? મહેમાન તરીકે જો તમે યજમાનની ઘરેલું બાબતોમાં દખલ કરો તો તમને તેમની સાથે કોણ રહેવા દેશે? તમારી થાળીમાં જે કાંઈ પિરસવામાં આવે તે તમે જમી લો. જો તેઓ તમને મીઠાઇ પિરશે તો તે ખાઈ લો. તમે એમ નહીં કહી શકો કે, ''હું ગળ્યું નથી ખાતો''. તેઓ જે કાંઈ જમાડે તે આરામથી જમી લો. જો પિરસવામાં આવેલ વાનગી તમને ન ભાવતી હોય તો પણ થોડુંક પણ ખાઈ લો. પણ તમારે અવશ્ય ખાવું જોઈએ! મહેમાને રાખવા જોઈતા વિનય-વિવેકનું તમે ધ્યાન રાખો. મહેમાને કોઈનાય માટે કોઈપણ પ્રકારનો રાગ-દ્વેષ (ગમો-અણગમો) રાખવો ન જોઈએ. મહેમાને કદીયે એવું વર્તન ન કરવું જોઈએ કે તે મહેમાનની ગરિમાને લાયક ન હોય. તેણે હમેશાં પોતાની મર્યાદામાં રહીને શિરસ્તો પાળવો જોઈએ.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! તો પછી તમે ઘરમાં કેવી રીતે રહો છો?

દાદાજીઃ જુઓ, મારી ઘેર પણ, હું મહેમાનની જેમ જ રહું છું. મારી બધી જરૂરિયાતો પૂરી પડે છે. તમે જ્યાં પણ મહેમાનની જેમ રહો ત્યારે તમારે યજમાનને તકલીફ આપવી ન જોઈએ. મારી જરૂરની વસ્તુઓ બધી મારી રીતે આવી મળે છે. મારે તો માત્ર તેની ઈચ્છા જ કરવાની હોય છે. વસ્તુઓ મારી રીતે ન આવે તો પણ મને કોઈ વાંધો હોતો નથી. હું જ્યાં પણ હોઉં, હું કુદરતનો મહેમાન છું.

જો કુદરત તમારા માટે કશું નહિ વિચારે તો માનજો કે એ તમારા માટે હિતાવહ છે અને જ્યારે એવું બને ત્યારે પણ એ તમારા લાભમાં છે.

જિજ્ઞાસુઃ આ તો ગજબ કહેવાય. આપણાં જીવનમાં કુદરતની ભૂમિકા વિશે વધુ સમજાવવા માટે કૃપા કરશો.

દાદાજીઃ જો તમારા હાથમાં કંટ્રોલ (લગામ) હોત તો તમે સઘળું ગૂંચવી નાંખ્યું હોત. કુદરતના હાથમાં લગામ છે. જો તમારી દાઢી તમારા અર્ધા ચહેરા પર ઊગવાની હોત અને જો બધું તમારા કાબૂમાં હોત, તો શું થાત? કુદરત કદીયે કોઈ ભૂલ કરતી નથી. બધું જ ચોક્કસપણે નિયંત્રણમાં છે. જરાક દાંત તરફ નજર કરો. તે બધાંના જુદા-જુદા કાર્યો છે. ચાવવાના દાંત, કાપવાના દાંત, પીસવાના દાંત. જરા જુઓ તો ખરા કે બધું કેવું અદ્‌ભૂત છે. જન્મથી જ તમને તંદુરસ્ત શરીર અપાયું છેઃ હાથ, પગ, નાક, કાન અને આંખો. તમને બધું જ મળે છે પણ દાંત નહિ! શું કુદરતે ભૂલ કરી? ના, કુદરત જાણે-સમજે છે કે બાળકને જેવું તે જન્મે છે કે તરત દૂધ પીવાની જરૂર રહે છે બાળક દૂધ સિવાય કશું જ પચાવી શકતું નથી. બલકે તેની માતાનું દૂધ પીવાનું હોય છે અને જો બાળકને દાંત હોત તો, તે કદાચ તેની માતાને કરડી લેત! કુદરતનું આશ્ચર્યકારક કારણ તો જુઓ! શરીરને જેમ જરૂર પડે તેમ દાંત ઊગે છે. પહેલાં આગળના ચાર દાંત ઊગે છે. પછી બીજા બધા ધીમે-ધીમે ઊગે છે. અને વૃદ્ધાવસ્થામાં જ્યારે દાંત જતા રહે પછી ભલેને કોઈ ગમે એટલું કરે પણ નવા આવતા નથી!

કુદરત ચારેબાજુથી સાચવે છે. તમે જાણે રાજા હોય એ રીતે તમારી સંભાળ લે છે. પણ જ્યારે કમનસીબ માણસ જીવન કેવી રીતે જીવવું જોઈએ તે સમજતો ન હોય અને કુદરતના કામમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયત્ન કરે ત્યારે કોઈ શું કરી શકે?

## ૨. સાંસારિક સંબંધો.

દાદાજીઃ તમે મને કહો કે માતા-પિતા અને પત્ની સાથેનો તમારો સંબંધ રીયલ છે?

જિજ્ઞાસુઃ હા, હા ચોક્કસ રીયલ સંબંધો છે.

દાદાજીઃ તો પછી જો રીયલ સંબંધો હોય તો મને કહો, આ મુંબઈ શહેરમાં, કેટલા લોકો તેમના પિતા પાછળ મરતા હશે?

જુઓ, હું સમજાવું છું; તમે તમારા માતા-પિતા, ભાઈ, બહેન, પત્ની અને બાળકો સાથે સંબંધ ધરાવો છો પણ તે 'રીયલ' સંબંધ નથી. એ તો માત્ર રિલેટિવ સંબંધ છે. જો આ (સાંસારિક) સંબંધો રીયલ હોત તો પિતા સાથે કોઈના ય સંબંધ તૂટ્યા ન હોત કે બગડયા ન હોત.

તમે તમારા પિતાને કહો કે 'તમને કંઈ ખબર નથી પડતી' અને પછી જુઓ, બધું પતી જશે! હવે માનવસંબંધોનું બોદાપણું જુઓ! કદાચ તમારા પિતા કહેશે 'તું મારી નજરોથી હંમેશ માટે દૂર થઇ જા અને હવે પછી જીવનભર ક્યારેય તારું કાળું મોં મને દેખાડતો નહિ. હવે પછી હું તારો બાપ નહિ ને તું મારો દીકરો નહિ'.

તમે એમ માનો છો કે તમારી પત્ની એ સાચી સગી છે અને જો કશું અઘટિત બન્યું તો તમારા છૂટાછેડા થઇ જશે. . . . તમને એમ નથી લાગતું કે આ દુનિયામાં આવું બનતું હોય છે? આ દુનિયા આવી જ છે અને જીવન પણ આવું જ છે. આ બધી કામચલાઉ ગોઠવણો હોય છે.

અરે આ શરીર પણ તમારું નથી. એ તમને છેતરી જશે, છોડી જશે. દાખલા તરીકે તમે ચોક્કસ સમયમાં યોગ કે ધ્યાન કરવાનું નક્કી કર્યું અને એકાએક તમને માથાનો દુખાવો કે પેટમાં દુખાવો ઉપડ્યો તો તમારું શરીર એ યોગ કે ધ્યાન કરવા નહિ દે.

જિજ્ઞાસુઃ તો પછી કાયમી (સનાતન) શું છે?

દાદાજીઃ માત્ર પોતાનો આત્મા જ કાયમી છે. બાકીનું સઘળું ક્ષણભંગુર છે. આ બે વચ્ચે મેળ શી રીતે પડી શકે? તેથી જ કહેવાયું છે કે આખી દુનિયા આ ગૂંચવાડામાં અટવાઈ ગયેલી છે માટે દરેકે આ સંસારિક સંબંધોની નાશવંતતાનો સ્વભાવ સમજીને શાણપણથી વર્તવું પડશે. કોઈએ સત્ય કે જૂઠાણાં પ્રત્યે અક્કડ વલણ નહિ રાખવું જોઈએ. અકડાઈને કારણે સંબંધો તૂટે છે. જો કોઈ આપણી સાથે સંબંધો તોડી નાખે તો આપણે આપણાં પક્ષે તેની માવજત કરવાનો અને આપણાં સંબંધોને ટકાવી રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આ બધા સંબંધો સાપેક્ષ અને ખૂબ જ અસ્થાયી છે. દાખલા તરીકે તમારી પત્ની એમ કહે કે આજે પૂનમ છે અને જો તમે એમ કહો કે ના આજે તો અમાસ છે તો પછી ઝઘડો શરૂ. રાત બગડશે અને બીજા દિવસે સવારે ખૂબ જ ગુસ્સામાં ધડ દઈને તમારો ચાનો કપ ટેબલ પર મૂકી દેશે. ઝઘડાનો દોર લંબાય છે. . . . માટે જ્યારે તમને લાગે કે તમારી પત્ની મક્કમ છે ત્યારે તમારે કેલેન્ડરમાં જોવાનો ઢોંગ કરવો અને પછી એમ કહેવું કે હા, હા તું જ સાચી છે. 'આજે તો પૂનમ છે'. આમ તમારે નાટકીય રીતે અભિનય કરીને તેણીને જીતવી પડશે અથવા પછી ગજગ્રાહમાં તમે દોરડાની પકડ એકાએક છોડી દો તો તે કદાચ પછડાઈ શકે છે માટે સામેની વ્યક્તિ રખેને નીચે પછડાય નહિ તે રીતે ધીમેથી તમારી પકડ ઢીલી કરો. તમારે આ કાર્ય

સાવધાનીપૂર્વક (હોશિયારીથી) કરવાનું છે અન્યથા તેના પછડાવા માટે તમે જવાબદાર થશો.

### ૩. સુખ અને દુઃખ.

જિજ્ઞાસુઃ સાચું સુખ એટલે શું?

દાદાજીઃ આ સંસારમાં દરેક જણ સાચા સુખની શોધમાં છે પણ લોકો એની સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં નિષ્ફળ જાય છે. સુખ એવું હોવું જોઈએ કે જેની પાછળ કદાપિ દુઃખ આવે જ નહી. જો તમે એમ વિચારતા હોય કે આ દુનિયામાં આવું કોઈ સુખ હોય તો જાવ અને શોધી લાવો. બાહ્ય સુખ 'પોતાના' માં જ રહેલું છે. 'પોતે' જ અનંત સુખ (આનંદ) નું ઘર છે અને છતાં લોકો ક્ષણમાં વહી જતી (નશ્વર) વસ્તુઓમાં સાચું સુખ શોધવાના પ્રયત્નોમાં ઊંધે રસ્તે ચડી જાય છે. આવા સંસારી લોકોનો આનંદ કેવો હોય છે?

શિયાળાની કડકડતી ટાઢમાં વરંડામાં પોતાના કદથી ટૂંકું ઓછાડ ઓઢીને સૂતેલા મહેમાન જેવો, તેમનો આનંદ અને ખુશીઓ હોય છે. તે ઓછાડ ખેંચીને માથે ઓઢવા જાય છે ત્યારે તેના પગ ખુલી જાય છે. તે પગનું ટૂંટિયું વાળી દે છે ત્યારે ખબર પડે છે કે માથા પરથી ઓછાડ ખસી ગયું છે. અને બિચારો એ મહેમાન ઊંઘ્યા વગર જ રાત કાઢે છે. આવું છે સંસારનું કહેવાતું સુખ!

જિજ્ઞાસુઃ ગુરુદેવ તો પછી દુઃખ શું છે?

દાદાજીઃ સાચું કહું તો આ દુનિયામાં દુઃખ જેવું કશું જ નથી. દુઃખ એ યથાર્થ નથી. એ તો જાતે ઉપજાવી કાઢેલ છે.

સાચું સુખ તો સર્વસ્વીકૃત હોવું જોઈએ, પણ તમને સુખ પમાડનાર વસ્તુની કલ્પના પણ કોઈને ભારે અસહ્ય દુઃખ આપનારી નિવડી શકે છે. કોઈ એક વ્યક્તિને ગમતી વસ્તુ બીજી વ્યક્તિને ન પણ ગમતી હોય! આવો છે સંસાર.

જિજ્ઞાસુઃ કૃપા કરીને કહો કે દુઃખ ક્યાંથી આવે છે?

દાદાજીઃ તમારા જેવા લોકો કે જેમની પાયાની જરૂરિયાતોની દરકાર રખાય છે તેમને કોઈ દુઃખ ન પડવું જોઈએ. સઘળાં દુઃખો ખોટી માન્યતાઓ અને ગેરસમજનું પરિણામ છે. સાચું દુઃખ તો ત્યારે જ અનુભવાય જ્યારે તમે ભૂખ્યા થયા હોય અને તમને કલાકો સુધી ખાવાપીવા માટે કશું જ ન મળે. . . ,જ્યારે તમને ખૂબ જ તરસ લાગી હોય છતાંય પીવા માટે પાણી ન મળે. ઉપરાંત તમે તીવ્ર હાજત અનુભવતા હોય છતાં તમને સંડાસમાં ન જવા દેવામાં આવે તો શું તમે દુઃખી નહિ થાવ? આવાં દુઃખોને સાચાં દુઃખ કહી શકાય.

જિજ્ઞાસુઃ આ બધું બરાબર છે પણ જો તમે દુનિયાને જુઓ તો અનુભવશો કે દશમાંથી નવ લોકો દુઃખી છે.

દાદાજીઃ દશમાંથી નવ જ નહિ પણ શક્ય છે કે હજારે એક કે બે જ લોકો કાંઈક સુખી છે. બાકીના બીજા બધા રાત-દિવસ અંદરથી ઉપદ્રવોને કારણે કોલસાની ભઠ્ઠીમાં ચારેબાજુથી ભૂંજાતા શક્કરીયાની જેમ દુઃખી થતા રહે છે!

ગમે તેમ પણ લોકો ફાવે તેમ વગર વિચાર્યે કે વિશ્લેષણ કર્યા વગર જ બધાનું દુઃખ તરીકે લેબલિંગ (Labeling) કરી દે છે. જ્યારે હું બાળકને અનેકવાર ટપલી મારતો રહું છું છતાં આ બાળક રડતું નથી અને હસતું રહે છે. અને જ્યારે તમે તેને એકવાર પણ ટપલી મારો તો તે શા માટે રડે છે? એનું કારણ એ કે, શું તે દુઃખને કારણે પીડા અનુભવે છે? ના, એ પીડાને કારણે રડતો નથી પણ તે અપમાનિત થયો હોવાની લાગણીને કારણે રડે છે. ઉપરાંત મોટા ભાગના તમારા દુઃખો તો તમે જાતે ઊભા કરેલાં દુઃખો છે.

જિજ્ઞાસુઃ થોડાંક દાખલા આપો.

દાદાજીઃ જો તમારો કોઈ મિત્ર બંગલો બાંધે અને જો તમારી પાસે બંગલો ન હોય પણ ફ્લેટ  હોય અને જો તમારી પત્ની આ જુએ ત્યારે ઘેર આવતી વખતે તમને કહેશે કે તમારા મિત્રનો બંગલો કેવો સુંદર છે અને તમે ક્યારેય આવો બંગલો નથી બાંધી શકયા. તમારી પાસે રાજા તરીકેના બધા સુખ છે પણ જો તે કેવી રીતે ભોગવવાં તે ન આવડતું હોય તો શો ફાયદો? એ તો એવું થયું કે જાણે ખૂબ રૂપિયા ખર્ચીને તમે બાસમતી ચોખા ખરીદી લાવ્યા અને પછી તેમાં કાંકરીઓ નાંખો.

આજકાલ, દરેક ઘરમાં સંડાસ હોય છે. અન્યથા પહેલાંના વખતમાં તમે હળવા થવા માટે જંગલમાં પાણીનો લોટો ભરીને લઈ જતા હતા. હવે, તમારી પાસે તમારા એટેચ ટોઈલેટ સાથેનાં બાથરૂમવાળા તમારા બેડરૂમ હોય છે! અરે પહેલાનાં જાગીરદારો કે જોરાવર શાસકોએ પણ આવી સુવિધાઓ ભોગવી નથી. તેમને પણ જંગલમાં જવું પડતું હતું. લોકો જીવનમાં અત્યંત ક્ષુલ્લક બાબતો માટે આમ જ બિનજરૂરી ફરિયાદો કરતા ફરે છે. તેઓ શા માટે બિનજરૂરી રીતે આવી ફરિયાદો કરતા રહેતા હશે?

દુઃખો ગેરસમજને કારણે ઉદ્‌ભવે છે. જો સાચી સમજણપૂર્વક વર્તવામાં આવે તો આવું કશું જ હોતું નથી. જો તમારા પગમાં નાની ફોલ્લી થઈ હોય, તો તમારે આસપાસ જોવાનું કે કોઈને આવું દુઃખ ઉદ્‌ભવ્યું છે કે કેમ? જો તમે દવાખાનામાં જશો તો સમજાશે કે દુઃખ શું છે? જ્યારે અહીં તો તમારા પગમાં માત્ર નાની ફોલ્લી જ થઈ છે. છતાં તમે નાહક દુઃખી થાવ છો. તમારે આ બધું સમજવું જોઈએ; ખરું કે નહિ? જો તમે આ બધી હકીકતોને જાણ્યા-સમજ્યા વગર પીડાશો તો શું થશે? પુણ્યશાળી લોકોને આવાં દુઃખ શી રીતે હોઈ શકે? તમે તો એવા પુણ્યશાળી પરિવારમાં તમે જનમ્યા છો કે જ્યાં સઘણું અનાયાસે પ્રાપ્ત થાય છે.

જિજ્ઞાસુઃ લોકોમાં શા માટે એક જ સરખા કારણ માટે પણ દુઃખોનો અનુભવ અલગ-અલગ હોય છે?

દાદાજીઃ આ બધું રિલેટિવ હોય છે અને મોટેભાગે વ્યક્તિના મનની ફ્રેમ અને અટકળો પર આધાર રાખે છે. દાખલા તરીકે, જો હું જજ હોત તો હું ગુનેગારને સજા જાહેર કરતાં પહેલાં એને ખુશ રાખવા મથામણ કરત. જો મારે કોઈને તેના ગુના બદલ સજા સંભળાવવાની હોત તો હું કહેત કે તને પાંચ વર્ષથી ઓછી સજા સંભળાવવાનું શક્ય નથી. પછી જો તેનો વકીલ ઓછી સજા માટે દલીલ કરત તો, હું ધીમે-ધીમે સજા નક્કી કરવા માટે ચર્ચા કરીને ઘટાડતાં ઘટાડતાં ચારથી ત્રણ અને ત્રણથી બે વર્ષની અને છેવટે છ મહિનાની સજા સંભળાવત. આ રીતે તે પ્રસન્નતા અનુભવતો જેલમાં જશે અને વિચારશે કે છ મહિના તો આમ જ વીતી જશે. માટે દુઃખ તો રિલેટિવ છે અને વ્યક્તિગત માન્યતાઓની બાબત છે. જો મારે કહેવાનું હોય તો શરૂઆતથી છ મહિના તેને કદાચ વધારે લાંબા લાગત.

જિજ્ઞાસુઃ જો વ્યક્તિને લાગે કે તેનાં દુઃખ અન્યના દુઃખ કરતાં મોટાં છે.

દાદાજીઃ જાતે ઊભું કરેલું દુઃખ છે માટે તમે જેટલું વધારવા ઈચ્છતા હોય એટલું મોટું કરી શકો છો. જો તમે ઈચ્છો તો એને ચાળીસ ગણું મોટું પણ કરી શકો છો! માણસને જીવન જીવતાં આવડતું નથી. તેઓ જીવન જીવવાની ચાવી ખોઈ બેઠા છે. ચાવી સમૂળકી ખોવાઈ ગઈ છે અને એ પણ કંઈક અંશે સારું જ છે. અંગ્રેજોના શાસન બાદ ભારતમાં લોકો તેમના અક્કડ દૃષ્ટિકોણથી મુક્ત થયા છે તેથી તેઓ બીજાના કામમાં માથું મારતા નથી. એ પૂર્વે તેઓ દરેક બાબતમાં માથું જ મારતા રહેતા, એના સિવાય બીજું કંઇ જ કરતા ન હતા.

વ્યક્તિએ દુઃખ અને પીડા આપતા કોઇપણ બનાવનો સામનો કરતાં, તેમજ કર્મના હિસાબો ચુકવતી વખતે મન કે સ્વભાવની સ્વસ્થતા જાળવવી જ રહી.

જો દુઃખ તમને આંતરે તો તમારે તમારી જાતને કહેવું જોઈએ કે, ''તમે ક્યારેક કોઈ ભૂલ કરી હશે. બની શકે કે પૂર્વભવમાં કરી હોય. એટલે તેણે તમારું અપમાન કર્યું. માટે હવે શાંત રહો અને ઉશ્કેરાશો નહિ''. જો તમે આમ કરશો તો, તમારું કાર્મિક દેવું ભરપાઈ થઇ જશે. જ્યારે લોકોને મુશ્કેલીઓ વેઠવાની આવે ત્યારે તેઓ ખૂબ જ વિહ્વળ બની જાય છે. તેઓ એમ કહે કે, ''હું મરી ગયો રે!'' આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે એક જ વાર મરવાનું છે પણ આ અણસમજુ લોકો તેમના જીવનમાં ઘણી વાર કહેશે કે, 'હું મરી ગયો!' શું કોઈ મરી ગયેલો હજી જીવતો હોય ખરો? તમારે જ ખરું દુઃખ શું છે તે સમજવાનું છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને અમોને સમજાવો કે જીવન પ્રત્યેનો આદર્શ અભિગમ (એપ્રોચ) શું હોઈ શકે? જેથી આ સંસારમાં કે જ્યાં દરેક જણ એક યા બીજી રીતે દુઃખી જોવા મળે છે ત્યાં વ્યક્તિના દુઃખનો બોજ ઓછો કરી શકાય.

દાદાજીઃ આ લોકો બિનજરૂરી રીતે દુઃખી થતા જ રહે છે. આ દુનિયામાં તમારો ઉપરી કોઈ જ નથી. તમે પૂરેપૂરા સ્વતંત્ર છો.

અરે તમારા જીવનનો પ્રોજેક્ટ કે મિશન પણ સ્વતંત્ર છે પણ તમારે એ રીતે ચાલવાનું છે કે તમે કોઈને જરાય (અમસ્તીય) તકલીફ ન પહોંચાડો. આ દુનિયામાં તમે તમારા જીવનનો પ્રોજેક્ટ આ દુનિયા જેટલો મોટો બનાવી શકો છો.

જિજ્ઞાસુ: શું આ શક્ય છે?

દાદાજી: હા, મારો પ્રોજેક્ટ ખૂબ જ મોટો છે. હું સતત એવી સભાનાવસ્થામાં રહું છું કે મારાથી કોઈ જીવ દુભાય નહિ.

જિજ્ઞાસુ: પણ આમ કરવું બીજા માટે શક્ય નથી.

દાદાજી: એ શક્ય ન થઈ શકે. પણ એનો અર્થ એવો નથી થતો કે તમે બીજાને પીડા પહોંચાડીને તમારો પ્રોજેક્ટ આગળ વધારો. શું તેમાં કોઈ અનુશાસન જેવું ન હોવું જોઈએ કે જેના વડે તમારું મિશન જીવોને ઓછામાં ઓછી હેરાનગતિ પહોંચાડે? હું તમને અશક્યને કરવા માટે નથી કહેતો.

જિજ્ઞાસુ: પણ ઘણીવાર એવું બને છે કે આપણો કોઈ ઈરાદો ન હોવા છતાં પણ બીજા હેરાન થાય છે.

દાદાજી: તમારે યથાદર્શન પણ કરવાનું હોય છે કે તમે એની જગ્યા પર હો તો તમને કેવું લાગે. સઘળા સંજોગોમાં, ધ્યાનમાં રાખો કે બીજા છેડે તમે હોય તો તમને કેવું લાગે.

દાખલા તરીકે, જો તમે કોઈની પાસેથી દસહજાર રૂપિયા ઉછીના લીધા હોય અને પછી તમારી આર્થિક સ્થિતિ બગડી જાય, ત્યારે તમારા મનમાં એવો વિચાર ઝબકે કે 'જો હું તેના રૂપિયા પાછા નહિ આપું તો શું થાય?' એ સમયે તમારે તમારી જાતને પૂછવું જોઈએ કે કોઈએ મારી પાસેથી રૂપિયા ઉછીના લીધા હોય અને જો તેણે રૂપિયા પાછા ન આપ્યા હોય તો મને કેવું થાય? તમારે તમને લાગુ પડતી બાબતોમાં પણ તટસ્થ બુદ્ધિ રાખવી જોઈએ. તમારી અંદર એવી સમજણ હોવી જોઈએ કે જો મારી સાથે આવું થાય તો મારું મન પણ દુભાય. એ જ રીતે તે પણ દુભાશે માટે મારે તેને રૂપિયા ચૂકવી દેવા જોઈએ. જો તમારી નિયત આવી હશે તો તમે તેને રૂપિયા ચૂકવી દેશો.

જિજ્ઞાસુ: મનમાં થશે કે આ ભાઈ તો કરોડપતિ છે. તેના દસહજાર રૂપિયા તેને શું કામના છે? જો હું રૂપિયા પાછા નહિ આપું તો તેનાથી તેના પર કોઈ વિપરીત અસર પડવાની નથી.

દાદાજી: તમને એમ લાગે કે તેને કોઈ તકલીફ થવાની નથી પણ એવું નથી. જ્યારે તે કરોડપતિ તેના દીકરા માટે પણ જો રૂપિયા વાપરવાનો હોય ત્યારે તે તેના રૂપિયાની ગણતરી કરે છે. તમે ક્યારેય કરોડપતિના ઘરમાં રૂપિયા આમતેમ પડ્યા રહેલા જોયા છે ખરા? દરેકને પૈસા પોતાના જીવ જેટલા જ વહાલા હોય છે અને કરોડપતિને પણ રૂપિયા એટલા જ વહાલા હોય છે.

આપણું લક્ષ્ય એ હોવું જોઈએ કે આ સંસારમાં કોઈપણ જીવ મન, વચન અને કાયાથી આપણાથી દુભાવો ન જોઈએ.

જિજ્ઞાસુ: શું એવું કરવું સામાન્ય માણસ માટે કપરું નથી?

દાદાજી: મારું તમને એમ નથી કહેવું કે તમે એવા થઇ જવા માટે એકદમ શરૂ કરી દો. હું જે કાંઈ કહી રહ્યો છું તે તમારું દૃઢ આંતરિક લક્ષ્ય હોવું જોઈએ કે તમે કોઈને દુભાવવા નથી માંગતા. અંદરનો એ ઈરાદો તમારો દૃઢ નિશ્ચય છે. જીવન અને આગળ આવનારા જન્મોનું બીજ છે.

## ૪. ચિંતા અને અહંકાર.

જિજ્ઞાસુ: જીવન શા માટે ચિંતાઓથી ભરેલું છે?

દાદાજી: ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, 'તમે શા માટે ચિંતા કરો છો? આ બધું તો ભગવાનની ઈચ્છા મુજબ જ બનતું હોય છે'. જુદા-જુદા ધર્મોનો પણ આ જ સંદેશ છે. પણ તમે જાણો છો કે મૂર્ખ માણસ શું કહે છે? 'કૃષ્ણને જે ફાવે તે કહે. આપણે તો આપણાં સાંસારિક જીવનને ચલાવવાનું છે'. ચિંતા તો કરવી જ પડે. લોકોએ ચિંતાઓનું કારખાનું શરૂ કરી દીધું છે. તેમનો માલ વેચાતો નથી.

કારણ કે એનું બજાર જ નથી. તમે તમારી ચીજવસ્તુ (ચિંતાઓ) લઈને જ્યારે બજારમાં જાવ ત્યારે તમને આ બધાનું (ચિંતાઓનું) ઉત્પાદન કરતાં કેટલાય કારખાનાં જોવા મળશે. જરા જઈને શોધી કાઢો કે આ દુનિયામાં કોઈપણ એવો માણસ છે, જેને જરાય ચિંતા ન હોય. 'શ્રી કૃષ્ણ શરણં મમ' એમ ભજે છે જ્યારે બીજી બાજુ તે કહે છે, 'હે કૃષ્ણ! મારા શરણમાં આવ'. જો તમને શ્રીકૃષ્ણમાં વિશ્વાસ હોય તો પછી ચિંતા કરવાની જરૂર જ શી છે? ભગવાન મહાવીર સ્વામીએ પણ આપણને ચિંતા નહિ કરવાનો આદેશ આપ્યો છે. તેઓ તો ત્યાં સુધી જણાવે છે કે ચિંતા તો માણસને પશુ-પક્ષી કે જીવજંતુના જીવનમાં ખેંચી જાય છે. ચિંતા સૌથી મોટો અહંકાર છે: જો કોઈ દૃઢતાપૂર્વક એમ માનતું હોય કે આ બધું તે જ ચલાવે છે તો સ્વાભાવિક છે કે ચિંતાઓ વધે.

ભગવાનનો સાચો ભક્ત એમને ક્યારેક ટપારે પણ છે. એ તો એમ કહે 'તું મને કહે કે તારે જરાય ચિંતા કરવાની નથી તો પછી મને ચિંતાઓ થાય છે શું કામ? જે ભગવાન સાથે ઝઘડો નથી કરતો તે સાચો ભક્ત નથી કહેવાતો. જો તમને કોઈ તકલીફ હોય તો તેને સખત ઠપકો આપો. તાકીદ કરો ભગવાનને ઠપકો આપવો તે તો ભગવાન માટેનો સાચો પ્રેમ છે પણ આજકાલ આવા સાચા ભક્ત બહુ ઓછા જોવા મળે છે. દરેક જણ પોતાના આનંદનો જ વિચાર કરે છે. કોઈ એમ કહે કે 'હું કરું છું, હું કરું છું. 'આનાથી ચિંતાનું સર્જન થાય છે'. ભક્ત કવિ સંત નરસિંહ મહેતાએ કહ્યું છે –

''હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે

સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોક જાણે''.

(એમ માનવું કે 'હું જ કરું છું' એ અજ્ઞાન છે. એ તો એવું થયું જાણે ગાડા નીચે કૂતરું ચાલતું હોય ને એમ માને કે આ ગાડુ હું ચલાવું છું. યોગીઓ કે મહાયોગીઓ જ માત્ર વિશ્વ સંચાલનની સ્વાયત્ત સત્તાને જાણી-સમજી શકે છે.)

આ વાંચીને બધા યોગીઓ તો ફુલાઈ ગયા! પણ જુઓ! આ તો આત્મયોગી અથવા આત્મયોગેશ્વરો માટે કહેવાયું છે. આત્મયોગેશ્વર તો બહુ ઓછા જોવા મળે એવા વિલક્ષણ વ્યક્તિ હોય છે. તે એકલો જ આખા બ્રહ્માંડમાં ફરી-ફરીને ઝીણામાં ઝીણી વિગતોને કાળજીપૂર્વક નિહાળે છે. તે બ્રહ્માંડના આભ્યંતર સ્વરૂપ વિશે પોતાના અનુભવની વાત કહે છે. માત્ર એ જ જાણે છે કે આ બ્રહ્માંડ કોણે બનાવ્યું, કેવી રીતે રચાયું અને તેની કાર્યપદ્ધતિ કેવી છે. 'હું આ યુગનો આત્મયોગેશ્વર છું'. આ અવસરનો સૌથી સારો ઉપયોગ કરી લો. હું માત્ર એક જ કલાકમાં તમારી બધી જ ચિંતાઓ મટાડી દઈશ. હું તમને ખાતરી આપું છું કે જો એક પણ ચિંતા તમને રંજાડે તો તમે મારા વિરુદ્ધ કોર્ટમાં કેસ કરી દેજો. તમે પૂછો અને હું જવાબ આપીશ પણ એવું પૂછો કે જે કાયમને માટે લાભકારક હોય. પાર્થિવ વસ્તુઓ માટે પૂછશો નહિ પણ સનાતન સુખ યા સનાતન આનંદ માટે પૂછો.

પરાણે મેળવેલ સત્તા અથવા સત્તાઓ જે તમારી નથી તે ચિંતાઓ લાવે છે. પરદેશની કમાણી પરદેશમાં જ રહેશે. તમારે આ કાર, બંગલો, મિલો, પત્ની અને બાળકો સહુ છોડીને જવું પડશે.

તમારા જીવનના અંતકાળે કોઈપણ સત્તા તમને બચાવી શકશે નહિ. તમને તમારી સાથે માત્ર તમારા સત્કર્મો અને પાપોને જ લઈ જવા દેવામાં આવશે. હું તમને સાદી ભાષામાં સમજાવું: તમે જે કોઈ અપરાધ કરો, તે બધા તમારી સાથે જ ચાલશે. એ અપરાધોના ફળ અહીં રહેશે અને કુદરત તમારી ઉપર કુદરતના નિયમો તોડવા બદલ કામ ચલાવશે. જ્યારે તમને નવો દેહ મળશે ત્યારે તમારે નવેસરથી શરૂઆત કરવી પડશે અને જુનું દેવું ચૂકવવું પડશે માટે તમારે શરૂઆતથી જ સંન્નિષ્ઠ બનવું જોઈએ. પોતાની જાતને (સ્વ) ઓળખવામાં ખૂબ જ આનંદનો અનુભવ થાય છે.

આ વાળ અને આ માથું પણ આપણું નથી તો પછી આપણું બીજું શું હોઈ શકે? ઘણા માણસો આખો દિવસ પોતાના માથા પર હાથ ફેરવ્યા કરે છે. હજામે વાળ કાપી નાખ્યા પછી એ નીચે વેરાયેલા વાળને અડકતા રહો તો શું એ તમને ગમે ખરું?

જિજ્ઞાસુ: ગુરુદેવ! અહંકાર અને ચિંતાઓને શું સંબંધ?

દાદાજી: ચિંતા કરવી એ સ્વાર્થ છે, અહં છે. બાળક કેમ ચિંતા કરતું નથી? તે જાણે-સમજે છે કે તે આ સંસારનો નિયંતા નથી અને એને એ જાણવું નથી કે આ સંસારને કોણ ચલાવે છે. તેને કોઈ નિસ્બત જ નથી હોતો. કોઈનો પડોશી કાર લાવે છે પણ પોતે લાવી શકતો નથી ત્યારે કેટલાક લોકો ચિંતા કરે છે. હું એમને એમ કહીશ કે જીવવા માટે તમારે જોઈએ કેટલું? તમારે

તમારી જરૂરિયાતો નક્કી કરી લેવી જોઈએ. દા.ત. તમારે ખાવા માટે પૂરતો આહાર જોઈએ, રહેવા માટે ઘર જોઈએ અને ગુજરાન ચલાવવા માટે પૂરતા પૈસા જોઈએ. એટલું તો તમને ચોક્કસ મળશે જ પણ જો તમારા પાડોશીએ ૧૦૦૦૦/- રૂપિયા બેંકમાં જમા કરાવ્યા હોય તો તે વાત તમને કાંટાની જેમ ખૂંચ્યા કરશે. બસ, આમ જ દુઃખો વધતા રહે છે. આવા લોકો દુઃખોને નોતરે છે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! આપણી માલમતાનો માપદંડ શું છે?

એકવાર જમીનદારે આવીને મને પૂછ્યું કે માણસને જીવવા માટે કેટલું જોઈએ. મારી પાસે એક હજાર એકર જમીન, બંગલો, બે કાર અને વધારામાં તગડું બેંક બેલેન્સ છે. હવે મને કૃપા કરીને કહો કે મારે કેટલું રાખવું જોઈએ?

મેં કહ્યુંઃ તમારી પાસે એક માપદંડ તથા તમારી જરૂરિયાતોનો અંદાજ હોવો જોઈએ. એ જરૂરિયાતોનો માપદંડ તમારા જન્મ સમયની પરિસ્થિતિના આધારે હોવો જોઈએ. પછી તમારા જીવન ધોરણની નોર્માલિટી નક્કી કરો. આ સાચો નિયમ (કાયદો) છે. તે તમારી પાસે જે કાંઈ વધારાનું હોય તે ઝેર બરાબર છે અને એનાથી તમારી ઉપાધિઓ વધવાની.

## ૫. તમારી પાસે જે કાંઈ હોય તેનો આનંદ માણો.

દાદાજીઃ ભગવાન શ્રીકૃષ્ણે શું કહેલું છે? 'તમારી પાસે જે હોય તેનો આનંદ મનાવો. તમારી પાસે જે નથી એની ચિંતા ના કરો'. એકવાર એવું બન્યું કે હું એક અમીર માણસને ઘેર ગયો. એની પત્નીએ સ્વાદિષ્ટ રસોઈ અને સરસ મીઠાઈ એવો કંસાર બનાવ્યો હતો. પછી એ અમીર માણસ અને હું જમવા માટે બેઠા. એ સ્ત્રીએ તેના પતિને કહ્યું કે 'આજે બરાબર જમજો'. મેં પૂછ્યું કે, 'તમે આમ કેમ કહ્યું?' તેણીએ મને કહ્યું કે 'એમનું ચિત્ત મિલમાં જ ખોવાયેલું રહે છે અને એમનું શરીર યંત્રવત રીતે ભોજન ઉતાવળે-ઉતાવળે પેટમાં પધરાવી દે છે. તેઓ એ રીતે નથી જમતા જે રીતે એમણે જમવું જોઈએ.' કેવું વિચિત્ર! તમને મળેલું ભાણું હમણાં આનંદો. અત્યારે તમારી સામે તમારી મિલ નથી પછી શા માટે એની ચિંતા કરો છો?' ભૂતકાળ અને ભવિષ્યકાળ આપણાં વશમાં નથી. અત્યારે તો તમારે માત્ર વર્તમાનનો જ આનંદ મનાવવાનો છે. એને મજેથી (શાંતિથી) આનંદો.

ઓહ! આ કમનસીબ લોકો તેમની ચાર વર્ષની દીકરીના લગ્નની ચિંતામાં પડી ગયા છે. એક માણસ મૃત્યુશય્યા પર પડેલો. તે તેના આખરી શ્વાસ ગણી રહ્યો હતો, તેના સ્વજનોએ દીવો પેટાવી દીધેલો, છતાંય તે કોઈ ચિંતામાં જણાયો! પેલી નાની છોકરી પણ તેમની મરણ પથારી પાસે આવીને કહે છે કે 'પપ્પા તમે મારી જરાય ચિંતા કરશો નહિ પણ આ દોઢડાહ્યો માને છે કે તેને શી રીતે સમજ પડે? તે તો હજી બાળક છે. અને તે એમ માને છે કે આ છોકરી તેના ભવિષ્ય વિશે સમજી શકે એટલી સમજદાર નથી. તેથી તે આવું કહી રહી છે'. જુઓ! આ કમભાગી માણસ, ડહાપણનો ભંડાર! દરેક વખતે માણસ ચિંતન-

મનન અથવા વિચાર કરે છે, તે ભાવિજન્મના કારણો-કર્મો બાંધતો હોય છે. આમ દરેક જન્મમાં તમે નવા જન્મના કારણોનું સેવન કરતા રહેતા હોવ છો.

## ૬. ભૌતિક વિકાસ અને આધ્યાત્મિક વિકાસ.

જિજ્ઞાસુઃ લોકોનું કહેવું છે કે ભારત પછાત દેશ છે.

દાદાજીઃ વિદેશી લોકો ભારતીય પ્રજાને અર્ધ વિકસિત કહીને તુચ્છ દૃષ્ટિથી જુએ છે. ત્યારે મારે એવા લોકોને કહેવું છે કે, ''તમે ભૌતિક દૃષ્ટિએ વિકસિત છો પરંતુ જ્યાં સુધી આધ્યાત્મિક વિકાસને લાગે વળગે છે ત્યાં સુધી તમે ખરેખર અવિકસિત છો. તમારો દેશ ભૌતિક રીતે આગળ છે જ્યારે ભારત દેશ ભૌતિક રીતે અર્ધ વિકસિત છે પણ આધ્યાત્મિક દૃષ્ટિએ પૂર્ણ વિકસિત છે''.

જિજ્ઞાસુઃ એ કેવી રીતે?

દાદાજીઃ હું આ મહાન ભારત દેશના કોઈપણ વ્યક્તિને એક જ કલાકમાં ભગવાનના જેવો બનાવી શકું છું. કેવી રીતે? વિદેશી લોકોના ક્રોધ, માન, માયા અને લોભ વગેરે વિકાસની પ્રક્રિયામાં છે; જ્યારે આવા કષાયો ભારતના લોકોમાં પૂરેપૂરા વિકસિત છે.

વિદેશમાં જો તમારે પચાસ માઈલ દૂર રહેલા સ્થળે જવાનું હોય તે સ્થળની વિગતો વિદેશીને આપો, તો તે પોતાની ગાડીમાં બેસાડીને તમને તે સ્થળે પહોંચાડી દેશે અને પાછા પણ લાવશે. એટલું જ નહિ પણ તે રેસ્ટોરંટનું બિલ પણ ચૂકવી દેશે. જ્યારે તમે તમારા કાકાના દીકરા-ભાઈને અહીં પૂછશો કે મારે તારી કારની જરૂર છે, એટલે તે પેટ્રોલ, ઓઈલ અને મોટર-કારના ઘસારા વગેરે ખર્ચનો વિચાર કરવા લાગી જશે પછી જૂઠ્ઠું બોલશે કે ''આવતી કાલે મારો બોસ આવવાનો છે''.

આ બધું શું છે? વિદેશી વ્યક્તિનો લોભ હજી વિકસિત થયો નથી. તે હજી પોતાનો જ વિચાર કર્યે રાખે છે અથવા વધારેમાં વધારે તેની પત્ની મેરીનો વિચાર કરશે. જ્યારે એનો દીકરો અઢાર વર્ષનો થશે તો તે કહેશે કે 'તું તારી વ્યવસ્થા કરી લે. હવે આપણે જુદાં થઈએ છીએ'. જ્યારે તમારા પિતરાઈનો લોભ પૂર્ણ વિકસિત છે. તે માત્ર પોતાનો જ વિચાર કરતો નથી પણ તેની પત્ની અને આવનારી સાત પેઢીઓનો પણ તે વિચાર કરશે. જો વિલિયમને મેરી સાથે અણબનાવ થાય તો તે એમ કહેશે કે ''ચાલો, આપણે બંને અહીંથી જુદા પડી જઈએ. તું તારી રીતે જીવ અને હું મારી રીતે જીવીશ''. અને તેઓ એક જ ધડાકે છૂટાછેડા લઈ લેશે. પણ આપણાં દેશમાં આસક્તિ પૂરેપૂરી રીતે વિકસિત છે. એવી એક ઘટનાનો ઉલ્લેખ કરીશ.

એંસી વર્ષની એક વૃદ્ધા તેના પંચાસી વર્ષના પતિ સાથે રોજ ઝઘડો કરતી હતી. પણ જ્યારે તે દાદા મૃત્યુ પામ્યા ત્યારે એ માજીએ તેમની બરાબર સારી રીતે અંતિમ વિધિ કરી અને એમ કહીને કે ''તારા કાકાને આ વસ્તુ ગમતી હતી, તે વસ્તુ

ગમતી હતી''. તમામ વસ્તુઓ કે જે તેના મૃત પતિને ખૂબ જ પ્રિય હતી તે દાનમાં આપી દીધી. મેં કહ્યું કે, ''પણ કાકી, તમે તો એમની સાથે રોજ ઝઘડો કરતાં હતાં''. ત્યારે તેમણે મને કહ્યું કે, ''ભલે, પણ મને તારા કાકા જેવો માણસ નહીં મળે, હું તો તેમને મારા ભવે ભવના પતિ તરીકે મેળવવાની ભાવના રાખું છું''. તો તમે જુઓ કે આપણે ત્યાં આટલી હદ સુધી આસક્તિ વિકસેલી છે!

## ૭. પ્રકૃતિ શું છે?

જિજ્ઞાસુ: દરેકનો સ્વભાવ અલગ-અલગ કેમ હોય છે?

દાદાજી: 'પ્ર' અર્થાત્ વિશેષ પ્રયત્નો દ્વારા થવું અને 'કૃતિ' અર્થાત્ રચના. એ સામાન્ય સંજાગોમાં નથી રચાઈ. આ સમસ્ત સંસાર સનાતનકાળથી પ્રકૃતિ અને પુરૂષને સમજવામાં વ્યસ્ત છે પણ તેમને સમજવા ખૂબ જ દુષ્કર છે. જેઓ પ્રકૃતિમાં રમમાણ છે તેવાઓ પ્રકૃતિને સમજવાનો પ્રયત્ન કરે છે! જ્યારે 'સ્વ' માં બેઠેલા હોઈએ ત્યારે પ્રકૃતિનો અનુભવ કરવાનો છે.

ક્રમિક માર્ગમાં વિશાળ એવા પ્રકૃતિના સંપૂર્ણ ક્ષેત્રને અનુભવ્યા બાદ જ 'સ્વ' ને સમજી શકાય છે તેથી જન્મ અને મરણના અંતહીન ચક્કરો મારવા છતાંય કોયડો વણઉકલ્યો રહે છે.

અક્રમ માર્ગમાં જ્ઞાનીપુરૂષ તેમનો આશીર્વાદયુક્ત હાથ મુમુક્ષુના માથા પર મૂકે છે જેથી વ્યક્તિ પ્રકૃતિને સંપૂર્ણપણે સમજી જાય છે અને ત્યારબાદ આ શુદ્ધાત્મા અને પ્રકૃતિને એકબીજાથી પૃથક અનુભવ કરે છે.

જિજ્ઞાસુ: આ પ્રકૃતિ અને પુરૂષનો કોયડો કેવી રીતે ઉકેલાય?

દાદાજી: જીવંત જ્ઞાનીના આશીર્વાદ મેળવીને શુદ્ધાત્મા બનીને પ્રકૃતિને સમજવાની છે ત્યારબાદ જ પ્રકૃતિ અને શુદ્ધાત્માના સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રદેશો વચ્ચેના ભેદ સમજાશે.

જિજ્ઞાસુ: કૃપા કરીને પ્રકૃતિ વિશે વિસ્તારથી સમજાવો.

દાદાજી: પ્રકૃતિને નારી રૂપમાં વર્ણવાયેલી છે અને 'સ્વ' ને સ્વભાવથી પુરૂષ તરીકે નિરૂપેલ છે. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે, પ્રકૃતિના 'સત્વ, રજસ અને તમસ' વગેરે ત્રણ ગુણોથી મુક્ત થા. કારણ કે જો તમે આ પ્રકૃતિના ત્રણ ગુણોની પકડમાં રહેશો તો તમે કાચા પડશો પણ જો તમે 'સ્વ' ની સત્તામાં રહેશો તો તમે 'પુરૂષ' કહેવાશો.

પ્રકૃતિ તો ભમરડાના સ્વરૂપમાં છે. ભમરડો એટલે શું છે? ભમરડાને વીટવાની ક્રિયા એ રચના (સર્જન) છે. જ્યારે ભમરડો ગોળ ફરે છે ત્યારે તે વીટામાંથી મુક્ત થતો જાય છે - આ પ્રકૃતિ છે. વીટાવાની, ખૂલવાની અને ગોળ-ગોળ ફરતા રહેવાની

આ આખી પ્રક્રિયા કલાત્મક છે. ખાતી વખતે બાળક પણ કદીયે કોળિયો તેના કાનમાં નહી નાંખે પણ પોતાના મોંમાં નાખશે. સાપણ મરી ગઈ હોય અને તેના ફૂટેલાં ઈંડાંમાંથી તેના કણા (બચ્ચાં) બહાર નીકળી આવ્યાં હોય. શું તમે એ જાણો છો કે ઈંડાંમાંથી બહાર આવી ગયા પછી સૌથી પહેલું કામ તે શું કરશે? તેઓ કોઈનાય શીખડાવ્યા વગર તેમની ફેણ માંડશે. આ કુદરતનો ચમત્કાર છે. પ્રકૃતિનું કલાત્મક કાર્ય અદ્‌ભૂત ઘટના છે. પ્રકૃતિમાં સઘળું તેની મર્યાદામાં છે અને વધઘટ પણ એક મર્યાદામાં જ રહેશે! અરે પેલો ભમરડો પણ તેની પોતાની ફરતી હદમાં જ ફરતો રહેશે. એટલે કે વિચારની પણ એક મર્યાદા છે અને મોહ-માયાની પણ એક હદ છે. દરેક જીવને તેની નાભિ એ કેન્દ્ર છે અને આ નાભિમાં ખૂબ જ નાના એવા વિસ્તારમાં આત્મા કદીયે આવૃત્ત હોતો નથી. આ વિસ્તારમાં જ્ઞાનનો શુદ્ધપ્રકાશ હમેશાં ચમકતો-દમકતો રહે છે. જો પ્રકૃતિ તેનો તટબંધ તોડે અને પોતાની બધી જ મર્યાદાઓ તોડે તો આ 'સ્વ' ની જ્યોતિ ઢંકાઈ જાય અને પ્રાણી પત્થરની જેમ સુસ્ત પડ્યું રહે. . . . પણ આવું કદીયે બનતું નથી. કુદરતનો કાનૂન એવો છે કે મોહ જો ચરમ સીમા પર હોય તો તેને એને એક ચોક્કસ સીમા પર પહોંચ્યા બાદ નીચે ઊતરવું જ પડે છે. બધું કુદરતના (નિયતિના) નિયમાનુસાર જ બનતું હોય છે. કુદરતની સીમાનું ઉલ્લંઘન કરીને કશું જ બનતું નથી.

## ૮. પ્રકૃતિ અને તેના ત્રણ ગુણધર્મો.

પ્રકૃતિના ત્રણ ગુણોને અનુરૂપ દેવતાઓ સહજ રૂપક તરીકે પ્રયોજેલ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણે દેવો સત્વ, રજસ અને તમસ ગુણોનું પ્રતિનિધિત્વ કરે છે. જે લોકો સાત્વિક ગુણ ધરાવે છે તેઓ બ્રહ્માની ભક્તિ કરે છે, જેઓ રાજસિક ગુણ ધરાવે છે તેઓ વિષ્ણુની ભક્તિ કરે છે અને જેઓ તામસિક ગુણ ધરાવે છે તેઓ મહાદેવની ભક્તિ કરે છે. જેની ભક્તિ કરવામાં આવે તેને તે ગુણની પ્રાપ્તિ થાય. ભારતમાં રાજસિક ગુણવાળા બહુમતીમાં છે પણ આખું ય જગત તામસિક ગુણમાં પ્રમાદાવાસ્થામાં પડેલું છે. અરે! વેદ પણ જણાવે છે કે, 'પુરૂષ' થાવ. - શુદ્ધાત્મા. તે આ સત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણોથી પર છે.

પ્રકૃતિ દરેક જીવને એની તર્જ પર પોતાના સ્વભાવ પ્રમાણે નાચ નચાવે છે છતાંય તે કહે છે કે, 'હું નાચ્યો' અરે ઓ નાદાન! ભમરડો ચક્કર-ચક્કર ફરે છે. એમાં એની પોતાની ઉપલબ્ધિ શું છે? જ્યારે માણસ સો કે હજાર રૂપિયા કમાય છે ત્યારે તે એમ કહે છે કે, 'હું કમાયો છું.' પણ જો તે ગુમાવશે તો કદાચ તે નહિ કહે કે મેં 'ગુમાવ્યું છે' પણ એ ભગવાનને માથે ઢોળી દેશે અને એ ખોટ માટે ભગવાનને જવાબદાર ગણશે. બિચારો ભગવાન! તે તો એકલો અટૂલો છે. તેનો પક્ષ લેવાવાળા માતા-પિતા કે બીજું કોઈ નથી! અને એટલે લોકો ભગવાનને માથે ખોટું આળ ચડાવે છે.

પોતાની પ્રકૃતિ અનુસાર દરેકનું વર્તન હોય છે પણ માણસ એમ કહે છે કે, 'મેં કર્યું, મેં કર્યું.' દાન, જપ, તપ, ધાર્મિક ચિંતન, દયા, અહિંસા અને સત્ય— આ બધા પ્રકૃતિના ગુણ છે. સારી ટેવો, ખરાબ આદતો તો યંત્રવત કાર્ય છે. એ યાંત્રિકતા

ગમે તેટલી સારી કે સુંદર હોય પણ એને ક્યારે છેતરી જશે અને કલંકિત કરી જશે એની કોઈનેય ખબર હોતી નથી. એક રાજા હતો. તે ખૂબ જ પરગજુ અને ધાર્મિકવૃત્તિવાળો હતો પણ એક દિવસ તે જંગલમાં રસ્તો ભૂલી ગયો અને ચાર-ચાર દિવસ સુધી તેને ખાવાનું મળ્યું નહિ. આવા સંજોગોમાં તમે એમ વિચારો છો ખરા કે તેને આદિવાસી પાસે ભીખ માંગતા શરમ આવી હોય? બિલકુલ નહિ. સારું પછી, એના પરગજુપણાની ભાવના ક્યાં ગઈ? એનું રાજત્વ ક્યાં ગયું ? તેની અંતઃપ્રકૃતિ ખોરાક માટે જોરજોરથી માંગણી કરતી હતી.

આમ, જુઓ કે તે સંજોગોની પકડમાં કેવો આવી ગયો? રાજા પણ ભિખારી બની જાય છે. તો પછી સામાન્ય માણસનું તો કહેવું જ શું? માટે એ તો તમારી પોતાની પ્રકૃતિ છે જે તમને દાનમાં વસ્તુઓ આપી દેવાની પ્રેરણા આપે છે અથવા ભીખ માગવા માટે લાચાર બનાવી દે છે. તો પછી તમે જાતે શું કર્યું ? ચોર પચ્ચીસ રૂપિયા ચોરીને હોટેલમાં જઈને આનંદપૂર્વક ખાય-પીએ છે અને હોટેલમાંથી બહાર જઈને ભિખારીના હાથમાં દસ રૂપિયાની નોટ મૂકે છે! આ તો પ્રકૃતિનો ખેલ છે જેને આપણે સમજી નથી શકતા.

કદાચ કોઈ કહે કે, 'મેં ચાર સામાયિક અને પ્રતિક્રમણ કર્યાં. અને આજે બે કલાક શાસ્ત્રાભ્યાસ કર્યો'. તમે આ બધું તમારી પ્રકૃતિને કારણે કર્યું અને છતાં કહો છો કે, 'મેં આ બધું કર્યું'. જો તમે ખરેખર આ બધી પ્રાર્થનાઓ (સામાયિક) ના કર્તા હોય તો તમારે બીજા દિવસે આ બધું કરવું જોઈએ પણ બીજા દિવસે કદાચ તમે એમ કહો કે 'હું આ નથી કરી શકતો. મારા પેટમાં દુખે છે અને મારું માથું પણ દુખે છે. હું મારું સામાયિક નથી કરી શકતો'. હવે જુઓ, તમે તો કહેતા હતા કે, ''મેં ગઈ કાલે કર્યું હતું''. શું આ મોટો વિરોધાભાસ નથી? જો તમે કર્તા હોય તો પછી 'હું નથી કરી શકતો' - આવું કદાપિ ન બોલાય. હું નથી કરી શકતો; તે એ વાતનું સૂચન કરે છે કે તમે 'કર્તા' નથી.

આખો સંસાર સાચી સમજના અભાવે અંધારામાં ફાંફાં મારે છે. પ્રકૃતિ (સ્વભાવ) માણસ પાસે ત્યાગ કરાવે છે અને એ જ પ્રકૃતિ કંઈક લઈ લેવા માટે પ્રેરિત પણ કરે છે. પ્રકૃતિ જ 'કર્તા' છે. બ્રહ્મચર્યની બાબતમાં, પ્રકૃતિ તેનું પાલન કરાવે છે અને એ વ્યક્તિ એમ કહે છે કે 'હું બ્રહ્મચર્ય પાળું છું'. કેવો મોટો વિરોધાભાસ! આસક્તિ-ધિક્કાર, ભલાઈ, ક્રૂરતા, લોભ-ઉદારતા, સાચું-ખોટું, આ બધા પ્રકૃતિના દ્વંદ્વગુણો છે અને શુદ્ધાત્મા આ બધા દ્વંદ્વોથી પર છે.

## ૯. પરિવારઃ પ્રાકૃતિક બગીચો.

જિજ્ઞાસુઃ પરિવારમાં જુદા-જુદા સ્વભાવવાળા લોકો શા માટે હોય છે?

દાદાજીઃ મૂળ ઈફેક્ટીવ કાર્ય પ્રકૃતિ અફર-અટલ છે. તે કદીયે પલટાઈ ન શકે. દરેક પિતા ઈચ્છે છે કે તેમનો પુત્ર તેમના જેવો થાય. ઓ મારા ભાઈ! શું તમે તમારા ઘર અને બગીચાને ખેતર જેવો બનાવવા ઈચ્છો છો? માણસે-માણસે પ્રકૃતિ બદલાય

છે. એ જ રીતે દરેક છોડની પણ પ્રકૃતિ જુદી હોય છે. એટલે જ તો એમની ઉપર ભાત-ભાતનાં ફૂલ ખીલે છે. તમે એવી અપેક્ષા શી રીતે રાખી શકો કે બીજા છોડ ઉપર પણ એકસરખા જ ફૂલો ખીલે અને એમાંય માત્ર ગુલાબ જ હોય? તો શું એને બગીચો કહેવાય? ના, એ બાજરીના ખેતર જેવું ગુલાબનું ખેતર કહેવાશે પણ જો કાંટાળા છોડની સાથે મોગરો, ચંપો, જૂઈ વગેરે ફૂલો હોય તો તે બગીચો કહેવાશે. પ્રકૃતિ એ બગીચો છે! લોકો ગુલાબના ફૂલને ચાહે છે પણ કાંટાને પસંદ કરતા નથી પણ શું કાંટા વિના ગુલાબ સંભવી શકે છે ખરું?

લોકો લીંબુડીના ઝાડ માટે બી વાવે છે પણ તેનો ઊછેર કેવી રીતે થાય છે? જમીન, પાણી, હવા, પ્રકાશ અને આકાશ વગેરે તેના વિકાસમાં મદદ કરે છે. તેઓ બીજનું પોષણ કરે છે. શું એ પોષણમાં કોઈ ખાસ પ્રકારનો સ્વાદ છે? શું એમાં ખાટો સ્વાદ છે? ના, તો પછી એ ખાટો સ્વાદ તેમાં આવે છે ક્યાંથી? વળી, જો તમે લીમડાનું બીજ વાવો તો તેની દરેક ડાળ અને પાન કડવાં શી રીતે થઇ જાય છે? બંનેનું પોષણ એ જ પાંચ તત્ત્વોએ કર્યું છે. શું પાણી કડવું કે ખાટું હતું? ના, તો પછી આમ શી રીતે થયું? કડવાશ અને ખટાશનો સ્વાદ તો એ બીજમાં જ હતો અને એટલે તેનું ફળ ખાટું અથવા કડવું થયું. વડનું બીજ તેના કદમાં રાઈના દાણા કરતાં ઘણું જ નાનું હોય છે પણ વડનું ઝાડ કેવું વિશાળ હોય છે! સઘળું ય વડનું ઝાડ તેની ડાળીઓ અને નીચેની તરફ ઉતરતી જતી વડવાઈઓ સહિત તેના અતિ નાનકડા બીજમાં રહેલ છે. એ ક્ષમતા (Potential)ના રૂપમાં રહેલ છે. સાંયોગિક વૈજ્ઞાનિક પરિબળો તે બીજને તેના સ્વાભાવિક ગુણને લીધે વડના વૃક્ષ તરીકે ઊગવામાં મદદ કરે છે.

આવું અલૌકિક પ્રકૃતિનું જ્ઞાન છે! નદીને તરી જવું સહેલું હોઈ શકે છે પણ પ્રકૃતિનો પાર માપવાનું એટલું સહેલું નથી.

## ૧૦. જુદા-જુદા પ્રકારના વૈરાગ્ય.

જિજ્ઞાસુઃ ત્યાગી વૈરાગીઓ પણ જુદા-જુદા પ્રકારના હોય છે.

દાદાજીઃ હા, વૈરાગ્યના ત્રણ પ્રકાર છે.

### (૧) દુઃખ ગર્ભિત વૈરાગ્યઃ

જે માણસ સાંસારિક જીવનથી દૂર ભાગે છે અને પોતાની પત્ની અને બાળકોને નિરાધાર અવસ્થામાં છોડી દે છે. તે સંસારી જીવનની તકલીફો અને દુઃખોનો સામનો કરી શકતો નથી. આવો વ્યક્તિ સાધુ બની જાય છે કારણ કે તે સંસારિક જીવનમાં ગોઠવાઈ શક્યો નથી. તે એમ વિચારે કે વૈરાગ્યમય જીવનમાં એક જ તકલીફ રહેશે કે ઉઘાડા પગે ચાલવું પડશે અને ભિક્ષા માગવી પડશે, એ જ ને? છતાંય બે વખતના ભરપેટ ભોજનની તો મને ચિંતા નહિ રહે. હવે આવા વૈરાગ્યથી તેને શું મળશે? તેને તો ૮૪ લાખ ભવના જન્મ અને પુનર્જન્મના ફેરાની ભટકામણ જ રહેશે.

### (૨) મોહ ગર્ભિત વૈરાગ્ય :

તે શિષ્યો મેળવવા, નામ (યશ), ખ્યાતિ અને આદર-માન મેળવવા માટે જ સાધુ થાય છે. તે લોકોમાં પૂજાવાની આશા રાખે છે. તે આવા પ્રલોભનોથી આકર્ષાઈને વૈરાગી થાય છે. તેને પણ જન્મો જન્મના અંતહીન ચક્કરો મારવાં પડે છે.

**(૩) જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય :**

આ સાચી વૈરાગ્ય ભાવના છે જે સાચા જ્ઞાન માટે સાધુજીવન અપનાવે છે. આવા સાધુ ઘણા ઓછા જોવા મળે છે. જ્ઞાની પાસેથી જ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. એ જ્ઞાનના પ્રકાશમાં વૈરાગ્યનો ઉદય થાય છે.

## ૧૧. આત્મોપયોગ.

જિજ્ઞાસુ: દરેકનો આત્મા એક જ સરખો હોય છે. તો પછી લોકો શા માટે જુદા-જુદા કાર્યો કરે છે?

દાદાજી: દરેક જણ આત્માનો ઉપયોગ જુદી-જુદી રીતે કરતો હોય છે. આત્માના ચાર પ્રકારના ઉપયોગ છે:

**(અ) અશુદ્ધ ઉપયોગ:** કોઈ શિકારી કોઈપણ દેખીતા કારણ વિના હરણને ગોળીએ વીંધી દે છે અને તે પણ શિકારના આનંદ માટે અને પછી અભિમાનમાં આવીને ગૌરવપૂર્વક ડંફાશ મારશે કે એણે હરણનો કેવો શિકાર કર્યો? બીજા કોઈપણ આશય વિના માત્ર આનંદ માટે કોઈને મારવાનું એ તો આત્માનો અશુદ્ધ ઉપયોગ છે. કોઈકના ઘરને આગ ચાંપીને એ નાદાનતાપૂર્ણ કાર્ય પર ક્રૂર આનંદ મનાવવો, કંઈક ખોટું કરીને હસવું, કોઈને નુકસાન પહોંચાડવું અને તેનો પાશવી આનંદ લેવો — આવા દુષ્કર્મીઓને નરકગતિ જ મળવી રહી.

**(બ) અશુભ ઉપયોગ:** કોઈ પરિવારના સભ્યોને આકરી ભૂખ લાગી હોય અને કહે કે આજે તો હરણનું જ ભોજન કરવું પડશે કારણ કે ઘરમાં બીજું કશું જ ખાવાનું નથી. માટે એ માણસ હરણનો શિકાર કરે છે અને તેની પત્ની અને બાળકોની ભૂખ ઠારવા માટે હરણના મારણને ઘેર લઈ આવે છે પણ આમ કરતી વેળા તેને દુ:ખ થાય છે અને પસ્તાય પણ છે કે મેં આ તે કેવું ખોટું કર્યું? આ આત્માનો અશુભ ઉપયોગ છે. આત્માના અશુભ ઉપયોગમાં કાર્ય તો સરખું જ છે પણ અશુદ્ધ ઉપયોગના કિસ્સામાં પોતે કરેલા કાર્ય પ્રત્યે અભિમાન કરે છે જ્યારે આત્માના અશુભ ઉપયોગમાં તે પોતાના કાર્યને લીધે પસ્તાય છે. આ લોકો તેમના આત્માનો અપવિત્ર ઉપયોગ કરે છે. એમનો જીવ રેલવેના બીજા વર્ગના યાત્રીઓ જેવો છે, જે તિર્યંચગતિ (પશુ-પક્ષી) પ્રાપ્ત કરે છે.

**(ક) શુભ ઉપયોગ:** આમાં માણસ ભૂખને લીધે પીડા અનુભવી રહેલ પરિવારને એમ સમજાવે કે આપણી ભૂખ સંતોષવા માટે આપણે કોઈ જીવને મારીશું નહિ. આ આત્માનો શુભ ઉપયોગ છે.

બીજાનું હિત કરવું, બીજાનું સારું કરવું, પરોપકાર કરવો અને હૃદયને સાચા અર્થમાં નૈષ્ઠિક રાખવું અર્થાત્આત્માનો શુભ

ઉપયોગ. બહુ ઓછા લોકો આત્માનો માત્ર શુભ ઉપયોગ કરે. સામાન્ય રીતે આપણે આત્માનો શુભ તેમજ અશુભ ઉપયોગ સાથે-સાથે જ અનુભવતા હોઈએ છીએ. જેઓ આત્માનો શુભ ઉપયોગ કરે અને સાથોસાથ અશુભ ઉપયોગ પણ કરે તેઓ પ્રથમ વર્ગના મુસાફરો છે જે માનવજીવન મેળવવા પાત્ર છે પણ આત્માના જે શુભ ઉપયોગને જ વળગી રહે છે તેઓ દેવગતિ તરફ એરકન્ડિશંડ સલુનમાં યાત્રા કરે છે.

(ડ) **શુદ્ધ ઉપયોગઃ** શુદ્ધોપયોગી આત્મા સર્વત્ર શુદ્ધત્વને જુએ છે. તે પેકિંગને મહત્વ આપતો નથી પણ એ પેકિંગમાં રહેલ વસ્તુના મહત્વનું મૂલ્યાંકન કરે છે! Relative માં 'Real' ને જોવું એ જ આત્માનો શુદ્ધ ઉપયોગ છે. આત્માનુભૂતિ બાદ જ શુદ્ધ ઉપયોગની શરૂઆત થાય છે. જ્યારે આત્માનો ઉપયોગ હંમેશને માટે 'પૂર્ણ શુદ્ધ' થઇ જાય એ કેવળજ્ઞાન છે. શુદ્ધ ઉપયોગ મોક્ષમાં પરિણમે છે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! આ સંદર્ભમાં આપને કેવો આત્મોપયોગ રહે છે?

દાદાજીઃ 'હું' હમેશાં મારા શુદ્ધ ઉપયોગમાં જ રહું છું. એક સાધુએ મને પૂછ્યું કે 'તમે આ કારમાં હરો-ફરો છો. તેથી ઘણાં જીવ-જંતુઓ તે કારની નીચે કચડાઈ મરતાં હશે. તમને નથી લાગતું કે તમે આ પાપ માટે જવાબદાર છો?' મેં તેમને કહ્યું કે ''મહારાજ! આપનાં શાસ્ત્રો શું કહે છે?''

''શુદ્ધ ઉપયોગી ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી રે;

કર્મ કલંક કું દૂર નિવારી, જીવ વરે શીવ નારી રે''.

'હું' હમેશાં શુદ્ધ ઉપયોગી આત્માની સ્થિતિમાં રહું છું. શું આવા જ્ઞાનીને હિંસાનું નિમિત્ત લાગશે ખરું? મહારાજે જવાબ આપ્યો કે 'ના'.

જિજ્ઞાસુઃ એ શી રીતે?

દાદાજીઃ પાપ મને ચોંટી નથી રહેતું પણ એ તમને ચોંટી રહે છે કારણ કે તમે એમ માનો છો કે, 'હું મહારાજ છું, આ મારા પગ છે અને જીવ-જંતુઓ મારા પગ વડે કચડાયા છે'. - આ જ્ઞાન (સમજ) તમને વારંવાર સતત પરેશાન કરી રહે છે. અરે! ઊંઘમાં પણ એ તમને ખૂંચ્યા કરે છે એટલે પાપ તમને વળગેલું રહે છે. જ્યારે 'હું' હમેશાં આત્માના શુદ્ધ ઉપયોગમાં રહું છું. અને એક પળ માટે પણ એમ નથી માનતો કે આ શરીર મારું છે. શરીરના માલિકીપણાની મારી સમજનો લોપ થઇ ગયો છે એટલે જ હું એવાં કોઈપણ વળગણથી મુક્ત છું.

જિજ્ઞાસુઃ મહેરબાની કરીને ઉદાહરણ આપો.

દાદાજીઃ દાખલા તરીકે, તમારી પાસે જમીનનો એક પ્લોટ હતો અને એક સપ્તાહ પહેલાં તમે લલ્લુભાઈને વેચી દીધો અને દસ્તાવેજ પણ કરી દીધો અને એક દિવસ પોલીસે તમારા ઘેર હથકડી લઈને આવીને કહ્યું કે, ''અમિત! તમારે અમારી સાથે પોલીસ સ્ટેશન આવવું પડશે''. તમે સ્વાભાવિક જ પૂછશો કે, 'શા માટે? મારો ગુન્હો શું છે?' પછી પોલીસ કહેશે કે, 'દાણચોરીનું રૂપિયા દશ લાખનું સોનું તમારા પ્લોટમાં સંતાડેલું હતું તે મળ્યું છે'. તમારો આ જ ગુન્હો છે''. તમે શાંતિથી લલ્લુભાઈને તમે વેચાણ કરી આપેલ પ્લોટનો દસ્તાવેજ પોલીસને બતાવશો. પોલીસ બધી વાતને સમજીને ક્ષમા માંગશે અને લલ્લુભાઈ પાસે જશે.

મારી સ્થિતિ આવી જ છે. હું આ શરીરનો માલિક નથી. હું વિશ્વનો સ્વામી છું પણ મારી પાસે એકપણ પ્લોટનો માલિકીભાવ નથી. હું આખાય વિશ્વને હલાવવાની શક્તિ ધરાવું છું પણ આ અંબાલાલ મૂળજીભાઈ પાસે તો શેક્યો પાપડ પણ ભાંગવાની શક્તિ નથી.

## ૧૨. ત્રણ પ્રકારનાં સુખ.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! કૃપા કરીને વિવિધ પ્રકારનાં સુખ વિશે વિગતે સમજાવો.

દાદાજીઃ આ દુનિયામાં ત્રણ પ્રકારનાં સુખ છેઃ

(૧) **ઈન્દ્રિય સુખઃ** ઈન્દ્રિયજન્ય આનંદ, વ્યક્તિ પંચેન્દ્રિયો વડે ઉત્પન્ન આનંદનો જે અનુભવ કરે છે.

(૨) **નિરીન્દ્રિય સુખઃ** જેમણે ઈન્દ્રિયજન્ય આનંદનો સ્વૈચ્છિક પરિત્યાગ કર્યો હોય પણ અતીન્દ્રિય સુખ લાધ્યું નથી. બેની વચ્ચે અટવાતા રહે છે. આ પ્રકારનું સુખ એ અહંકારમાં ચકચૂર આનંદનું સુખ છે! અહીં વ્યક્તિ જાત-જાતની ધર્મક્રિયાઓ, ધ્યાન વગેરેનો આનંદ મેળવે છે અને પોતાના અહંને પોતાનો આત્મા માની લે છે. જો કે પોતાના સાચા સ્વરૂપને હકીકતમાં તેણે અનુભવેલ નથી. નિરીન્દ્રિય સુખવાળો અહંકારની મસ્તીમાં જ રહેતો હોય છે.

(૩) **અતીન્દ્રિય સુખઃ** (અહંકાર અને ઈન્દ્રિયોથી પર સુખ) આ શુદ્ધાત્મા પ્રેરિત સુખ છે. ઈન્દ્રિયો અને અહંથી પર એવો કેવળ શુદ્ધાત્માનો આ આનંદ છે. આ શુદ્ધાત્માનો અનંત આનંદ છે પણ તેને જાણ્યા અને અનુભવ્યા સિવાય પ્રાપ્ત કરી શકાતો નથી.

જિજ્ઞાસુઃ દ્રષ્ટાંત આપીને સમજાવશો.

દાદાજીઃ શિયાળાની એ ભારે ઠંડી રાત હતી અને એવું બન્યું કે ત્રણ યાત્રિકો ગામની ધર્મશાળાએ પહોંચ્યા. એમાંનો એક ઈન્દ્રિયજન્ય આનંદને ભોગવનારો હતો. બીજો અહંકારજન્ય આનંદમાં રત હતો અને ત્રીજો તો ફક્ત શુદ્ધાત્મામાં

(નિજાનંદમાં) જ સુખી હતો. એ રાત્રે હિમવર્ષા થઇ અને એમાંના કોઈની ય પાસે ઓઢવા-પાથરવાનું કશું જ ન હતું કે જે જમીન પર પાથરીને સૂઈ જાય. આ લોકોએ આખી રાત કેવી રીતે વીતાવી તે શું તમે જાણો છો?

ઇન્દ્રિયજન્ય આનંદમાં રાચતો મુસાફર આખી રાત દર પાંચ મિનિટે બૂમો પાડતો રહ્યો કે, ‘‘હે ભગવાન! હું આ કડકડતી ટાઢમાં તો ઠરીને મરી જ જઈશ’’. અને સાચે જ તે બીજે દિવસે સવારે તો મરણ પામ્યો. બીજા કે જે અહંકાર અને માનને વરેલો હતો તે વારંવાર દર મિનિટે એમ કહેતો કે, ‘‘અરે! આ તો કેવી કડકડતી ટાઢ છે. પણ શું એની મારા પર કોઈ અસર થઇ શકે ખરી? એ તો મારા શરીરને જ તકલીફ આપશે’’. આમ અહંના નશામાં તેણે આખી રાત વીતાવી અને જો તમે એને સવારે જુઓ છો ત્યારે તેનું શરીર ખૂબ જ ટાઢું પડી ગયેલું પણ તેના શ્વાસોચ્છ્વાસ તો ધીમી ગતિએ ચાલતા જ હતા. આ માણસ અહંને વશ હોઈ હમેશાં એક પ્રકારના નશામાં (કેફમાં) રહેતો હતો. લોકો તેમને ‘બાબા’ (બાપજી), બાબા કહીને બોલાવતા હતા અને પોતે બેવકૂફી ભરેલા કેફની મસ્તીમાં રહેતો હતો! અને પેલા માત્ર ‘શુદ્ધાત્મા’ માં સ્થિત રહેનારનું શું! રાત્રે બહાર જેવી હિમવર્ષા શરૂ થઇ, તે જ્ઞાનની ગુફામાં જતો રહ્યો. તે આખીય રાત દેહથી મુક્ત રહ્યો. તે અસીમ આનંદની ગોદમાં રહ્યો અને બીજે દિવસે સવારે ધર્મશાળા છોડીને જતો રહ્યો.

## ૧૩. વાણીનું વિજ્ઞાન.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! કૃપા કરીને વાણીના વિજ્ઞાન વિશે વિસ્તારથી સમજાવો.

દાદાજીઃ સવારથી સાંજ સુધી સાસુ એની વહુની સાથે ઝઘડતી જ રહે તેથી વહુ અંદરથી દુઃખી-દુઃખી અને નિરાશ થઇ જાય અને અંદરને અંદર ધૂંધવાયેલી રહે છે. જો એ વૃદ્ધા એની વહુની સાથે સદાયે ચાર-ચાર કલાક સુધી કકળાટ કર્યા જ કરે પણ આપણે તેને ફરીથી એવી જ ગાળો ભાંડવાનું કહીએ તો શું તે આમ કરી શકશે ખરી? ના, શા માટે? તેની વાણી તો રેકોર્ડ જેવી છે કે જે પહેલેથી રેકોર્ડ થઇ જ ગયેલી છે.

જો આ રેકોર્ડ બોલે કે ‘ચંચળને અક્કલ જ નથી, ચંચળને અક્કલ જ નથી,’ તો શું પછી ચંચળ એ રેકોર્ડને કહેશે ખરી કે એની અંદર તો અક્કલ જ નથી? વાણી તો રેકોર્ડ જેવી જ છે. આ રહસ્યને મેં જ સહુથી પહેલું ખુલ્લું પાડયું છે.

જિજ્ઞાસુઃ આ તો ખૂબ જ વિચિત્ર કહેવાય! કૃપા કરીને સમજાવો.

દાદાજીઃ વાણી તો ભૌતિક પદાર્થ છે, તે તો રેકોર્ડ જ છે. ટેપરેકોર્ડર તો ટેપને માત્ર ચલાવે છે પણ તેમાં રહેલો પ્રોગ્રામ તો પહેલેથી જ રેકોર્ડ થયેલો છે. સંજોગાનુસાર વાણી ગ્રામોફોન રેકોર્ડની જેમ અસ્ખલિત રૂપે ચાલુ થાય છે અને લોકો કહે છે કે, ‘‘હું’’ બોલ્યો.

જો વકીલ દાવો જીતી લે છે તો તે બધાને કહે છે કે, ‘‘મેં કોર્ટમાં આમ દલીલ કરી ને તેમ દલીલ કરી અને કેસ જીતી ગયો’’.

પણ જ્યારે તે દાવો હારી જાય છે ત્યારે તેની દલીલો ક્યાં જતી રહે છે? ત્યારે તો તે કહે છે કે મેં આ રીતે દલીલો કરી હોત પણ હું ભૂલી ગયો! 'ઓ' મૂર્ખ! આ તું નથી બોલતો, એ તો પેલી રેકોર્ડ છે જે ચાલે (વાગે) છે.

જો તમે પૂર્વયોજિત વાર્તાલાપ પ્રમાણે બોલવા પ્રયત્ન કરશો તો પણ યથાતથ્ય એક પણ શબ્દ બોલી નહિ શકો.

જિજ્ઞાસુ: કૃપા કરીને દૃષ્ટાંત આપો.

દાદાજી: એવું વારંવાર નથી બનતું કે તમે દઢતાપૂર્વક મનમાં નિશ્ચય કરી રાખ્યો હોય કે તમારા સાસુ અથવા પતિ વિરુદ્ધ એકપણ શબ્દ કહેવો નથી છતાં તમે બોલ્યા વિના રહી શક્યા ખરા? આમ જ તમારી ઈચ્છા વિરુદ્ધ શબ્દો બોલાઈ ગયા. આ શું છે? તમે માઠા શબ્દો વાપરવા ઈચ્છતા ન હતા. શું પતિ ઈચ્છતા હતા કે તેની પત્ની તેના માટે અપશબ્દો વાપરે? તેના પતિ વિરુદ્ધ તેને બોલવા માટે કોણે પ્રેરી? આ તો રેકોર્ડ છે જે ચાલતી રહે છે અને કોઈપણ વ્યક્તિ રેકોર્ડેડ મટિરિયલ (નોંધાઈ ગયેલ બાબતમાં) માં કોઈ ફેરફાર કરી શકતી નથી!

આવું અવારનવાર બનતું રહે છે કે કોઈ વ્યક્તિ તેના વિરોધીને ઠપકો આપવાનું નક્કી કરીને આવે પણ જ્યારે તે તેના વિરોધી પાસે જાય છે અને તેની પાસે બીજા લોકોને જોઈને એકપણ શબ્દ બોલ્યા વિના જ પાછો વળી જાય છે. વાણી જો તમારા વશમાં હોત તો તમે તમારી ઈચ્છા પ્રમાણે બોલ્યા જ હોત પણ એવું ક્યારેય બને છે ખરું? એવું શી રીતે થઈ શકે?

જિજ્ઞાસુ: ગુરુદેવ! આપની વાણી એ પણ રેકોર્ડ છે?

દાદાજી: આ અંબાલાલ મૂળજીભાઈ પટેલનું શરીર છે અને છતાં પણ ભગવાન પૂર્ણતયા તેમની અંદર પ્રગટેલા છે. તેમની વાણી પણ રેકોર્ડ છે. મારી પાસે વાણીની સત્તા નથી. હું તો માત્ર રેકોર્ડ કેવી રીતે ચાલીને વાગે છે તે જોઉં છું અને જાણું છું. વાણી તો પૂરેપૂરી ભૌતિક છે પણ મારી વાણી પૂર્ણ તેજ સાથે મારામાં રહેલા પરમાત્મા (શુદ્ધાત્મા) નો સ્પર્શ કર્યા પછી જ વહેતી હોય છે અને એટલે જ તે આધ્યાત્મિક વાણી છે! એ તો સાક્ષાત સરસ્વતી-જ્ઞાનની દેવી—શારદા જ છે! આ તસ્વીરમાં સરસ્વતી છે તે રીયલ નથી પણ અમારી વાણી તો રીયલ જ છે અને સાક્ષાત સરસ્વતી જેવી જ છે. જેથી તમારાં અસંખ્ય જન્મોનાં પાપ બળીને ખાક થઈ જાય છે. અમારી વાણી તો વીતરાગ છે, પૂર્ણરૂપેણ મુક્ત એવી અનાસક્ત છે.

આપ કેવી રીતે વીતરાગને ઓળખશો? તેમની વાણી દ્વારા જ. પણ એનું મૂલ્ય ઝવેરીની પરખ શક્તિને આધીન જ હશે. જ્યારે કોઈ કમનસીબ માણસ અબજો રૂપિયાના હીરાનું મૂલ્ય માત્ર પાંચસો રૂપિયા જ આંકે ત્યારે હીરાએ જ પોતાનું મૂલ્ય જાહેર કરવું પડે કે હું તો અબજો રૂપિયાનો છું. જેમ કે મેં જાહેર કર્યું છે કે મને ભગવાન પદ પ્રાપ્ત થયું છે, પૂર્ણતયા અનાસક્ત. ભગવાને પોતે જ મને સર્વોચ્ચતાનું પદ આપેલું છે!

જિજ્ઞાસુ: આવું શી રીતે સંભવી શકે?

દાદાજીઃ ભગવાને મને કહ્યું છે કે, ''અમે યોગ્ય નિમિત્ત શોધતા હતા અને અમને તે તમારી અંદર જ મળી ગયેલ છે. આમ તો અમે પૂર્ણપણે વીતરાગ પૂર્ણાત્મા-મોક્ષ રૂપે બેઠેલા છીએ. હવે અમે કોઈને પણ મદદ કરી શકીએ એમ નથી. તમે સજીવ દેહમાં પ્રગટ રૂપમાં છો. તમે દેહમાં રહો છો છતાં તમે પૂર્ણરૂપે વીતરાગ છો. તેથી અમે એમ કહીએ છીએ કે તમારી પાસે સુપરપાવર છે અને સંસારના કલ્યાણ માટે તમે મદદરૂપ બની શકો છો''. અને તેથી હું ભગવાન કરતાંય એક રીતે ચડિયાતો થઈ ગયો છું, ચૌદલોકના સ્વામી, જ્ઞાનનો અવતાર પોતે જ મારી અંદર પ્રગટ છે.

ઓ ભાઈ! તારા દીપકને પેટાવ અને તારા માર્ગે ચાલ્યો જા. બહુ ફાંફાં નહિ માર અને ગૂંચવાડા ઊભા નહિ કર!

જિજ્ઞાસુઃ લોકોને કદાચ આ સમજવું અઘરું પડે?

દાદાજીઃ જ્ઞાનીપુરૂષના અમૂલ્ય અને અમાપ સામર્થ્યનો તમે ક્યાસ શી રીતે કાઢી શકો?

જરાય બુદ્ધિ વગરના બાળક હો એ રીતે તમને તમારી પત્ની પણ ધમકાવી નાખતી હોય ત્યારે તમે જ્ઞાનીના જ્ઞાનનું મૂલ્યાંકન શી રીતે કરી શકો! તમારી પાસે ઝવેરીની પરખ શક્તિની આવડત છે ખરી? અરે મૂર્ખ! મારું મૂલ્યાંકન કરવામાં તું ઉઘાડો પડી જઈશ. માટે તમારા દોઢ ડહાપણનું પોટલું દરિયામાં ફેંકી દો અને પ્રમાણિક અને નિખાલસ રહો. તમે અહીં આવીને કહો, ''સાહેબ! હું અજ્ઞાની છું. કૃપા કરીને મને સનાતનકાળના જન્મ અને મરણના ફેરાઓમાંથી મુક્ત કરો''. હું તમારી જીંદગીના કોયડાઓને ઊકેલી આપીશ. 'જ્ઞાની જે ચાહે તે કરી શકે છે'. કારણ કે તેની પાસે મોક્ષનો પરવાનો છે!

કેટલા લોકો એકીસાથે જ્ઞાની થાય છે? પાંચ કે દસ? ખરેખર તો જ્ઞાની ભાગ્યે જ પેદા થાય છે અને તે પણ આ વિચિત્ર કળિયુગ જેવા વર્તમાનકાળમાં! અક્રમ-પથનો જ્ઞાની લાખો વર્ષોમાં એક વખત જ જન્મે છે. તે (જ્ઞાનીપુરૂષ) તમને ઊંચે ઉઠાવી લે છે એટલે તમારે હાંફતાં-હાંફતાં પગથિયાં ચડવાં પડતાં નથી.

અરે મૂર્ખ! આ વીજળીના ચમકારામાં મોતી પરોવી લે પણ ત્યારે પેલો કમભાગી માણસ દોરો શોધવા નીકળે છે. હવે શું થાય? આ તો વ્યક્તિની તૈયારી નથી અને તેનાં પુણ્ય-કર્મ પણ ખૂબ જ ખૂટે છે.

જિજ્ઞાસુઃ આ તો ખરેખર વિસ્મયકારી છે. જ્ઞાનીપુરૂષની વાણીના ગુણ સમજાવવાની કૃપા કરો. ગુરુદેવ! અમને આપની વાણીમાં સાર્વત્રિક સ્ફટિક સમાન સ્પષ્ટ ખુલાસાઓ મળ્યા છે.

દાદાજીઃ આ વીતરાગ વાણી છે અને પહેલાં કદીયે ન સાંભળી હોય એવી છે. એ સીધી સ્પર્શે છે. જ્યારે શાસ્ત્રોમાં પરોક્ષવાણી છે. જો કોઈને આવી પ્રત્યક્ષ વાણીનું શ્રવણ કરવા મળે તો તેને સમકિત પ્રાપ્ત થશે અને આત્મસાક્ષાત્કારના આશીર્વાદ પામશે.

મારી વાણી તો સ્યાદ્વાદ છે. જે અન્યના દષ્ટિબિંદુને દુભાવતી નથી પણ બધા જ મત દ્વારા સ્વીકાર્ય છે. એ દરેક દષ્ટિબિન્દુના મુદ્દાઓને સ્વીકારે છે કારણ કે હું તો મધ્યમાં બેઠેલો છું. મારી વાણી તટસ્થ છે. હિંદુ, મુસ્લિમ, પારસી અને ખોજા—બધા જ મારી વાણીનું શ્રવણ કરે છે અને તેમને હું કલ્યાણકારી લાગું છું. મારી પાસે એકબીજામાં ભેદ પાડતી બુદ્ધિ નથી. છેવટે, હું તે બધામાં જ બેઠો છું. હું વક્તા અને શ્રોતા બંને છું. માટે જે-જે મારા સંપર્કમાં આવે છે તે દરેક જણ એકતા અને સંવાદિતાની લાગણીનો અનુભવ કરે છે.

જે અનાસક્ત છે તેની વાણી (વીતરાગવાણી) અન્યની પૂર્ણ આધ્યાત્મિક કલ્યાણ કામનાથી છલોછલ ભરેલી છે. જે વીતરાગ છે તેની વાણી વ્યક્તિનું ભલું કરી શકે છે અને તેને મોક્ષ સુધી દોરી જાય છે.

## ૧૪. અંતઃકરણ.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! આપણું અંતઃકરણ જટિલ છે અને દરેક વ્યક્તિ એનાથી ગૂંચવાડો અનુભવે છે.

દાદાજીઃ માનવ શરીરના કાર્યના બે ભાગ છેઃ

(૧) બાહ્ય કરણઃ બહારની કાર્યરચના

(૨) અંતઃકરણઃ આંતરિક કાર્યરચના

જે આંતરિક વિજ્ઞાનની ખોજમાં આખું જગત વ્યસ્ત છે, તેની હું સ્પષ્ટતા કરીશ. મન વિશે જાણવું ખૂબ જ મુશ્કેલ છે. મન (mind) એટલે શું? બુદ્ધિ શું છે? ચિત્ત શું છે? અને અહંકાર શું છે? હું તમને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર વિશે સાચી સમજણ આપીશ .

અંતઃકરણના ચાર ભાગ છેઃ-મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર.

આ ચારેયનું સ્વરૂપ ખૂબ જ રહસ્યમય છે અને તેમને આપણે સૌ અનુભવી શકીએ છીએ. તેઓને આપણે આપણાં ચર્મચક્ષુઓથી જોઈ શકતા નથી પણ તેમને જ્ઞાન-ગમ્યતાની મદદથી સમજી શકાય છે. તે પૂર્ણરૂપે ભૌતિક છે પણ જોવા જઈએ તો ખૂબ જ રહસ્યમય છે. શુદ્ધાત્માને અંતઃકરણ સાથે કોઈ સંબંધ નથી. તે બિલકુલ અલગ છે. હું સર્વથા મુક્ત છું એટલે હું એનું યથાર્થ વર્ણન કરી શકું છું.

જિજ્ઞાસુઃ અંતઃકરણ કેવી રીતે કાર્ય કરે છે?

દાદાજીઃ મેં આગળ કહ્યું તેમ, અંતઃકરણ ચાર વસ્તુઓનું બનેલું છે—મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. આ ચારેયનાં પોતપોતાનાં કાર્ય એકબીજાથી અલગ પ્રકારનાં છે. તેમ છતાં આ ચારેયના સહયોગથી દરેક કાર્ય થાય છે! પહેલો ફોટોગ્રાફ

(છાપ) અંતઃકરણ પર પડે છે પછી તે બહિરંગમાં રચાય છે અને બાહ્ય જગતમાં રૂપકમાં આવે છે.

જિજ્ઞાસુ: ગુરુદેવ! મન શું છે?

દાદાજીઃ જે કદીયે દેહની બહાર જતું નથી તે મન છે. ચંચળ એવું આ મન અંદર વાનરવેડા કર્યા કરે છે અને જુદા-જુદા Pamphlet જ—વિકલ્પો દેખાડે છે. તે ખરેખર રીતે બહાર ફરતું નથી. લોકો એમ કહે છે કે મારું મન ચંચળ છે—બહાર ભટક્યા કરે છે પણ એ સાચું નથી.

જિજ્ઞાસુ: તો પછી કોણ બહાર ભટકતું રહે છે?

દાદાજીઃ જે બહાર ભટકતું રહે છે તે ચિત્ત છે. માત્ર ચિત્ત જ શરીરની બહાર જઈ શકે છે. જુદા-જુદા ફોટા અને ફિલ્મ બતાવે છે.

જિજ્ઞાસુ: બુદ્ધિનું કાર્ય શું હોય છે?

દાદાજીઃ બુદ્ધિ સલાહ-સૂચન આપે છે અને નિર્ણયો કરે છે. અહંકાર તેને મંજૂરી (પુષ્ટિ) આપે છે. તે સોદાબાજી પાર પાડવા માટે મન, બુદ્ધિ અને ચિત્ત વચ્ચે મધ્યસ્થતા કરે છે અને મન અથવા ચિત્તના સહયોગથી બુદ્ધિ દ્વારા જે પરસ્પર નિર્ણય લેવાય છે તેને અહંકાર પુષ્ટિ આપે છે.

જિજ્ઞાસુ: દાદાજી, અમને દૃષ્ટાંત સહિત સમજાવો.

દાદાજીઃ દાખલા તરીકે, તમે સાંતાક્રુઝમાં બેઠા છો અને તમારું મન એવી ઈચ્છા કરે કે દાદર જવું છે. તમારું ચિત્ત તત્ક્ષણ દાદર તરફ ઊડવા લાગશે અને સાંતાક્રુઝમાં બેઠાં-બેઠાં જ તમને દાદરનાં જુદાં-જુદાં દૃશ્યો દેખાવા માંડશે. પછી, મન તમે બસમાં બેસવા ઈચ્છો છો તે બીજું દૃશ્ય બતાવશે ત્યારે ચિત્ત બસ પાસે ઊડી જશે અને પાછું આવી જશે. પછી મન ત્રીજી ઈચ્છામાં કહેશે કે ચાલો ટેક્ષીમાં જઈએ. પછી એ ચોથી ઈચ્છા વ્યક્ત કરશે કે ચાલો ગાડીમાં જઈએ. ચિત્ત ગાડી કે ટેક્ષી જોવા દોડી જશે અને તે જોઇને પરત આવી જશે.

આખરે, જ્યારે બુદ્ધિ ટેક્ષીમાં જવાનો નિર્ણય કરે છે ત્યારે અહંકાર ભારતના રાષ્ટ્રપતિની જેમ તે વાતને સમર્થન આપવા માટે હસ્તાક્ષર કરી દે છે પછી કામ પાર પડી જાય અને તમે તમારી જાતને ટેક્ષી માટે રાહ જોતા ઊભેલા જોશો. જેવું બુદ્ધિ નક્કી કરે કે તરત જ મન બીજા વિકલ્પો દેખાડવાનું બંધ કરી દેશે પછી એ તમને બીજી કોઈ બાબતની છાયા બતાવશે.

બુદ્ધિ મનઃ અહંકાર પુષ્ટિ કરે; બુદ્ધિ ચિત્તઃ અહંકાર મત મારી દેશે. મન અને ચિત્તની પાછળ બુદ્ધિ હોવી જોઈએ કારણ કે તેના વિના કોઈપણ કામના આખરી નિર્ણય પર આવી શકાતું નથી અને જ્યારે નિર્ણય પર આવી જઈએ ત્યારે અહંકાર

મંજૂરી આપી દે છે અને કામ થઇ જાય છે. અહંકાર વિના કોઈપણ કાર્ય થઇ ન શકે. અરે કોઈ પાણી પીવા માટે પણ ઊભો ન થઇ શકે.

આ અંતઃકરણ સંસદીય પ્રણાલી મુજબ ચાલે છે.

હવે, હું તમને મન અને તેની પ્રકૃતિ વિશે સમજાવીશ.

## ૧૫. મન શું છે અને વિચાર શું છે?

જિજ્ઞાસુઃ ગુરુદેવ! મન શું છે?

દાદાજીઃ મન એક પ્રકારની સૂક્ષ્મ ગ્રંથિ છે. એમાં ઘણી બધી અતિસૂક્ષ્મ ગ્રંથિઓ હોય છે. તે ન તો પરમાણું છે કે ન તો અણુ પણ એ બંને વચ્ચેના વિકાસનો એક તબક્કો છે. પોતાની અંદર અને આસપાસ ચાલતી ઘટમાળ દરમિયાન આપણે રાગ અથવા દ્વેષ અનુભવી તેમાં તન્મયાકાર થતા હોઈએ છીએ. તે ક્ષણે કારણ-મન(causal mind)નું સર્જન થાય છે જે કાર્ય મનમાં (Effective-mind) પરિણમે છે. જેટલા વધુ સમય સુધી આવી રાગ-દ્વેષની અવસ્થામાં આપણે તન્મયાકાર થઈએ તેમ વધુને વધુ પરમાણુઓનું ધ્રુવીકરણ થઈને મનની ગ્રંથિનું સર્જન થાય છે. અભિપ્રાય (Opinion) મનની માતા છે અને ભાષા એ મનનો પિતા છે. જેવો તમે અભિપ્રાય વ્યક્ત કર્યો કે તરત જ તમારા કારણ-મનની ગ્રંથિ બંધાઈ ગઈ. જે બીજા જન્મમાં કાર્યસ્વરૂપે સ્ફોટ થશે. અંતે તે બીજા જન્મમાં પ્રભાવક (Effective) મન બની જાય છે. દરેકનું મન આ રીતે બીજાના મન કરતાં અલગ હોય છે કારણ કે તે પ્રભાવક (Effective) મન છે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! વિચાર એટલે શું?

દાદાજીઃ મન અસંખ્ય ગાંઠોનું બનેલું છે. વ્યવસ્થિતશક્તિના નિયમાનુસાર જ્યારે કોઈ એક ચોક્કસ ગાંઠ ફૂટે છે (વિસ્ફોટ થાય છે), તેને વિચાર કહેવામાં આવે છે.

વિચાર મુજબ મનનો સ્વભાવ અને ગાંઠનો પ્રકાર જાણી શકાય છે. વ્યક્તિ પોતાની પસંદના વિચારોમાં એકાકાર થઇ જાય છે જ્યારે અણગમતા વિચારો દરમિયાન કંટાળો અનુભવે છે તે સમજી શકાય છે. ઉદ્ભવતા વિચારોને વાંચી શકાય છે. લોકો કહે છે કે અમે મનને જીતવા માટે નીકળ્યા છીએ! પણ મનને કદીયે કાબૂમાં રાખી ન શકાય. જે રીતે માટીના ઘડામાં પાણીને રાખી શકાય છે કે રોકી શકાય છે તે રીતે મનને જ્ઞાન વડે સંચિત કરી શકાય છે કે નાથી શકાય છે. મનને જીતવું એટલે સૌથી મોટી વિરોધાભાસી વાત.

શુદ્ધાત્મા ચેતન છે અને મન અચેતન છે જે સુસ્ત અને જડ છે. આ બંનેને શી રીતે જોડી શકાય કે એકરૂપ કરી શકાય?

સમસ્યાનું નિરાકરણ ત્યારે જ આવી શકે કે જ્યારે શુદ્ધાત્મા પોતાના સ્વરૂપમાં જ રહે અને મનને એનું કામ કરવા દે. દરેકે સતર્ક રહેવું જોઈએ અને મનની કાર્યશીલતાને અવરોધક ન બનવું જોઈએ. સાથે-સાથે મનમાં તન્મયાકાર પણ ન થવું જોઈએ અને મનની કામગીરીથી વાકેફ રહેવું જોઈએ.

જિજ્ઞાસુઃ મનની ગ્રંથિઓ વિશે આગળ કહો.

દાદાજીઃ મનની ગ્રંથિઓ કેવી રહસ્યમય છે તે હું સમજાવીશ. જો તમે ઉનાળામાં ખેતરમાં જાવ તો તમને એ ચોખ્ખું ચણાક જેવું લાગશે. તમે વિચારશો કે મારું ખેતર તો એકદમ સ્વચ્છ છે. પણ જ્યારે વરસાદ પડે ત્યારપછી જુદા-જુદા પ્રકારના વેલા વાડ ઉપર ચઢેલા હોય છે અને સર્વત્ર ઊગી આવ્યા હોય છે. વરસાદ પછી કંકોડાના વેલા, ટીંડોળાના વેલા અને વિવિધ પ્રકારના જંગલી વેલાઓ ફૂટી નીકળે છે. આ બધા વેલા આવ્યા ક્યાંથી? દરેક વેલાની ગાંઠો તો જમીનની અંદર જ હતી. જે પહેલા વરસાદની હેલીમાં ફૂટી નીકળી. પછી તમે ખેતરને ચોખ્ખું કરવા માટે એ વેલાઓને નીંદી નાખ્યા પછી કહ્યું કે, "હવે મારું ખેતર ચોખ્ખું થઈ ગયું". ના, એવું નથી. ત્રણ વરસ સુધી વરસાદ પછી તમે ખેતરની મુલાકાતે જાવ અને જો એકપણ વેલો ઉગ્યો ન હોય તો પછી તમે કહી શકો કે મારું ખેતર ચોખ્ખું છે. ત્યારબાદ જ તે ગાંઠ રહિત થઈ ગયું છે, એમ કહી શકો.

એ જ રીતે આપણું મન પણ ગ્રંથિઓનું બનેલું છે. કોઈ ચોક્કસ બાબત માટે જેની ગાંઠ મોટી હોય, તેના વિચારો વધારે આવે છે. અને જે ગાંઠ નાની હોય તેના બહુ ઓછા વિચાર આવે છે. દાખલા તરીકે, જો આપણે વાણિયાના દીકરાને પૂછીએ કે તેં કેટલી વખત માંસ ખાવાનું વિચાર્યું? તે આપણને કહેશે કે, "મારી ઉંમરના બાવીસ વર્ષના ગાળામાં આવા વિચારમાત્ર ચાર થી પાંચ વખત આવ્યા છે". એનો સ્પષ્ટ સંકેત એ છે કે માંસ ખાવાની એની ગ્રંથિ ઘણી નાની છે પણ જો આપણે મુસ્લિમના દીકરાને પૂછીશું તો તે આપણને કહેશે કે આવો વિચાર તો મને રોજ કેટલીયે વાર આવે છે. એનો અર્થ એ કે તેની માંસાહાર કરવાની ગાંઠ સૂરણ જેવી છે. જો તમે જૈનના દીકરાને પૂછશો તો તે આપણને કહેશે કે, "મેં મારી જિંદગીમાં ક્યારેય માંસાહાર કરવાનું વિચાર્યું નથી". એનો અર્થ એ કે તેનામાં માંસ ખાવાની ગ્રંથિ નથી.

તમને જે તે બાબતોના વિચારોની સૌથી વધારે અને સૌથી ઓછી પુનરાવૃત્તિ થતી હોય એ બતાવતો માસિક ગ્રાફ બનાવવાનું કામ સોંપું છું. તમે એની નોંધ રાખો અને સાપ્તાહિક ગ્રાફ તૈયાર કરો તો તમે એકદમ શોધી કાઢશો કે કઈ ગ્રંથિઓએ તેમના ડેરા-તંબુ તમારી અંદર નાંખ્યા છે અને કેટલા માપના છે. તેમાં સામાન્યપણે જે બાબતની પાંચ થી દસ મોટી ગ્રંથિઓ છે તેનો જ વાંધો છે. નાની ગ્રંથિઓનો ખાસ વાંધો નથી. શું તમે આ કામ કરી લાવશો?

જિજ્ઞાસુઃ અવશ્ય, દાદાજી! હું કરી લાવીશ.

દાદાજીઃ મારી અંદર કોઈ ગ્રંથિ નથી. તેથી હું નિર્ગ્રંથ કહેવાઉં છું.- અનાસક્ત, અપરિગ્રહી. માણસ તો ગંઠાળ લાકડુ છે.

તેમાંથી ફર્નિચર પણ ના બને! આ ગ્રંથિઓ અતિરેકપૂર્ણ રીતે વધતી જાય ત્યારે શરીરમાં તેનો (લાવાની જેમ) પ્રસ્ફોટ થાય, પછી તે tumour (ગાંઠ) કહેવાય.

જિજ્ઞાસુ: દાદાજી! પોતાની મરજી વિરુદ્ધ આપણાં મનમાં શા માટે ખરાબ વિચારો આવે છે? આ ખરાબ વિચારો બહુ ત્રાસ આપે છે.

દાદાજી: જ્યારે કોઈને સારા વિચારો આવતા હોય ત્યારે તે એ ભ્રમ અનુભવે છે કે, ''મારા વિચારો સારા છે'' અને તે જ પાછો કોઈવાર કહે છે કે, ''મને ખરાબ વિચારો આવે છે, હું તેમને આવતા રોકું છું છતાંય તે હજીયે આવ્યે જ જાય છે''. આ શું બતાવે છે? શું તમે એવું અભિમાન કરી શકો કે તમે સારું વિચારનાર વિચારક છો? જ્યારે તમને ખરાબ વિચારો પજવણી કરતા હોય, ત્યારે તો તમે કહો છો કે, ''હું શું કરૂં?'' જો કોઈ તેના વિચારોનો વિચારક હોત તો દરેક જણ પોતે સારા વિચારો જ લાવત. અને કોઈપણ વ્યક્તિ જરાપણ અપ્રિય વિચારોને ચલાવી ન લેત! પણ આવું બને છે ખરું? ના, કદાપિ નહિ. તો પછી એ નક્કી છે કે શુભ અને અશુભ બંને પ્રકારના વિચારો તમને હમેશાં પજવતા રહેશે. મન શુદ્ધાત્માથી એકદમ અલગ છે અને ક્યારેય તેની સાથે એકરૂપ થઇ શકે તેમ નથી.

**૧૬. મનઃ કાર્યની પ્રેરણા.**

જિજ્ઞાસુ: બધાનું કહેવું છે કે ભગવાન આપણને પ્રેરણા આપે છે.

દાદાજી: ઓહ! તો તો પછી કોઈ એમ પણ કહે કે, ''મારી અંદર રહેલ ભગવાન મને ચોરી કરવાની પ્રેરણા આપે છે''. તમે એમ કહેવા માંગો છો કે તમે નિર્દોષ છો અને ભગવાન ચોર છે? અલા નાદાન! ભગવાન કોઈને કદીયે આવી પ્રેરણા આપે ખરા? ભગવાન કદાપિ કોઈને ચોરી કરવાની કે ચોરી ન કરીશ એવી પ્રેરણા ન આપે. કાયદો શું કહે છે? કે જે આવી રીતે પ્રેરણા આપે છે તે ચોર છે.

તમને એવું લાગે છે ખરું કે ભગવાન આવી પ્રવૃત્તિમાં જોડાય ખરા? તે તો માત્ર જ્ઞાતા છે, દૃષ્ટા છે અને પરમાનંદી છે.

જિજ્ઞાસુ: તો પછી પેલી પ્રેરણા શું છે?

દાદાજી: એ તો ચૌર્યવૃત્તિ (ચોરી)ની ગ્રંથિ છે, જે અંદરથી પ્રસ્ફોટ પામે છે, જેથી તમને ચોરી કરવાનો વિચાર આવે છે. જો ગ્રંથિ મોટી હોય, તો તેવી વ્યક્તિને ઘણાં વિચારો આવે અને તે ચોરી કરે પણ ખરો અને એવી ડંફાસ પણ મારે કે, ''મેં કેવી ચાલાકીથી ચોરી કરી!'' તમે જ્યારે આવું કહીને ડંફાસ મારો એટલે ચૌર્યવૃત્તિની ગ્રંથિને અને આવી વૃત્તિને પોષો છો, કર્મની નવી વૃત્તિઓનાં બીજ પડે છે અને તેના મૂળ નંખાય છે અને તે ગ્રંથિ વિકસતી જ જાય છે. જ્યારે બીજો પણ એક ચોર છે, જે ચોરી કરે પણ છે છતાં તેનો અંતરાત્મા તેને કહે છે કે આ ખરાબ પ્રવૃત્તિ છે પણ હું શું કરું? મારા પેટનો ખાડો પૂરવા માટે

મારે આમ કરવું પડ્યું. તે કરેલી ચોરી બદલ સાચા દિલથી પસ્તાય છે. તેથી ચૌર્યકર્મની ગ્રંથિને ઉત્તેજન મળતું નથી. આમ તે ચોરી નહિ કરવાના કર્મનાં બીજ વાવે છે અને તે બીજા જન્મમાં ચોરી કરતો પણ નથી.

જિજ્ઞાસુ: પણ મન તો નિરંતર ગતિશીલ રહે છે તો પછી કોઈ પોતાના મનને શી રીતે નિયંત્રણમાં રાખી શકે?

દાદાજી: આપણું મન જે કાંઈ સંકલ્પ—વિકલ્પ કરે કે શંકાઓ કરે, તેની છાપ કારણ-મન તરીકે નોંધાય છે અને એ સંકલ્પ-વિકલ્પની નેગેટિવ તૈયાર થાય છે અને તે આવનારા જન્મોમાં ગમે ત્યારે રૂપકમાં આવે છે અને તે પ્રભાવક મન તરીકે કાર્ય કરે છે. પછી એ પરદા પરના ચિત્ર જેવું લાગે છે.

થિએટરમાં તમે જે ફિલ્મ જુઓ છો તે તો માત્ર ત્રણ જ કલાક ચાલે છે. એ ફિલ્મને અંત છે પણ મનનું ચિત્રપટ તો અંતહીન છે. જ્યારે તેની ફિલ્મનો છેડો આવે ત્યારે તમને મોક્ષ પ્રાપ્ત થાય. આપણાં કવિરાજ નવનીતે એટલે જ તો ઔરંગાબાદના સિનેમાગૃહના ઉદ્દ્ઘાટનમાં ગાયું હતું કે :

''तीन घंटेका फिल्म दिखावा, दुनियाभर में चलते है।

किन्तु मन की फिल्मों के 'The End' को मोक्ष ही कहते हैं।''

આ લોકો મનને વશ કરવા નીકળ્યા છે. જ્યારે કંટાળાજનક ફિલ્મ આવે ત્યારે પ્રેક્ષક તેને કાપવાનો પ્રયાસ કરે છે પણ તે શી રીતે કાપી શકાય? તેણે ફિલ્મના શુટિંગ વખતે ધ્યાન આપવું જોઈતું હતું. મન તો એક ફિલ્મ છે. તમે જે કાંઈ ફિલ્મમાં અનુભવો તેને માત્ર જોવા-જાણવાનું જ હોય છે. ફિલ્મમાં કોઈ સ્ત્રીને મરતી જોઇને કોઈ મૂર્ખ જાણે તેની પત્ની મરી ગઈ હોય એમ માનીને ખુરશીમાં બેઠો-બેઠો રડે પણ ખરો- ''ઓ મૂર્ખ! તું શું કરવા રડે છે? આ તો માત્ર ફિલ્મ છે''.

## ૧૭. તમારા મન પર સવારી કરો.

જિજ્ઞાસુ: જ્યારે મન આપણને ખૂબ જ હેરાન કરતું હોય ત્યારે આપણે શું કરવું જોઈએ?

દાદાજી: જ્યાં સુધી મેં મારા 'ચેતન' ને અનુભવ્યો ન હતો ત્યાં સુધી જ્યારે-જ્યારે પણ ઘણાં બધા વિચારો મને આવતા ત્યારે હું તરત જ સમજી જતો કે આજે રાત્રે આ બધા મને શાંતિથી ઊંઘવા નહિ દે. એટલે હું મારા મનને કહેતો કે, ''દોડ. દોડ. સરસ, દોડ. હા, ખૂબ જ સરસ, જેટલું દોડાય તેટલું તું દોડી લે. તું ઘોડો છે અને હું અસવાર છું. તારે જે રસ્તે દોડવું હોય ત્યાં દોડ. તું અને હું બંને અહીં છીએ''. આમ અમે સવારના સાત વાગતા સુધી મનને દોડાવ્યા કરતા. આ દુનિયામાં કાયદો શું છે? જો તમે મનને અવરોધશો કે નિયંત્રિત કરવા જશો તો તે તેની સામાન્ય ગતિ કરતા બેવડી ગતિથી દોડશે માટે આપણે તેને અટકાવવાનો પ્રયત્ન કરવો નહિ. જો તમે આજ્ઞાંકિત મનને અવરોધો તો તે ઠીક છે. જો તે આજ્ઞામાં ન હોય તો તે થાકી જાય

અને હાંફી જાય ત્યાં સુધી તમારે એને દોડાવ્યે રાખવું પડશે. ચિંતા શાની? આપણાં હાથમાં તો લગામ છે. પણ લોકો સામાન્ય રીતે શું કહે છે? હવે હું ઊંઘી નહિ શકું. એટલે તે મનને દબાવ્યા જ કરશે અથવા તેને અવરોધવાનું કામ કરશે.

વ્હાલા મિત્ર! તમે ઊંઘની ચિંતા છોડી દો! આવી તક તો બહુ ઓછી મળે. મન પર સવાર થવાની મોટી તક મળશે. તમને આવી તક ક્યારે મળશે? આ સમજ મારી અંદર આવી ત્યાર પછી કેટલીયેવાર મેં તો આવી સવારીઓ કરી છે!

જિજ્ઞાસુ: બધા કહે છે કે મનને બાળો કે પછી મનને મારો.

દાદાજી: ભાઈ! સંસાર સાગરમાં મન તો એક નૌકા છે. લોકો મનને મારીને (fracture કરીને) નિર્વિચારાવસ્થાની સ્થિતિ પેદા કરવા માંગે છે પણ નિર્વિચારની સ્થિતિ આ રીતે ન પામી શકાય. આ લોકો નિર્વિચારાવસ્થા કોને કહે છે? મનને કૂદાકૂદ કરવા પ્રેરિત કરનારી કોઈક ચોક્કસ બાબતોને તેઓ મનમાં સહેતુક દબાવતા હશે પણ મન તો બીજી બાબતો તરફ વળી જશે અને કૂદાકૂદ કરતું જ રહેશે.

જિજ્ઞાસુ: તો પછી નિર્વિચારાવસ્થા કોને કહેવાય?

દાદાજી: ભગવાનની ભાષામાં નિર્વિચારાવસ્થા એટલે શુદ્ધાત્મામાં સ્થિર થઈને પ્રત્યેક ક્ષણ આવતા-જતા વિચારોની વણઝારને તટસ્થતાપૂર્વક અને એકદમ અળગા રહીને જોવી અને જાણવી.

જિજ્ઞાસુ: કેટલાક લોકો મનને જીતવા માટે સંસારનો ત્યાગ કરે છે.

દાદાજી: હા, તેઓ ઘર, પત્ની અને બાળકોને બધું જ ત્યાગીને, શરીર પર વસ્ત્ર તરીકે પાતળી પટ્ટી ધારણ કરીને મનને જીતવા માટે વનમાં જાય છે. લોકોને જાણવા-સમજવાને બદલે વનમાં રાની પશુઓ અને વૃક્ષોને જોવા માટે જાય છે. ત્યાં એ બધું જ કરશે. ગાય કે બકરી પાળશે, ગુલાબની વાડી (ફૂલવાડી) બનાવશે અને ઝૂંપડી પણ બાંધશે. જ્યાં જાય ત્યાં સંસારનું સર્જન કરવું તે મનનો સ્વભાવ છે! તે કદાચ હિમાલયમાં પણ પોતાની દુનિયાનું સર્જન કરી દેશે. હવે તમે આવા મનને શી રીતે કાબૂમાં રાખી શકશો? મનને જીતવું એ તો ભારે વિરોધાભાસી બાબત છે. મનની પ્રકૃતિને વશમાં રાખવી કે તેના પર વિજય મેળવવો એ શક્ય જ નથી.

જિજ્ઞાસુ: બધા કહે છે કે મનનું નિયંત્રણ યોગ દ્વારા થાય છે.

દાદાજી: હોઈ શકે, યોગીઓ આ દુનિયામાં આવી ગ્રંથિઓ સાથે આવ્યા છે. તેમને કદાચ એમ લાગતું હોય કે મન તેમના નિયંત્રણમાં છે પણ જ્યારે તમે એમનો વિરોધ કરો ત્યારે તમે સમજી જશો કે મન તેમના નિયંત્રણમાં બિલકુલ નથી. જો તમે આ યોગીઓને ચીડવો ત્યારે ખબર પડે કે તેમનું મન કેટલું વશમાં છે! યોગ કરવો એ તેમની ગ્રંથિ છે. તેમની પ્રકૃતિને કારણે

યોગ કરાય છે અને એ માણસ નાદાનતાપૂર્વક સમજે છે કે, ‘‘મેં યોગ કર્યો! મેં મનને વશમાં કરી લીધું’’.

જિજ્ઞાસુઃ તો પછી મનને શી રીતે જીતી શકાય?

દાદાજીઃ મન તો માત્ર જ્ઞાન વડે જ જીતી શકાય. અર્થાત્ શુદ્ધાત્માના જ્ઞાન દ્વારા. માત્ર જ્ઞાની જ ગ્રંથિઓને વિલીન કરી શકે છે અને આ રીતે તે સંપૂર્ણ અનાસક્તિની અવસ્થા પ્રાપ્ત કરી શકે છે.

તમારું મન તો તમારી અંતઃસમૃદ્ધિની તસ્વીર છે. તમારા મનને સમજો. એની પ્રકૃતિને સારી રીતે જાણો-સમજો. ક્ષત્રિયોના મનનો સ્વભાવ કેવો હોય છે? તેમનો સ્વભાવ ખૂબ જ ઉદાર અને ઉમદા હોય છે. તે જ્યારે મંદિરમાં દર્શન કરવા જાય છે ત્યારે તેના ખિસ્સામાં હાથ નાખતા જે કાંઈ હાથમાં આવે તેટલા બધા જ પૈસાનું દાન કરી દે છે. તે એ ગણવા નહિ બેસે કે તેણે કેટલા પૈસા બહાર કાઢ્યા અને ભગવાનને કેટલા ધરાવ્યા.

ગણતરીબાજ સ્વભાવવાળાનું મન સંકુચિત હોય છે. પાટીદાર તો ક્ષત્રિય કહેવાય છે. તેઓ ખૂબ જ ઉદાર અને રાજેશ્રી પ્રકૃતિવાળા હોય છે પણ તેમનામાં વાણિયા જેવું વ્યાવહારિક ડહાપણ નથી હોતું. આ દુનિયામાં કોઈ સંપૂર્ણ નથી.

## ૧૮. મનનો સંકોચ અને વિકાસ.

જિજ્ઞાસુઃ દાદાજી, કેટલાક લોકો ઉમદા મનના હોય છે જ્યારે કેટલાક કૃપણ હોય છે.

દાદાજીઃ જો મન ગણતરીબાજ હોય અને રોજેરોજનો હિસાબ રાખતું હોય, તો તેવી વ્યક્તિ બીજે દિવસે શાકભાજી પણ બનાવી નહિ શકે. ધારો કે આપણે દિવસના અંતે આઠ આના પણ કમાઈ શકયા નથી, તો શું આપણે બીજા દિવસે શાકભાજી નહિ રાંધીએ?

આ મન પણ કેવું છે? જો જરૂરી હોય તો તે ફાલી શકે છે, જરૂરિયાત પ્રમાણે તે સંકોચાઈ પણ શકે છે અને એનો રસ્તો પણ કાઢી લે છે. જો રસ્તો પાંચ ફૂટ પહોળો હોય અને કાંટાળી ઝાડી બાજુમાં ઊગી નીકળી હોય તો ય આપણાં કપડાં ભરાઈને ફાટે. અને જો તે બે ફૂટ પહોળો હોય તોયે તેવું જ બની શકે. અને જો રસ્તો તેથી પણ સાંકડો હોય તો પણ આપણાં કપડાં સાથે કાંટાળી ઝાડી ચોંટી જાય. પણ એમાંથી પસાર તો થઈ જવાય. કારણ કે મન એ સારી રીતે જાણે છે કે કેવી રીતે રસ્તો કાઢવો. એટલે તે તેમાંથી નીકળવા માટે સંકોચાઈને (દબાઈને) પણ નીકળી જશે. તે વાડના બે તાર વચ્ચેથી પણ નીકળી જશે.

તેથી હું કહું છું કે, મહેરબાની કરીને, તમે તમારા ઉદાત્ત મનને કંજૂસ ન બનવા દો. ફૂલ નહિ તો ફૂલની પાંખડી પણ આપો પણ તમારા મનને કંજૂસ ન થવા દો. અરે સંજોગાધીન થઈને જરૂર પડી હોય તો રાજાએ પણ ભીખ માગવી પડે પણ શું તમે એમ સમજો છો કે તે ભીખ માંગે છે એટલે તેનું મન કંગાળ બની ગયું? એનું મન તો સદાય ઉદાર અને ઉદાત્ત જ રહેવાનું.

જેટલું મન મોટું એટલી મોટી મુક્ત જગ્યા મળે અને જેટલું મન સંકુચિત એટલી સંકડાશવાળી જગ્યા મળે.

જિજ્ઞાસુ: આવું કેમ હોય છે કે એક ઉદાર મનનો  હોય છે તો બીજો કૃપણ મનવાળો હોય છે?

દાદાજી: એ તો મનની ગ્રંથિ પર આધાર રાખે છે. લોભી માણસને લોભની ગ્રંથિ હોય છે. જે પરોપકારી હોય છે તેને પરગજુપણાની ગ્રંથિ હોય છે. ત્યાગીને ત્યાગની ગ્રંથિ હોય છે અને જે ખુશીઓ અને ઈચ્છાઓનો ત્યાગી હોય તેને વૈરાગ્યભાવનાની ગ્રંથિ હોય છે. એ ગ્રંથિ તેને ત્યાગની પ્રેરણા કરે છે અને તે કહે છે કે, ''મેં ત્યાગ કર્યો છે''. અરે પ્રિય મિત્ર! તમે તો એ ગ્રંથિને વધારે મજબૂત કરી અને ઘોડાગાંઠ વાળી દીધી. કયારે તે ગાંઠ ખૂલશે અને ક્યારે તારો કોયડો ઉકેલાશે?

જિજ્ઞાસુ: મનની આવી ગ્રંથિઓનું વ્યક્તિએ શું કરવું?

દાદાજી: ગાંઠને તો જોવી અને જાણવી જોઈએ. તમે અને ગ્રંથિ બંને એકબીજાથી અલગ-અલગ છો. એ તો દેખીતી વાત છે કે મન આપણાથી અલગ છે! જ્યારે કોઈની ઈચ્છા ઊંઘી જવાની હોય ત્યારે મન કૂદાકૂદ કરીને તેને ઊંઘવા પણ ન દે! વિદેશીઓ માનસિક શાંતિ માટે ભારત દોડી આવે છે પણ કોઈ શાંતિ શી રીતે મેળવી શકે? જૈનો શાંતિ મેળવવા માટે શાંતિનાથ ભગવાનના દર્શન કરે છે પણ ભગવાન કહે છે કે, ''તમે મારા દર્શન કરવા માટે આવો છો અને સાથોસાથ તમારા પગરખાં અને દુકાનના પણ દર્શન કરો છો તો પછી શાંતિ શી રીતે સંભવી શકે. તમે તમારી દીકરીનું નામ શાંતિ રાખો અને પછી તમે શાંતિ-શાંતિ એમ રટણ કરતા રહો, એ સારું રહેશે અને તમને શાંતિ પણ મળશે!''

## ૧૯. મન અને વર્તનની વિસંવાદિતા.

જિજ્ઞાસુ: મનુષ્યના વિચાર અને વર્તનમાં વિસંગતતા જોવા મળે છે.

દાદાજી: આ કલિકાલમાં કોઈના ય મન, વાણી અને કાર્યમાં સંવાદિતા રહી નથી. તેમની વચ્ચે વિસંગતિ જ હોય છે.

જેમ કે રમેશ અને તેનો મિત્ર પ્રવાસે ગયા. રમેશ વિચારે છે જુદું અને બોલે છે જુદું અને વર્તન પણ જુદાં જ પ્રકારનું છે. રમેશ મનમાં કશું ખૂબ જ સસ્તા ભાવમાં ખરીદવાનું વિચારે છે પણ તે વાતમાં ઢોંગ એવો કરે છે કે જાણે વાજબી ભાવે મળી જાય તો ખરીદીશ. જ્યારે તેનો મિત્ર વિચાર, વાણી અને કર્મથી વાજબી ભાવે ખરીદવાનું વિચારે છે. રમેશના મિત્રનું ઉન્નત જીવન હશે જ્યારે રમેશનું નારકીય નિયતિનું અધોગતિપૂર્ણ જીવન હશે. તમે શા માટે મનને સંવાદી ન બનાવ્યું? વ્યક્તિના મનની વક્રતા પ્રમાણે કર્મની તીવ્રતાનો ચોંટવાનો આધાર છે. મન, વચન અને કર્મ વચ્ચેની વિસંગતતા ભગવાનની નજરથી બચી શકતી નથી. આ કળિયુગ છે માટે દરેકના મનમાં ઓછાવત્તા અંશે આવી  વિસંગતતા રહેવાની જ.

## ૨૦. મનની પ્રકૃતિ.

જિજ્ઞાસુઃ એવું કેમ બને છે કે કયારેક મન ખૂબ જ ખુશ હોય અને ક્યારેક નાખુશ હોય?

દાદાજીઃ જો તમે મનને તમારાથી ઓછો સુખી માણસ બતાવશો તો તેને વધારે આનંદ થશે કારણ કે પોતે અન્ય કરતા વધારે સુખી છે. જુઓ, દમયંતી! તમારી પાસે માત્ર બે જ રૂમ છે તેથી કદાચ તમને તમારું મન તકલીફ આપે કે તમારી પાસે ફ્લેટ (એપાર્ટમેન્ટ) નથી ત્યારે તમારે તમારા મનને સમજાવવું જોઈએ કે કોઈ સ્ત્રીને એક જ રૂમ છે, તે એક જ રૂમમાં કઈ રીતે રહેતી હશે? તેની પાસે બેસવા માટે ખુરશી પણ નથી. તમે જો આમ વિચારશો તો તમારું મન ફરીથી ખુશ રહેવા માંડશે.

કદીક તમારું મન નવરું પડીને વિચારવા લાગે ત્યારે આપણે આપણાં મનને એવી રીતે કેળવવું જોઈએ. આ તો જેનું મન નબળું પડ્યું હોય તેને આવી તાલીમની જરૂર છે પણ જે જ્ઞાન હું અહીં તમને આપું છું તે એવું છે કે તમારે બીજા કશાની જરૂર જ નહિ પડે. વ્યવસ્થિતનું જ્ઞાન જ એવું છે કે મન કદી ફરિયાદ કરતું નથી. મન જ્યાં પણ જાય ત્યાં પૂર્ણ મનઃશાંતિ અને તટસ્થતાની અવસ્થામાં જ રહે છે. મનના સર્વે પ્રદેશોમાં પૂર્ણ શાંતિ (સમાધાન) રચાય છે, સર્વત્ર સમાધાનનું શાસન થાય એ જ જ્ઞાન કહેવાય છે અને તે જ ધર્મ છે.

જિજ્ઞાસુઃ મનની પ્રકૃતિ સાવ વિચિત્ર હોય છે.

દાદાજીઃ હા, એનું કશું કહી ન શકાય. તે કોઈની પાસેથી પ્રપંચ કરીને પાંચ રૂપિયાની નોટ પડાવી પણ લઈ શકે છે અને પાછો બહાર આવે ત્યારે કોઈને બે રૂપિયા આપી પણ દે એવું છે. જેના પ્રત્યે આપણે ખૂબ જ ખુશ હોઈએ તેવી વ્યક્તિ માટે તે કદાચ અણગમો પેદા કરાવી દે તેવું છે. માટે કદી પણ મનના દોરવ્યા દોરવાવું નહિ. સંત કબીરે શું કહ્યું છે? જે મનનો ચલાવ્યો ચાલે તે સઘળું ખોઈ બેસે છે.

આપણું મન તો એવું ચંચળ હોય છે કે કોઈને ખબર પણ ન પડે અને તે છેતરી લે. જો આત્મશક્તિ મનમાં તન્મયાકાર થાય તો ભાંગફોડ કરાવ્યા વિના રહે નહિ. અરે! માણસ પહેલો તો તળાવમાં કૂદી પડે અને પછી મોટે-મોટેથી બૂમો પાડે કે, ‘‘મને બચાવો, મને બચાવો’’. આ જમાનામાં લોકોનાં મન વિકૃત થઈ ગયાં હોય છે માટે જ્યારે તેવું મન ટોચે પહોંચે ત્યારે તેઓ દરિયામાં કૂદી પણ પડે તેવું છે.

જિજ્ઞાસુઃ બધા કહે છે કે મન તો નર્તકી જેવું છે.

દાદાજીઃ લોકો એમ કહે છે કે રાજા નર્તકીને નચાવે છે પણ મારું કહેવું છે કે નર્તકી રાજાને નચાવે છે. એ જ રીતે તમારું મન તમને નચાવે છે.

જિજ્ઞાસુઃ મન વ્યક્તિને કેવી રીતે ચલાવે છે?

દાદાજીઃ ધારો કે બે મિત્રો રસ્તા ઉપર જઈ રહ્યા છે. તેમાંના એક જણને માંસની ગંધ આવી એટલે એને માંસ ભક્ષણની ગ્રંથિ લલચાવે છે. . . . . અને એને અંદરથી ગલગલિયાં થાય છે. માંસ ખાવાની તેની તીવ્રેચ્છા છે. એટલે તે તેના મિત્રને કહે છે કે, ''મારે મારા સગાને મળવા જવું છે; તું થોડીક વાર ઊભો રહેજે''. મિત્રને આમ જૂઠું બોલીને પોતે માંસ ખાવા જશે. અરે! તે કદાચ ભગવાનના સમ પણ ખાશે! જ્યારે ગાંઠ ફૂટે ત્યારે માણસ ખોટું બોલવાનું શરૂ કરી દે અને તે કપટની ગ્રંથિ બાંધે છે. તેની જુઠું બોલવાની ગ્રંથિ તેની માંસ ખાવાની ગ્રંથિને પણ મજબૂત કરે છે.

જ્યારે અજ્ઞાની વ્યક્તિમાં એક ગ્રંથિ ફૂટે છે ત્યારે પાંચ નવી ગ્રંથિઓને બાંધે છે. એના કરતાં જ્યારે માંસાહાર કરવાની ગ્રંથિ ફૂટી હોય ત્યારે જો તે માંસ ખાવાની ગ્રંથિને નરમ પાડે તો તેની તકલીફનું આજે નહિ તો કાલે પણ નિરાકરણ આવી જશે. તે અજ્ઞાનની દશામાં ગ્રંથિઓથી છુટકારો નહિ પામે પણ જો તે માંસ ખાવા માટે જતી વખતે સાચું બોલશે તો તેને મોટો લાભ થશે અને જો તેનો મિત્ર કુલીન હોય તો તે તેના મિત્રને માંસ ખાવાની ગ્રંથિમાંથી છોડાવશે અથવા એમાંથી છૂટવા માટેનો કોઈ ઈલાજ બતાવશે અથવા તેને માંસાહાર નહિ કરવા માટે સમજાવશે. અને જો તે પસ્તાવો કરશે તો, આખરે તે એ આદતમાંથી મુક્ત પણ થઈ જશે. પણ જો તે પસ્તાવો નહિ અનુભવતો હોય તો તે જૂઠું બોલીને કે કોઈને છેતરીને પણ માંસ ખાવા જશે. અને તો તે ક્યારેય મુક્ત નહિ થાય પણ વધારામાં તે કપટ અને અસત્ય બોલવાની અન્ય ગ્રંથિઓને વિકસાવશે. એટલે જ ભગવાને કહ્યું છે કે કોઈને વિચાર અને વાણીથી પણ છેતરવો નહિ, જેથી ક્યારેક તો ગ્રંથિઓ વિલીન થઈ જાય.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! સામાન્ય રીતે મનમાં કયા-કયા પ્રકારની ગ્રંથિઓ હોય છે?

દાદાજીઃ લોભ, માન, છળ-કપટ, ક્રોધ વગેરે ગ્રંથિઓ મનમાં રહેલી હોય છે. માનની ગ્રંથિ લોભની ગ્રંથિ કરતા સારી છે પણ લોભ ગ્રંથિ તો ખૂબ જ ખરાબ છે. અરે, એ ગ્રંથિ ધરાવનારને પણ તેની ખબર હોતી નથી પણ માનની ગ્રંથિ સહેલાઈથી બીજા લોકો પણ જોઈ-અનુભવી શકે છે. તેથી કોઈ એમ કહી શકે કે, ''ઓ નાદાન! તું આવો અકકડ થઈને કેમ રહે છે?'' અને આમ માનની ગ્રંથિનો ઉચ્છેદ થઈ જાય છે. લોભ ગ્રંથિની ખબર કોઈને ક્યારેક થાય પણ છળ-કપટની ગ્રંથિની તો કદીયે કોઈને ખબર પડતી નથી.

## ૨૧. મનની ગ્રંથિઓ કેવી રીતે ઓગળતી હોય છે?

જિજ્ઞાસુઃ મનની ગ્રંથિઓમાંથી કોઈ કેવી રીતે મુક્ત થઈ શકે?

દાદાજીઃ લોભ અને ક્રોધની ગ્રંથિઓ આપણને અને અન્યને નુકસાન પહોચાડે છે. ભગવાને લોભ ગ્રંથિવાળા માણસને દાતા બનવાનું પણ ફરમાવેલું. એકવાર તો તેણે થોડાક સિક્કા પોતાના હાથમાં લઈને (ખેતરમાં બી વાવતા હોય એ રીતે) રસ્તા ઊપર વેરવા જોઈએ. જ્યારે મન આવું કરતા રોકે ત્યારે તેણે વધારે ને વધારે પૈસા વેરવા જોઈએ. . . . . એટલે થોડીવાર

પછી મન શાંત થઈ જશે. પણ જો ચિંતન કરીને લોભ ગ્રંથિનો છેદ ઉડાવી દેવાય તો તે સૌથી સારો ઉપાય છે. માણસે એ બાબતનું મનન કરવું જોઈએ કે, ''હું શા માટે અને કયા સુખ માટે ધનસંચય કરું છું! આ રીતે તો હું મારી જાતને સુખ આપી શકતો નથી અને બીજાને ખાતર મારું સુખ ગુમાવી રહ્યો છું. ઉપરાંત, હું અનૈતિક રીતે અને અનૈતિક સાધનો વડે કરેલા મારા અપરાધો માટે હું જ જવાબદાર રહીશ''.

જ્યારે ગ્રંથિ ફૂટે છે ત્યારે જ્ઞાનીપુરૂષ એ જુએ છે અને તેને જાણે-સમજે છે. જો જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે મનની એ ગ્રંથિઓને કોઈ જુએ તો ધીમે-ધીમે તે ગ્રંથિઓ ઓગળવા લાગે છે.

મારી પાસે અનંત શક્તિઓ છે. હું તમારી ગ્રંથિઓને ઓગાળી શકું છું પણ શક્ય હોય ત્યાં સુધી (તમારા માટે) એ શક્તિઓનો ઉપયોગ ટાળું છું. જેથી તમારી પોતીકી શક્તિઓ ખીલે. હું તમને રસ્તો (ઉપાય) બતાવું. જ્યારે ગ્રંથિઓ ફૂટે ત્યારે તમે તેને અનુભવો અને તેમનું ચિત્ર પણ જુઓ. જો કોઈ પદાર્થ જ જોવા માટે ના હોય તો પછી જ્ઞાતા શું કરશે? મન જેટલું મહોરે, આત્મા પણ એટલો જ મહોરે અને જેટલા જ્ઞેય પદાર્થો વધે એટલું શુદ્ધાત્માનું જ્ઞાનબળ પણ વધે. મનને જ્યાં-જ્યાં મેલ લાગ્યો હોય ત્યાં-ત્યાં મારા શબ્દોનો સાબુના રૂપમાં ઉપયોગ કરજો જેથી તે સ્વચ્છ બની જશે.

જિજ્ઞાસુ: વિચારોની સાથે કેવી રીતે કામ લેવું એ મહેરબાની કરીને સમજાવશો. ઉગતા વિચારોને શી રીતે સમજવા?

દાદાજી: જો તમને ભજીયાં ખાવાનું મન થયું હોય તો તરત જ સાવધ બનીને તપાસી લેજો કે તે વ્યવસ્થિતનો જ અવાજ છે ને? કે પછી કોઈ કપટી મનોવલણ છે? જો તમે ત્રણ વાર ટકોરા સાંભળો તો જાણજો કે તે વ્યવસ્થિત શક્તિનો પોકાર છે.

શરીરને જો તેની જરૂરિયાતનો આહાર મળી રહે તો મન અને બુદ્ધિ બંને શાંત રહે. અમે જે જ્ઞાન આપીએ છીએ તેમાં અમે અમારો એવો કોઈ આ સ્વીકાર્ય કે તે અસ્વીકાર્ય એવો આગ્રહ રાખતા નથી. તે માટે વ્યવસ્થિત શક્તિ સમજાવશે કે કેવી રીતે વર્તવું?

જિજ્ઞાસુ: બધા કહે છે કે વ્યક્તિએ એકાંતનું સેવન કરવું જોઈએ.

દાદાજી: એકાંતમાં મન જંગલી અને બેકાબૂ બની જાય છે. મનને તો હમેશાં તેનો આહાર જોઈએ જ. જેથી તે અંકુશમાં રહે અને તેના કારણે ટોળામાં પણ તેને એકલાપણાનો અનુભવ થાય છે. જે મહાત્માઓને મેં જ્ઞાન આપ્યું છે તે પવિત્ર રહે છે અને સંસારથી છેટા રહે છે અને લોક ટોળામાં પણ એકાંતનો આનંદ લે છે. ટોળાની વચ્ચે મનને આહાર મળી જાય છે અને તેમાં તે પૂરેપૂરું રોકાયેલું રહે છે ત્યારે શુદ્ધાત્મા પોતાનું એકાંત અને આનંદ અનુભવે છે.

જો કોઈનું મન નબળું પડી ગયું હોય તો સાવ અજાણ્યો માણસ પણ કહેશે કે, ''તમે શા માટે આટલું બધું વિચાર્યા કરો છો? ઊઠો અને બહાર ફરો''. આ અસ્થિર મન અસંખ્ય રૂપમાં પોતાની જાતને વ્યક્ત કરી શકે છે.

જિજ્ઞાસુઃ બધા કહે છે કે આપણે આપણાં ખરાબ વિચારોને દૂર તગેડી મૂકવા જોઈએ.

દાદાજીઃ લોકોમાં શું મોતના વિચારો નથી આવતા? ચોક્કસ આવે જ છે. દરેક જણ મોતનો વિચાર કરતો જ હોય છે. પણ શું તમને ખબર છે કે લોકો સામાન્ય રીતે શું કરે છે? જે ક્ષણે મૃત્યુનો વિચાર આવે, તે જાણે જંગલી કૂતરું હોય એમ તેને દૂર ભગાડી મૂકે છે. અરે નાદાન! તો પછી બીજા બધા જ વિચારોને શા માટે તગેડી મૂકતો નથી? પણ ના, જો તેને સારો વિચાર આવે તો તે તેને તગેડી મૂકતો નથી.

હું જે જ્ઞાન આપું છું તે એવું છે કે તેમાં શુદ્ધાત્મા મૃત્યુની ક્ષણોમાં પૂર્ણતયા વ્યક્ત થાય છે. શુદ્ધાત્મા તેની પોતીકી ગુફામાં પ્રવેશે છે. બોમ્બમારા વખતે માણસ જેમ ઠંડો પડી જાય છે એ રીતે મન, ચિત્ત, અહં અને બુદ્ધિ શાંત થઈ જાય છે. મહાત્માઓ મૃત્યુ વેળામાં સમાધિ દશામાં રહી સાહજિક રીતે આનંદમય મૃત્યુ પ્રાપ્ત કરે છે.

## ૨૨. મન ભૌતિક છે.

જિજ્ઞાસુઃ મન વ્યક્તિને ખૂબ જ ખલેલ પહોંચાડે છે.

દાદાજીઃ મન પૂરેપૂરું ભૌતિક અને યાંત્રિક છે.

જિજ્ઞાસુઃ એવું? મને નથી સમજાતું. કૃપા કરીને ઉદાહરણ આપી સમજાવો.

દાદાજીઃ જ્યારે માણસ યંત્ર બનાવે છે ત્યારે તેનો આત્મા કે ચેતના તે પ્રવૃત્તિ સાથે તદ્રુપ બની જાય છે અને જ્યારે યંત્ર કાર્યરત બને છે ત્યારે અહં પ્રેરિત ડંફાશ હાંકે છે કે, ''મેં આ કેવું સરસ મશીન બનાવ્યું છે!'' પણ જો તેને ચાલતું અટકાવવા માટે તેની સ્વીચ ન હોય કે બીજું કોઈ સાધન ન હોય તો શું તે યંત્રને અટકવા માટે તેનો સર્જક હુકમ કરી શકે ખરો? ધારો કે કોઈ ભૂલને કારણે જો આ યંત્રના ગિયરમાં તેના બનાવનારની આંગળી આવી જાય તો, શું એ મશીન તેના સર્જક પ્રત્યે ઉપકારવશ બનીને તેને જખમી નહિ થવા દે? એ તો ક્ષણમાત્રમાં આંગળીને કાપી જ નાખશે કારણ કે મશીન ભૌતિક છે. અર્થાત્ બનાવનારની સત્તાનો અહીં કોઈ અર્થ નથી. આવું જ મનનું પણ છે. માણસ પોતે જ તેના મનનો સર્જક છે! વાણી શરીરના પરમાણું કરતાં યે હલકા પરમાણુંઓમાંથી બનેલી છે. અને મન તો વાણીના પરમાણુંઓ કરતાંય હલકા પરમાણુંઓમાંથી બનેલ છે.

## ૨૩. મનના પ્રકાર.

જિજ્ઞાસુઃ કૃપા કરીને મન અને તેની કાર્યપદ્ધતિ વિશે વધુ સમજાવો.

દાદાજીઃ મનના બે પ્રકાર છે. સ્થૂળ મન અને સૂક્ષ્મ મન. સૂક્ષ્મ મનને ભાવ મન પણ કહેવામાં આવે છે. અને સ્થૂળ મનને

દ્રવ્ય મન કહેવામાં આવે છે. ભાવ-મનનું કેન્દ્ર કપાળના કેન્દ્ર અને આંખની ભ્રમરોની વચ્ચે ત્રણ ઇંચ અંદર આવેલું છે. આ કેન્દ્ર સ્થૂળ આંખે દેખાતું નથી. સ્થૂળ મન હૃદયમાં છે. તે પાંખડીઓવાળું છે. એટલે લોકો તેને કહે છે કે, "મારું દિલ નથી માનતું". જો ઓચિંતો કોઈ આઘાત આવી જાય ત્યારે હૃદય ખૂબ જ ખળભળી ઊઠે છે. તે સ્થૂળ મન છે. તે Effect (Discharge) સ્વરૂપે છે. જ્યારે ભાવમન કારણો ઊભા કરે છે અને તે charge કરે છે.

ભાવ-મનમાં ભાવ થયા કરે છે એટલે કર્મનાં નવાં બીજ પણ વવાય છે. ભાવ-મનને તેના ભાવથી સમજી શકાય છે પણ ભાવ-મનને કોણ સમજી શકે? જે શુદ્ધાત્મા બન્યો છે તે અને જે પૂરેપૂરો વીતરાગ રહે છે તે તેના મનને પોતાની જાતથી એકદમ અલગ ચિત્રપટની જેમ નિહાળી શકે છે. તે જ ભાવ-મનને પારખી શકે છે. માત્ર સર્વજ્ઞ ભાવમન સુધી પહોંચી શકે છે. જ્ઞાનીપુરૂષ જ સર્વજ્ઞ છે જે તમારા ભાવમનને charge થતું બંધ કરી શકે છે જેથી નવું મન charge ન થાય અને કર્મનાં નવાં બીજ રોપાય નહિ. ત્યારબાદ છેલ્લે ડિસ્ચાર્જ મન બાકી રહે છે, તેની અસરોને પોતે શુદ્ધાત્માપદમાં રહીને કેવળ જુએ અને જાણે છે.

જિજ્ઞાસુ: Sub Conscious-અર્ધ જાગૃત મન શું છે?

દાદાજી: જેને વિદેશીઓ અને મનોવૈજ્ઞાનિકો અર્ધ જાગૃત મન અને જાગૃત (Conscious) મન કહે છે તે બધું સ્થૂળ મન છે. સૂક્ષ્મ મનને કોઈ જરાય સમજી ન શકે. તે તો માત્ર જ્ઞાની જ સમજી શકે છે કારણ કે ભાવ-મન તો જ્ઞાન-ગમ્ય જ છે.

તમને સ્વરૂપ જ્ઞાન મળ્યું એટલે તમે મનથી એકદમ પર થઇ ગયા છો. મેં તમારા ભાવ મનને બંધ કરેલું છે અને Discharge મનના તમને જ્ઞાતાદષ્ટા બનાવી દીધા છે. જેથી અનંતાનંત અવસ્થાઓ આવે છતાંય તમે સ્વસ્થ રહી શકો. આ જ જ્ઞાન છે.

જ્યારે કોઈ Discharge મનની અવસ્થામાં અસ્વસ્થ થાય છે ત્યારે ત્યાં તે અવસ્થિત થઇ જાય છે અને પછી તેનું વ્યવસ્થિત આવીને ઊભું રહે છે ત્યારે વળી પાછો અસ્વસ્થ થાય છે. અને આમ ઘટમાળ ચાલુ ને ચાલુ જ રહે છે.

## ૨૪. બુદ્ધિની ક્રિયા અને જ્ઞાનની ક્રિયા.

જિજ્ઞાસુ: બુદ્ધિ કેવી રીતે કામ કરે છે? અને જ્ઞાન કેવી રીતે કામ કરે છે?

દાદાજી: બુદ્ધિ એટલે જે જાણે છે કે શું અશુદ્ધ, અશુભ કે શુભ છે. તે બુદ્ધિની ક્રિયા. જ્ઞાનની નહિ. જ્ઞાનની ક્રિયા શુદ્ધને જ જોવાની અને જાણવાની છે પણ બુદ્ધિ ભૂલથી જ્ઞેયને જ્ઞાતા માને છે. 'હું અમિત છું'. એ જ્ઞેય (પદાર્થ), જે જ્ઞાતા તરીકે માની લેવાયો છે. બુદ્ધિનું આ કાર્ય છે. બુદ્ધિની સાથે સદા અહં ભળેલો હોય છે અને તે ભૂલથી જ્ઞેયને જ્ઞાતા માને છે. જો બુદ્ધિની ક્રિયાને ભૂલથી જ્ઞાનની ક્રિયા સમજી લેવામાં આવે તો તમે મોક્ષ શી રીતે અનુભવો?

જિજ્ઞાસુ: બુદ્ધિ વ્યક્તિને જાણવા અને સમજવામાં મદદ કરે છે.

દાદાજીઃ એ બુદ્ધિના ગજા બહારની બાબત છે કે જ્ઞેયને જ્ઞેય અને જ્ઞાતાને જ્ઞાતા તરીકે સમજે કારણ કે બુદ્ધિ પોતે જ જ્ઞેયના સ્વરૂપમાં છે; એટલે તે સત્યને ન જોઈ શકે.

જિજ્ઞાસુ: બુદ્ધિ દ્વારા શું આપણે જગતના આવિર્ભાવ વિશે ન જાણી શકીએ?

દાદાજીઃ 'સંસારને નથી આદિ કે નથી અંત. તે તો નિરંતર ચાલ્યા કરે છે'. આ બાબતમાં લોકો બુદ્ધિ ચલાવીને ગૂંચવાડો સર્જે છે. તમારા માટે આ જ્ઞાનનો શું ઉપયોગ? તે અનાદિ અને અનંત છે. એ તો એક વર્તુળ જેવું છે અને વર્તુળને પ્રારંભ કે અંત શી રીતે હોઈ શકે? તે અનાદિ છે અને અનંત છે તે તમને બુદ્ધિથી પર એવું આત્મજ્ઞાન થતાં જ સમજાઈ જશે.

જિજ્ઞાસુ: શું બુદ્ધિ વ્યક્તિના આધ્યાત્મિક વિકાસમાં ઉપયોગી બની શકે ખરી?

દાદાજીઃ સ્વચ્છંદ એટલે બુદ્ધિભ્રમ છે. સ્વચ્છંદી લોકો પોતાને જ નુકસાન પહોંચાડે છે. જ્યારે કોઈ પોતાની મનસ્વિતા મુજબ કાર્ય કરે છે, અરે ભલે ને પછી તે સારું અથવા ખરાબ કાર્ય કરે અથવા શાસ્ત્રો વાંચે તો પણ તે બેદરકારીભર્યું કાર્ય ગણાય. શાસ્ત્રો વાંચતી વખતે જો ખોટી માન્યતા જન્મે તો તેને ભવ-ભવાંતરના અંતહીન ચક્કરો મારવા પડશે માટે સ્વચ્છંદથી સાવધ રહેજો.

જ્યારે વિપરીત બુદ્ધિ તમને દિશા બતાવવા લાગે ત્યારે તમે એને માટે પૂરા જવાબદાર ઠરો છો. ભગવાન તમારી બાબતોમાં માથું નથી મારતા. આપનાર અને લેનાર બંનેને વિપરીત બુદ્ધિ પજવે છે.

જિજ્ઞાસુ: બૌદ્ધિક વિકાસ ઘણોં છે છતાં મને આશ્ચર્ય એ વાતનું છે કે સુખનો અભાવ કેમ છે?

દાદાજીઃ બે પ્રકારની બુદ્ધિ છે. (૧) આંતરિક બુદ્ધિ અને (૨) બાહ્ય બુદ્ધિ. ભારતીયોની આંતરિક બુદ્ધિ હોય છે અને વિદેશીઓની બુદ્ધિ બહિરંગ હોય છે. જેઓ આંતરિક બુદ્ધિ ધરાવે છે તે બહુ વિકસિત આંતરિક બુદ્ધિને કારણે વધારે દુઃખી થાય છે કારણ કે જેટલી વધારે વિકસિત આંતરિક બુદ્ધિ એટલો વધારે બળાપો. વિદેશીઓ સહજ અને સ્વસ્થ છે જ્યારે ભારતીય લોકો કેટલીક બાબતોમાં સહજ અને કેટલીક બાબતોમાં વિકલ્પી. જો કે આધ્યાત્મિકતામાં માત્ર આંતરિક બુદ્ધિ જ સહાયક થાય છે.

બહિરંગ બુદ્ધિ બહાર શોધખોળ કરે છે જ્યાં અસંખ્ય વસ્તુઓ અને વિષયો છે. જો બુદ્ધિ ભીતર શોધે તો તે ખૂબ જ લાભદાયી છે. લોકોની બુદ્ધિ નિરંતર બહાર ભટકતી રહે છે અને આખરે થાકી જાય છે. જ્યારે નિરંતર ભીતર ચાલતી બુદ્ધિ હું કરી આપું છું ત્યારે જિંદગીનો કોયડો ઉકલી જાય છે. તમારી સ્વચ્છંદ બુદ્ધિ છે. તે સુખને હાંકી કાઢે છે અને દુઃખોને આવકારે છે

કેમ કે તમે સાચા સુખ અને દુઃખ વચ્ચેનો ભેદ પારખી શકતા નથી.

બુદ્ધિ તમને ભરમાવે છે. તે ભૌતિક પદાર્થોમાંથી માત્ર ક્ષણિક સુખ મેળવે છે. હવે વસ્તુઓ તો ઘણી છે. કલ્પના કરો કે જો કોઈ તમારી કાર પર ચાર લિસોટા પાડી દે અને તેના પર ગોબો પાડી દે તો! બુદ્ધિ જે કોઈ આનંદ મેળવે તે છેવટે દુઃખમાં પરિણમે છે. વસ્તુઓના આકર્ષણથી ખેંચાઈને બુદ્ધિ તેમના ઉપર સુખનું આરોપણ કરે છે.ખરેખર પદાર્થમાં કોઈ સુખ કે આનંદ નથી.

પોતાના 'શુદ્ધાત્મા' નો આનંદ શોધી કાઢવા માટે દરેક વ્યક્તિગત આત્મા એક પછી બીજી વસ્તુનો અનુભવ કરે જાય છે અને એ શોધવાનો પ્રયત્ન કરે છે કે અંદર કોણ સુખનો અનુભવ કરાવે છે. એ જાણવા માટે જીવાત્મા સુખની ખોજમાં યાત્રાએ નીકળી પડે છે. પહેલાં તે નક્કી કરે છે કે સુખ તો ધન-દોલતમાં રહેલું છે. એટલે એમ માને છે કે સુખ તો ધન-દોલતમાં જ રહેલું છે પણ જ્યારે તે ધન-દોલતની તીવ્ર ઝંખના રાખે છે ત્યારે તે દુઃખી થાય છે.

હવે તે નક્કી કરે છે કે સ્ત્રીમાં સુખ સમાયું છે. સ્ત્રી એમ વિચારે છે કે સુખ પુરૂષમાં સમાયેલું છે અને પુરૂષ એમ વિચારે કે સુખ તેનામાં સમાયેલું છે. આમ તેઓ શોધી કાઢે છે કે સુખ દેહસુખ અને ધન-દોલતમાં છે અને પછી નક્કી કરે કે સુખ તો ફક્ત આ બંનેમાં જ રહેલું છે. પણ જો સ્ત્રી તેના પતિની સામે થાય તો દુઃખ સર્જાય અને કલ્પના કરો કે જો ધન-દોલત તમારી વિરુદ્ધ પડે તો! જો તમારા ઘેર ઈન્કમટેક્ષ વિભાગ આકસ્મિક રીતે ત્રાટકે તો એ જ દોલત તમારી વિરુદ્ધ જઈને તમોને મોટી ઉપાધિમાં મૂકી દેશે.

## ૨૫. નોખી બુદ્ધિઃ નોખા મત.

જિજ્ઞાસુઃ કહેવત છે કે, "તુંડે તુંડે મતિર્ભિન્ના". એટલે કે માણસે-માણસે અલગ-અલગ વિચાર (મત) હોય છે. ઉપરાંત બીજી કહેવત પણ છે કે, 'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ'. કૃપા કરીને જીવનની આ મર્મપૂર્ણ બાબત પર પ્રકાશ પાડો.

દાદાજીઃ અભિપ્રાયોને આધારે દૃષ્ટિ કેળવાય છે. પછી તે દૃષ્ટિના આધારે વ્યક્તિ જોતો હોય છે. જો કોઈ ચોક્કસ (અમુક) વ્યક્તિ સાથે ન ફાવે તો તેમાં દૃષ્ટિનો કોઈ વાંક નથી હોતો. આ દૃષ્ટિકોણ કેળવનાર એ માન્યતા/મંતવ્યની ભૂલ છે.

પૂર્વાગ્રહવાળી દૃષ્ટિ જન્મ અને મૃત્યુના અવિરત ચક્કર ઊભા કરે છે. ચોરીના બનાવને સગી આંખે જોયા છતાં, જેની દૃષ્ટિમાં કોઈ પૂર્વગ્રહ નથી, તે જ્ઞાની છે. કારણ કે શી ખબર કે ભવિષ્યમાં એ ચોર ઉમદા શાહુકાર નહિ બને?

જો ઈન્દ્રિયો સ્વાદિષ્ટ કેરીને ગમાડે તો તેમાં વાંધો લેવા જેવું કશું નથી પણ પાછળથી જો તેની યાદ રહી જાય તો તે જોખમી છે. કારણ કે યાદની પાછળ એ મંતવ્ય રહેલું હોય છે કે 'આ કેરી સરસ છે'. અને તે માન્યતા રાગ-દ્વેષમાં પરિણમશે.

જિજ્ઞાસુઃ માન્યતા અને મંતવ્ય કેવી રીતે ઘડાય છે?

દાદાજીઃ માત્ર લોકસંજ્ઞાથી એટલે કે જેમાં સામાન્યપણે જેવી લોકમાન્યતા રહેલી હોય છે તેનાથી. ખાસ કરીને પોતાની આસપાસના વ્યક્તિઓની માન્યતાથી અથવા પોતે જે કોઈને માનની નજરે જોતો હોય તેવાની માન્યતાથી વ્યક્તિની માન્યતા ઘડાય છે. કારણ કે સામાન્ય રીતે માન્યતા લોકપ્રચલિત જ્ઞાન પર આધારિત હોય છે અને એ રીતની બુદ્ધિ મુજબ વ્યક્તિનું વર્તન-વ્યવહાર થાય છે. એકવાર જો જ્ઞાનીના વિવેક વિચાર (જ્ઞાનીસંજ્ઞા) ને અનુસરવામાં આવે તો કહેવાતી લોકસમજ (લોકસંજ્ઞા) વિલય થઈ જાય છે! "મંતવ્ય બુદ્ધિના આશય પર આધાર રાખે છે".

દાદાજીઃ બુદ્ધિએ જે માની લીધું છે કે ક્યાં સુખ છે, એના પર માન્યતા કે અભિપ્રાયનો આધાર છે. જો ફ્રેંચ સ્ટાઈલ હેરકટમાં જ સુખ માની લેવાયું હોય તો વ્યક્તિ ફ્રેંચ સ્ટાઈલ હેરકટની માન્યતા/મંતવ્ય વિકસાવે છે.

જિજ્ઞાસુઃ જ્યારે કોઈ ચોક્કસ વ્યક્તિ ઉપસ્થિત થાય છે ત્યારે બીજા વ્યક્તિ શા માટે અશાંતિ અનુભવતો હોય છે?

દાદાજીઃ અન્ય વ્યક્તિ માટેના જરાય જેટલા વિરોધી વિચારના કંપનો એ વ્યક્તિ સુધી પહોંચી જશે અને એનું પરિણામ પણ આપશે. અહીં, 'દેખો ત્યાંથી ઠાર કરો' એવું પ્રતિક્રમણ (અંતઃકરણપૂર્વક માફી માગ્યા કરવી) એ બધા કંપનોને એ વ્યક્તિ પાસે પહોંચતાં અવરોધશે. અરે, એ વ્યક્તિ સુધી પહોંચી ગયેલા કંપનોને ભૂંસી (Erase) પણ કાઢશે. અને એકવાર એ વ્યક્તિની વાણી અને વ્યવહાર પ્રત્યેનું મંતવ્ય – અભિપ્રાય ભૂંસાઈ જાય તો તે વ્યક્તિ એવો સહજ થઈ જશે કે અન્ય સંબંધિત વ્યક્તિના દિલને દુભવશે પણ નહિ. એની વિરુદ્ધ, બીજાના દોષ જોવાની આપણાં વલણની અસર તે વ્યક્તિના મન પર પડશે જ. તેના કારણે, જ્યારે તે વ્યક્તિ આવે ત્યારે આપણને અશાંતિ અનુભવાય છે.

જિજ્ઞાસુઃ અભિપ્રાયો બાંધવામાં શું નુકસાનકારક છે?

દાદાજીઃ સતત માઠી વાણીનું એક કારણ અંદર પડેલું મંતવ્ય છે અને તે મંતવ્ય બનવા માટેનું એક પરિબળ વહેમ (શંકા) છે. આ માનવ શરીર પ્રતિષ્ઠિત આત્માની માન્યતા-મંતવ્ય મુજબ ખૂબ જ જટિલ રીતે કામ કરે છે. માન્યતા-મંતવ્ય અડચણોને નોતરે છે. માન્યતા-મંતવ્યને કારણે અડચણો ઊભી થયા કરે છે અને તેનાં ભયંકર પરિણામો આવે છે જે વ્યક્તિને સતત બંધનોમાં બાંધી રાખે છે. વ્યક્તિને એ બંધનોમાંથી મુક્તિની જરૂર છે. એકવાર બે કે પાંચ અભિપ્રાયો વિદાય લે એટલે મોક્ષ જેવા આનંદનો અનુભવ થાય છે!

કર્મનું બીજ કાર્ય દ્વારા નહિ પણ તે કાર્ય પાછળ રહેલા અભિપ્રાયોથી રોપાય છે! બ્રહ્મચર્ય તરફી અભિપ્રાય કે શરીરના વિનાશીપણા સંબંધી અભિપ્રાયો અપનાવવા યોગ્ય છે. અભિપ્રાય એ અહંના પરમાણુંઓથી બનેલો હોય છે અને વ્યક્તિત્વને પ્રભાવિત કરે છે. તે વ્યક્તિની દૃષ્ટિને સદંતર બદલી નાખે છે અને પોતાના જ્ઞાન પર પણ આવરણ લાવે છે.

નિર્જીવ (અચેત) સંબંધી અભિપ્રાયો માટે કોઈ વાંધો નથી, અચેતન સંબંધી અભિપ્રાયોથી છૂટવાનું માત્ર જે તે વ્યક્તિ પર અવલંબે છે. જ્યારે કોઈ મિશ્રચેતન પ્રત્યેના અભિપ્રાયો બાબતે તો પોતે છોડી દઈએ તો પણ સામો માણસ તેને છોડશે નહિ. અન્ય ઝેરીલા, ક્રોધી કે ડંખીલા વ્યક્તિઓ પ્રત્યે અભિપ્રાયો બાંધીને આપણે કેવા ગંભીર પરિણામોને નોતરી રહ્યા છીએ!

જિજ્ઞાસુઃ પણ માણસ પોતે પોતાના અભિપ્રાય કેવી રીતે દૂર કરી શકે; તે તો ખૂબ ઊંડે જઈને જામી ગયેલા છે.

દાદાજીઃ એકવાર એ નક્કી થઈ જાય કે મારે અભિપ્રાયને તોડી નાખવા જ છે, તો તે તૂટવાનું શરૂ થઈ જાય છે. જે માન્યતાઓ ખૂબ જ ઊંડે સુધી જડ જમાવીને બેઠી છે તે દરરોજ પ્રતિક્રમણ કર્યા પછી અને ભૂલ માટે ક્ષમા માગ્યા કરવાથી ઉખડી શકે છે. વ્યક્તિની જે કોઈ માન્યતા હોય તે માન્યતાને અનુરૂપ બીજા જન્મમાં તેનું પુદ્‌ગલ ઈફેક્ટ ફોર્મમાં રચાય છે.

માન્યતા બદલવા માટે વ્યક્તિએ તેની સામે બીજી વિરોધી માન્યતા મૂકવી પડે. ફલાણો ચોર છે એવી માન્યતાને હટાવવા માટે આપણે પોતે કહેવું પડે કે તે તો એક પ્રામાણિક અને સન્માનનીય વ્યક્તિ છે અને છેલ્લે, વિઝન (દૃષ્ટિ) લાગુ કરવું પડે કે ખરેખર તો તે શુદ્ધાત્મા છે.

જે સૂક્ષ્મ રૂપે ઊંડે સુધી જડ જમાવીને પડી રહેલી છે એવી માન્યતાઓ અને અભિપ્રાયોને દૂર કરવા અને હટાવી દેવા એ ખૂબ જરૂરી છે. અલબત્ત, જેણે આત્મસાક્ષાત્કાર કરી લીધેલો છે, જે સેલ્ફ રીઅલાઈઝ્ડ (પુરૂષ) બની ગયેલો છે તે કોઈપણ પરાક્રમ કરવા માટે સમર્થ છે.

જિજ્ઞાસુઃ પરિવારમાં ઘણીવાર મતભેદ પડતા હોય છે.

દાદાજીઃ આ જમાનામાં ઘરમાં માત્ર ત્રણ જ લોકો હોય પણ તે લોકોને સાંજ સુધીમાં તો તેત્રીસ મતભેદ પડતા હશે. તો પછી તેનું નિરાકરણ શું હોઈ શકે? ગુરૂ અને તેના શિષ્ય વચ્ચે ય સાંજ પડતા સુધીમાં તો અસંખ્ય મતભેદ થઈ જાય તેવું છે.

જિજ્ઞાસુઃ તો પછી આવા મતભેદોનો પાર શી રીતે આવી શકે?

દાદાજીઃ જ્યારે ભેદબુદ્ધિ હોય ત્યારે મતભેદ ઊભા થવાના જ. જો અભેદ બુદ્ધિ વિકસે તો જીવનની સમસ્યાઓ અચૂક ઉકેલાઈ જશે. જે નિષ્પક્ષ થઈને મધ્ય સ્થાને બેસે છે તે દરેકને નિર્દોષ સમજે છે. જ્યારે બુદ્ધિ અવળું બતાવે ત્યારે આપણે તરત જ સદ્‌બુદ્ધિને મતભેદોનું નિરાકરણ લાવવા માટે કહેવું જોઈએ અને તે એમ કરી પણ દેશે. જ્યારે આત્મા ભ્રમિત થયો હોય ત્યારે સંસાર અસ્તિત્વ પામે છે માટે જ્યારે વિપરીત બુદ્ધિ ભ્રમિત થશે ત્યારે જ્ઞાન સ્વયં પ્રગટ થશે!

જિજ્ઞાસુઃ દાદાજી! આપ કેવી રીતે બધા સાથે સુમેળપૂર્વક વર્તો છો?

દાદાજીઃ હું કોઈની પણ બુદ્ધિને લક્ષ્યમાં લેતો નથી પણ હું તેની સમજને મહત્વ આપું છું. બુદ્ધિ એક લાઈનમાં ત્રણસો

જગ્યાએ વાંકી હોય પણ જો સમજ શુદ્ધ અને સીધી હોય તો કોઈ વાંધો નથી આવતો. બુદ્ધિશાળી વ્યક્તિ ઊંચો આવી તો શકે છે પણ તેના પતનની પણ શક્યતા રહેલી છે. જ્યારે સાચી સમજવાળો વ્યક્તિ શિખરે પહોંચતા સુધી ઉપર ને ઉપર જાય છે અને પતનના ભયથી મુક્ત રહે છે. બુદ્ધિ તો કુદરતી ગુણ છે. એ શુદ્ધાત્માની લાક્ષણિકતા નથી. અંતર્જ્ઞાનથી અનુભવેલ સમજ એ શુદ્ધાત્માનો સહજ ગુણ છે. પિત્તવાળો વ્યક્તિ તેજ બુદ્ધિ ધરાવે છે અને વાયુ પ્રકૃતિવાળો ઊંડી સમજવાળો હોય છે.

જિજ્ઞાસુ: શાસ્ત્રોમાં આપવામાં આવેલ વર્ણનોમાં કોઈ સમાનતા જણાતી નથી.

દાદાજી: સઘળું બુદ્ધિની કલ્પનાનું પરિણામ છે. એ બધું સાપેક્ષ અને ઐહિક છે. જે કાંઈ જુદા-જુદા લોકોની કલ્પના બુદ્ધિના પરદા પર અંકાઈ છે તે ધર્મશાસ્ત્રોમાં શબ્દબદ્ધ થયેલ છે. શાસ્ત્રો તો બુદ્ધિમાંથી જન્મેલ જ્ઞાન છે. શુદ્ધ ચેતના તેમાં મળતી નથી. પણ જ્ઞાન તો સ્વયં પ્રકાશિત છે અને તે હમેશાં જ્ઞાનીપુરૂષના હૃદયમાં વસે છે. બુદ્ધિના વિવિધ તબક્કા અને પ્રકાર છે. તેની વિવિધ અને અગણિત યુક્તિઓ છે. તેના વિવિધ તબક્કાઓ પોતાને શુદ્ધાત્માના હોય તેમ સિદ્ધ કરવા પ્રયત્ન કરી શકે છે. માટે, હું વારંવાર કહું છું કે બુદ્ધિથી ચેતીને રહો. જ્યારે બુદ્ધિ લલચાવે ત્યારે તમે કહો કે, 'હું વીતરાગ છું'. મારું સ્મરણ કરો અને તે લલચામણી બેસી જશે.

જ્ઞાની કોઈમાં દોષ જોતા નથી. બુદ્ધિ બધામાં દોષ જુએ છે. 'બુદ્ધિ' પોતાના સગા ભાઈની ભૂલ પણ શોધી લે છે. પણ 'જ્ઞાન' તો સાવકી મા માં પણ દોષ જોતું નથી. દીકરો જમવા માટે બેઠો હોય પણ જ્યારે તેની સાવકી મા દાઝી ગયેલી ખીચડીના પોપડા પીરસે છે ત્યારે તેની બુદ્ધિ જાગી જાય છે અને કહે છે કે, "સાચે જ આ સાવકી મા તો દુષ્ટ છે". હવે આ લાગણી તમને કેવળ દુઃખ જ આપે પણ જો પુત્ર દિક્ષિત હોય તો પછી જ્ઞાન તેની વહારે આવે છે અને કહે છે કે, "તે તો શુદ્ધાત્મા છે અને હું પણ શુદ્ધાત્મા છું. આ તો પુદ્ગલનો ખેલ છે. જે પોતાનું કામ કરે છે".

જિજ્ઞાસુ: બુદ્ધિ અને જ્ઞાન વિશે વિસ્તારથી સમજાવો.

દાદાજી: જુઓ, આ શરીર તો માટીનું બનેલું છે અને બુદ્ધિ પ્રકાશમાંથી બનેલી છે. જો તે પ્રકાશ આપે છે તો તે ક્યારેક દઝાડે પણ ખરી, બાળે પણ ખરી. તેથી, હું તેને લુચ્ચી (શઠ) કહું છું. બુદ્ધિથી આગળ જવાનું છે. બુદ્ધિને ટપી જવાનું છે. બુદ્ધિ માણસને જરૂરથી વધારે અસહજ (Above Normal) બનાવી દે અને ક્યારેક સામાન્ય (Below Normal) થી પણ નીચે ઉતારી મૂકે છે. આ દુનિયામાં સર્વત્ર સહજતા હોવી જોઈએ. તમે 'અબુધ' ન બનો, બુદ્ધિથી પર ન થાવ ત્યાં સુધી અને તેને તમે વળોટી ન જાવ ત્યાં સુધી સહજતા નહિ પ્રવર્તે. હું અબુધ છું અને સહજતાયુક્ત ખુલ્લા મનનો છું. હું શુદ્ધાત્માની દિવ્યજ્યોતિમાં સર્વજ્ઞ બની ગયો છું. સામાન્ય બુદ્ધિવાળો માણસ નાજુક અને કોમળ હૃદયવાળો હોય છે. જો તે જીવનના પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું નક્કી કરે તો તે એમ કરી શકે છે પણ જો તે આડો ફંટાય તો તે ગબડી પણ જાય. જો કોઈ પોતાની

બુદ્ધિને અઠવાડિયામાં એક દિવસ માટે રવિવારે રજા આપે તો પણ તેને પોતાને બહુ લાભ થાય. જો તમે બીજા ભવ માટે બી વાવવાની ઈચ્છા રાખતા હોય તો તમારે તમારી બુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ.

બુદ્ધિનો પ્રકાશ વધારવાની તમને સત્તા નથી પણ, હા, તમે તે જ્યોતિને dim કરી ઝાંખી પાડી શકો છો. બુદ્ધિ સાર્વત્રિક રીતે લાભદાયક નથી જ્યારે જ્ઞાન લાભદાયક છે.

**૨૬. ચિત્ત.**

જિજ્ઞાસુ: દાદાજી, અંતઃકરણના ચાર અંગ પૈકી મન અને બુદ્ધિની સુંદર સમજ આપી. હવે અમને ચિત્ત વિશે સમજાવો.

દાદાજી: મન અને બુદ્ધિ પછી અંતઃકરણનું ત્રીજું અંગ એટલે ચિત્ત. તેનું કાર્ય ફરતા રહેવાનું અને જોતા રહેવાનું છે. ચિત્ત વિવિધ પદાર્થોના ફોટા પાડે છે. જ્યારે તમે અહીં બેઠેલા હો ત્યારે તે અંતરપટ પર અમેરિકાના ફોટા પાડે છે. -ચિત્તનું આ કાર્ય છે.

જિજ્ઞાસુ: બધા કહે છે કે મન જ નિરંતર ભટકતું રહે છે.

દાદાજી: આમ કહેવું બરાબર નથી. 'મન' આ શરીરની બહાર કદી જતું જ નથી. જે બહાર જાય છે તે 'ચિત્ત' છે. હજી વધારે સ્પષ્ટતાથી કહું કે જે બહાર ભટકે છે તે અશુદ્ધચિત્ત છે. શુદ્ધચિત્ત એ શુદ્ધાત્મા છે.

ચિત્ત અર્થાત્ જ્ઞાન + દર્શન.

અશુદ્ધચિત્ત અર્થાત્ અશુદ્ધજ્ઞાન + અશુદ્ધદર્શન.

શુદ્ધચિત્ત અર્થાત્ શુદ્ધજ્ઞાન + શુદ્ધદર્શન.

જિજ્ઞાસુ: અંતઃકરણનું કાર્ય સમજાવો.

દાદાજી: મન ચોપાનિયું બતાવે છે જ્યારે ચિત્ત પિક્ચર બતાવે છે. જ્યારે ચિત્ત કોઈ મુદ્દા પર મનન કરે છે ત્યારે બુદ્ધિ તેનો નિર્ણય આપે છે અને અહં તેના પર સહી કરી આપે છે. અને ત્યારબાદ જ કાર્ય શરૂ થાય છે. ચિત્ત એક અવસ્થા છે. તે અશુદ્ધજ્ઞાન-દર્શનની અવસ્થા છે. બુદ્ધિ તેનો નિર્ણય આપે તે પૂર્વે મનમાં અને ચિત્તમાં ગૂંચવાડો (અસ્પષ્ટતા રહેલી) રહેલો હોય છે પણ એકવાર જ્યારે નિર્ણય કરી લેવાય છે ત્યારે બધા શાંત થઈ જાય છે. જો બુદ્ધિને બાજુ પર બેસાડવામાં આવે તો મન કે ચિત્ત કોઈ ડખલ વિના સુંદર રીતે કાર્ય કરતાં રહેશે.

જિજ્ઞાસુ: પણ ચિત્ત શા માટે ભટક્યા કરે છે?

દાદાજી: અનંત કાળથી ચિત્ત તેના નિજ ઘરની શોધમાં છે. તે ભટકતું રહે છે અને જીવનમાં અને આસપાસમાં અસંખ્ય એવા

જુદા-જુદા પદાર્થોનો રંગરંગી તમાશો જોયા કરે છે. આમ, જુદા-જુદા પદાર્થોનું તેનું જ્ઞાન અને દર્શન વધતું જ જાય છે અને તે અંદર રહે છે. અને એક સમય સંજોગાનુસાર તે સ્મૃત ચિત્રોનો ‘આ આવું છે અને આ તેવું છે કહીને રજૂ કરી ચિતાર આપે છે’. ચિત્ત જ્યારે કોઈ બાબતમાં ધ્યાન આપી સમજી રહ્યું હોય છે અને તેની સાથે જો તે ચોંટીને તદાકાર થઇ જાય છે ત્યારે તે તેવા પરમાણુંઓને આકર્ષે છે. જે પરમાણુંઓ પછી ધ્રુવીકૃત થાય છે અને ગ્રંથિઓ રચાય છે. આ ગ્રંથિઓથી મનની રચના થાય છે. કુદરતનો નિયમ એવો છે કે જ્યાં ચિત્તવૃત્તિઓ ભટકે છે ત્યાં દેહે પણ ભટકવું પડે છે.

બીજા જન્મમાં યોગ્ય ક્ષણે આ મન જાત-જાતનાં pamphlet (ચોપાનિયા) બતાવે છે. ચિત્ત તેને પિક્ચરના રૂપમાં રજૂ કરે છે અને બુદ્ધિ નિર્ણય આપે છે.

ચિત્ત પોતાના નિજ ઘર એવા શુદ્ધાત્માની શોધમાં ભટક્યા કરે છે. તે જે કાંઈ જુએ છે તેમાંથી આનંદ મેળવવાનો પ્રયત્ન કરે છે. ચિત્ત જ્યાં પણ રોકાય છે અને એકાગ્ર બને છે ત્યારે અંતઃકરણનો બીજો ભાગ શાંત થઈ જાય છે અને તે વ્યક્તિને તે સમય પૂરતો સુખનો અનુભવ થાય છે. પણ એ તેનાથી થોડીવારમાં જ કંટાળી જાય છે. તે ક્યાં સુધી એક જ દશામાં રહે? માટે ચિત્ત વળી બીજી કોઈ વસ્તુ માટે ભટકે છે અને અન્ય પદાર્થમાં દેખીતું બાહ્ય સુખ મેળવવા જાય છે.

જો કે, તેનું અગાઉના સુખનું જ્ઞાન તરત જ દુઃખમાં પરિણમે છે કારણ કે જ્યારે તમે સુખને બહાર શોધો છો ત્યારે એનું પરિણામ દુઃખ જ હોય છે કારણ કે બુદ્ધિ તેના સ્વભાવને કારણે એવું નક્કી કરશે કે મેં જે પહેલાં વિચાર્યું હતું તેવું બરાબર તો આ સુખ નથી લાગતું. આ પદાર્થ સુખ લાવતો નથી. પછીથી ચિત્ત વળી ફરીથી છટકવા માંડે છે.

જિજ્ઞાસુઃ આવી ચિત્તના વલણોની નિરંતર રઝળપાટ સામે કોઈ ઇલાજ છે, જે આંતરિક શાંતિ આપે?

દાદાજીઃ હું (જ્ઞાનીપુરૂષ) તમારી ચિત્તવૃત્તિઓને મારી તરફ વાળું છું એટલે તેમની બહારની તરફની પ્રવૃત્તિઓ ઓછી થતી જાય છે. આમ, ચિત્તવૃત્તિઓ સંયમિત રહે છે અને મુક્તિ તરફનો સાચો રસ્તો પણ એ જ છે. અશુદ્ધ ચિત્તવૃત્તિઓ સનાતન કાળથી ભટકતી રહી છે અને જો તમે તેમને ચોક્કસ ગલીમાંથી પાછી ખેંચવાનો પ્રયત્ન કરો તો તેઓ ભારે અને ઉગ્ર જોરથી બીજી ગલીઓ તરફ ખેંચી જશે. પણ હવે જ્ઞાનીપુરૂષની કૃપાથી એ ચિત્તવૃત્તિઓ તમારા પોતાના ઘેર પાછી આવી છે- શુદ્ધાત્મામાં. ખરેખર, આ મોટું આશ્ચર્ય છે કે નહિ!

ક્રમિક માર્ગ પર ક્રમશઃ વ્યક્તિએ મનના તથા ચિત્તના અનંત મુકામો પસાર કરવાનાં છે પછી જે રીતે પોતાની જાતને દર્પણમાં જુએ છે તે રીતે અહમ્‌નો પરિચય થાય છે. મેં તમને આ બધા અવરોધોને વિના પ્રયત્ને પાર કરાવી દીધેલ છે અને શુદ્ધાત્માના પદ પર બેસાડેલ છે, જે તમારું સાચું સ્વરૂપ છે. ‘ચરમ નિવાસ!’

હકીકતે જે વ્યક્તિ બાહ્ય પદાર્થોમાં સુખ શોધવા નીકળી પડે છે તે છેવટે પોતાની જાતને દુઃખ તરફ જ લઈ જાય છે. કારણ કે

સાચું કહીએ તો બહારના પદાર્થોમાં (ભૌતિક પદાર્થોમાં) સુખ જ નથી. માટે એટલું તો સ્પષ્ટ છે કે ચિત્તવૃત્તિઓની રઝળપાટ તે પોતાના અસલ ઘરમાં જ ઠરીઠામ નહિ થાય ત્યાં સુધી આવી નિરંતરની રઝળપાટનો કોઈ અંત નથી. જ્યારે તે સાચા સુખનો આસ્વાદ માણી લે છે ત્યારે બીજા બધાં કાલ્પનિક સુખો આપોઆપ બેસ્વાદ બની જાય છે પછી માત્ર અવશિષ્ટ અશુદ્ધચિત્ત જ ભટકે છે અને શુદ્ધચિત્ત તેને તેના મૂળ રૂપમાં જુએ અને જાણે છે. ત્યારથી જ અશુદ્ધચિત્તના પર્યાય ધીમે-ધીમે ક્ષીણ થતા જાય છે. પછી જે રહે છે તે પૂર્ણ ચિત્તની સ્થિતિ જ માત્ર રહી જાય છે અને એ જ કેવળજ્ઞાન છે.

જ્ઞાનીપુરૂષ તમારા અશુદ્ધચિત્તને અડકતો નથી પણ તમને સનાતન સુખનો અને અનંત સુખના કંદનો સ્વાદ કરાવે છે. પરિણામે, તમે નિજ ગૃહને પ્રાપ્ત કરો છો. શુદ્ધચિત્ત જે પ્રાપ્ત થયું તે બીજું કાંઈ નહિ પણ શુદ્ધાત્મા જ છે. જેમ-જેમ શુદ્ધચિત્ત શુદ્ધ અને માત્ર શુદ્ધને જ જોતું રહે છે, તેમ-તેમ અશુદ્ધચિત્ત-વૃત્તિ ધીમ-ધીમે કમજોર થતી જાય છે અને મોળી પડતી જાય છે. આખરે માત્ર પૂર્ણ, શુદ્ધચિત્ત રહે છે. જ્યારે અશુદ્ધચિત્તના પર્યાયો તેમના ખેલ બંધ કરે છે અને છેવટે જે બાકી બચી જાય છે તે પૂર્ણ શુદ્ધાત્માના પર્યાય જ રહે છે. નિરંતર આનંદ, પરમાનંદની દશા!

## ૨૭. ચિદાનંદઃ ચિત્તની પ્રસન્નતા.

જિજ્ઞાસુઃ આનંદઘનજીના ભજનમાં એમ કહેવામાં આવ્યું છે કે ઋષભદેવની મૂર્તિ હસતી દેખાય છે.

મૂર્તિની આંખો કાચની બનાવેલી હોય છે, તો તે કેવી રીતે હસતી હોય એવી લાગે!

દાદાજીઃ હા, તે હસતી હોય એવી લાગે છે. કારણ કે ચિત્તવૃત્તિએ તેનું પોતાનું ચૈતન્ય તેમાં પરોવેલ છે એટલે મૂર્તિ હસતી-ખીલતી દેખાય છે. આને ચિત્તનો આનંદ કહેવાય છે. મહોરી ઊઠેલો આનંદ.

જિજ્ઞાસુઃ વ્યક્તિનું ચિત્ત શી રીતે આનંદથી ખીલી ઉઠેલું હોય છે?

દાદાજીઃ જ્યાં સઘળો કપટભાવ વિલય પામ્યો હોય ત્યાં ચિત્તનો આનંદ ખીલી ઉઠે છે. ચિત્તનો આનંદ અને કપટ કદીયે સાથે નથી રહેતાં. મહાત્મા કબીરે શું કહ્યું છે? -

''मैं जानूँ हरि दूर है, हरि हिरदय माँही।

आड़ी त्राटी कपट की, तासे दीसत नाहीं ॥''

''હું સમજતો હતો કે ભગવાન ઘણે દૂર છે, પણ એ તો મારા હૃદયમાં છે, પણ કપટનો અંતરપટ ભગવાનને મારી દૃષ્ટિથી ઓઝલ રાખે છે''.

કપટનો અંતરપટ દૃષ્ટિને અવરોધે છે એટલે ભગવાન દેખાતા નથી. શુદ્ધ ચિત્તવૃત્તિ ભૌતિક પદાર્થો પાછળ ભટકતી રહેતી

નથી. જો મારા દીક્ષિત મહાત્માઓની ચિત્તવૃત્તિમાં અન્ય સંસારી ભાવ ન રહે તો ચિત્ત પ્રસન્નતા સહિતની ભક્તિ સાચા અર્થમાં શરૂ થાય છે.

માણસ મન કે ચિત્તની કોઈપણ અવસ્થા કે પર્યાયને ચોંટી રહ્યો હોય તો તે વ્યવહારિક જીવનને ઉપભોગના આનંદને પણ સરખી રીતે ભોગવી શકતો નથી.

જિજ્ઞાસુઃ એવું શી રીતે બને?

દાદાજીઃ અગાઉના ગાળામાં જો કોઈનું ચિત્ત કોઈ એક પર્યાય કે અવસ્થામાં ઝલાઈ ગયું હોય, બંધાઈ ગયેલુ હોય અને ખોવાયેલું હોય અને ત્યારપછી એવી સ્થિતિના સતત ભાર સાથે એ વ્યક્તિ ખાય-પીએ તેમાં શું મઝા આવે? જીવનમાં વ્યવહારિક રીતે તો ચિત્ત એ જ ચેતન છે અને જો ચિત્ત હાજર હોય તો તમે જે બધું કરો છો તે કામનું છે. જો જમતી વખતે જમવામાં તમારું ચિત્ત ન હોય તો તમે જે કાંઈ ખાધું હોય તેનો શું લાભ?

ચિત્તને કલેશમુક્ત રાખવું તે દરેક ધર્મનો મર્મ છે. જો તમે આ સ્થિતિ પ્રાપ્ત કરી લેશો તો ભવભ્રમણ ટળી જશે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! ગઈ રાતે જ્યારે હું નિદ્રાવશ હતો ત્યારે લાંબા સમય સુધી જાણે કે મોટો સૂર્ય ન હોય એવો મોટો પ્રકાશ જોયો હતો, આ શું હોઈ શકે?

દાદાજીઃ ચિત્તની એ ચમત્કારિક રચના છે. ચિત્ત આશ્ચર્યજનક શક્તિ ધરાવે છે જે આવા ચમત્કાર સર્જે છે. શરૂઆતમાં વ્યક્તિ ચિત્તના ચમત્કારોનો અનુભવ કરે છે પછી એની જાગૃતાવસ્થામાં જ્ઞાનનો પ્રકાશ આવે છે.

જિજ્ઞાસુઃ મંદિરોમાં ઘંટ કેમ લટકાવવામાં આવે છે?

દાદાજીઃ ચિત્તને એકાગ્ર કરવા માટે ઘંટ વગાડવામાં આવે છે. જ્યારે નગારાં વાગે છે અને ઘંટારવ થાય છે ત્યારે મન અને ચિત્ત બંને એકાગ્ર બને છે. જો કે જ્યાં સુધી શુદ્ધાત્માનો સાક્ષાત્કાર ન થયો હોય ત્યાં સુધી પૂર્ણ એકાગ્રતા શક્ય બનતી નથી.

જિજ્ઞાસુઃ વ્યક્તિના ચિત્તને જુદા-જુદા પદાર્થો દ્વિધામાં નાખે છે.

દાદાજીઃ જેમાં-જેમાં ચિત્ત ભટકે છે તે બધી વસ્તુઓ તમારા વિષય છે અને તે મોહજાળમાં ફસાવે છે. ભજીયાં ખાઈને તેનો આનંદ લેવામાં કોઈ વાંધો નથી પણ જો તમારું ચિત્ત એમાં જ ચોંટેલું રહે અને તેના સ્વાદમાં ખોવાયેલું રહે તો તે વિષય કહેવાય. જ્ઞાન સિવાય અન્ય કોઈ બાબતની સાથે ચોંટી રહેવું એ વિષય છે. જ્યારે ચિત્ત શુદ્ધાત્માની બહાર ભટક્યા કરે છે ત્યારે આવતા ભવનાં કર્મોનાં બીજની વાવણી થઇ જતી હોય છે. ચિત્ત હમેશાં ફોટા પાડતું હોય છે. તમે તમારી ફોટોગ્રાફીની આવડત પ્રમાણે જે કોઈ ફોટા પાડ્યા હશે તે કોઈકવાર ઝાંખા તો કોઈકવાર સ્પષ્ટ હશે. પણ યાદ રાખજો કે

પછી તમારે જ એ ફોટા જોવાના છે અને વેઠવાના પણ છે માટે મહેરબાની કરીને સારા ફોટોગ્રાફ્સ લો. ચિત્તની ફિલ્મનો બગાડ ન કરો.

## ૨૮. ફરજિયાત અને મરજિયાત.

જિજ્ઞાસુ: દાદાજી! આપણાં જીવનમાં કઈ બાબતો મરજિયાત છે અને કઈ બાબતો ફરજિયાત છે?

દાદાજી: દુનિયાનું તંત્ર કેવી રીતે ચાલે છે તે સમજવું સહેલું નથી. આ દુનિયામાં વ્યક્તિ પોતાના પૂર્વભવના કર્મો પ્રમાણે બધું ફરજિયાતપણે કરતો હોય છે, પણ વ્યક્તિ એમ માને છે કે આ વૈકલ્પિક છે-મરજીયાત છે એટલે તે નવા બંધનમાં ફસાઈ જાય છે. જુઓ, આપણો જન્મ ફરજિયાત હતો. આપણો અભ્યાસ ફરજિયાત હતો. લગ્ન તો પૂર્વ નિર્ધારિત છે અને મૃત્યુ પણ ફરજિયાત છે!

જિજ્ઞાસુ: બાળકોને ઉછેરવાં, તેમને ભણાવવા-ગણાવવા, તેમને લાયકપાત્ર સાથે પરણાવવા અને તેમને જીવનમાં બરાબર ગોઠવી દેવા-આ બધું આપણી ફરજમાં આવે છે.

દાદાજી: હા, એટલે જ હું તેને ફરજિયાત કહું છું. તમારે એ બધું કરવાની ફરજ પડે છે. ફરજિયાત એટલે અનિવાર્ય કર્તવ્ય અને મરજિયાત અર્થાત્ ઈચ્છા મુજબ. લોકો ફરજિયાતને મરજિયાત છે એમ સમજે છે. દુન્યવી કર્તવ્યો બજાવતી વખતે તમારી રાગયુક્ત મરજી તમને કર્મનાં નવા બંધન સાથે જોડી દેશે. લોકો ફરજિયાત બાબતને જ્યારે સ્વૈચ્છિક બાબત તરીકે વર્ણવે ત્યારે ખોટું અર્થઘટન કરે છે. જેને પોતાની ઈચ્છાથી બદલી શકાય તે મરજિયાત કહેવાય.

જ્યારે દીકરો તેના પિતા સામે ઉદ્ધતાઈ કરે ત્યારે પિતા જો પોતે દીકરા માટે શું-શું કર્યું તે કહી બતાવે. પણ જે કર્યું તેમાં એણે નવું શું કર્યું? દરેકે આવું કરવાનું ફરજિયાત હતું. તમે મરજિયાત શું-શું કરો છો તે મને કહો.

જિજ્ઞાસુ: આપણે જે નોકરી ધંધો કરીએ છીએ તેનું શું? તે તો મરજીયાત જ છે ને?

દાદાજી: તમે ક્યાંક નિયુક્ત છો અને કામ પર જાવ છો. શું આ મરજિયાત છે? ના આ ફરજિયાત છે. તમને લાગે છે કે તમે કશું પણ મરજિયાત કર્યું હોય?

જ્યારે માણસની ઈચ્છા મુજબ કશુંક બને છે ત્યારે માણસ એમ માને છે કે તે મરજિયાત છે અને જ્યારે તેની ઈચ્છા વિરુદ્ધ કરવું પડે છે ત્યારે તેને ફરજિયાત માને છે. અરે કમનસીબ! બંને પ્રવૃત્તિઓ ફરજિયાત જ છે. અરે, તમારી ઈચ્છા પણ ફરજિયાત જ છે! આ બધી પ્રવૃત્તિઓને રોકી ન શકાય, તે ફરજિયાત છે પણ ખોટી માન્યતાઓને કારણે તે નિરંતર બંધનરૂપ થાય છે. 'આ મેં મારી ઈચ્છાથી કર્યું કે અનિચ્છાએ કર્યું' આ બંને ભ્રમ જ છે.

જિજ્ઞાસુ: હવે મને લાગે છે કે માણસ મરજિયાત બાબતના સાચા ક્ષેત્રથી અજાણ છે.

દાદાજી: જ્યારે તમે કશુંક ફરજિયાત કે ફરજબંધ હોવાનું માનો છો ત્યારે તમારું કર્તૃત્વપણું ખતમ થઈ જાય છે. જ્યારે તમે કશુંક મરજિયાત હોવાનું નક્કી કરો છો ત્યારે, તમે એમ માનો છો કે હું કર્તા છું, તે બીજા શબ્દોમાં અહંકાર છે. જ્યારે કોઈ કમાય છે ત્યારે તે ડંફાસ મારે છે કે તે કમાયો પણ જો કોઈ ગુમાવી દે તો તે એ ખોટ માટે ભગવાનને જવાબદાર ઠેરવે છે! આ દેખીતો વિરોધાભાસ બતાવે છે. તે માત્ર અહંકાર છે.

કોઈ ખોટી માન્યતા ધરાવે છે કે આ દુનિયાનાં કામો મરજિયાત છે જેથી તે પાપકર્મ અથવા પુણ્યકર્મ કમાય છે. જો કોઈ એમ માને કે તે ફરજપરસ્ત છે તો કર્તૃત્વના અભાવને લીધે કોઈ બંધન નથી રહેતું. જો પુણ્યને કારણે તમે દુન્યવી જીવનનું સુખ ભોગવતા હોય અથવા પાપ કર્મને લીધે દુ:ખની નિયતિ ભોગવતા હોય પણ આ બંને ફરજિયાત છે.

દાદાજી: હવે મને કહો કે લગ્ન કરવું એ ફરજિયાતમાં આવે છે કે મરજિયાતમાં આવે છે?

જિજ્ઞાસુ: એ મરજિયાત હોય એવું લાગતું હતું પણ હવે મને લાગે છે કે એ ફરજિયાત છે.

દાદાજી: તમારું નામ, એ ફરજિયાત છે કે મરજિયાત?

જિજ્ઞાસુ: ! ! ! ! !

દાદાજી: તે ફરજિયાત છે કારણ કે તે તમને બાળપણથી જ આપવામાં આવ્યું છે અને તમને ગમે કે ના ગમે પણ તમારે એના વડે જ કામ લેવાનું છે. ખરું કે નહિ? બીજો કોઈ વિકલ્પ જ નથી. એ ફરજિયાત છે અને તે પોતાની રીતે ચાલે છે. તમારી આ ઐહિક જિંદગીની સદા ચાલતી રહેનારી યાત્રાના ત્રીજા માઈલ પર અને ચોથા ફર્લાંગ પર તમારા માટે જે કાંઈ નક્કી થયેલું છે, તે તમારે અનિવાર્ય રીતે કરવું જ પડશે.

જિજ્ઞાસુ: એમ કેવી રીતે?

દાદાજી: દુનિયામાં બહારના જીવનમાં પોલીસ-મેન તમને આમ કરવાની ફરજ પાડે છે. પણ બહારના જીવનની પોલીસની જેમ અંદર પણ પોલીસ છે જ. અંદરનો પોલીસવાળો (!) ભમરડાને ફરજ પાડે છે (!) અને તે ગોળગોળ ફરતો જ રહે છે અને તે કહે છે કે હું કરું છું.

જિજ્ઞાસુ: મને ઉદાહરણ આપીને સમજાવો.

દાદાજી: એક દિવસ જ્યારે હું વરંડામાં બેઠો હતો ત્યારે મેં ત્રણ થી ચાર લોકોને ક્રૂરતાપૂર્વક એક બળદને તેની નાથ પકડીને ખેંચતા જોયા. એમ લાગતું હતું કે જો આવું ને આવું રહ્યું તો બળદના નાકમાંથી લોહી નીકળશે. તે લોકો તેને પાછળથી

ચાબૂકો પણ મારતા હતા. તે લોકો પરોણાની આર ઘોંચી-ઘોંચીને તેને આગળ ધકેલતા હતા પણ તે એક તસુ પણ ચસકતો ન હતો. આ જોઈ મેં એમને પૂછ્યું કે ભાઈઓ! શા માટે આ બળદને ત્રાસ આપો છો? એ કેમ જરાય ખસતો નથી. પછી તે લોકોએ મને કહ્યું કે અમે એને પશુ દવાખાને લઈ જઈએ છીએ. એ એટલો બધો ડરી ગયો છે કે તે કાલે પણ જવા માંગતો ન હતો. એટલે હું સમજ્યો કે આ બળદને માટે હવે બીજો કોઈ રસ્તો જ નથી. તેને નાથેથી પણ ખેંચવામાં આવ્યો, પરોણાથી ફટકારાયો, તેને આર પણ ઘોંચવામાં આવી પણ તેને દવાખાને જવું ન હતું. તે હેરાન પરેશાન થઈને જવાને બદલે પોતાની મરજીથી શા માટે નથી જતો? એ તો વધારે સારું ને?

તમે શા માટે સ્વેચ્છાએ તમારું કામ કરતા નથી? કે તમને લાકડીથી ફટકારવામાં આવે? આ બધું ફરજ પ્રેરિત છે માટે શાંતિથી આગળ વધો અન્યથા આ દુનિયા જે રીતે બળદને ફટકારવામાં આવે છે તે રીતે તમને પણ ફટકારશે!

તમને દુનિયાના ઝેર પીવાં ગમતાં નહિ હોય પણ આ બધું તો ફરજિયાત જ છે. તમારે પીવું જ પડે એવી ફરજ પડશે. માટે મિત્રો! મોં કટાણું કરીને પીવાં કરતાં મુખ પર સ્મિત લાવીને વિષપાન કરીને નીલકંઠ શા માટે ન બનવું? આનાથી તમારો અહં ઓગળશે અને તમે નીલકંઠ બનશો. હું આ રીતે જ નીલકંઠ થયો છું. ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે જેણે એક સેકંડ માટે પણ મરજિયાતને યથાર્થપણે જાણી હોય. આવી વ્યક્તિ સંસારમાં અલભ્ય છે.

જિજ્ઞાસુઃ દાદાજી! તો પછી વ્યક્તિ કેવી રીતે મરજિયાતના ક્ષેત્રમાં પ્રવેશી શકે?

દાદાજીઃ જ્યારે કોઈ ‘પુરૂષ’ (આત્મજ્ઞાની) થાય છે ત્યારે તેનું મરજિયાતપણું અસ્તિત્વમાં આવે છે. જ્યારે કોઈ આત્મજ્ઞાની થાય ત્યારપછી જ પુરૂષાર્થની શરૂઆત થાય છે. બાકી તો જન્મથી માંડીને મૃત્યુપર્યંત દરેક કર્મ ફરજિયાત છે.

ભગવાન મહાવીર માટે પણ સ્વૈચ્છિક પરિત્યાગ ફરજિયાત અને નિર્મિત હતો. તેમનું મરજિયાત તેમના ફરજિયાતથી એકદમ અલગ હતું. તે પોતે સ્વતંત્ર થયેલા હતા ને તેમની અંદર તેમની મરજિયાત સત્તા ઉત્પન્ન થઈ પણ બાહ્ય સંસારના સંદર્ભમાં તેઓ ફરજિયાત હતા. તેઓ આ લક્ષ્યને ચૂક્યા ન હતા. તેમણે પત્નીનો ત્યાગ કર્યો-તે તેઓ ફરજબદ્ધ હતા. આ પણ પૂર્વનિર્ધારિત જ હતું પણ લોકોએ એ સમજવામાં ભૂલ કરી કે એ તેમનું મરજિયાત કાર્ય હતું.

તમે ફરજિયાત રૂપે જન્મ અને મરણના અનંત આંટાઓમાં રખડ્યા છો અને જો જેઓ તમને આ ચક્કરમાંથી મુક્ત કરી શકે છે એ જ્ઞાનીપુરૂષનો સમાગમ નહિ મેળવી શકો તો હજી પણ એ જ રીતે ફરતા રહેવાના.

અમારા દીક્ષિત મહાત્માઓ જે કાંઈ ફરજિયાતપણે કરે છે તે વૈભવ છે અને જે કાંઈ મરજિયાતપણે કરે છે તે મોક્ષ છે. ‘વૈભવ સાથે મોક્ષ’—આવું છે દાદા ભગવાનનું અક્રમ વિજ્ઞાન.

## ૨૯. ઈચ્છા.

જિજ્ઞાસુઃ કહેવાયું છે કે માણસ ઈચ્છાઓનું પોટલું છે. કૃપા કરીને ઈચ્છાઓ વિશે વિસ્તારથી સમજાવો.

દાદાજીઃ ઈચ્છા તો પ્રગટ અગ્નિ છે. જ્યાં સુધી ઈચ્છા પૂર્ણ થતી નથી ત્યાં સુધી તે તમારી ભીતર સળગતી જ રહે છે. ભગવાને શું કહ્યું છે? ઈચ્છા જ અંતરાય છે. તે આત્માની શક્તિને અવરોધે છે.

જ્ઞાનીપુરૂષને પ્રાપ્ત કરવાની અને મોક્ષની જ ઈચ્છા પોષવી જોઈએ. આવી ઈચ્છા કદી અંતરાયરૂપ થતી નથી. બાકી અન્ય બધી જ ઈચ્છાઓ તમને આગની જેમ બાળશે. અરે! તે પોતે જ આગ છે અને તમને અગનજ્વાળા ઉપર બેસાડી દેશે!

લોકો તે આગને ઠારવા માટે પાણી શોધે છે પણ આગ પર છાંટવા માટે પેટ્રોલ હાથમાં આવી જાય છે! એક ઈચ્છા પૂરી થાય તે પહેલા જ બીજી તૈયાર જ હોય છે. ઉપરા ઉપરી ઈચ્છાઓ આવતી જ જાય છે.

જિજ્ઞાસુઃ બધી ઈચ્છાઓ પૂરી થતી નથી.

દાદાજીઃ કુદરતનો નિયમ શું કહે છે? તમે જે કોઈ ઇચ્છા સેવશો તે ક્યારેક તો પૂરી થશે જ. માટે તેનો વિચાર કર્યા કરતા રહેવાથી શું લાભ? આખો વખત તમે ઈચ્છાનો જ વિચાર કર્યા કરશો તો તમે વાતને ગૂંચવી નાંખશો. ઉત્પન્ન થતી ઈચ્છાઓ તમને ખૂંચતી રહે છે. વ્યક્તિથી બધી બાબતની ઈચ્છાઓ ન થાય પણ તેને જે ગમતું હોય છે તેની ઈચ્છા તો હોય જ છે. માણસની ઈચ્છા શું હોય? તમે તમારા ગયા જન્મમાંથી બુદ્ધિના આશયમાં જે લઈને આવ્યા છો તે વસ્તુની ઈચ્છા અથવા પ્રબલેચ્છા થતી રહે છે. . .

તમે તમારા ગયા જન્મમાં જે સુખ (આનંદ) કમાઈને લાવ્યા છો તે ભોગવશો. જો કે તે સુખ તમે તમારા પુણ્યને વટાવીને પ્રાપ્ત કરવાના.

જિજ્ઞાસુઃ અધ્યાત્મપથ પર ઈચ્છાનું મહત્ત્વ શું છે?

દાદાજીઃ આ દુનિયાની રેઝર-બ્લેડ બે ધારી છે અને તેની બંને બાજુનો ઉપયોગ કરી શકાય છે પણ શુદ્ધાત્માની બ્લેડની માત્ર એક જ બાજુનો ઉપયોગ કરી શકાય છે. જો કોઈ શુદ્ધાત્માને બદલે હું અશુદ્ધઆત્મા છું એ રીતે તેનો ઉપયોગ કરે તો શું થાય? એનું પરિણામ ભારે વિનાશ લાવે.

શુદ્ધાત્માને કોઈ ઈચ્છા ન હોય પણ અંતરાત્માને ઈચ્છા હોય. અંતરાત્મા પૂર્ણ શુદ્ધાત્માની દશા મેળવવા માટે ઇચ્છા (ભાવના) નો ઉપયોગ કરે છે. જ્યારે એ પદ પ્રાપ્ત થાય ત્યારે ઈચ્છાનું કોઈ નામનિશાન નહિ રહે. વીતરાગ મારફતે તે પ્રાપ્ત થશે. વીતરાગને કોઈ ઈચ્છા નથી હોતી. મારી ઈચ્છા તો માત્ર Discharge ઇચ્છા છે કારણ કે મેં 'શુદ્ધાત્મા' નું પદ

મેળવ્યું છે. અર્થાત્ પૂર્ણત્વ. જ્યારે મારા થકી જ્ઞાનદીક્ષા પામેલ મહાત્માઓની ઈચ્છા ગ્રહણીય છે. ગ્રહણીય અર્થાત્ પૂર્ણપદ મેળવવા માટે.

જિજ્ઞાસુ: ઈચ્છા અને ચિંતવન વચ્ચે શું ફરક છે?

દાદાજી: ચિંતવનથી નવાં કર્મોનું ઉપાર્જન થાય છે જ્યારે ઈચ્છાઓ પાછલા કર્મોનો હિસાબ જણાવે છે. ઈચ્છા અથવા અનિચ્છા આ બંને કર્મની પેટીનો માલ છે.

જિજ્ઞાસુ: ઈચ્છાઓ કેવી રીતે પૂરી થાય છે?

દાદાજી: જ્યારે તમારા પુણ્યકર્મ ઉદય પામે છે ત્યારે તમારી ઈચ્છાઓ ક્રમવાર પૂર્ણ થાય છે પણ જ્યારે તે પરંપરા તૂટે ત્યારે તમે જીવનમાં અનિચ્છિત પદાર્થોનો સામનો કરો છો. દાખલા તરીકે, જો નંબર અંધારામાં નાંખ્યા હોય અને શ્રેણી ૧, ૨ અને ૩ આમ આગળ વધે પણ જો ક્રમ તૂટી જાય તો તેને ૭ પછી ૫૭ મળે છે! કોઈપણ લીંક કે શ્રેણી વગર જ અર્થાત્ ક્રમાનુસાર ઈચ્છા પૂર્ણ થાય અને અક્રમ આવે ત્યારે અનિચ્છિત આગળ ને આગળ આવે.

જિજ્ઞાસુ: કૃપા કરીને દાખલા સહિત સમજાવો.

દાદાજી: સાંભળો, રત્નાગિરિમાં એક જણે આવીને મને કહ્યું કે, "દાદાજી! હું જ્યાં હાથ મૂકું છું ત્યાંથી મને સોનું મળે છે". મેં તેને કહ્યું કે અત્યારે તમારા જીવનમાં પુણ્યકર્મનો ઉદય છે પણ થોડાક વખત પછી આ પરંપરા ખંડિત થઈ જશે અને ખરેખર થયું પણ એમ જ. તે માણસને તેના ધંધામાં એવી તો ભારે ખોટ ગઈ કે પતિ-પત્ની બંનેએ આત્મહત્યા કરી લેવાનો પ્રયાસ કરેલો પણ સદ્‌ભાગ્યે તેઓ બચી ગયાં. પછી તેઓ મારા શબ્દોને યાદ કરતા હતા. ઘટનાઓનો આ ક્રમ અથવા અક્રમ તો આવે ને જાય પણ ખરો. આવું છે સંસારી જીવન!

ઈચ્છાઓ તો આપણાં પૂર્વજન્મનો હિસાબ છે અને ગલન સ્વરૂપે છે. જ્યારે ચિંતવન ભવિષ્ય માટે આયોજન કરે છે અને આ યોજનાઓમાં મશગુલ થઈને નવાં કર્મો ઊભા કરે છે. ઈચ્છા તો એક Effect છે જ્યારે ચિંતવન એ કારણ છે. તે ચાર્જીંગ પોઈન્ટ છે.

જ્યારે કોઈ ઘટના ઘટવાનું નક્કી હોય ત્યારે પહેલાં તેની ઈચ્છા પાંગરે છે. જ્યારે તે એસ. એસ. સી. ની પરીક્ષામાં પાસ થવાનો હોય છે ત્યારે તે પહેલાં એસ. એસ. સી. કરવાની ઈચ્છા કરે છે. જ્યારે તેના કર્મના અંતરાય દૂર થઈ જશે ત્યારે તે એસ. એસ. સી. ની પરીક્ષામાં પાસ થઈ જશે. માણસ સત્સંગ સભામાં દ્રવ્ય વાપરવાની ઈચ્છા ધરાવે તો શું તે આમ કરી શકશે ખરો? તેના અંતરાય કર્મો આડા આવે છે. એટલે તેની પાસે દ્રવ્ય હોવા ઉપરાંત સાનુકૂળ સંજોગો હોવા છતાં પણ તે પોતાની ઈચ્છા પૂર્ણ કરવા માટે રૂપિયા ઉપાડી શકતો નથી. જ્યારે તેના કર્મોનો અંતરાય હટતાં જ તેની ઈચ્છા મુજબ સઘળું

કુદરતી રીતે ગોઠવાઈ જશે.

મહાન શાસ્ત્રકારોનું કહેવું છે કે ઈચ્છાઓ ફૂલની જેમ પોતાની રીતે પાંગરતી (સ્ફૂરતી) હોય છે. તેમાં કોઈએ ઈચ્છા કરવાની જરૂર નથી હોતી.

જિજ્ઞાસુ: લોકો તો ઢગલાબંધ ઈચ્છાઓ ધરાવે છે.

દાદાજી: કળિયુગના જમાનામાં લોકો ખૂબ જ ક્ષુલ્લક ઈચ્છાઓ ધરાવે છે. જેમ કે તીખી ચટણી ખાવાનું મન થવું. તેમને જીવનમાં ઘણી બધી વસ્તુઓનો આનંદ લેવા માટેની ઈચ્છાઓ નથી હોતી. તેઓ 'તીખી ચટણી' ખાવા જેવી ઈચ્છાઓ પાછળ પોતાનું જીવન વીતાવી દે છે. મેં એવા ધનવાનને જોયો છે કે જેણે મહાવીરના સત્સંગમાં ઘણાં રાત-દિવસ વિતાવ્યા છે. તેઓ સત્સંગ પછી તેમની પત્નીને કહેતા કે, ''તું ઘેરથી પૂરી-શાક લઈ આવજે. અહીં સાથે જમીશું''. ભગવાનની વાણી તેમને માટે અમૃત સમાન મીઠી લાગતી એટલે તેઓ સત્સંગ ગુમાવવા નહિ ઈચ્છતા હોય. છતાંય ચટણીની ઈચ્છા તો વળગેલી જ છે. એટલે તેઓ હજી સંસાર ભ્રમણ કરતા જ રહે છે! લોકો ઊગતી અને આથમતી બન્ને ઈચ્છાઓ ધરાવે છે.

જિજ્ઞાસુ: આ આથમતી ઈચ્છા શું છે?

દાદાજી: મેં મારા મહાત્માઓને સમજાવ્યું છે કે આત્માનુભૂતિ થયા પછી તમારી ઈચ્છાઓ નવાં કર્મ-બીજ નાંખતી નથી. આ બધી આથમતી ઈચ્છાઓ છે. સૂર્યાસ્તમાં પણ લોકોને સૂર્ય ઊગતો હોય તેવો જ દેખાતો હોય છે પણ તેની ચિંતા નહિ કરવાની. તે તો આથમતી ઈચ્છાઓ છે. અન્ય લોકોને ઊગતી અને આથમતી બંને પ્રકારની ઈચ્છાઓ હોઈ શકે છે. ઊગતી ઈચ્છાઓ કારણસ્વરૂપ ઈચ્છાઓ છે જ્યારે આથમતી ઈચ્છાઓ Effect સ્વરૂપ ઈચ્છાઓ છે.

અહીં થોડુંક રૂ (કપાસ) પડેલું છે. આ ઈચ્છાસ્વરૂપ નથી પણ જો તેને દીવાસળી વડે આગ ચાંપવામાં આવે તો તે ઈચ્છા કહેવાય. ઈચ્છા પ્રગટ આગ છે અને જ્યાં સુધી તે વણસંતોષાયેલી રહે છે ત્યાં સુધી તે સળગતી જ રહે છે. વસ્તુને આગ ચાંપવી તે ઈચ્છા છે અને તે તમને અંદરથી સળગતી રહીને દઝાડતી જ રહે છે. અને મારી કેવી હાલત છે? અરે, મારી પાસે તો સળગાવવા માટે દીવાસળી પણ ન હોય! ઊગતી ઈચ્છા અર્થાત્ Charge અને આથમતી ઈચ્છા અર્થાત્ Discharge ઈચ્છા (ગલનશીલ ઈચ્છા). આ બધું ખાવા-પીવાની ઈચ્છા તો આથમતી અથવા ગલનશીલ ઈચ્છા છે, તેનાથી જરાય નુકસાન નથી પણ ઊગતી ઈચ્છા બંધનકર્તા છે અને વેદના આપે છે. છતાંય ઈચ્છા એ ભાવ નથી!

## ૩૦. ભાવ એટલે શું?

જિજ્ઞાસુ: ભાવ શું છે? તે ઈરાદો કે સંકલ્પ છે કે પછી આકાંક્ષા (અભીપ્સા)? કર્મમાં તેનો શું ફાળો હોય છે?

દાદાજીઃ શુદ્ધાત્મામાં કોઈપણ ભાવ હોતો નથી. ભાવ અર્થાત્ તે પ્રતિષ્ઠિત આત્માનો ભાવ કહેવાય છે. આપણે તેને ઈરાદો કહી શકીએ અથવા ઊંડે ઊંડે બેઠેલી ઝંખના. પ્રતિષ્ઠિત આત્મા જ્ઞાની અને અજ્ઞાની બંનેમાં છે. અજ્ઞાનીને ભાવમનના દૃઢ પરિણામરૂપે ભાવ છે. કોઈ દૃઢતાપૂર્વક નક્કી કરે કે તેને પ્રતિક્રમણ કરવું જ છે. આ ભાવ છે, તેને રૂપકમાં આવે એટલે દ્રવ્યભાવ ઉત્પન્ન થાય છે અને છેવટે દ્રવ્યમાંથી અન્ય ભાવ ફરીથી ઉત્પન્ન થાય અને એ જ રીતે આગળને આગળ ચાલે.

જિજ્ઞાસુઃ ભાવમન અને દ્રવ્યમન એટલે શું?

દાદાજીઃ જ્યારે પ્રતિષ્ઠિત આત્મા ભાવ વ્યક્ત કરે, એટલે ભાવમનની શરૂઆત થાય છે અને તેનાથી દ્રવ્યમન રચાય છે. આંતરિક ભાવમન પ્રતિષ્ઠિત આત્માનું પ્રત્યક્ષરૂપે ચાર્જ થતું અંગ છે. ભાવમનના પણ બે પ્રકાર છે. ગલન Discharge ભાવમન અને Charge ભાવમન.

તમે જે દ્રવ્યમન જુઓ છો તે ગલન છે. ભાવમન દૃશ્યમાન નથી. કેટલાક તો આ અત્યંત ગહન વિલક્ષણ તત્ત્વને જાણતા પણ નથી હોતા.

જો 'ચાર્જ પ્રક્રિયા' સાહજિક રીતે બુદ્ધિગ્રાહ્ય હોત તો પ્રતિષ્ઠિત આત્માને કોઈ ચાર્જ થવા નહિ દે! અને બધા જ મોક્ષ પામી જાત. ભાવનું ઉપાર્જન શોધી કાઢવું રમતવાત નથી. જો શોધી લેવાય તો તેને તે જડબેસલાક બંધ કરી દે! બહુ જૂજ લોકો જ આ ભાવને સમજી શકે છે. પણ તેઓ તેને અજ્ઞાન જીવાત્મા-મૂઢાત્માનો છે, તેમ સમજે છે. એટલે આખા મુદ્દાને ગૂંચવી નાખે છે. જ્ઞાન વિના ભાવને કદીયે સમજી ન શકાય. તે સમજવું અતિગહન છે.

જિજ્ઞાસુઃ શું ભાવ એ શુદ્ધાત્માને થાય છે?

દાદાજીઃ શુદ્ધાત્માને ભાવ નથી હોતો. તે એકદમ અલગ અને ભાવથી પર છે. ભાવ અર્થાત્ અસ્તિત્વ અને તે તો પ્રતિષ્ઠિત આત્માનું આલેખન (project) હોય છે. લોકો પોતાના ગમા-અણગમાને ભાવ તરીકે ઓળખાવે છે. આ બધા પ્રતિષ્ઠિત આત્મા સાથે જોડાયેલ છે અને તેના કારણે કર્મની રચના થાય છે. લોકો ક્ષણભંગુર વસ્તુઓની ઈચ્છા કરતા હોય છે અને પોતે તેવા બની જતા હોય છે! જ્યારે કોઈ આયનામાં દેખાતા પ્રતિબિંબને જ 'હું છું' એમ માને તો તે શું પ્રગતિ કરી શકવાના હતા?

## ૩૧. દેહની ત્રણ અવસ્થાઓ.

જિજ્ઞાસુઃ દેહની ત્રણ અવસ્થાઓ છેઃ બાળપણ, યૌવન તથા વૃદ્ધાવસ્થા. બધા બાળપણમાં સુખી હોય છે પણ તે પછી કેમ સુખી નથી હોતા?

દાદાજીઃ બાળપણ તો પરમ સુખની અવસ્થા છે. એકદમ સહજ અને નિર્દોષ. બાળકને કશી જ ચિંતા નથી હોતી. છલોછલ ભરેલું દૂધ બાળકને તેના જન્મ સમયે આવકારે છે! શું તેને કશીય ચિંતા હોય છે ખરી? ક્યારે દૂધ પીવડાવવામાં આવશે વગેરે . . છતાં એને બધું સમયસર મળી જાય છે.

બાળકનું મન વિકસેલું હોતું નથી. તેની બુદ્ધિ વિકસેલી નથી હોતી, માત્ર ચિત્તવૃત્તિ કાર્યરત હોય છે અને તે પણ મર્યાદિત ક્ષેત્રમાં જ. દાખલા તરીકે, તે રમકડાને જુએ છે એટલે તેની ચિત્તવૃત્તિ થોડીકવાર માટે તે રમકડામાં જાય છે પછી બીજે વળી જાય છે. પણ વયસ્કોને તો તેમની ચિત્તવૃત્તિ બે ચાર બાબતોમાં જ લાંબા સમય સુધી રોકાઈને વારાફરતી રખડ્યા કરે છે. જ્યાં સુધી બાળકની બુદ્ધિ વિકસિત નથી ત્યાં સુધી સાહજિક સુખ હોય છે પણ જેમ-જેમ બુદ્ધિ વિકસતી જાય છે તેમ-તેમ બેચેની વધતી જાય છે.

જ્ઞાનીપુરૂષ તો બાળક જેવા હોય છે. જો કે બાળક તો અજ્ઞાનની દશામાં હોય છે જ્યારે જ્ઞાનીપુરૂષ તો જ્ઞાન અને સમજણના સર્વોચ્ચ શિખર ઉપર બિરાજમાન હોય છે.

જિજ્ઞાસુઃ અને યુવાવસ્થા માટે આપનું શું કહેવું છે?

દાદાજીઃ જીવનની યુવાવસ્થા ભભૂકતી આગ જેવી હોય છે. આ અવસ્થામાં ભાત-ભાતના સંજોગો ઊભા થશે, એટલે એમાં ચારિત્ર્યને અભડાવાની શક્યતાઓ વધારે હોય છે. તેથી સજાગતા અને તકેદારી રાખવી જોઈએ. માત્ર દેવો જન્મ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુથી મુક્ત છે અને તેઓ ચિરયુવાન હોય છે.

જિજ્ઞાસુઃ દાદાજી! વૃદ્ધાવસ્થા પર પણ પ્રકાશ પાડો.

દાદાજીઃ વૃદ્ધાવસ્થા તો ઓસરવાની અવસ્થા છે. જીવનની આ ખૂબ જ કપરી અવસ્થા છે. દેહનાં બધાં અંગો ઘસાઈ ગયા હોય છે. દાંત હાલી ગયા હોય છે, કાન દુખવા લાગે છે. વૃદ્ધાવસ્થામાં ખૂબ જ કાળજી લેવાવી ઘટે છે. જો કોઈ બહુ ચીકણા કર્મોથી બંધાયેલો ન હોય તો તે જરાય દુઃખ વેઠ્યા વિના શાંતિથી નિર્વાણ પામે. અરે, જ્યારે દેહનાં બધાં અંગો કામ ન કરતાં હોય તો પણ વૃદ્ધ માણસ તુચ્છ વસ્તુઓ પ્રત્યે વળગી રહેતો હોય છે.

બાંધેલા ભારે કર્મો તો દારૂખાના જેવાં હોય છે અને તે બધાં વૃદ્ધાવસ્થામાં ફૂટે છે અને ખૂબ જ દુઃખ અને યાતનાઓ આપી જાય છે.

જિજ્ઞાસુઃ વૃદ્ધાવસ્થામાં સુખી શી રીતે રહી શકાય?

દાદાજીઃ નાની ઉંમરમાં વધુ પડતી મોજ-મજા માણી હોય તેને વૃદ્ધાવસ્થામાં મોટેભાગે દુઃખી થવાનો વારો આવે.

યુવાવસ્થામાં જેણે દુઃખ અને યાતનાઓ વેઠેલી હોય તેને વૃદ્ધાવસ્થામાં મોટાભાગે સુખ હોય. કુદરતી ન્યાય આવો છે! વ્યક્તિ તેણે જે દુઃખ વેઠયું છે તેના (અશાતા) સમપ્રમાણમાં સુખ મેળવશે. એવા ખૂબ જ ઓછા પુણ્યવાન-શીલવાન આત્મા હોય છે, જે શાંતિથી વિદાય લેતા હોય છે!

જિજ્ઞાસુઃ મોજ-મજા કરવામાં શું નુકસાન?

દાદાજીઃ સુખ ભોગવતી વખતે લોકોને એ ખબર નથી હોતી કે આ મોજ-મજાનો હિસાબ પરત ચૂકવવો પડશે. અને અણહકના સુખોમાં તો ભોગવવામાં કોઈનો હક દાવો નહિ ચાલે, મૃત્યુના સમયે અંતે તો એ બધાં કર્મોના હિસાબનું ચૂકવણું કરીને જ જવાનું થશે. જે લોકો સીધા-સાદા અને સરળ છે તેમને સૌ સારાં વાનાં થશે.

જિજ્ઞાસુઃ મૃત્યુ વેળાએ આદર્શ અભિગમ કેવો હોવો જોઈએ?

દાદાજીઃ મૃત્યુ વેળાએ કોઈ ‘હું જાઉં છું’ એમ કહી પોતાના ઐહિક જીવનને અલવિદા કહે તો એ સારી વાત છે. તેનો આત્મા ઉચ્ચ કોટિનો ઉત્કર્ષ સાધશે પણ કોમા અથવા અચેતનાવસ્થામાં થયેલું મૃત્યુ પશુજીવનના સ્તરે લઈ જાય છે. જ્યારે હૃદય બંધ પડે તો તેની દશાનું તો કાંઇ ઠેકાણું જ નહિ. આજકાલ રૌદ્રધ્યાન અને આર્ત્તધ્યાન એવું તો વ્યાપેલું છે કે જીવવાનું જ નહિ પણ મરવાનું પણ કપરું થઇ ગયું છે. જો યુવાનીમાં મોત નિપજે તો તે રૌદ્ર અથવા આર્ત્તધ્યાનની દશા હોય. જો વૃદ્ધ વ્યક્તિ વિષાદ અને ગ્લાનિની દશામાં મરણ પામે તો તેને આવતા ભવમાં અવનતિનું ભારે જોખમ રહે.

જિજ્ઞાસુઃ ઘણું ખરું લોકો શા માટે શાંતિપૂર્ણ સમાધિ મરણ પામતા નથી?

દાદાજીઃ આજકાલ લોકો જીવન જરૂરિયાતો અનૈતિક રીતે મેળવતા થયા છે. એ બધું તેમણે આર્ત્ત અને રૌદ્રધ્યાન દ્વારા મેળવેલું છે. આના પરિણામે મૃત્યુની ક્ષણોમાં પીડા અને શારીરિક-માનસિક કષ્ટ થાય છે. શરીરનો એકેએક પરમાણુ કષ્ટ અનુભવે છે અને જો પીડા વધારે હોય તો હૃદય ગતિ પણ અટકી શકે છે. પૂર્વજન્મનાં કર્મની અસરોને બીજા ભવમાં વેઠવી જ પડે છે. આ તો પરમાણુંઓનું વિજ્ઞાન છે! ખરેખર આ વિજ્ઞાન વીતરાગે પ્રબોધેલું છે. આ વ્યવસ્થિત (સંચાલન) માં કોઈનું કાંઈ ચાલે તેમ નથી!

ભગવાને કહ્યું છે કે પ્રામાણિક પ્રયત્નની કમાણીને સાદું ભોજન અથવા સાદા કપડાં, જે તમે કમાયા છો તે અપ્રમાણિકતાની કમાણીથી મેળવેલ બીજા બધા કરતા ઉત્તમ છે. ઢળતી વયમાં જ્યારે વિદાય પાસે આવે ત્યારે કર્મના બધા જ ફટાકડા ફૂટવા માંડે છે પણ અજ્ઞાનતા વૃદ્ધાવસ્થાને ખૂબ જ દુઃખદાયક બનાવી દે છે.

જિજ્ઞાસુઃ દાદાજી! આત્મસાક્ષાત્કાર પામેલ વ્યક્તિ તેના મરણને કેવી રીતે વધાવે છે?

દાદાજીઃ વિદાયવેળાએ દેહ અને અંતઃકરણમાં દારૂખાનું ફૂટતું હોય ત્યારે તે વ્યક્તિ હમેશાં જ્ઞાતા તરીકે આત્માની ગુફામાં સલામત રહી શકે છે. અમારા જ્ઞાની મહાત્માઓ જ્યારે તેમના છેલ્લા શ્વાસ ચાલતા હોય ત્યારે કહેશે. ''જે રીતે તમે આ દેહના છેલ્લા શ્વાસ ચાલતા જુઓ છો તે જ રીતે હું પણ જાઉં છું''. તેઓ તેમના છેલ્લા શ્વાસના જ્ઞાતા અને દૃષ્ટા રહે છે!

જિજ્ઞાસુઃ કૃપા કરીને મને સમજાવો કે જીવનયાત્રા પ્રત્યે કેવી દૃષ્ટિ રાખવી જોઈએ?

દાદાજીઃ જે ક્ષણથી તમે જન્મ લો છો, તમારી સ્મશાન તરફની યાત્રા શરૂ થઇ જાય છે! માટે જો તમે મરી જ જવાના હોય તો પછી શા માટે તમારો સમય તુચ્છ વસ્તુઓ પાછળ વેડફી રહ્યા છો? થોડોક એવો પણ વિચાર કર કે તું પ્રત્યેક ક્ષણે સ્મશાન તરફ જઈ રહ્યો છે. તારે જ્યારે ત્યારે છેલ્લા સ્ટેશને પહોંચવાનું જ છે. તને શાંતિપૂર્ણ મૃત્યુની આશા રાખવાની છૂટ છે પણ તે (મોત) વહેલું આવશે કે મોડું એ વિચારવું ન જોઈએ.

ઘડપણમાં સઘળાં દુઃખો એક જ માંદગીમાં ભળી જાય છે. જો કોઈને તેની દવાની જાણ હોય તો તે આ પીડાની શરૂઆત થતાં જ તે દવા લેવાનું શરૂ કરી દે. અને આ છેલ્લી બીમારી તો આગળ ઉપરની મુસાફરી કરવા માટેનું તેડું છે!

જિજ્ઞાસુઃ કૃપા કરીને અમને આ દેહ વિશે સમજાવો.

દાદાજીઃ તે ચામડીથી ઢંકાયેલો માંસનો લોચો માત્ર જ છે જે કરમાઇ જાય, સડી જાય, ગંધાઈ ઉઠે, ઘસાઈ જાય. . તમે આ દેહને પંપાળો છો, સ્નાન કરો છો, સાફસફાઈ કરો છો, ખવડાવો-પિવડાવો છો, કેટકેટલી માવજત કરો છો છતાંય આ દેહ છેલ્લે તો તમારી સાથે દગો રમી જાય છે.

જીવનના છેલ્લા પડાવ વખતે જ્યારે વ્યક્તિનું પોતાનું શરીર જ જો બેવફા નીવડે તો આપણાં સગાંવહાલાંની તો વાત જ શી?

કોઈ તેના દેહને સતત ખૂબ જ લાડ લડાવે-પંપાળે પણ શું તેમાંથી રસી વહ્યા કરે તો તે ગમે ખરું? એ રસીવાળા ભાગને જોવો ન ગમતો હોવાને લીધે તમને શરીર પ્રત્યે વૈરાગ્ય થઇ જાય. હા, શરીર તો પરુ, લોહી અને માંસના લોચા જ છે!

હા, હું એ જેવું છે તેવું જોઉં છું. તેથી હું વીતરાગ જ રહું છું. દેહ સાથે અનંત અવતાર રાગ કર્યો હોઈ તેનું પરિણામ જન્મ અને મરણ આવ્યું. એકવાર માટે પણ આત્માનુરાગી થઇ જાવ. વીતરાગ બનો જેથી અનંત અવતારનો બદલો વળી જશે. તમે જે નુકસાન ભોગવ્યું છે તે વાળી લેવાનો નિશ્ચય કરો. તમારે કેવું શરીર જોઈએ? મોક્ષ પ્રાપ્તિ માટે દેહ તો કાર્યક્ષમ સાધન હોવો જોઈએ. તમારે ચરમ દેહ પ્રાપ્ત કરી લેવો જોઈએ. આ દેહ પરમાણુંઓનો બનેલો છે. તમારા અનુભવોનો આધાર પૂર્વભવોમાં તમે અર્જિત કરેલ તમારા પરમાણુંઓ ઉપર છે.

સઘળાં પ્રાણીઓ માણસોની સેવા કરવા માટે જન્મે છે જ્યારે મનુષ્ય માત્ર પોતાના માટે જીવે છે! છતાં ભગવાન કહે છે કે

માનવદેહ તો દેવોને પણ દર્શન કરવા જેવો મૂલ્યવાન છે! જો આપણે આ માનવભવના મહત્વને સમજી લઈએ તો આપણું જીવન સાર્થક બની જાય!

## ૩૨. આચાર, વિચાર અને ઉચ્ચાર.

જિજ્ઞાસુઃ કૃપા કરીને અમને સદાચરણ વિશે સમજાવો.

દાદાજીઃ વિચાર, વાણી અને વર્તન ચંચળ છે અને પરિવર્તનીય છે. આપણે તો કાળજીપૂર્વક એ જોવાનું છે કે આવો વિચાર આવ્યો. જે વિચાર ઉદ્ભવે તેને માટે આપણે જવાબદાર નથી હોતા કારણ કે તે તો પૂર્વની અર્જિત કરાયેલ આપણાં કર્મોની ગ્રંથિ છે, જે હવે ફૂટે છે. એ તો જેના પર મતું વાગી ગયેલ છે-સહી થઈ ગયેલ, તે આવે છે. આ બધા વિચારો પર ફરી સહી કરીએ, ટેકો આપીએ તો આપણે ભવિષ્યની જવાબદારીઓ ઊભી કરીએ છીએ. જે રૂપકમાં આવે છે તે આચરણ છે, જે અંદર ઉદ્ભવે છે તે વિચાર છે અને જે બોલાય છે તે વાણી છે. વર્તન, વિચાર અને વાણી બદલાયા કરતાં હોય છે. આચાર, વિચાર અને વાચાની ગતિ બદલાયા કરતી હોય છે. જો આ ત્રણે સમતોલ અને સહજ-સ્વાભાવિક રહે તો તે સંચાર કહેવાય છે. એટલે આપણને સમજાવવામાં આવે છે કે જીવનમાં બાહ્યાચારમાં સહજતા જાળવી રાખો.

સત્યુગના જમાનામાં મનના વિચાર જ ભ્રષ્ટ થતા. . . . પણ વાણી અને આચાર ભ્રષ્ટ ન હતા. પણ કળિયુગમાં આ ત્રણેય ભ્રષ્ટ થયેલ છે. કાયિક વ્યવહાર તો શુદ્ધ હોવો જોઈએ. જ્યારે મન અને વાણીમાં અસ્થિરતા આવી શકે છે. કાયિક આચરણમાં લપસવાનું જોખમ રહેલું છે. જો આ ત્રણે ભ્રષ્ટ હોય તો ભયંકર પ્રત્યાઘાતી અને વિરોધી વાણી હોય અને સઘળો કચરો બહાર આવી જશે.

આત્મા અચળ છે. જ્યારે આચાર, વિચાર અને વાણી ચંચળ છે. એટલે તેના પર તકેદારી રાખવી જોઈએ.

જિજ્ઞાસુઃ ઘણીવાર આપણને યોગ્ય વિચાર આવતા નથી.

દાદાજીઃ ઉદ્ભવતા વિચારનું કોઈ જોખમ કે જવાબદારી આપણી નથી રહેતી. કારણ કે તે તો વ્યક્તિની પાછલી ગ્રંથિઓ ખૂલવાને કારણે છે. વિચાર તો ગત જન્મમાં વ્યક્તિ દ્વારા મતું મારી દેવાયેલાનું ફળ છે. એટલે આપણે અત્યારે તેના માટે જવાબદાર ઠરતા નથી પણ જો કોઈ તે વિચારોને ફરીથી સમર્થન આપે અને ફરીવાર મતું મારી આપે તો તેનું જોખમ અને જવાબદારી મોટી બની જાય છે. આપણે એ જાણવું જોઈએ કે આ તે વિચાર આપણી અંદર-અંદર ઉછેરાયેલો હતો.

જિજ્ઞાસુઃ આપણો આચાર શા માટે દૂષિત હોય છે?

દાદાજીઃ આપણે સંસારમાં સુખ મેળવી શકતા નથી તેથી આપણો આચાર દૂષિત હોય છે. જો આપણને શાશ્વત આંતરિક

શાંતિ પ્રાપ્ત થાય તો જ બહારનો આચાર સુધરશે.

જિજ્ઞાસુ: તો મલિન આચાર કોને કહેવાય?

દાદાજી: જો કોઈ ખિસ્સું કાપી લે તો તેના મનમાં બીક રહે છે. તેને લાગે છે કે સંસારમાં આ હીન કક્ષાનું કાર્ય છે અને આ ભ્રષ્ટ અને અનૈતિક કાર્ય છે એ જ રીતે, અપશબ્દો બોલવા, મારપીટ કરવી, દારૂ પીવો, જુગાર રમવો આ બધા અપકાર્યો ભ્રષ્ટ આચાર અને અનૈતિકતાની કક્ષામાં આવે છે. લોકો તેની નિંદા કરે છે. અને તે વ્યક્તિને પોતાને માટે પણ આ નુકસાનકારક છે. પણ ધારો કે તમે આવું જોખમ ઉઠાવવા ઈચ્છતા જ હોય તો પણ વિચારો કે આ ભ્રષ્ટ આચારથી તમને કોઈ રીતે ફાયદો થશે ખરો?

પાયાની વાત એ છે કે બ્રહ્મચર્ય અને શીલ પાલનમાં કોઈપણ ભૂલ સહ્ય નથી, તે તો ન ચલાવી લેવાય. બીજું કે ચોરી તો ક્યારેય સ્વીકાર્ય નથી. સંસારી આચારોમાં બ્રહ્મચર્ય-શીલ સઘળા નૈતિક આચારોમાં સર્વોપરી છે. તે દેવોને પણ ખૂબ જ પ્રિય હોય છે. આમ તો સંસારમાં કોઈ તકલીફ નથી ભલે કોઈને એક પત્ની હોય કે પછી કોઈ એકાધિક પત્ની હોય અને ભલે ચાર સ્ત્રીઓ સાથે કાયદેસર લગ્ન કરી લે! પણ જો કોઈ તે સિવાય લગ્નબાહ્ય રીતે સંસારી આચારને ભ્રષ્ટ બનાવે તો ભગવાનની નજરે તે અનૈતિક અને જારકર્મ છે. એટલે તે સ્વીકાર્ય નથી. જ્ઞાનનો પ્રભાવ સંસારી આચારને ભ્રષ્ટ અથવા દૂષિત થતો રોકે છે.

જિજ્ઞાસુ: આત્માનો સાક્ષાત્કાર કરેલ વ્યક્તિએ આચારમાં શી કાળજી લેવી જોઈએ?

દાદાજી: જ્ઞાની દરેક આચાર, વિચાર અને વાણીના જ્ઞાતાદ્રષ્ટા હોય છે. આપણે જ્ઞાનની મદદથી ગમે તેવી મુશ્કેલ કે દુ:ખકારક પરિસ્થિતિઓમાંથી બહાર નીકળી શકીએ છીએ. આપણી પાસે જ્ઞાનરૂપી ઈમરજન્સી બ્રેક છે. જેનો આપણે મુશ્કેલ અને કષ્ટદાયક સંજોગોમાં ઉપયોગ કરી શકીએ છીએ. જો તમારી પાસે જ્ઞાન નહિ હોય તો તમે ફરતા ભમરડાની જેમ ફર્યા કરવાના પણ આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી તમારું આચરણ અને ચરિત્ર પણ શ્રેષ્ઠ હોવાં જોઈએ કારણ કે તમે મોટી જવાબદારી ઉપાડી રહેલ છો. લોકનિંદા થાય એવું તમારું આચરણ અને કર્મ ન જ હોવું જોઈએ. ખરાબ વિચારો (મન) અથવા દૂષિત વાણી સહન કરી શકાય પણ મલિન દેહાચાર (ખરાબ કૃત્યો) તો ચલાવી ન જ લેવાય ત્યાં તો ભગવાન પણ ઊભા ન રહે.

જિજ્ઞાસુ: પણ જો કોઈ પોતે દુશ્ચરિત્રના જ્ઞાતા-દ્દષ્ટા છે એવા બહાના હેઠળ કોઈ હીન આચરણ કરે તો તેનું શું?

દાદાજી: આપણે તો વિચાર (મન) અને વાણીના જ્ઞાતા-દ્દષ્ટા છીએ અને એ તો જ્ઞેય ફિલ્મ કહેવાય. ભલે તેમ હોય પણ અભદ્ર બાહ્યાચાર તો ચલાવી જ ન લેવાય. આપણે ન કહી શકીએ કે આપણે દૂષિત બાહ્યાચારના જ્ઞાતા-દ્દષ્ટા છીએ. એમ

કહીશું પછી દૂષિત બાહ્યાચાર આપણો પીછો કરીને જકડી લેશે અને તમને અધોગતિમાં ખેંચી જશે. તે તમારા જ્ઞાનને ય કચડી નાખશે અને તેની તમને ખબર પણ નહિ પડે. આપણે ઝેરનાં કાંઈ પારખાં કરવાનાં ન હોય. લોકાચાર તો શિષ્ટ જ હોવો જોઈએ. જો બાહ્યાચાર (બ્રહ્મચર્ય) પાળવાનું આપણે નક્કી કર્યું હોય તો અહંકારપૂર્વક પણ કરવું પડશે. અન્યથા દૂષિત કરનાર ઘણાં નિમિત્તો મળશે. આપણે નિશ્ચય કરવો જોઈએ કે બાહ્યાચાર તો ચોખ્ખો હોવો જ જોઈએ. દૂષિત બાહ્યાચાર ખૂબ જ જોખમી છે પણ શુદ્ધચારિત્ર તમને મોક્ષ તરફ લઈ જશે.

જો તમારું ચરિત્ર ભ્રષ્ટ હશે તો દેવો પણ તમને દુઃખ આપશે. દુનિયાનો સૌથી મોટો બાહ્યાચાર એટલે બ્રહ્મચર્ય. તેનું પાલન થવાથી બધા જ શાસન દેવ-દેવીઓ રાજી રહે છે સંસાર અને મોક્ષની દિશામાં આગળ વધવા માટે આપણને દેવ-દેવીઓ સહાયતા કરે છે.

આપણને આત્મજ્ઞાન મળી ગયું છે તેથી અહંકારપૂર્વક પણ મલિન આચરણ અને કુચારિત્રથી દૂર રહેવું જોઈએ.

મોક્ષની ઈચ્છા રાખનાર વ્યક્તિએ ચારિત્રને નુકસાન પહોંચાડનાર આ બધી મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ બાબતોને છોડવી જોઈએ અને તેમનાથી દૂર રહેવું જોઈએ.

**૩૩. લાગણીઃ ઉદ્વેગ.**

જિજ્ઞાસુઃ કૃપા કરીને ઉદ્વેગ પર પ્રકાશ પાડો.

દાદાજીઃ જ્યારે ચેતનાનો સંવેગ (ભાવ) કુદરતી રૂપમાં વહેતો હોય ત્યારે આપણે 'વેગ' શબ્દનો પ્રયોગ કરી શકીએ છીએ. જ્યારે ભાવ અથવા લાગણીનો તીવ્ર વેગ મગજમાં ચઢે તે સ્થિતિને ઉદ્વેગ કહેવામાં આવે છે. ઉદ્વેગના વિચાર આવે તો સમજી લેવું કે કાંઈક ખરાબ થવાનું છે. આ ટ્રેઈન ગતિમાં (Motion) દોડે છે કે પછી આવેગમાં (Emotion)?

જિજ્ઞાસુઃ એ તો 'ગતિમાં' (Motion) જ હોવી જોઈએ.

દાદાજીઃ પણ ધારો કે તે આવેગમાં આવી જાય તો?

જિજ્ઞાસુઃ તો પછી અકસ્માત જ સર્જાય. હજારો લોકોનો ભોગ લે.

દાદાજીઃ એ જ રીતે જ્યાં સુધી માનવ શરીર સહજ ગતિમાં છે ત્યાં અકસ્માત નથી અને કોઈપણ જીવનો નાશ પણ થતો નથી પણ જ્યારે કોઈ આવેગમાં લાગણીવશ થાય તો તેના શરીરમાં રહેલા અનંતા સૂક્ષ્મ જીવો મરી જાય છે. ક્રોધ, માન, માયા અને લોભ માણસને આવેશયુક્ત, ઉદ્વેગી અને હિંસક બનાવે છે તેથી અસંખ્ય સ્થૂળ અને સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે અને તેના કારણે હિંસકપણાનાં પ્રતિકૂળ પરિણામો ભોગવવાં પડે છે. એટલે જ જ્ઞાનીપુરુષો કહે છે કે, "પ્રિય ભાઈ!, હમેશાં

સહજગતિમાં રહો, કદીયે ઉદ્વેગી ન બનો, આવેશમાં ન આવશો''.

જિજ્ઞાસુઃ જ્યારે કોઈ ખૂબ જ લાગણીશીલ (Emotional) બની જાય છે ત્યારે શું થાય છે?

દાદાજીઃ જ્યારે કોઈ અતિ લાગણીશીલ દશામાં આવી જાય ત્યારે અંદરની ઘણી બધી ગ્રંથિઓ એકસામટી ફૂટે છે. તે એકીસાથે ફૂટીને વ્યક્તિના ચિત્તને અંશતઃ અથવા આખેઆખું આવૃત્ત કરી દે છે. અસંખ્ય પરમાણુંઓનો પ્રસ્ફોટ થાય છે, ફેલાઈ જાય છે અને આત્માની દૃષ્ટિને અવરોધે છે.

જેમ વાદળોને કારણે સૂર્યનો પ્રકાશ ઢંકાઈ જાય છે એ જ રીતે આત્મા (જ્ઞાન) નો પ્રકાશ પણ અતિલાગણીવશ દશામાં ઢંકાઈ જાય છે. તેથી આત્માની અદ્દ્ભૂત આધ્યાત્મિક શક્તિ પણ આવૃત્ત થઇ જાય છે. અતિ ઉદ્વેગ વ્યક્તિના તન અને મનની સમતુલાને બગાડી નાખે છે. તેને જાણે કે ભાલાની અણીઓ ભોંકાઈ રહી હોય એમ લાગે છે.

ઉદ્વેગ તો મોટું આવરણ છે. એકવાર જો તેને જીતી લેવાય તો રસ્તો સાફ થઇ જાય છે. જો તમે એકાદ પ્રસંગમાં પણ લાગણીના ભારે આવેશને વશમાં લઈ લો તો પછી નાના-નાના પ્રસંગો તમારા રસ્તાને અવરોધી નહિ શકે.

જિજ્ઞાસુઃ કર્મની બાબતમાં ઉદ્વેગનો શો ફાળો છે?

દાદાજીઃ લાગણીના અત્યંત આવેશ દરમિયાન વ્યક્તિએ ભારે કર્મોના બીજ નાખ્યાં હોય તો બીજા ભવમાં અધોગતિ થાય અને તે ગ્રંથિઓ તેની જોડે-જોડે જ જાય. અને જ્યારે તે લાગણીવશ થાય, આવેશમાં આવે ત્યારે તે ગ્રંથિઓનો પ્રસ્ફોટ થાય.

જિદ્દી (દુરાગ્રહી) વ્યક્તિને મજબૂત ગ્રંથિઓ હોય છે. જે 'વ્યવસ્થિત' ના ધારા મુજબ ફૂટે છે અને એને એમ લાગે છે કે હું આમ કરી નાખું, તેમ કરી નાખું. તેઓ ક્રોધાયમાન થઈને કપ અને રકાબીઓને પણ ફોડી નાખે અને ટેબલને પણ હચમચાવી મૂકે. તેઓ ખૂબ જ ખળભળાટ મચાવે છે પણ નિરાગ્રહીને ભારે ગ્રંથિઓ ન હોય.

જિજ્ઞાસુઃ ઉદ્વેગ બાબતમાં શી કાળજી લેવાવી જોઈએ?

દાદાજીઃ ઉદ્વેગમાં માણસ મૂંઝવણમાં મૂકાઇ જાય છે. ઉદ્વેગની હાલતમાં વ્યક્તિએ કોઈપણ કાર્ય મુલતવી રાખવું જોઈએ અથવા વિલંબ કરવો જોઈએ. ઉદ્વેગની દશામાં વ્યક્તિનાં કામ બગડી જાય છે. માત્ર સહજ વેગની સ્થિતિમાં આવે તો જ કામ બરાબર સારું થાય છે.

ઉદ્વેગ અર્થાત્ ખૂબ જ ઊંચે ચડાવવું. ઉદ્વેગ પ્રત્યેનો યથાયોગ્ય પ્રતિસાદ તમને અધ્યાત્મ તરફ ઊંચકી લઈ જશે. પણ ઉદ્વેગને ખોટો પ્રતિસાદ નીચે માઇલો દૂર તમને ઊંચકીને ફેકી દેશે! જો વ્યક્તિ સરળ અને ઉન્નતિ માટે સંનિષ્ઠ હોય તેને માટે આત્મજ્ઞાનની જાગૃતિ માટેની લાગણીઓ ઉપયોગી પણ હોઈ શકે છે!

જિજ્ઞાસુ: ઉદ્વેગ કેવી રીતે ઉદય પામે છે?

દાદાજી: કારણ વિના ઉદ્વેગ થાય જ નહિ. તેનું કારણ તમારા પાછલા ભવનાં કર્મોનો હિસાબ છે. તમને સંબંધિત હશે તે જ તમારી પાસે આવશે. કારણ વિના કશું જ થતું નથી.

ઉદ્વેગ તો અકસ્માત છે, ઘટના નથી. ઘટના ઘટવાનાં ઘણાં કારણ હોય છે અને અકસ્માત થવાનાં તો અનેક કારણ હોય છે. દેહ માટેની આસક્તિ ઉદ્વેગના પ્રસ્ફોટમાં પરિણમે છે. દેહ અનશ્વર હોય તો તેના રૂપાકારને લાડ લડાવવાનું ઠીક છે પણ એમાંથી રસી તો આવે છે તો પછી લોકોને દેહ માટે આટલો મોહ શા માટે?

તમારે દેહ પ્રત્યે પ્રેમ ત્યાં સુધી રાખવો કે તમે જ્ઞાનીપુરૂષના સંપર્કમાં આવીને જીવનની સમસ્યાઓનો ઉકેલ લાવો. દેહ પ્રત્યેની આસક્તિ ઉદ્વેગ પેદા કરે છે. દેહ માટે તમારો આટલો મોહ હોવા છતાંય તે તો રાખમાં ભળી જવાનો છે.

આટલી આસક્તિ હોવા છતાં પણ દેહનું ક્ષરણ અટકવાનું નથી. અરે ભગવાન પણ કહે છે કે, ''આ મર્ત્ય દેહ તો છલનાપૂર્ણ પરપોટો છે. તેણે ક્યારેક તો રાખમાં પાછા ભળવાનું જ છે''.

આ શરીરને લીધે ગમા અને અણગમાની લાગણીઓ ઊભી થાય છે. એટલે ભગવાન કહે છે કે, ''અનંત અવતાર દેહ માટે ગાળ્યા. હવે એકવાર એક અવતાર આત્મા માટે ગાળ''.

આ સંસારમાં એક જ વસ્તુ પર આસક્તિ રાખી શકાય એમ છે. અને તે છે જ્ઞાની પ્રત્યે હેતભાવ. એમના સિવાય બધું જ દુઃખ અને તકલીફો લાવે છે.

જ્યારે કોઈ મોહિત હોય ત્યારે ઉદ્વેગ અનુભવાય છે. જીવનનો આનંદ મનાવવા સામે કોઈ નુકસાન નથી પણ જ્યારે મોક્ષની ટ્રેઈન આવે ત્યારે બધું ફેંકીને ગાડીમાં બેસવા માટે કૂદકો મારી દેવાને બદલે લોકો સ્ટેશન પર જ મોહીને ચિટકેલા રહે છે. જાણે તેઓ કશાકથી અથવા કોઈના દ્વારા વશીભૂત ન થઇ ગયા હોય! અને ગાડી ચૂકી જાય છે.

ઉદ્વેગ સંસારી પ્રલોભનોમાં અવિચારીપણાથી કૂદી પડવા માટે પ્રેરે છે પણ એમ કરતાં તો તમે મોક્ષની ગાડી ચૂકી જવાના! એના કરતાં તો તમે મારા સત્સંગમાં ઝંપલાવો તો તમારું કામ પાર પડી જશે. એક બાજુ સત્સંગ છે જે જ્ઞાન આપે છે અને લાભ આપે છે તો બીજી બાજુ દુન્યવી પ્રલોભનો છે, જે અચૂકપણે સંતાપ આપે છે.

જે ઉદ્વેગની ઊંચાઇએથી તમારા મનને આરામથી નીચે ઉતારી દે તે સંત-મહાત્મા છે. તે તમારા આગળ ચડતા જતા ઉદ્વેગોને શાંત ભાવોમાં બદલી દે છે. એકવાર તમે સહજ વેગમાં આવો પછી બધું જ ઠેકાણે પડી જશે.

માત્ર આત્મસાક્ષાત્કાર કર્યા પછી જ ઉદ્વેગ શાંત થાય. આત્મસાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી જો વ્યક્તિ ઉદ્વેગને ટાળે એ હિતાવહ

રહેશે કારણ કે તે ઘણાં પરમાણુંઓનું ખેંચાણ કરે છે, જે અચૂક આવા ઉદ્વેગોમાં ચાર્જ થયેલ કર્મોનાં અતિ માઠાં ફળ પેદા કરશે.

## ૩૪. વિષય.

જિજ્ઞાસુઃ કૃપા કરીને વિષય (ઇન્દ્રિય સુખ) વિશે સમજાવો.

દાદાજીઃ જગતમાં વિષય વિશે અજ્ઞાન પ્રવર્તે છે. શાસ્ત્રો આપણને સમજાવે છે કે, 'વિષય તો વિષ' છે. કેટલાક લોકો પણ આ વાતને ટેકો આપે છે અને માને છે કે વિષય તો ખૂબ જ ઝેરી અને હાનિકારક હોવાથી મોક્ષ પ્રાપ્ત નથી કરવા દેતો. હું જ માત્ર સ્પષ્ટ કહું છું કે વિષયો વિષ નથી પણ વિષયમાં નીડરતા એ વિષ છે તેથી ઇન્દ્રિયસુખ (વિષય) ના અમર્યાદ ભોગવિલાસથી ડરવું જોઈએ. નિર્ભીક અતિશય વિષયસુખ એ ઝેર છે.

જિજ્ઞાસુઃ દાદાજી! તો પછી જીવનમાં વિષયો પ્રત્યે સાચો અભિગમ (રસ્તો) કયો છે?

દાદાજીઃ જો તમે ક્યાંક પગ લટકાવીને બેઠા હોય અને તમે બે-ત્રણ સાપને તમારી સામે આવતા જુઓ તો તમે તમારા પગ ઉપર લઈ લેશો. હવે જો તમને સાપની બીક ન હોય તો તમે તમારા પગ લટકાવેલા જ રાખી મૂકશો પણ જો તમે ડરતા હશો તો તમે એકદમ તમારા પગ ઊંચે ખેંચી લેશો. જો તમે સાચે જ નીડર હશો તો તમે તમારા પગ ઊપર નહિ લો. પૂર્ણ નિર્ભયતા એ આત્મજ્ઞાન, કેવળજ્ઞાન કે પૂર્ણજ્ઞાનની નિશાની છે. જ્યાં સુધી તમે પૂર્ણ નહીં થયા હો ત્યાં સુધી સાહજિક રીતે જ તમે તમારા પગ ઊપર ખેંચી લેવાના.

આ ઉદાહરણ દ્વારા હું તમને વિષયો પ્રત્યેની તમારી નીડરતાનું માપ કાઢવા માટે થર્મોમિટર આપું છું. જો તમે સર્પોની સામે ભયમુક્ત રહી શકો તો તમારે વિષયો પ્રત્યે ડર રાખવાની જરૂર નથી. પણ જો તમે સર્પોથી ડરતા હો અને તમારા પગ ઉપર ખેંચી લેતા હો તો તમારે વિષયોથી ડરવું જોઈએ. અરે ભગવાન મહાવીરસ્વામી પણ વિષય બાબતમાં ડરતા હતા અને હું પણ ડરું છું. વિષયો પ્રત્યે નીડરતા એટલે બેફામપણું અને બિલકુલ અવિવેક.

જિજ્ઞાસુઃ એમ કહેવાયું છે કે, 'વિષયો માણસને મોક્ષ પામવા દેતા નથી'.

દાદાજીઃ ખરેખર તો આવું નથી. વિષય માટેનો અંગ્રેજી પર્યાય સબ્જેક્ટ છે. આ જગત તો અનંત વિષયોથી ભરેલું છે. જો મોક્ષપથમાં વિષયો અવરોધતા હોત તો મોક્ષ કોઈપણ મેળવી ન શક્યું હોત. ભગવાન મહાવીરને વિષયો મોક્ષ પ્રાપ્ત કરતાં રોકી શકયા નથી તો પછી તે શા માટે તમારા મોક્ષમાર્ગને રોકે? વિષયો નડતા નથી પણ તમારી વિકૃત મનોવૃત્તિઓ તમારી મોક્ષગામી દિશાને અવરોધે છે. ભગવાન વિષયોથી અલિપ્ત રહીને નિર્વિષયી રહેલ છે અને મોક્ષ પામ્યા છે! ખરું કહીએ તો શુદ્ધાત્મા તેના મૂળ સ્વભાવે કરીને વિષયોથી બિલકુલ જુદો અને નિર્વિષયી જ છે. મન, વચન અને કાયા જ વિષયી છે અને

ઇન્દ્રિયસુખ ઈચ્છે છે. તેમ છતાં જો શુદ્ધાત્મા મન, વચન અને કાયાથી અલિપ્ત રહે તો નિર્વિષયી થઈને મોક્ષ મેળવી શકે છે.

જિજ્ઞાસુ: તો પછી આત્માને વિષય અને ઇન્દ્રિયસુખોની લાલસા સાથે શો સંબંધ છે?

દાદાજીઃ મૂળ વાત તો એ કે શુદ્ધાત્મા એના મૂળ સ્વભાવથી જ ઇન્દ્રિયજન્ય સુખોથી અલિપ્ત છે પછી આત્મા શી રીતે ઇન્દ્રિયજન્ય સુખોનો આનંદ લે? જો તે આવા ઈન્દ્રિયસુખોનો ભોક્તા હોત તો તે મોક્ષ કદાપિ મેળવી જ ન શકે. વિષય-મનોવલણ એ શુદ્ધાત્માનો અખંડ અને અવિચ્છેદ્ય ગુણ હોત તો પછી શુદ્ધાત્મા સાથે તે કાયમી સ્વરૂપે રહેત. આત્મા ક્યારેય વિષયસુખ ભોગવી ન શકે, આ બાબત જ મૂળભૂત સિદ્ધાંતની વિરુદ્ધ છે. આત્મા વિષયસુખો ભોગવી શકે જ નહીં, આત્મા એનો ભોક્તા છે જ નહીં.

જિજ્ઞાસુ: તો પછી વ્યક્તિમાં એ શું છે જે વિષયસુખનો આનંદ ઉઠાવે છે?

દાદાજીઃ ભ્રમ અને ખોટી માન્યતાઓને કારણે અહંકાર કહે છે કે, 'મેં વિષય માણ્યો'. અને આ જ ફસામણનું કારણ છે. જો આ ભ્રમ ભાંગી જાય અને વ્યક્તિ શુદ્ધાત્મામાં અડગ રહે તો તે નિર્વિષયી રહી શકે અર્થાત્ વિષયથી મુક્ત રહે.

જિજ્ઞાસુ: આ સંદર્ભે વિષય કોને કહેવાય?

દાદાજીઃ એવું કાંઈપણ જે વ્યક્તિના મનને આનંદ આપે તે વિષય કહેવાય! એવું કંઈપણ જે વ્યક્તિના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને તદ્રુપ બનાવે તે વિષય કહેવાય! જ્યારે વ્યક્તિ થોડાક સમય માટે પણ જેમાં તલ્લીન થઇ જાય અને તેમાં નિમગ્ન થઇ જાય તે વિષય છે. વિષય વિશે વિચારો આવવા સ્વાભાવિક છે, તે તો તમે અગાઉ જે ભેગા કરેલ છે તે પરમાણુંઓનું ગલન છે પણ જો તમે વિષયસુખમાં તલ્લીન થઇ જાવ તો અને તેનો આનંદ લેવા માંડો તો તે વિષય કહેવાય છે અને તે હાનિકારક છે. જે તમને શરૂઆતથી છેવટ સુધી ગમતું રહે તે વિષય કહેવાય છે! વિષય કોઈ વસ્તુ નથી પણ એ પરમાણુંઓનો પ્રભાવ (ફોર્સ) છે જે પૂર્વભવમાં તિવ્રેચ્છાઓ (ભાવો) ને કારણે આરોપિત થયેલ છે.

જ્યારે આ પરમાણુંઓનું ગલન થતું હોય ત્યારે જો તમે તેમની સાથે તલ્લીન થઇ જાવ અને એકાકાર થઇ જાવ ત્યારે એ વિષય કહેવાય છે. વિષય કોઈપણ સબ્જેક્ટનો હોઇ શકે છે. ઈતિહાસ અથવા ભૂગોળનો પણ વિષય થઇ શકે છે અને પ્રાયશ્ચિત અને સંસાર પરિત્યાગનો પણ વિષય થઇ શકે છે. જેમાં તમે તલ્લીનતા અનુભવો તે વિષય થઇ જાય છે. વિષય સુખમાં લપેટાઈને તમે મોક્ષ શી રીતે પામી શકો? એનાથી છૂટો અને મોક્ષ પ્રાપ્ત કરો.

જિજ્ઞાસુ: પણ વિષયસુખના વિચારો મનમાં ઝબક્યા કરે છે.

દાદાજીઃ એ સ્વાભાવિક છે. જે વારંવાર યાદ આવતું રહે તે વિષય છે. પૂર્વજન્મમાં ભૂતકાળમાં ક્યારેક charge થયેલા

અને પૂરણ થયેલા પરમાણુંઓના ગલનને કારણે આવા વિચારો આવે છે પણ જો તમે તેનાથી મોહિત થઇને તેમાં એકાકાર થઇ જાવ, એનો તમે આનંદ લો તો એને વિષય કહેવાય. એ હાનિકારક છે.

જે તમારા મનને ભૂત-પ્રેતની જેમ વળગી રહે તે વિષય!

જિજ્ઞાસુ: લિજ્જતદાર આહાર લેવામાં શું ખોટું છે?

દાદાજી: મીઠાઈઓ, ભજીયાં કે દહીંવડા આરોગવામાં કશું જ ખોટું નથી પણ જો તે તમારા મનમાં ઘર કરીને રહે અને તમે હમેશાં એનો જ વિચાર કરતા રહો તો પછી એ વિષય બની જાય. તમે સિનેમા જુઓ અને જોઇને ભૂલી જાવ તો પછી એ વિષય નથી. તમે કશાકનો આનંદ મેળવો અને પછી ફરીથી યાદ ન કરો તો એ ભૂતકાળમાં આરોપિત પરમાણુંઓનું ગલન છે પણ એને વારંવાર યાદ કરીને તેમાં ગૂમ થઇ જાવ છો, માટે એ વિષય કહેવાય છે.

જિજ્ઞાસુ: લોકોમાં વિષયના પ્રકાર અલગ-અલગ હોય છે.

દાદાજી: અનંત પ્રકારના વિષયો છે. કોઈકને ગુલાબ ગમતું હોય અને એને બાગમાં જોઇને તે એ કોઈપણ રીતે મેળવવા માટે લલચાય છે. . . . તો એ વિષય છે! તમને જે કાંઈ યાદ આવ્યા કરે તે વિષય છે. જો તમે હીરાને વારંવાર યાદ કરો તો તે વિષય છે! પણ હીરા ખરીદી લીધા પછી જો તેની યાદ તમને સતાવતી ન હોય તો પછી તે તો માત્ર ગલન છે. તેને હું સમભાવે નિકાલ કહું છું. પણ જો હીરાનો વિચાર તમારા મનમાં વારંવાર ઝબક્યા કરે તો તે ગલન નથી પણ વિષય છે.

ઈચ્છા તો સ્વાભાવિક છે પણ લાલચમાં આવીને વારંવાર ઈચ્છાઓ કરતા જવું તે અડચણરૂપ છે અને તમારા મોક્ષના લક્ષ્યની સાધના માટે હાનિકર્તા છે. ધારો કે કોઈ સ્ત્રી સાડીને જોઇને સાડીઓના વિચારોમાં જ રહ્યા કરે તો એ વિષય છે.

જિજ્ઞાસુ: વિષયોની વચ્ચે સાધકમોક્ષના માર્ગ ઉપર કેવી રીતે આગળ વધી શકે?

દાદાજી: જ્યારે કોઈ મોક્ષના માર્ગ પર હોય ત્યારે વિષય સુખની ઈચ્છાઓ સતત થતી રહેતી હોય છતાં દાદાભગવાને બતાવેલ મોક્ષના રસ્તે ચાલવાથી વિષય સુખોથી સંપૂર્ણપણે મુક્ત રહે છે અને અનંત વિષયોથી પર એવા નિર્વિષયીના ઉચ્ચત્તમ પદ ઊપર પહોંચી જાય છે !!!

વિષય સુખોને મોંએ ચડાવવા જેવા નથી તેમજ તેમના પ્રત્યે ઘૃણા કરવા જેવું પણ નથી. તમે સાપથી બચવા માટે ચેતતા રહો છો એ જ રીતે વિષય સુખોથી પણ ચેતીને રહો. વિષય સુખોથી નિર્ભય કે બેદરકાર ન રહો. આત્મજ્ઞાન સિવાય તમે વિષય સુખોથી અલિપ્ત નહિ રહી શકો કારણ કે તમે અહંકાર અને કર્તાભાવથી મુક્ત નથી.

જેનો વિષય વીતરાગતા છે તે વીતરાગને સમજી શકે પણ જો તમારો વિષય કષાય (ક્રોધ, માન, માયા અને લોભ) હોય તો

પછી શી રીતે વીતરાગને સમજી શકો? આત્મજ્ઞાનના અભાવમાં વિષયોમાંથી કોઈપણ વ્યક્તિ છૂટી ન શકે. વિષય-સુખો પાછળ દોડતા રહેવાનું પરિણામ પણ વિષયોમાં જ પરિણમે. ગ્રહણ ત્યાગ તરફ લઈ જાય અને ત્યાગ એ ગ્રહણમાં પરિણમે. ગ્રહણ એ ત્યાગવૃત્તિનું પ્રતિપક્ષી (એન્ટીથીસીસ-Antithesis) છે. એ પ્રતિક્રિયાત્મક છે. જે કોઈ બાબતને પ્રતિપક્ષી હોય તે, તે બધી બાબતોને વિષય કહેવાય છે.

જિજ્ઞાસુઃ તો વિષયમુક્ત દશામાં કયારે આવી શકાય?

દાદાજીઃ આત્મજ્ઞાન વિના ભલે કોઈ આ જન્મમાં વિષય સુખોનો વ્હીલકોક બંધ કરી દે તો પણ તે અન્ય ભવફેરામાં ખૂલી જ જશે! આત્મજ્ઞાન વિના વિષયોથી છૂટવું અશક્ય છે.

જિજ્ઞાસુઃ વિષય સુખોને વારંવાર ભોગવવા છતાં પણ એ ઈચ્છાઓ શા માટે સંતોષાતી નથી?

દાદાજીઃ એ તો અહંકાર કહે છે કે, 'હું વિષય સુખોને ભોગવું છું.'જો' 'તમે' વિષય સુખો ખરેખર ભોગવતા હોત તો અત્યાર સુધીમાં તો તૃપ્ત થઈ જ ગયા હોત! પણ એવું બનતું નથી. ખરેખર, વિષય એ ઈન્દ્રિયસુખોને ભોગવતો નથી. એ તો ફક્ત ભૂતકાળમાં ચાર્જ થયેલ પરમાણુંઓનો હિસાબ સરભર થાય છે. દરેક ઇન્દ્રિય જેવી કે આંખ, નાક, જીભ વગેરે પોતપોતાના વિષયમાં નિપુણ છે પણ બીજી કોઈ ઈન્દ્રિયના વિષયમાં નિપુણ નથી. શું નાક જલેબીની મીઠાશને ચાખીને મીઠાશને અનુભવી શકે?

જ્યાં સુધી પરમાણુંઓના હિસાબ કેવળ ચૂકતે થતા હોય ત્યાં સુધી તે વિષય નથી કહેવાતો પણ તેમાં તમે તલ્લીનતા અનુભવો અને એની સાથે તદાકાર થઈ જાવ તો પછી તે વિષય ગણાય છે! વિષયોમાં ઇન્દ્રિયો કશો ભાગ ભજવતી નથી. તે તો માત્ર સંદેશો જ પહોંચાડે છે. એટલે અમે કહીએ છીએ કે જેને પોતાની ઇન્દ્રિયોના વિષય ઉપર નિયંત્રણ છે તે જીતેન્દ્ર-જિન નથી પણ જેની દૃષ્ટિ, દૃષ્ટા ઉપર પડી ગઈ હોય અને જેનું જ્ઞાન જ્ઞાતામાં આવી ગયું તે જીતેન્દ્રિય જિન છે. આવું ભગવાન મહાવીરે ય કહ્યું છે. શુદ્ધાત્મા તો કેવળ જ્ઞાતાદૃષ્ટા છે.

જિજ્ઞાસુઃ વિષયાસક્તિની શરૂઆત શી રીતે થાય છે?

દાદાજીઃ સ્ત્રી તરફ કામુકતા અને મોહની દૃષ્ટિથી જોવાથી આકર્ષણ થાય છે પણ શું દરેક સ્ત્રીઓ તરફ કામુક નજરે જોવામાં આવે છે? ના, બધી સ્ત્રીઓ પ્રત્યે કોઈપણ કામુક નજરે જોતું નથી માટે બાબત કંઈક જુદી છે. જો પુરૂષને સ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ થતી જ હોય તો પછી એવું બધી સ્ત્રીઓની બાબતમાં પણ થવું જોઈએ. જો માત્ર સ્ત્રી જ મૂળ કારણ હોય તો પછી બધી સ્ત્રીઓએ આપણી અંદર વિકાર ઉત્પન્ન કરવો જોઈએ. પણ આવું થતું નથી. એ તો માત્ર ચાર્જ થયેલા પરમાણુંઓનું ચોક્કસ પરમાણુંઓ સાથેના ખેંચાણને લીધે છે કે જે એકને બીજી વ્યક્તિ તરફ આકર્ષે છે. અને ધ્યાન રહે, જ્યાં ઇન્દ્રિયસુખ પર

સંબંધો આધારિત હોય ત્યાં ડખો ઊભો થાય જ. જ્યાં સુધી ઇન્દ્રિયસુખના વિષયનો એકપણ પરમાણું હશે ત્યાં સુધી તમે સ્યાદ્વાદ વાણી પ્રાપ્ત નહિ કરી શકો.

એ અજબ વાત છે કે માણસ જે ઝંખે છે તેવી ઇન્દ્રિયસુખની પ્રાણીઓને પણ ઈચ્છાઓ નથી હોતી. જો વિષય હમેશાં વિષય જ હોય તો બે સ્ત્રીઓ સાથે બેઠી હોય, એમાં એક માતા છે અને બીજી પત્ની છે. તો માતા પ્રત્યેની દૃષ્ટિ કેમ ઉત્તેજના પેદા કરતી નથી? કારણ કે વિષય એ વિષય નથી પણ વિષય માટે ભ્રમ જ કારણભૂત છે!

ઉત્તેજિત કરનાર વિષયો તરફ જોવાનો અમે તમને સાચો રસ્તો બતાવી શકીએ છીએ: વિષયને તમે ઓટોમેટિક કેમેરા તરીકે સમજો. વિષયના સબ્જિક્ટ્સના ફોટા પાડશો નહિ. સામી વ્યક્તિમાં રહેલા શુદ્ધાત્માના જ ફોટોગ્રાફ્સ પાડો. હકીકતમાં ઉત્તેજનાની બાબત તો આભાસી છે. મહાન બ્રહ્મચારી સંતોની મથામણ પણ બેકાર ગઈ. તેઓ પણ આ વસ્તુને સમજી નથી શકયા. જ્યારે વિષયમાં કોઈ ડૂબી જઈને એમાં અંધ બની જાય છે ત્યારે તે તેની આગળ પાછળનું કશું જ જોઈ-વિચારી શકતો નથી. તે વિષયના સબ્જિક્ટ સિવાય બીજું કશું ય જોઈ શકતો નથી એને મોહાંધ કહેવામાં આવે છે. એવી વ્યક્તિ કે જેને મોહની મૂઢતાએ અંધ બનાવેલ છે. વિષયની યાચના કરતાં જેને મરી જવા જેવું લાગે તે જ આ જગતને જીતી શકે છે. ગૌરવશાળી માનવજીવન જ ઉત્તમ કહેવાય.

રોગિષ્ઠ દેહ વિષયી વધારે હોય, નીરોગીને સ્થિરતા વધારે હોય. જ્યારે વિષયોનો લોભ પ્રવેશી જાય છે ત્યારે રોગ પેદા થાય છે. વિષય નડતા નથી પણ વિષયનો લોભ નડે છે. રસોડામાં તે આ માગશે અને બીજું માગશે. તે કહેશે કે મારે મરચાં વગર નહીં ચાલે, ફરસાણ વગર નહિ ચાલે. આ લોભ છે અને તે વિષય છે. ક્રોધ, માન, માયા અને લોભ વગેરે બીમારી માટેનાં કારણો છે. બળતરાને કારણે લોકો વિષય ભોગવે છે પણ લોકો જે વિષયસુખ ભોગવે છે તેઓ બરાબર વિચાર કરે તો આવી કામવાસના જનિત બળતરામાંથી છૂટી શકે છે.જો ચામડી કાઢી લેવામાં આવે તો શું કોઈ શરીર સાથે ઇન્દ્રિય સુખ-કામનાનું ખેંચાણ અનુભવે ખરો? એ તો માત્ર રેશમ જેવી સુંવાળી ચામડીથી ઢંકાયેલ છે? અને પેટ તો મળની પેટી છે. જો એને ખોલવામાં આવે તો માત્ર મળ જ બહાર આવે. રસી નીકળતા ચામડી વગરના હાથનો કોઈ સ્પર્શ પણ કરે નહિ! પણ બધું ચાલે છે કારણ કે કોઈ આવું વિચારતું નથી. મોહ તો એક પ્રકારનું ગાંડપણ છે! તે અવિચારી દશાનું પરિણામ છે. તે કેવળ અંદરની બળતરા જ છે.

જિજ્ઞાસુ: તો પછી કોઈ કેવી રીતે આ કામવાસનાના દુશ્ચક્રમાંથી બહાર નીકળી શકે?

દાદાજી: તમે મીઠાઈ ખાધા પછી ચા પીવો છો ત્યારે તે તમને ફિક્કી લાગે છે. ખરું ને? શું ચા સાથે આ અન્યાય નથી? શું ચા ગળી નથી? પણ તમને કેમ મોળી લાગે છે? ચા પીતાં પહેલાં તમે ગળપણ ખાધું છે એટલે ચા મોળી લાગે છે. એ જ રીતે, હું

તમને જ્ઞાન આપું છું જેનો સૌથી મીઠો સ્વાદ છે, ખૂબ જ અજોડ સ્વાદ છે. જ્ઞાન લાધ્યા પછી આ સંસારના સઘળાં ઇન્દ્રિય-સુખજન્ય આનંદ છે તે બધા મીઠા હોવા છતાં બેસ્વાદ લાગશે. એમ કહેવાય છે કે મેલેરિયાના તાવને લીધે દૂધપાક પણ કડવો લાગે છે. કારણ કે તમારું મોઢું જ કડવું થઇ ગયું છે તો પછી તમારે દૂધપાકનો વાંક શા માટે કાઢવો જોઈએ? એ જ રીતે, 'અક્રમ વિજ્ઞાન' મારફત જેમ-જેમ વિષયોના મોહનો તાવ ઘટતો જાય તેમ-તેમ તમે સંસારી કામવાસનાના વિષયોનો સ્વાદ ધીરે-ધીરે ગુમાવતા જશો. એ અનુભવ થર્મોમિટર જેવો છે. જે આપણને વિષયના તાવને માપવામાં મદદ કરે છે!

ક્રમિકમાર્ગમાંય વિષય નીરસ લાગતા જાય છે પણ તે અહંકારે કરીને નીરસ લાગે પણ તે તો પાછા સામે આવવાના પણ મારા અક્રમપથમાં આવી કોઈ સમસ્યા સર્જાતી નથી. વિષયોના સાગરમાં પણ અમે સંપૂર્ણપણે નિર્વિષયી છીએ. એટલે કે જળકમળવત્.

જિજ્ઞાસુઃ શું કોઈ વિષયમુક્ત (નિર્વિષયી અવસ્થા) દશાને પામી શકે છે ખરો?

દાદાજીઃ નિર્વિષયી અવસ્થા પાણીને સ્પર્શ્યા વિના સરોવરમાં રહેલા કમળ જેવી છે જે જરાય ભીંજાતું નથી. મેં તો મારા દેહનું માલિકીપણું પણ છોડી દીધું છે. એટલે મને કશું જ સ્પર્શે એમ નથી કે નડે એમ નથી. અરે, મારી અંદર માલિકીભાવ પણ રહ્યો નથી. મેં મારા મહાત્માઓના માલિકીભાવને પણ દૂર કરી દીધો છે. એટલે તેઓ (મહાત્માઓ) પણ વિષયસુખોના તળાવમાં કમળની જેમ અલિપ્ત રહી શકે છે.

તમારું પુદ્ગલ અનેક વસ્તુઓમાં તેનું પિપૂડું વગાડયે રાખે છે પણ આ પ્રક્રિયામાં તમારી નિમગ્નતા દર્શાવે છે કે તમે એને સંમતિ આપીને સહી કરી આપી છે અને આમ તમે જે કર્મબંધ કરો છો તેના માટે તમે જ જવાબદાર છો. પણ જો તમે મતું ન મારો, સમર્થન ન કરો અને જો તમે માત્ર જુઓ અને જાણો તો તમે બંધાતા નથી અને કર્મોનો સંચય કરતા નથી અને તદ્દન મુક્ત રહો છો.

કેટલાક લોકોએ મને પૂછ્યું કે હું એક ખાસ પ્રકારનો કોટ પહેરું છું. જવાબમાં મેં કહ્યું કે, ''આ તો નિર્વિષયી વિષય છે''. બે પ્રકારના વિષયો છે. એક વિષય અને બીજા નિર્વિષયી વિષય. જે વિષયમાં જરાય ધ્યાન ન હોય તે નિર્વિષયી વિષય કહેવાય છે.

જેને વિષયમાં ધ્યાન હોય તે તેમાં બહુ જ ચોક્કસ હોય છે. બધાં પોતપોતાના વિષયમાં જ ગળાડૂબ છે અને ત્યાં જ તેઓ બાઘા જેવા દેખાતા હોય છે કારણ કે તે વિષયમાં તન્મય થઇ ગયા હોય છે.

આત્મા નિર્વિષયી છે. આખું જગત વિષયોથી ભરેલું છે અને તેમાં જેને જે વિષય ગમતો હોય તેની આરાધના કરવા માંડે છે. દાખલા તરીકે, તપસ્વીઓએ તપનો માર્ગ સ્વીકારેલો છે અને વિરક્ત વ્યક્તિએ ત્યાગનો વિષય ગ્રહણ કર્યો છે.

વ્યાખ્યાનકારોએ વ્યાખ્યાન અને સંસારીઓએ સંસારના વિષયની આરાધના કરવા માંડી છે અને વળી એમ કહે છે કે અમે પુરુષાર્થ કરીએ છીએ! જો એ લોકોએ જ્ઞાનીપુરૂષને પૂછી લીધું હોત કે તેઓ જે કરી રહ્યા છે તે પુરૂષાર્થ છે કે કેમ? તો સારું થાત.

ઓ વ્હાલા! ફરજીયાત ને તમે મરજિયાત ધારી લીધું છે. તમે વિષયો પાછળ દોડતા રહો છો અને તમે નિર્વિષય આત્માને શોધો છો.? આ તે કેવી કરૂણાજનક દશા છે! અરે ઓ ભાઈ! એ તમને કદીયે આગળ નહીં લઈ જાય. એનો કોઈ પાર જ નહિ આવે. તમે જે કાંઈ કર્યું તેનો અહંકાર કરીને તમે એમાં તન્મય બન્યા છો. અસામાન્ય(above-normal) થઈ ગયા છો. આ બધા વિષયો જ છે. લોકો ગેરરસ્તે દોરાયા છે. આવું સાચું જ્ઞાન કોઈને સમજાતું નથી એટલે અવળે રસ્તે ફંટાય છે. સદ્જ્ઞાનને સમજવામાં નિષ્ફળ નીવડ્યા છે. છતાંય તેઓને ઠપકો આપવા જેવું નથી કારણ કે તેમનો કોઈ દોષ જ નથી.

અલબત્ત, ‘જેમ છે તેમ’ હું કહ્યા વિના રહી નથી શકતો કારણ કે મારી વાણી તો કરૂણાભાવથી પ્રેરાઈને વહી રહી છે. અન્યથા મારે શા માટે આવું કહેવું પડે? જ્ઞાનીપુરૂષ તો સામાના કલ્યાણ માટે જ કડક શબ્દો ઉચ્ચારે છે. બીજું થાય પણ શું? કળિયુગના પ્રભાવને કારણે તમે સાચો રસ્તો જોઈ નથી શકતા અને એ બતાવવા માટે મારે આવા કટુ શબ્દો વાપરવા પડે છે પણ સાચું કહું તો જ્ઞાનીપુરૂષ તો કરુણાસાગર હોય છે.

જિજ્ઞાસુ: શૃંગારિક વિષય સુખ પ્રત્યે આપણો અભિગમ કેવો હોવો જોઈએ?

દાદાજીઃ ઈન્દ્રિયસુખોને સામેથી બોલાવવા નહી જોઈએ, તેમને સામે ચાલી ઊભાં કરવાં જોઈએ નહી. વ્યક્તિનું એના પ્રત્યેનું વલણ એવું હોવું જોઈએ કે જેમ પોલીસ એક શુદ્ધ શાકાહારીને અટકાયત વખતે બે દિવસ ભૂખ્યો રાખીને માંસાહાર કરવા માટે ફરજ પાડે. આવું વલણ વિષય માટે પણ હોવું જોઈએ. આમ હોય તો જ ગુનો સહેતુક નથી ગણાતો. એ રીતે વિષયો સાથે વલણ રાખવું જોઈએ. વિષય-અવિષય એ પરસત્તા છે. ફરજીયાતપણાના વિષયો એ વિષય નથી. સ્વેચ્છાએ કોણ પોલીસની જોડે જવા ઈચ્છે? કોઈને ય પોલીસની જોડે જવાનું ગમે નહિ. વિષયસુખનું પણ એવું જ છે. સ્વેચ્છાએ તો, વિષય ભોગવ્યા વિના પણ કેવળ વિચાર કર્યો તે પણ વિષય ગણાય છે! દેહ વિષય ભોગવે તો તે મુક્ત થયો પણ જો મન વિષય ભોગવે તો કૃતકર્મનું બીજ વવાય. આનંદની સાથે તમારા મનની તલ્લીનતાને કારણે તેનો તે પુનઃ વિષય તરીકે ફરીથી વ્યક્ત થશે. સંસારમાં વિષયસુખની તીવ્ર બળતરાઓ સર્વત્ર હોય છે. જો તમે ઉત્તમ વસ્ત્રો પહેરીને બીજાને આકર્ષો તો તમે પણ બીજા દ્વારા વાવનાર કર્મના બીજ માટે નિમિત્ત થાવ છો. તમારે એ ભોગવવું પડશે. જો તમે વિષય સુખના વિષયોનું તમારા મનથી વિશ્લેષણ કરશો તો તમને એ બધું વ્યર્થ લાગશે. જ્યાં તમે લપસી જાવ તે તમારો વિષય છે.

મિશ્રચેતન કે જીવો સાથે વિષય હોય તો તે ખોટો છે, પણ એના કરતાં અચેતન સાથેનો વિષય હોવો સારો ગણાય. તમે મુક્ત

થવા ઈચ્છતા હોય તો પણ સામે રહેલો મિશ્રચેતન રાગ-દ્વેષ હોવાને કારણે તમને મુક્ત નહિ થવા દે, જ્યારે અચેતન તો વીતરાગ છે, તે બધી માયા અને આસક્તિઓના બંધનથી મુક્ત છે. અને તમે છોડશો કે તરત જ તમે મુક્ત થઈ જશો. તે તમારી પાસેથી ગુડ-બાય સાંભળવા માટે ઉત્સુક છે!

જીવનકાળ શ્વાસોના હિસાબ પર આધારિત છે. જેમ વધારે શ્વાસ લેવાય તેમ-તેમ આયખાની મૂડી ઘટતી જાય છે. ક્રોધ, માન, માયા, લોભ, કપટ તેમજ મોહમાં વધારે શ્વાસ વપરાય છે તથા અનહદ ભોગ-વિલાસ તથા વિષય (કામવાસના) ના સેવનથી શ્વાસોનો અતિશય વપરાશ થાય છે.

તેથી જ હું સંસારી લોકોને કહું છું કે, ''જો તમે બીજું કશું જ ના કરી શકો તો તમે પૈસા અને વીર્ય વાપરવામાં તો કરકસર કરો જ''. કારણ કે આ બંને બાબત જગતવ્યવહારના પાયાના પત્થરરૂપ છે. દારૂને ખરાબ ગણવામાં આવેલ છે કારણ કે તે વ્યક્તિને વિષય-રસ તરફ ખેંચી જાય છે. ઇન્દ્રિય સુખના વિષયો એટલા તો અનંત છે કે તેમાં પડીને બધા વિષયો ભોગવવા છતાં પણ કરોડો જન્મ-મરણના ફેરા ફર્યા પછી પણ લોકો થાકતા નથી અને છૂટતા પણ નથી. મેં એમાં પડેલા અમારા મહાત્માઓને નિર્વિષયી બનાવ્યા છે!

જિજ્ઞાસુઃ ઇન્દ્રિય સુખોના વિષયો સાથે અહંકાર કેવી રીતે સંબંધિત છે?

દાદાજીઃ લોકો વિષયો માટે નથી જીવતા પણ વિષયના અહંકારને પોષવા માટે જીવે છે. પૂર્વ જન્મથી જે-જે વિષયનો અહંકાર લાવ્યો છે તેના પરમાણુંઓ શરીરમાં છે. મેં મારા મહાત્માઓને વિષય-સુખો અને ઇન્દ્રિય સુખોના અહંકારમાંથી છોડાવ્યા છે. છતાં પણ પૂર્વકૃત કર્મોના પરમાણુંઓ પહેલેથી જ હાજર છે. તે તેમના ફળ આપ્યા પછી ઓગળી જશે. જે-જે વિષયનો અહંકાર ભરેલો છે તે સામે આવશે. જે-જે વિષયનો અહંકાર જતો રહ્યો છે તે વિષય સામો નહિ આવે. જ્યારે બાહ્ય અહંકાર પૂરેપૂરો નિર્મૂળ થઈ જશે, સઘળા પરમાણુંઓ ફળ આપીને ચાલ્યા જશે ત્યારે દેહ પણ ચાલ્યો જશે!

જિજ્ઞાસુઃ કર્મ અને વિષયો કેવી રીતે જોડાયેલા છે?

દાદાજીઃ પરમાણું એ પરમાણુંનો સમભાવે નિકાલ થશે ત્યારે આ દેહનો પણ મોક્ષ થશે. સંસારના રિલેટિવ ધર્મો અબંધ વિશે બંધ માને છે. એમને ખ્યાલ નથી કે શાનાથી બંધ થાય છે? આ સૂક્ષ્મ વાત છે. આ બાબતને સમજવી ખૂબ જ મુશ્કેલ છે. દુનિયામાં તેમણે જે વિષયનો અભ્યાસ કર્યો હોય એટલું જ એમને જ્ઞાન છે. રિલેટિવ ધર્મ પાંચ મુખ્ય વિષયોનો ઉલ્લેખ કરે છે (રૂપ, સ્વાદ, શ્રવણ, સ્પર્શ અને ગંધ) પણ વિષયો તો અનંત છે.

જે એબનોર્મલ (Abnormal) અથવા બીલો નોર્મલ (Below normal) થયો તે વિષયી છે. વિષયી થયો એટલે સંસારીજીવનને અનુસર્યો. અને એટલે એ આત્મજ્ઞાનનો રસ્તો ન હોય.

## ૩૫. પ્રેમ અને આસક્તિ.

જિજ્ઞાસુ: કૃપા કરીને પ્રેમ વિશે અમને સમજાવો.

દાદાજી: સાચો પ્રેમ કોને કહેવાય? સાચો પ્રેમ કદીયે વધતો કે ઘટતો નથી. તે હમેશાં સ્થિર હોય છે. સંત કબીરદાસજીએ ફરમાવ્યું છે કે,

''घडी चढी घडी उतरे, वह तो प्रेम ना होय;

अघट प्रेम हृदे बसे, प्रेम कहिये सोय।''

''સાચો પ્રેમ જરાય વધ-ઘટ થયા વિના હૃદયમાં અવિરત વહેતો રહે છે''. શુદ્ધપ્રેમ દૈવી હોય છે. જે પ્રેમ વધ-ઘટ થતો રહેતો હોય તે સાચો પ્રેમ નથી. એ તો માત્ર આસક્તિ છે. સંસારમાં તમે જે પ્રેમ જુઓ છો તે રિલેટિવ છે. હું એને સ્વાર્થપૂર્ણ કહું છું. અર્થાત્ તે કોઈ આશય કે ઘાટ આધારિત હોય છે. પતિ-પત્નીનો પ્રેમ, માતા-પિતાનો પ્રેમ, બાપ-દીકરાનો તેમજ માતા-પુત્ર, સ્વામી અને સેવકનો પ્રેમ, આ બધાંનો પ્રેમ એક ચોક્કસ ઘાટથી પ્રેરિત હોય છે અને જ્યારે તેમાં ભંગાણ પડે છે ત્યારે દરેકને એ સમજાય છે કે આ પ્રેમ સ્વાર્થ અને ઘાટ પર આધારિત હતો. જ્યાં સુધી મીઠાશ હોય ત્યાં સુધી બધું બરાબર છે એવું લાગે પણ જ્યારે કડવાશ ઊભી થાય ત્યારે સત્ય સમજાય.

જિજ્ઞાસુ: કૃપા કરીને દાખલા સાથે સમજાવો.

દાદાજી: પુત્ર જીવનભર તેના પિતાનો આદર કરતો હોય પણ સંજોગોવશાત્ કોઈવાર એમ બોલી જાય કે, ''તમારી અંદર જરાય ગતાગમ નથી''. આનાથી પિતા-પુત્ર વચ્ચેનો જીવનભરનો સંબંધ બગડી જાય છે અને પિતા એમ પણ કહી દે છે કે, ''તું હવે મારો દીકરો નથી''. જો સાચો પ્રેમ હોય તો તે કોઈપણ સ્થિતિમાં ભલે ને પછી ગમે તેવી સ્થિતિ સર્જાય તો પણ એ એવો ને એવો જ રહે છે. આના સિવાય સાચો પ્રેમ શી રીતે કહેવાય?

જિજ્ઞાસુ: પ્રેમ અને આસક્તિ વચ્ચે શું ફરક છે?

દાદાજી: પ્રેમ જે ઘાટ અથવા ઈરાદાયુક્ત હોય તે આસક્તિ છે, સાચો પ્રેમ નહિ. એ તો દુકાનદાર અને ગ્રાહક વચ્ચેના પ્રેમ જેવો છે. એમાં તો સોદાબાજી (લેતીદેતી) છે. સંસારમાં જે પ્રેમ જોવા મળે છે તે ખરેખર તો આસક્તિ જ છે. સાચો પ્રેમ એ છે જેમાં વ્યક્તિને સાથે ને સાથે રહેવાનું ગમે અને એકબીજાની લાગણીઓને માન આપે અને એક-મેકનું બધું જ ગમતું રહે. કોઈ ક્રિયા કે પ્રતિક્રિયા ન હોય. સાચે જ પ્રેમ તો અપ્રતિક્રિયાત્મક હોય છે. સાચો પ્રેમ તો ભગવાનનું બીજું નામ છે. પ્રેમનું ઝરણું હમેશાં એકસરખું જ વહેતું હોય છે. તેમાં કદીયે વધ-ઘટ ન હોય. એમાં કશું ય પૂરણ કે ગલન જેવું હોતું નથી. જેમાં પૂરણ અને ગલન થાય છે તે આસક્તિ છે.

જુઓ, તમે જ્યાં સૂઈ જાવ છો તેના પ્રત્યે તમે આસક્ત રહો છો અને ચોક્કસ વસ્તુનો આગ્રહ રાખો છો. જો તમે ચટાઈ પર સૂવાને ટેવાયેલા હોય તો તમે ચટાઈ પર જ સૂવાનો આગ્રહ રાખો છો અને જો તમે ડનલોપના ગાદલા પર સૂવા માટે ટેવાયેલા હશો તો તમે ડનલોપના ગાદલા પર સૂઈ જશો. જો તમે ચટાઈ પર સૂવા માટે ટેવાયેલા હોવ તો તમે ડનલોપના ગાદલામાં સૂઈ નહિ શકો. તમારો આવો આગ્રહ વિષ સમાન છે અને અનાગ્રહ એ અમૃત છે.

જિજ્ઞાસુ: આપણે બીજાનો પ્રેમ શી રીતે જીતી શકીએ?

દાદાજી: નિરાગ્રહીભાવ કેળવ્યા વિના કોઈપણ વ્યક્તિનો પ્રેમ જીતી શકાય નહિ. સાચો પ્રેમ નિરાગ્રહભાવે વ્યક્ત થાય છે અને આવો પ્રેમ જ પરમાત્મસ્વરૂપ પ્રેમ કહેવાય. સંસારના લોકોને શું જોઈએ છે? તેઓ નિઃસ્વાર્થ પ્રેમ ઈચ્છે છે, જે નિરપેક્ષ હોય, જે કોઈ ઘાટ વિનાનો હોય. સાચી સમજ વગરનો પ્રેમ હોય તે નાશવંત હોય છે. આજકાલ પ્રેમ વ્યક્તિના બાહ્ય વર્તન પર અથવા પ્રકૃતિ પર આધારિત છે પણ પ્રકૃતિસ્વભાવની ખાસિયતો વધઘટ થયા કરે છે અને પ્રકૃતિ ગુણો અને ગુણો પર આધારિત સ્વભાવ પણ બદલાય. એ પ્રેમ શી રીતે કાયમી રહે! શુદ્ધપ્રેમથી બધાં બારણાં ખૂલી જાય છે. ગુરૂ પ્રત્યેના પ્રેમથી સઘળું પ્રાપ્ત થાય છે.

જિજ્ઞાસુ: પ્રેમ પર અહંકારની કેવી અસર પડે?

દાદાજી: લોકો, ભલે ને પછી સુંદર ને દેખાવડા હોય પણ પોતાના અહંકારને લીધે કદરૂપા—બેડોળ દેખાય છે. તેઓ ક્યારે સુંદર દેખાય? તેઓ નમણા ત્યારે જ દેખાય છે જ્યારે તેઓ શુદ્ધાત્માના અહંકાર મુક્ત પ્રેમથી સજ્જ હોય અને જો તેઓ ભલે ને પછી કદરૂપા હોય તો પણ તેઓ પ્રેમાત્માનું સાકાર રૂપ હોય છે. જ્યારે શુદ્ધપ્રેમ પ્રસ્ફુટિત થાય છે ત્યારે માણસ સુંદર-સોહામણો લાગે છે.

જિજ્ઞાસુ: ઘણીવાર, તમે જેની સાથે સંબંધથી જોડાયા હોય તેના પ્રત્યે દ્વેષની લાગણી કેમ જન્મે છે?

દાદાજી: સંસારી જીવનમાં ઘર્ષણ આસક્તિ પેદા કરે છે. આ સંસારમાં આસક્તિ માટે ઝઘડો વિટામીન્સનું કામ કરે છે! જો ઘર્ષણ જ ન હોય તો કોઈ આસક્તિ જ ન રહે અને વીતરાગ થઈ જવાય.

જિજ્ઞાસુ: જે મોક્ષની મહેચ્છા રાખતો હોય તેણે પ્રેમ અને આસક્તિ બાબતે શી કાળજી લેવી જોઈએ?

દાદાજી: ભગવાને કહ્યું છે કે, "તમને પ્રેમ પરિષહ મુક્ત ન થવા દે પણ દ્વેષ પરિષહ મુક્ત થવામાં સહાય કરે છે". આખો સંસાર પ્રેમ પરિષહના જાળામાં જકડાયેલો છે માટે માપસરનો બાહ્યાચાર રાખીને દરેકે સલામત અંતર રાખવું જોઈએ, ઊંડા ઉતર્યા વિના ઉપલક રહેવું જોઈએ.

કોઈના પ્રત્યે આસક્તિ રાખશો નહિ અને કોઈની આસક્તિની જાળમાં ફસાતા નહિ. પણ જો તમે તમારા પ્રત્યે રહેલ કોઈના પ્રેમની અવગણના (તરછોડ) કરશો તો તમને મોક્ષ નહિ મળે. એટલે ચેતીને રહેજો. જ્યારે તમે મોક્ષ ઈચ્છો ત્યારે તમારે તમારા વિરોધીઓનો આભાર માનવો જોઈએ. જે પ્રેમ કરે છે તે જ બંધનમાં નાંખે છે જ્યારે વિરોધીઓ તો ઉપકારી થઈ પડે છે. તમારો વ્યવહાર એવો હોવો જોઈએ કે જે તમારા પ્રત્યે મમતાળુ છે તેને તરછોડ ન વાગે કારણ કે જો તમે પ્રેમને તરછોડ મારશો તો એ સંસાર બંધનનું કારણ થશે.

જિજ્ઞાસુ: આસક્તિ પાછળનું અંતર્વિજ્ઞાન શું છે?

દાદાજી: આસક્તિ તો દેહનો ગુણ છે. એ પરમાણુંઓનો ગુણ છે. આ ગુણ કેવા પ્રકારનો છે? એ તો લોહચુંબક અને ટાંકણીના સંબંધ જેવું છે. જે રીતે પીન લોહચુંબકથી આકર્ષિત થાય છે તેવી રીતે દેહ જે એને અનુકૂળ હોય એવા પરમાણુંઓથી આકર્ષિત થાય છે, આ આસક્તિ છે. અને પરમાણું મળતા ન આવે તો વિકર્ષણ થાય અને વેર થાય. માટે આસક્તિ હોય ત્યાં પાછળથી વેર હોય જ. આસક્તિમાં હિતાહિતનું ભાન ન હોય. પ્રેમમાં સંપૂર્ણ હિતાહિતનું ભાન હોય. આ પરમાણુંઓનું વિજ્ઞાન છે. તેની સાથે આત્માને કશી લેવાદેવા નથી. લોકો પરમાણુંઓના આકર્ષણને આત્મા સાથે જોડવાની ભૂલ કરે છે. 'હું આકર્ષાયો' એ ભ્રામક માન્યતા છે. આત્મા કદીયે આકર્ષાતો નથી. જ્યારે આત્મા તલ્લીન અને તદ્રુપ ન થાય ત્યારે કોઈ એમ કહી શકે કે તેને તે બાબતનો ત્યાગ વર્તે છે. Doership (કર્તૃત્વ) નું અભિમાન બીજું કાંઈ નહિ પણ આસક્તિ છે. આપણે તો દેહથી કે વ્યવહારથી આસક્ત અને આત્માથી અનાસક્ત છીએ. શુદ્ધપ્રેમથી બધા દરવાજા ખૂલી જાય છે. ગુરૂ પ્રત્યેના પ્રેમ દ્વારા શું પ્રાપ્ત કરવું અશક્ય છે? જ્ઞાનીપુરૂષનો તો શુદ્ધપ્રેમ હોય છે, આપણને આવો પ્રેમ દુનિયામાં ક્યાંય નહિ મળે.

## ૩૬. કર્મનું વિજ્ઞાન.

જિજ્ઞાસુ: દાદાજી! કર્મનું ચાર્જીંગ (charging) કેવી રીતે થાય છે?

દાદાજી: દર્શનમોહ એ જ ચાર્જ-મોહ છે અને ચારિત્રમોહ એ ડિસ્ચાર્જ મોહ છે. દર્શનમોહ પાણી જેવો છે. ચારિત્ર મોહ એ બરફ જેવો છે. જ્યારે ચેતન અચેતનના સંપર્કમાં આવે છે ત્યારે ચેતન તેની પોતાની ચેતનાની સાચી ઓળખ ખોઈ બેસે છે અને અચેતનમાં આત્માની આ નિમગ્નતાને કારણે કર્મનું ચાર્જીંગ થાય છે. જ્યારે -જ્યારે કોઈ બાબતમાં લીન રહીને વારંવાર તેનું સ્મરણ કરવામાં આવતું હોય ત્યારે કર્મનું ચાર્જીંગ થાય છે. તમારી સ્મૃતિમાં શું વારંવાર ઝબકારા મારે છે? જેમાં તમને વધારે રાગ હોય અથવા તો પછી તમને એના પ્રત્યે દ્વેષ હોય તેને તમે વારંવાર યાદ કરો છો.

તમારામાં જ્યારે કોઈના પ્રત્યેના રાગ અને દ્વેષ ઉદ્‌ભવે છે ત્યારે આત્માનો વિભાવ થાય છે. તે કોઈ સાવ અનોખા અને

તદ્દન ભિન્ન પરિણામરૂપે પ્રગટે છે. આત્માની કલ્પશક્તિ અનોખા અને જુદા જ પ્રકારના વિભાવની સંકલ્પના કરી 'હું અમિત છું' નું એટલે કે વ્યવહાર આત્માનું સર્જન કરે છે. જ્યારે ચેતન અચેતનના સંસર્ગમા આવે અને તન્મયાકાર થાય એટલે કર્મ ચાર્જ થાય છે. આવી રીતે સંસારી જીવનચક્ર ચાલતું રહે છે અને આવી વિપરિત માન્યતાને કારણે જે ચાર્જ થયું તે ડિસ્ચાર્જ થાય છે. આમ કર્મના ચાર્જીંગ અને ડિસ્ચાર્જનું ચક્ર ચાલતું જ રહે છે.

ફરીથી, જૂના કર્મોને ભોગવતી વખતે ઉદ્ભવતા રાગ-દ્વેષને કારણે નવા કર્મો બંધાય છે. કારણ કે આત્મા જેના સંપર્કમાં આવે છે તે અનાત્મના ક્ષેત્રમાં એના જેવો થઈ જાય છે. આ રીતે સંસારી જીવનચક્ર ચાલ્યા જ કરે છે. ભૂલથી અને મોહથી ('હું અમિત છું' ની ખોટી માન્યતા), કર્મ ચાર્જ થયું હતું તે ફરી ડિસ્ચાર્જ થાય છે અને તેવી ભૂલ ચાલુ રહે ત્યાં સુધી નવું ચાર્જીંગ થયા કરે છે.

જિજ્ઞાસુ: કૃપા કરીને સદૃષ્ટાંત સમજાવો.

દાદાજી: ચંદનબહેને એક દુકાન પાસેથી પસાર થતી વખતે એક સાડી જોઈ. તેને તે સાડી ખૂબ ગમી ગઈ અને તે સાડીના વિચારોમાં ખોવાઈ ગઈ. સમસ્યા સાડીને જોવાની નથી અને તે સાડીની સુંદરતાની પ્રશંસા કરવાની પણ નથી પણ તે સાડીમાં ખોવાઈ જવાની અને તે સાડી પ્રત્યે મોહિત થઈ જવામાં છે. સાડી જોવી અને તે ગમી જવી તે ડિસ્ચાર્જ મોહ છે પણ જ્યારે તે સાડીના વિચારોમાં પોતે લીન બની જાય છે ત્યારે તે સાથે-સાથે નવું કર્મ બાંધે છે.

છ બાય ત્રણ મીટરની એ સાડીમાં તે એટલી બધી લીન થઈ ગઈ કે તેનું ચિત્ત પણ છ બાય ત્રણ મીટર બની ગયું! એના દર્શનમાં સાડીમાંના ફૂલ અને આભલા વિગેરે તેને પ્રભાવિત કરે છે. તેનો પ્રતિષ્ઠિત આત્મા તેમાં જ આખો વખત લીન રહે છે.

તે ઘેર આવે છે પણ તેનું ચિત્ત તો એ દુકાનમાં રહેલી એ સાડીમાં જ ચોંટેલું રહે છે. તેનો પતિ કદાચ પૂછે કે, "શું થયું છે? તને આજે ઠીક નથી લાગતું? આજે કેમ આટલી ઉદાસ દેખાય છે?" એ બિચારાને શી રીતે સમજાય કે આ સ્ત્રીનું શરીર તો ઘરમાં છે પણ તેનું મન દુકાનમાં રહેલી તે સાડીમાં અટવાયેલું છે! આને ભગવાનની દૃષ્ટિમાં charge મોહ કહેવાય છે.

જિજ્ઞાસુ: જાત-જાતના સ્વાદિષ્ટ વ્યંજનોના શોખ વિશે આપનું શું માનવું છે?

દાદાજી: તમને જ્યારે મસાલેદાર સ્વાદિષ્ટ ભજીયાં અને રસમધુર મીઠાઈઓની ડીશ ખાવા મળે અને તેનો આનંદ ઊઠાવો તો કોઈને કશો વાંધો નથી પણ જો તેનો સ્વાદ મનમાં રહી જાય અને તમે તે બધું ફરી-ફરીને આરોગવાની ઈચ્છા રાખો તો મોહ ઉત્પન્ન થાય જ. જો તમે ભજીયાં અને મીઠાઈ ખાઈને તેના આનંદમાં ગરક થઈ જાવ તો તમે ભજીયાં (!) અને મીઠાઈ (!) જેવા થઈ જાવ અને મોહબંધ ઉત્પન્ન થાય.

જિજ્ઞાસુઃ દાદાજી! તો પછી અમારી ધંધાકીય બાબતોનું શું?

દાદાજીઃ જ્યારે તમે તમારો ધંધો ચલાવો છો ત્યારે ખરેખર તો તે તમારાં પૂર્વ કર્મોનો ઉદય છે. ઉદય પામેલ તમારાં પૂર્વ જન્મના કર્મનું આ ફળ છે કે અને તમારો આ ધંધો તેની શરૂઆતથી પૂર્વકર્મના ડિસ્ચાર્જ રૂપે છે. આ કર્મની ડિસ્ચાર્જ પ્રક્રિયા છે પણ જો તમે ધંધામાં નિમગ્ન થઈ જાવ તદ્રુપ થઈ જાવ તો પુનઃ કર્મબંધ થશે.

જિજ્ઞાસુઃ તો પછી આપણે જે કાંઈ કરીએ છીએ તે કર્મનું ફળ છે?

દાદાજીઃ માતાના ગર્ભથી લઈને અંતિમ સંસ્કાર સુધી, જન્મથી લઈને છેલ્લા શ્વાસ સુધી જે કાંઈ બને છે તે તમારાં પૂર્વભવના કર્મનું ફળ છે. આ ભવમાં તમારું માનવરૂપે અસ્તિત્વ સાચે જ તમારાં પૂર્વકૃત કર્મોનું ફળ છે. એ તો પૂર્વ જન્મમાં તમે મનુષ્યપણાના કર્મોનો બંધ કરેલો છે અને તે તમે અત્યારે ભોગવી રહેલા છો.

જિજ્ઞાસુઃ તો પછી મારા તાબામાં શું રહે છે?

દાદાજીઃ જો, ભગવાનને તો ડિસ્ચાર્જમાં (ચારિત્રમોહ) કાંઈ વાંધો નથી પણ તમારું ધ્યાન ક્યાં રહે છે અને ડિસ્ચાર્જ (ચારિત્રમોહ) ની પ્રક્રિયામાં તમે કેટલા તલ્લીન રહો છો? તે મહત્વનું છે. દાખલા તરીકે, જ્યારે તમે ભગવાનની ભક્તિ કરવા માટે મંદિરમાં જાવ છો ત્યારે જો તમારું ચિત્ત (ચોરાઈ જવાની તમારી બીકને કારણે) મંદિરની બહાર કાઢેલા તમારાં પગરખામાં રહેલું હોય તો પછી ભગવાનની મૂર્તિના દર્શન કરવા માટે નમન કરવાનું કર્મ તે પાછલા કર્મનું પરિણામ છે પણ તમારું મન તો તમારા બૂટમાં લીન રહેલું હોઈ તમે નવા કર્મનો બંધ કરો છો અને તેનું ઉપાર્જન કરો છો.

દા.ત. પાણી પીવું તે ચાર્જ કર્મ છે કારણ કે તે વ્યક્તિ એમ વિચારે છે કે તે પાણી પીએ છે પણ જ્યારે તે પાણી પેશાબરૂપે રૂપાંતરિત થઈને બહાર આવે છે, તે ડિસ્ચાર્જ કર્મ છે. જ્યારે કોઈ માણસ પોતાને વલુરે (ખંજવાળે) તો તે ડિસ્ચાર્જ-(ચારિત્રમોહ) મોહ છે પણ ખંજવાળવાથી મળતી સુખની લાગણી નવો charge કર્મબંધ છે. દેખીતી બધી ક્રિયાઓ ડિસ્ચાર્જરૂપ જ છે. આમાં કંઈ સુખી થવા જેવું નથી કે દુઃખી થવા જેવું ય નથી. એ તો પ્રતિષ્ઠિત આત્મા જ સુખ માને છે, શુદ્ધાત્મા તો કેવળ જ્ઞાતાદ્રષ્ટા જ છે. આત્મા તો જાણે છે કે ખંજવાળ્યા બાદ કેવી લ્હાય બળશે. પણ જ્યારે તે ખંજવાળવાના આનંદમાં નિમગ્ન થાય ત્યારે નવું કર્મ ચાર્જ થાય છે. જૂનું કર્મ વિખેરાઈને વિલુપ્ત થઇ જાય છે પણ બીજા ભવ માટે રિચાર્જ થયા કરે છે. જ્યારે રિચાર્જીંગ થાય છે ત્યારે તે એમ માને છે કે તેને આવતા ભવમાં માનવરૂપ મળશે પણ ખરેખર તો તે ગધેડો બની શકે છે!

આ બધું એટલું ગહન છે કે તે બધી જ કલ્પનાઓ અથવા બુદ્ધિથી સમજાવું મુશ્કેલ છે. ખબર નથી કે શું હિતાવહ છે? માણસ એક કામ કરવા જતાં બીજા રસ્તે વળી જાય છે અને ત્યારપછી તે લાચાર બની જાય છે.

જિજ્ઞાસુઃ ડિસ્ચાર્જની પ્રક્રિયા કેવી હોય છે?

દાદાજીઃ ચાર્જેબલ મોહ ધીમે-ધીમે ભરાય છે. . . . ૧ ડિગ્રી, ૨ ડિગ્રી, ૩ ડિગ્રી એ ૫૦૦ ડિગ્રીએ પહોંચે ત્યાં સુધી. હવે ડિસ્ચાર્જ-મોહનું શું? ડિસ્ચાર્જ એકદમ જ ૫૦૦ ડિગ્રીથી શરૂ થાય છે. દાખલા તરીકે, ગુસ્સો સૌથી પહેલાં ૫૦૦ ડિગ્રીએ પહોંચે છે પછી તે ધીમે-ધીમે ૪૫૦ ડિગ્રી, પછી ૪૦૦ ડિગ્રી અને છેલ્લે ૧ ડિગ્રી અને ત્યારબાદ શાંત પડી જાય છે. પછી સંપૂર્ણ ડિસ્ચાર્જ થાય છે. ડિસ્ચાર્જની પ્રક્રિયામાં બધું જ સૌથી ઊંચેથી શરૂ થાય છે. પછી ધીમે-ધીમે ઘટતું જાય છે. ક્રોધ શરૂઆતમાં ૫૦૦ ડિગ્રી પર ચડીને વિસ્ફોટ થાય છે. ૫૦૦ ડિગ્રીથી શરૂ થઈને ધીરે-ધીરે ઘટતો જઈને વિલુપ્ત થાય છે.

જિજ્ઞાસુઃ તો પછી આપણે શું કરવું?

દાદાજીઃ જે કર્મ સમાજના સ્થાપિત અનુશાસન વિરુદ્ધ જાય એવું કોઈપણ કર્મ વ્યક્તિએ પોતાના મન, વાચા અને કાયાથી કરવું નહિ. જેને લોક સમર્થન પ્રાપ્ત છે અને ટેકો મળેલો છે એવું કોઈપણ કાર્ય કરવામાં કોઈ હરકત નથી. માણસે કોઈપણ ભોગે સામાજિક અથવા સાર્વજનિક વિરોધ થાય એવું લોકનિંદ્ય કર્મ કરવાનું ટાળવું જોઈએ.

મિકેનિકલ 'હું' ને નિયંત્રણમાં રાખવાની કોઈ સત્તા મૂળ 'હું' પાસે નથી. એકવાર એન્જીન શરૂ થઇ જાય કે પછી તેની પાસે આખી પ્રક્રિયા અટકાવવાની કોઈ સત્તા નથી. જે કાંઇ ચાર્જડ કર્મ ઉપાર્જિત કર્યું છે તે ડિસ્ચાર્જ થનાર જ છે અને ભગવાન પાસે પણ આ પ્રક્રિયાને અટકાવવાની સત્તા નથી. જે બેટરી ચાર્જ છે તે ડિસ્ચાર્જ થવાની (ઉતરવાની) જ છે.

જિજ્ઞાસુઃ દાદાજી! તો પછી આપણે આ વિષચક્ર-ચાર્જ-ડિસ્ચાર્જ-ચાર્જમાંથી બહાર શી રીતે આવી શકીએ?

દાદાજીઃ તમે તમારાં 'હું' ને તેના મૂળ સ્વરૂપમાં જાણી લેશો તો રિચાર્જ નહિ થાય. ચાર્જીંગ આપોઆપ બંધ થઇ જશે. આત્મસાક્ષાત્કાર થયા પછી કોઇએ ડિસ્ચાર્જની પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહિ કારણ કે જે કાંઈ ચાર્જ થયેલું છે તે પુરુષાર્થ સાથે -ઘટનાઓ અને બનાવોના જ્ઞાતાદૃષ્ટા રહીને ધીમે-ધીમે વિલય પામતું જશે.

## ૩૭. ગમો અને અણગમો.

જિજ્ઞાસુઃ આપણે આપણી ઈચ્છા વિરુદ્ધ શા માટે ગમો અને અણગમો અનુભવીએ છીએ?

દાદાજીઃ તમે તમારા જીવનમાં ગમો અને અણગમો અનુભવો છો તેના ઉપર તમારું કોઈ નિયંત્રણ નથી. પણ કોઈ એમ નથી વિચારતું કે શા માટે તેને કશું ગમે છે અને કશું નથી ગમતું. તમારા જન્મકાળથી જ તમારી ત્રણ બેટરીઓ મન, વાચા અને દેહની એ રીતે ચાર્જ થઇ ગયેલ છે. તેઓ તમારા પૂર્વજન્મથી જ ચાર્જ થઇ ગયેલી હતી. અરે, તમે ચાહો તો પણ, તમે આ પ્રકારની લાગણીને બદલી શકતા નથી. હવે એ તમારી મરજીની વસ્તુ નથી રહી.

જિજ્ઞાસુ: ઘણીવાર આપણને ન ગમતી હોય એવી વસ્તુઓ આપણાં જીવનમાં બનતી હોય છે.

દાદાજી: ડિસ્ચાર્જના સમયે જ પોતાને ખબર પડે છે કે તે ખોટી રીતે ચાર્જ થઇ ગયો હતો. માટે જો તમે એનું રિચાર્જીંગ ફરીથી સાચી રીતે કરી શકશો તો તમારું જીવન સરળતાપૂર્વક અને સાચા રસ્તે ચાલશે.

જિજ્ઞાસુ: કૃપા કરીને હજી વધારે ઉદાહરણ આપો.

દાદાજી: જ્યાં સુધી તમારા આ વર્તમાન જીવનને લાગે વળગે છે, આખું સિનેમા પહેલેથી જ શૂટ (ચિત્રાંકિત) થઇ ગયેલું છે. તમારા હાથમાં ફક્ત નવા પિક્ચર માટે નવો રોલ જ તૈયાર કરવાનો બાકી છે. પરદા ઉપર કોઈ જે ફિલ્મ જુએ છે તે તો પહેલેથી ચિત્રાંકિત થઇ ગયેલી છે અને જ્યારે ન ગમતો સીન સામે આવે ત્યારે કોઈ 'કટ. . . કટ' ની બૂમ પડે છે પણ તે તો જ્યારે તમે ફિલ્મનું શૂટિંગ (નવા કર્મનું ચાર્જીંગ) કર્યું હતું ત્યારે વિચારવું જોઈતું હતું. હવે તે કાપવું શક્ય નથી. માટે વર્તમાનની ફિલ્મને કોઈપણ જાતના રાગ-દ્વેષ વિના જુઓ અને ફિલ્મ જોવાનું પૂરું કરો. આખો સંસાર charge કર્મના નિયંત્રણમાં છે.

જિજ્ઞાસુ: કર્મોનું ચાર્જીંગ કેવી રીતે થાય છે?

દાદાજી: ગમો અને અણગમો આ બંને ડિસ્ચાર્જ મોહ છે અને રાગ અને દ્વેષ એ ચાર્જ મોહ છે. ચાર્જ થતી પ્રક્રિયા તો ભગવાનની આજ્ઞા વિરુદ્ધ છે. ડિસ્ચાર્જ પ્રક્રિયા ભગવાનની આજ્ઞાની વિરુદ્ધમાં નથી. લોકો ડિસ્ચાર્જ-ચારિત્રમોહની ડાળીઓ કાપ્યે જ જાય છે અને વળી નવાં કર્મો ચાર્જ કર્યે જાય છે. કોઈ મૂળ પણ કાપી નાખે છે પણ જ્યાં સુધી મુખ્ય (ધોરી) મૂળ નથી કપાયું ત્યાં સુધી, એ વૃક્ષ ફરીથી ઊગશે જ. ઘણાં લોકો આ સંસાર વૃક્ષને નિર્મૂળ કરવાના ઉપાયો કરે છે પણ એનો ઉકેલ આવે તેમ નથી. તે તો ફરી ફરીને ફૂટી નીકળશે જ. આ કામ તો જ્ઞાનીપુરૂષ જ કરી શકે. જ્ઞાનીપુરૂષ એનાં પાંદડાં કે ડાળખીઓને અડશે ય નહીં. અરે, અસંખ્ય મૂળીયાંને પણ અડશે નહિ. તે મુખ્ય મૂળને શોધી કાઢશે અને તેમાં થોડીક દવા મૂકી દેશે અને વૃક્ષ સૂકાઈ જશે.

જ્ઞાનીપુરૂષ શું કરે છે? તે બેટરીને દૂર કરીને આઠ ફૂટ દૂર મૂકી દેશે જેથી નવું ચાર્જીંગ થાય નહિ. લોકો ગમે તે ઉપાય કરે તેનો કોઈ વાંધો નથી પણ મોહ મુક્ત થવા માટે નવા ચાર્જીંગને અટકાવવાનું છે. તમે સંસારનો ત્યાગ કરો કે શીર્ષાસન કરો છતાં મોહ દૂર નહિ થાય. ઉલટાનું તમે એમાં વધારે ફસાવાના. મોહથી મુક્ત થવા તમારે પચાસ જાતના મોહ: પચ્ચીસ ચાર્જ મોહ (દર્શનમોહ) અને પચ્ચીસ પ્રકારના ડિસ્ચાર્જ મોહ (ચારિત્રમોહ) થી મુક્ત થવાનું છે. એમ કહેવું કે, 'મેં આ કર્યું', તે મોહ છે. ' મેં દર્શન કર્યાં, મેં પ્રતિક્રમણ કર્યા તે ચાર્જ (મોહ) થયો. કર્તાભાવ કર્મને ચાર્જ કરશે.

જો તમે આવા વિધાનો નાટકીય ભાષામાં કરો તો જરાય નુકસાન નથી પણ જો તમે આવા વિધાનો અંદરના ખરેખરા

કર્તાભાવથી કરો તો અહંકાર ઉત્પન્ન થશે અને તમે જૂનાં કર્મોને ડિસ્ચાર્જ કરતી વખતે વળી પાછા નવાં કર્મ ચાર્જ કરશો. ડિસ્ચાર્જ ઉપર આપણું કોઈ નિયંત્રણ નથી. ઈચ્છવા યોગ્ય વસ્તુ કેવળ મોક્ષ જ છે. તમે જ્યારે મોક્ષની ઈચ્છા કરશો એટલે તમને તેનો રસ્તો મળી જશે. મોક્ષ જ ચાર્જીંગકરવા યોગ્ય છે.

જિજ્ઞાસુ: પણ આસપાસ જે બની રહ્યું છે તે કોઈ જોયા વિના રહી શકે નહિ.

દાદાજી: બધાને જોવાનો હક છે પણ એમાં ખોવાઈ જવાનો નહિ. અથવા પોતે જે કાંઈ જુએ તેના ગુણદોષ નક્કી કરવાનો અધિકાર નથી. જ્ઞાનીપુરૂષ પણ જુએ તો છે જ પણ તે સામાન્ય માણસ કરતાં કંઈ અલગ રીતે જુએ છે? ઘણાં લોકો આ મોહમયી મુંબઈ શહેરમાં રહે છે પણ જ્ઞાનીપુરૂષના ચિત્તને કશું જ મોહમાં બાંધી શકતું નથી! તેમનું ચિત્ત કશાની આસપાસ ભમતું નથી અને ભટકતું પણ નથી.

ભાવકર્મ ચાર્જ બેટરી છે. તે આત્માની સાથે તદ્દન નજીક રહે છે. એટલે તે સતત ચાર્જ થતું રહે છે. હું તેને વધુ ચાર્જ થતું અટકાવી શકું છું. મહાત્માઓ પાસે તો માત્ર ડિસચાર્જ બેટરી રહેલી છે! જે થવાનું હોય તે ભલે થાય પણ આ ડિસ્ચાર્જીંગની (ગલન) પ્રક્રિયાને ચાલતી રહેવા દો. આત્માએ તો ડિસ્ચાર્જના માત્ર જ્ઞાતા અને દૃષ્ટા રહેવું. ભલે પછી તમારું મન સ્થિર રહે કે પછી અવઢવમાં રહે તો તેને પણ માત્ર જાણી લેવું. જેથી કરીને ફરીથી ચાર્જીંગ થાય નહિ. તમારી અંદર તો એ જુસ્સો રહેવો જોઈએ કે બધું બરાબર છે અને આપણી પાસે કશું હોય કે ન હોય કાંઈ વાંધો નહિ.

''ભાવકર્મ ચાર્જ બેટરી છે''. આ પાંચ શબ્દો ભગવાન મહાવીરસ્વામીના પિસ્તાલીસ આગમોના ભાવાર્થમાં સમાવિષ્ટ થઇ ગયા છે. અન્યથા એક જ પ્રકારના મોહમાંથી છૂટવા માટે હજારો ભવફેરાઓ ફરવા પડે.

જિજ્ઞાસુ: કલ્પના અને ઈચ્છા વચ્ચે શું તફાવત છે?

દાદાજી: કલ્પના પોતાના આત્મા પ્રત્યેની અજ્ઞાનતાને કારણે ઉત્પન્ન થાય છે જ્યારે ઈચ્છા Discharge કર્મથી થાય છે. પણ ઈચ્છાનું મૂળ તો કલ્પના જ છે - પોતાના દરઅસલ સ્વરૂપ પ્રત્યેની અજ્ઞાનતા. દાખલા તરીકે ઉપરથી પાણી પડે છે, આકાશ તો જ્યાં છે ત્યાં જ રહે છે. હવા વહેતી રહે છે અને પાણી નીચેના પાણી સાથે ભળતું જાય છે. પરપોટા પેદા થયા કરે છે પછી તેમના ઉપર વરસાદ પડે છે. અહીં કોઈની ય ઈચ્છા નથી. હવાની પણ નહિ કે પાણીની પણ નહિ, આ તો એમ જ બની જાય છે, એ જ રીતે ઈચ્છાઓ ઉત્પન્ન થયા કરે છે.

જિજ્ઞાસુ: એ ચાર્જ થયું કે ડિસ્ચાર્જ થયું તેની ખબર આપણને કેવી રીતે પડે?

દાદાજી: તમે સભાનતાપૂર્વક અનુભવો કે, ''હું અમિત છું''. તે જ ક્ષણે તમે ચાર્જ થયા, પણ જો તમને એવું ભાન રહેતું જ હોય કે, ''હું શુદ્ધાત્મા છું'' તો કશું જ ચાર્જ ન થાય. જો તમે દખલ કરો કે દ્વિધા અનુભવો તો ચાર્જ થાય. પણ આવું કોણ કરે

છે? ચાર્જ અને ડિસ્ચાર્જના દૃશ્યમાન લક્ષણો સરખાં જ છે. તેથી વ્યક્તિ એ સમજી નથી શકતો કે આ ચાર્જ છે કે ડિસ્ચાર્જ છે. જો કોઈ એ ખાતરી કરી શકે તો તરત જ ચાર્જીંગ બંધ થઇ જાય. માત્ર જ્ઞાનીપુરૂષ જ આ ફરકને સ્પષ્ટ કરી શકે. પોતે શુદ્ધાત્મા જ છે એવું સતત ભાન રહેતું હોય તેવી સ્થિતિમાં માત્ર ડિસ્ચાર્જ જ હોય છે. પણ તમે પોતાને 'હું અમિત છું' માની લો અને તમારો અહંકાર—ભાવ જાહેર કરો તો ચાર્જ છે! જે ડિસ્ચાર્જ થયેલ છે તે તો જૂની બેટરીની અસર છે. પણ એ અસરોને સમભાવે સહેવા માટે કોઈ અસમર્થ હોય ત્યારે તેના પરિણામરૂપ નવી બેટરીનું ચાર્જીંગ થાય છે!

જેવું ચાર્જીંગ શરૂ થાય છે કે તરત તમે ચિંતામાં પડી જાવ છો. અંદર લાહ્ય બળે છે. અંદર આગ ભભૂકે છે. વ્યક્તિ ગભરાટ અનુભવીને ગૂંચવાડો અનુભવે છે. આવું ડિસ્ચાર્જ બાબતમાં નથી બનતું. એમાં નથી ગૂંચવાડો હોતો કે નથી ચિંતા થતી. કારણ કે વ્યક્તિ ડિસ્ચાર્જમાં લીન નથી થયો.

ભગવાન કહે છે કે, "ડિસ્ચાર્જની હું સંપૂર્ણ જવાબદારી લઉં છું. પણ ચાર્જિંગની રજા આપતો નથી". આ બે વાક્યોમાં જગતના તમામ શાસ્ત્રોનું જ્ઞાન સમાયેલું છે.

એકવાર ચાર્જીંગ અટકી જાય તો ડિસ્ચાર્જનો અંત આવશે એમ કહી શકાય. મોહ-જે ચાર્જ થઇ ચૂકેલ છે તે વચનચિઠ્ઠી (Promisary Note) છે; અને જે ડિસ્ચાર્જ છે તે 'હાથ ઉપરની સિલક' છે.

હું તમને ગેરંટી આપું છું કે તમે દાદા ભગવાનને મળ્યા પછી તમારૂં કોઈ ચાર્જીંગ નહિ થાય!

## ૩૮. મોહનું સ્વરૂપ.

મોહના મુખ્યત્વે બે પ્રકાર છે, દર્શન મોહ અથવા ચાર્જમોહ(Charge મોહ) અને ચારિત્રમોહ અથવા ડિસ્ચાર્જ (Discharge) મોહ.

### (૧) દર્શન મોહઃ

દર્શન મોહ તમારી રૂચિ ઉપર આધારિત છે. એ દેહાત્મબુદ્ધિ, નામધારી પણું વગેરેના મૂળમાં હોય છે અર્થાત્ 'હું અમિત છું' એ દર્શનમોહ છે.

**મિથ્યાત્વ મોહઃ** જગતની વિનાશકારી વસ્તુઓ પ્રત્યે રૂચિ તે મિથ્યાત્વ મોહ છે.

**મિશ્ર મોહઃ** મિશ્ર મોહ અર્થાત્ આત્માને જાણવાની રૂચિ અને સાથે-સાથે સંસારની વિનાશી વસ્તુઓ પ્રત્યે પણ રૂચિ. આ મિશ્ર મોહ કહેવાય. આ બંને સત્ય છે એ રીતે સ્વીકારવામાં આવે તે મિશ્ર મોહ.

**સમકિત મોહઃ** આત્માને ઓળખવાની અદમ્ય ઉત્કંઠા અને 'આત્માની ઓળખાણ એ જ સત્ય છે' - એવી સમજ તે સમકિત-

મોહ. સમકિત અર્થાત્ આત્મામાં આત્મબુદ્ધિ થવી. જ્ઞાન અર્થાત્ આત્મામાં આત્મરૂપ થવું.

જ્ઞાન અને જ્ઞાની પ્રત્યેના મોહને ચરમમોહ અથવા સમ્યક્મોહ કહેવામાં આવે છે. અન્ય મોહ મિથ્યામોહની કક્ષામાં આવે છે.

આ સંસાર શેના આધારે ટકેલો છે? ચોક્કસ, દર્શનમોહના આધાર ઉપર ટકેલો છે.

**(૨) ચારિત્ર-મોહઃ**

ભગવાનને ચારિત્ર મોહ સામે કોઈ વાંધો નથી. એ નીકળતો મોહ છે. જેમને જ્ઞાન નથી પ્રાપ્ત થયું તેમને પણ ડિસ્ચાર્જ છે પણ ત્યારે તેઓ પોતાને 'હું અમિત છું' તરીકે માને છે એટલે નવું કર્મ બાંધે છે.

ચારિત્રમોહનો વ્યાપ મન, દેહ અને વાણી ઉપર અજ્ઞાનતાના આવરણને કારણે વધે છે અને વ્યક્તિને માનવા પ્રેરે છે કે હું કર્તા છું અને આ મારું છે. ભગવાને ચારિત્રમોહને જે રીતે સમજાવ્યો છે તેવી રીતે ખરેખર આપણે સમજવું જોઈએ. 'હું કરું છું' નું ભાન અને ચિંતન તે ચારિત્રમોહ છે.

સામાયિક કે પ્રતિક્રમણ અથવા કોઈપણ સાંસારિક ક્રિયામાં કર્તાભાવ એ ચારિત્રમોહ અને કર્તાભાવમાં રસ-રૂચિ તે દર્શનમોહ છે. જે ફળ આપવા સન્મુખ આવ્યો હોય તે ચારિત્રમોહ અર્થાત્ ડિસ્ચાર્જમોહ છે. જે મોહ ચાર્જ થતો રહે તે દર્શનમોહ છે. અને જે ડિસ્ચાર્જ છે તે ચારિત્રમોહ છે. ડિસ્ચાર્જમોહ વ્યક્તિને ગુમરાહ કરે છે. તેને લીધે વ્યક્તિ ભૂલો કરે છે.

જિજ્ઞાસુઃ દર્શનમોહનું મૂળ કારણ શું છે?

દાદાજીઃ આત્માની હાજરીમાં પુદ્ગલ (અનાત્મ પદાર્થ) માં ચેતનભાવ ચાર્જ થઈ જાય છે (પ્રેરાઈ જાય છે) અને છેવટે એ જ ચાર્જર્ડશક્તિ ડિસ્ચાર્જ થાય છે. પુદ્ગલ ચેતનના સંપર્કમાં આવીને ચાર્જ થાય છે પણ આ ચાર્જિંગમાં ચેતનનું કશુંય વપરાતું નથી. માનવદેહ દ્વારા ડિસ્ચાર્જ (ગલન) થતું જોવામાં આવે છે. વ્યક્તિ આ બધું દૃષ્ટા ભાવે જોઈ શકે છે. એટલે જ અમે કહીએ છીએ કે, ''એ તો ચાર્જ થઇ ગયેલું છે''. ગલન અર્થાત્ ડિસ્ચાર્જ. એને આપણે ભાવાભાવ (ગમો અને અણગમો) કહીએ છીએ. એમાં ચેતન હોતું નથી.

જિજ્ઞાસુઃ કૃપા કરીને દૃષ્ટાંત આપીને સમજાવો.

દાદાજીઃ આજીવન સજા પામેલો માણસ કેદમાં પર્યાપ્ત સાદું ભોજન મેળવે છે. પણ એને જલેબી, લાડુ જેવી વાનગીઓ નથી મળતી. તો શું તેનો મોહ મટી ગયો? ના, મોહ તો છે પણ એ સુપ્તાવસ્થામાં છે. જ્યારે તમને કોઈ વસ્તુ ન મળે ત્યારે એમ ન કહી શકાય કે તમારી અંદર હવે મોહ નથી રહ્યો!

જિજ્ઞાસુ: દાદાજી! તો શું મારી અંદર વધારે મોહ છે અને બીજાની અંદર મોહ ઓછો છે?

દાદાજી: મોહનું નાનામાં નાનું બીજ પણ પાંગરીને આખા સંસારમાં વ્યાપી જાય છે. મોહની સાચી સમજ મુજબ મોહમાં કશું જ ઓછું વત્તું માની શકાય તેવું હોતું નથી. ફક્ત જ્યારે તમે મોહને જડમૂળથી ઉચ્છેદી નાખો ત્યારે જ તમે તમારા લક્ષ્ય સુધી પહોંચી શકો છો. ભગવાન અને સત્સંગ પ્રત્યેનો મોહ, સત્પુરુષના સત્સંગનો મોહ તે પ્રશસ્ત મોહ છે. તેનાથી વ્યક્તિ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

અસંખ્ય પ્રકારના મોહ છે. અને તેમને નાબૂદ કરવા લગભગ અશક્ય છે. એક મોહથી મુક્તિ મેળવવા માટે પણ વ્યક્તિને એક લાખ ભવફેરાઓ મારવા પડે. માણસ તો મોહનું સંગ્રહાલય છે! જ્યાં સુધી તમે આત્મજ્ઞાન પ્રાપ્ત નહિ કરો ત્યાં સુધી મોહની પકડમાંથી છૂટવું અશક્ય અને અસંભવ છે.

**૩૯. માયા.**

જિજ્ઞાસુ: માયાના બંધનમાંથી છૂટવા માટે વ્યક્તિ શું કરી શકે? ઘણાં ધાર્મિક ગ્રંથો કહે છે કે ભગવાને ખૂબ જ શક્તિશાળી વૈશ્વિક ભ્રમની શક્તિનું બળ મૂક્યું છે જે માયાના નામથી ઓળખાય છે. તે બધાને ઢાંકી દે છે અને મોક્ષની રાહ ઉપર ચાલતા હોય તેમના માટે પણ અડચણ સર્જી દે છે. આ બધી વાતથી મને ગૂંચવાડો થાય છે. કૃપા કરીને અમને આ માયા વિશે સમજાવો.

દાદાજી: અજ્ઞાન એ જ માયા છે. આત્માનું અજ્ઞાન એ જ માયા છે અને આ માયા આપણને એવો માર મારે છે કે આપણે એના જખ્મો જોઈ નથી શકતા! આ વિશ્વમાં તમારો કોઈ ઉપરી નથી. માત્ર માયાને કારણે જ તમે આ જગતમાં મૂંઝાયેલા રહો છો. માયા શું છે? ભગવાનનું સાપેક્ષ સ્વરૂપ એટલે માયા. લોકોનું કહેવું છે કે માયા આપણને ફસાવે છે. આ બધું કોણ ચલાવે છે એની ખબર નથી ને લોકો એમ માને છે કે તેઓ પોતે જ આ બધું ચલાવે છે. માત્ર અજ્ઞાન (માયા) ના કારણે આપણે કોઈક આપણો ઉપરી છે એમ માનીએ છીએ, કે કોઈક આપણી ઉપર સર્વસત્તાધીશપણું ધરાવે છે. ખરેખર તો આ માત્ર માયા જ છે અને તેના ગાળીયામાં બધા લોકો ફસાઈ જાય છે.

આ જગતમાં માયાની બાબતમાં કોઈ મુક્ત હોય તો તે માત્ર ભગવાન છે. જેઓ નાસમજ અથવા ઓછી ગતાગમવાળા છે તેઓ માયાના માર અને મુક્કાબાજીનો શિકાર થાય છે. (અલબત્ત, તેઓ એમ માને છે કે ભગવાન જ શિક્ષા કરે છે). શું માયાનો માર હલકો છે કે ભારે છે? એ કોઈ કહી શકે તેમ નથી પણ તે અવશ્ય કોઈને મુક્તિ પામવા માટે પ્રેરણા આપી શકે છે!

સાચું કહીએ તો, પોતાની સાચી ઓળખનું અજ્ઞાન એ જ માયા છે. એકવાર જો આ અજ્ઞાન હટાવી દેવાય તો માયા ઉભી

નહિ રહે. જ્યાં કશું જ નથી ત્યાં કશુંક હોવાનો વિકલ્પ થાય એટલે માયા. માયા મારી સામે ઊભી નહિ રહે. પણ એકવાર જો તમે મારું સાન્નિધ્ય છોડી દો તો તમારી આસપાસ ફરીથી માયાનું વાતાવરણ ફરી વળશે. એકવાર જો તમે મારી પાસેથી આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરો પછી તમે સંસારમાં ગમે ત્યાં જાવ પણ માયા તમારાથી દૂર જ રહેશે.

જિજ્ઞાસુ: ગુરુદેવ! અમારું મન અમને બહુ હેરાન-પરેશાન કરે છે.

દાદાજી: લોકો એમ માને છે કે મન ખૂબ જ તોફાની (નટખટ) છે અને આપણને છોડશે નહિ. લોકો મનની પાછળ પડ્યા છે પણ મન તો પજવતું નથી. પણ સાચું કહીએ તો તે મન નહિ પણ માયા છે જે વ્યક્તિને સંતાપે છે અને તકલીફો પેદા કરે છે. માયાને જવા દો પછી મન એક સુંદર અંતહીન ફિલ્મ જેવું લાગશે.

જિજ્ઞાસુ: સાધુ મહારાજો તો માયાથી મુક્ત હશે.

દાદાજી: કેટલાકે સંસારની માયા છોડીને ત્યાગીપણાનો સ્વીકાર કર્યો. અને ત્યાગી બની ગયા. પણ શું એનો અર્થ એવો થાય કે તેઓ માયાથી મુક્ત થઇ ગયા? ના. અરે ઉલટાનું તેઓ તો બેવડા બંધનમાં બંધાઈ ગયા. આ કહેવાતા ત્યાગીઓએ તેમની પત્ની અને બાળકોને રખડતા નિરાધાર છોડી દીધા છે. સાથે-સાથે પોતાની જાતને અજ્ઞાનની અસંખ્ય ગડીઓમાં લપેટી દીધા છે. તેઓ ભટકી રહ્યા છે, તેમને ખબર નથી કે તેઓ ક્યાં જઈ રહ્યા છે. તો પછી તેઓએ કેવી રીતે માયાનો ત્યાગ કર્યો કહેવાય?

જિજ્ઞાસુ: માયા છોડી દીધી છે એમ કોઈ ક્યારે કહી શકે?

દાદાજી: સંસારી જીવનના સુખ વૈભવો અને સુવિધાઓને ભોગવતાં છતાં પણ જો કોઈ માયાથી મુક્તિ અનુભવી શકે તો તેને સાચા અર્થમાં ત્યાગી કહેવાય.

તમે ગમે ત્યાં જાવ પણ જો તમે મારા અને તારામાંથી છૂટી શકતા ના હો અને જો તમે ‘હું’ પણાનો આગ્રહ રાખો તો તમે હજી ‘હું’ અને ‘મારા’ (માયા અને મમતા) ની પકડમાં જ છો. ભગવાન કહે છે કે આ આખું જીવન જ નાટકીયું છે. પણ ખરેખર તમે તો પ્રેક્ષક જ છો, ઍક્ટર નહિ. તમારાં મૂળ આત્માને કદી પણ ઍક્ટર બનવા દેશો નહિ.

જિજ્ઞાસુ: આપણાં સ્વજનોની મોહ—માયાથી છૂટવાનું ખૂબ જ મુશ્કેલ થઇ જાય છે.

દાદાજી: હું આ બાબતમાં એક ઘટના જણાવીશ. એક વ્યક્તિ મારી પાસે રડતો-કકળતો આવ્યો અને બોલ્યો: “મને જીવન જીવવું ખૂબ જ કપરું લાગે છે. મને આત્મહત્યા કરી લેવાનું મન થાય છે”. “મને ખબર પડી કે તેની પત્નીનું પંદર દિવસ પહેલાં અવસાન થયું છે અને તેને ચાર બાળકો છે”. ભલે ભાઈ! તમે લગ્ન કર્યા બાદ કેટલાં વર્ષ સાથે વિતાવ્યાં? મેં પૂછ્યું.

‘‘દસ વર્ષ’’. તેણે જવાબ આપ્યો.

‘‘ધારો કે તમારા મળતા પહેલાં એમનું મૃત્યુ થઈ ગયું હોત તો તમે એમના મૃત્યુ પાછળ રડ્યા હોત ખરા?’’ મેં પૂછ્યું.

‘‘ના, એમ હોત તો, હું તેના મૃત્યુને કારણે શી રીતે રડી શકું? હું તો ઓળખતો પણ ન હતો’’. તેણે કહ્યું.

મેં કહ્યું, ભલે, હવે હું તમને સમજાવું છું કે તમે હવે તેમના પાછળ શા માટે રડી રહ્યા છો? તમે ભવ્ય વરઘોડો કાઢીને બેંડ-વાજાં અને સાજન-માજન સાથે તેમની સાથે લગ્ન કરવા માટે વાજતે-ગાજતે ગયા હતા. અગ્નિની સમક્ષ ફેરા લેતા-લેતા તમે લાગણીઓના આંટા મારવાનું શરૂ કર્યું. ‘‘આ મારી જીવનસાથી છે, એ મારી છે, મારી પત્ની’’. પ્રત્યેક ક્ષણ તમે તેને નીરખતા રહ્યા અને વિચારતા રહ્યા કે આ મારી પત્ની છે. અને આમ તમારી અંદર મમતાના આંટા ચડતા ગયા. જો તે સ્ત્રી યોગ્ય પત્ની પૂરવાર થઈ તો તે તમારાં માટે સુંવાળું બંધન છે અને જો તે સુયોગ્ય પત્ની ન નિવડી તો તે સૂતરના આંટારૂપી બંધન.

હવે જો તમે તમારી જાતને મુક્ત કરવા ચાહતા હોય તો ‘તે મારી છે’ એમ કહીને જેટલી વાર તમે વીંટા ચડાવ્યા હોય એટલીવાર તમારે એમ કહીને વીંટા ઉતારવાના છે કે, ‘તે મારી નથી’. તો જ તમે મમતાના બંધનમાંથી મુક્ત થઈ શકશો.

તે મારી વાતને સમજી ગયો અને પોતાની જાતને મુક્ત થતા સુધી મમતાના બંધનનાં પડ ઉતારતો ગયો. પંદર દિવસ પછી તે મારી પાસે આવ્યો અને આંખમાં હર્ષાશ્રુ સહિત મારા પગમાં પડીને બોલ્યો કે, ‘‘દાદા! આપે મને બચાવી લીધો. તમે મને મમતાના વીંટામાંથી છૂટવાનો રસ્તો પ્રશસ્ત કર્યો અને મને એ બોધે બંધનમાંથી મુક્ત કર્યો’’. આ સાચો બનાવ સાંભળીને ઘણાં લોકો મમતાના બંધનોમાંથી છૂટી ગયા છે.

## ૪૦. પ્રાકૃત સંયોગ.

જિજ્ઞાસુઃ દરેક વ્યક્તિને પોતાના સ્વભાવ મુજબ જુદી-જુદી વસ્તુઓ ગમતી હોય છે. કૃપા કરીને એ બતાવો કે આપણાં જીવનકાળ દરમિયાન કેવી રીતે વસ્તુઓ પ્રાપ્ત થયા કરે છે?

દાદાજીઃ જુઓ, તમારી પાસે જે કાંઈ આવે છે તે તમારી પ્રકૃતિ પ્રમાણે આવે છે. તમારી પ્રકૃતિને અનુકૂળ એવું બધું જ તમને મળે છે.

જિજ્ઞાસુઃ આ તો આશ્ચર્યજનક બાબત છે.

દાદાજીઃ તમારી પ્રકૃતિના આધારે તમને મળે છે. ચા, શાકભાજી અને ખોરાકનો પ્રકાર અને સ્વાદ પણ તમને તમારી પ્રકૃતિ અનુસાર પ્રાપ્ત થાય છે પણ જ્યારે ક્રોધ, કપટ, માન અને લોભ હસ્તક્ષેપ કરવાનું ચાલુ કરી દે છે ત્યારે તમે આ બધું બગાડી

નાખો છો. લોભ તમારી પાસે સંઘરો કરાવશે. પછી કપટ તેના બચાવમાં આવશે. તમારે કશામાં માથું મારવું નહીં, તમને તમારી પ્રકૃતિ અને જરૂરિયાત પ્રમાણેનું બધું જ મળી રહેશે.

ધારો કે, તમે એમ વિચારો કે, ‘‘આવતી કાલે જો સૂર્યોદય નહિ થાય તો શું થશે?’’ તમારે આવું શા માટે વિચારવું જોઈએ? વિશ્વમાં જે કાંઈ છે તે સઘળું તમારા માટે જ છે પણ તમારે તેનો આનંદ શી રીતે ઊઠાવવો એ સમજવું જોઈએ. આ સૂર્ય, ચંદ્રમા, તારા, હવા અને પાણી આ બધું તમારા માટે જ છે.

ધારો કે તમારા પ્રકૃતિ-સ્વભાવને આધારે જો તમને કોઈ હિલસ્ટેશન (રિસોર્ટ) પર  દસ દિવસ વિતાવવાના મળે તો તમારું મન એમ કહેશે કે મને હજી વધુ દસ દિવસ રહેવા મળે તો સારું અને જો બીજે ક્યાંક બે દિવસ પણ વધારે રહેવાનું આવે તો તમને ગમશે નહિ અને કચવાયા કરશો.

ખાવા પીવાના પદાર્થો અને બીજું બધું વ્યક્તિ તેની પ્રકૃતિ અનુસાર જ પ્રાપ્ત કરે છે પણ કોઈને તે જેટલો લોભ રાખે તેટલું ન પણ મળે. ત્યાગ કરવો કે ઉપવાસ કરવો તે પણ વ્યક્તિની પ્રકૃતિ ઉપર આધાર રાખે છે અને તમને ગેરસમજ થાય છે કે, ‘મેં આ કર્યું’. આ તો માત્ર વ્યક્તિના અહંકારની અભિવ્યક્તિ છે.

જિજ્ઞાસુઃ દાદાજી! શું કોઈ પોતાની મરજીથી ત્યાગ ન કરી શકે?

દાદાજીઃ હું એક સત્ય ઘટના કહીશ. એક શેઠ તેની પત્ની તથા છ બાળકો સાથે વડોદરામાં રહેતા હતા. તેમની પત્ની ઝઘડાળુ હતી અને આખોય દિવસ પજવણી કર્યા કરતી હતી. કોઈપણ બહાને ઝઘડો કરવો અને પજવવું એ તેનો સ્વભાવ હતો. તે આ બધાથી કંટાળી ગયા હતા અને વિચારતા હતા કે જો હું સાધુ થઈ જાઉં તો સારું. લોકો મને માનપાન તો આપશે. અને એક દિવસ તે ચૂપચાપ પોતાનું ઘર-પરિવાર છોડીને સાધુ થઈ ગયા. તેમની પત્ની ખૂબ જ હોંશિયાર હતી અને આ રીતે તેમને છોડે એવી નહોતી. તેણે શેઠની તપાસ કરીને પત્તો મેળવી લીધો ને અનાયાસ જ દિલ્હીના એક ઉપાશ્રયમાં પહોચી ગયાં. ત્યાં મહારાજસાહેબ વ્યાખ્યાન આપતા હતા. એમની સાથે આ શેઠ પણ સાધુના રૂપમાં બેઠેલા હતા.

શેઠાણી જોર-જોરથી શેઠને ખખડાવવા લાગ્યાં. ‘‘તમે મારી સાથે આ શું કરો છો? તમે તો કેવા માણસ છો? તમે તો મારા ઉપર છ છોકરાઓની જવાબદારી નાખીને બાયલાની જેમ ઘેરથી ભાગી છૂટ્યા? તેમને કોણ મોટાં કરશે? અને તેમને કોણ ભણાવી-ગણાવીને પરણાવશે?’’ અને પછી શેઠનો હાથ પકડીને પોતાની તરફ ખેંચવા લાગી! તે પણ પરિસ્થિતિને પામી ગયો અને વિચાર્યું કે પરિસ્થિતિને વધારે ખેંચવાથી વાત વણસી જશે અને તમાશો થઈ જશે. તેણે કહ્યું ‘‘હું જરા કપડાં બદલી લઉં ત્યાં સુધી ખમી જા’’. પણ તે તો તેને છોડવાને બદલે બોલી કે, ‘‘હું તમને જરાય ખસવા દેવાની નથી. કપડાની ચિંતા કર્યા વિના આજ વેશમાં મારી સાથે ઘેર ચાલો’’.

મહારાજસાહેબ આ પરિસ્થિતિને કળી ગયા અને શેઠને આંખના ઈશારાથી સમજાવ્યું કે તમે તમારી પત્ની સાથે ઘેર પાછા જાવ. પત્ની શેઠને એ જ સાધુવેશમાં ઘેર લઈ આવી! તેમની પ્રકૃતિમાં ત્યાગ ન હતો એટલે તેમણે ઘેર પાછા વળવું પડ્યું.

બીજી એક ઘટના કહું છું તે સાંભળો. એક મહારાજસાહેબ એટલા વૃદ્ધ થઇ ગયા કે તે વિહાર કરી શકે તેમ ન હતા અને તેમની સેવા કરી શકે એવું કોઈ ન હતું. ઘેરી નિરાશાને કારણે તેમને ઘરની યાદ આવી અને કોઈકની મદદથી પોતાને ઘેર પહોંચ્યા તેમને એવી આશા હતી કે તેમના દીકરા—વહુઓ તેમની સંભાળ રાખશે પણ એ બધાએ રાખવા માટે ચોખ્ખી ના કહી દીધી. તેમની પ્રકૃતિમાં ત્યાગ હતો એટલે આવી સ્થિતિ નિર્માઈ. આ બધી પ્રકૃતિની અવનવી લીલા છે.

જિજ્ઞાસુઃ તો પછી પ્રકૃતિ એ શું છે?

દાદાજીઃ જો પ્રકૃતિ કોઈ વ્યક્તિ હોય તો તેને ગંગાબહેન નામ આપી શકીએ, પણ તે કોઈ વ્યક્તિ નથી. પ્રકૃતિ અર્થાત્ સંયોગિક પ્રમાણ. આ બધું જે ચાલી રહ્યું છે તે બીજું કાંઈ નહિ પણ બધો પ્રકૃતિનો કઠપૂતળીઓનો ખેલ છે. વ્યક્તિ જે કાંઈ કરે છે અથવા નાચે છે તેનો સઘળો આધાર તેની પ્રકૃતિ ઉપર છે અને છતાં ડંફાસ મારે છે કે, ''જુઓ હું નાચુ છું! હું ત્યાગ કરું છું !'' જો વ્યક્તિના પ્રકૃતિસ્વભાવમાં હોય તો ત્યાગ શક્ય બને છે અન્યથા જો તેનો પ્રકૃતિસ્વભાવ નહિ હોય તો તેની પત્ની તેને ઘેર પાછો લઈ આવશે!

પ્રકૃતિનું કર્તવ્ય શાશ્વત અને અફર છે કોઈ એને બદલી નહિ શકે કે એની ઉપરવટ પણ જઈ નહિ શકે.

જિજ્ઞાસુઃ તો પછી આપણે પ્રકૃતિ સાથે કેવો વહેવાર રાખવો જોઈએ?

દાદાજીઃ પ્રકૃતિનો કોઈ પાર આવે એમ નથી. પુરૂષ (પરમાત્મા) થાવ પછી પ્રકૃતિ અને પુરૂષ એકબીજાના ક્ષેત્રમાં હસ્તક્ષેપ કર્યા વિના પોતપોતાના ક્ષેત્રમાં રહેશે. અહીં પુરૂષનો અર્થ પરમાત્મા છે. વ્યક્તિ પરમાત્મપદ સુધી ન જાય ત્યાં સુધી તે પ્રકૃતિ જેમ નચાવે તેમ નાચતો રહેશે.

બધાં શાસ્ત્રો કહે છે કે, ''પુરૂષ (પરમાત્મા) ને ઓળખો''. ''તમે તમારી જાતને ઓળખો''. કોઈપણ શાસ્ત્ર પ્રકૃતિને ઓળખવાનું કહેતું નથી. પ્રિય આત્મન! જો તમે પર-કૃતિની રચનાને સમજો તો પછી તમે સ્વ (આત્મા) ને સમજી શકશો. જો પાણી અને તેલ ભેગું થાય તો તમે પાણીને ઓળખી લો અને તેને છૂટું પાડી દો પછી તમે તેલને ઓળખી શકશો. તેથી, 'હું' કહું છું કે ''પ્રકૃતિજ્ઞાનને જાણો''.

જિજ્ઞાસુઃ તો પછી આપણે પ્રકૃતિ અને તેના ક્ષેત્રને શી રીતે જાણી શકીએ?

દાદાજીઃ જે કાંઈ પરિવર્તનશીલ છે અને ચંચળ, ક્ષણજીવી અને અસ્થિર છે તે સઘળું પ્રકૃતિ છે. પહેલાં તેને જાણી લો અને

અસ્થિર ભાગમાં શું-શું આવે છે? પાંચ ઇન્દ્રિયોનો પણ પ્રકૃતિમાં સમાવેશ થાય છે. તમારી અંદર ત્યાગવૃત્તિ હોવા છતાં તમારી આંખ ન જોવાનું જોશે, નાક તમારી મરજી ન હોવા છતાંય કીચડ-ગંદકી પાસેથી નીકળતી વેળાએ દુર્ગંધ લેશે.

શરીર કેવું ચંચળ છે? જ્યારે કોઈ કાર તમારી તરફ આવતી હોય ત્યારે તમે જોજો કે તમારું શરીર તમારા મનની સંમતિ વિના જ આપોઆપ બાજુએ ખસી જશે. મન અને ચિત્ત પણ એ જ રીતે પલટાયા કરે છે.

દાખલા તરીકે, તમે અહીં છો પણ તમારું ચિત્ત સ્ટેશન ઉપર ભટકતું હોય. બુદ્ધિ પણ બદલાતી રહે છે. દાખલા તરીકે, તમે એ જાણો છો કે સ્નાન કરી રહેલી સ્ત્રીને નીરખવી ન જોઈએ છતાં બુદ્ધિ બધી દલીલોની અવજ્ઞા કરશે. જો કોઈ તમારું નામ જોગ અભિવાદન કરે તો તમારો અહંકાર પોરસાય છે. આ બધું અનિત્ય, પરિવર્તનશીલ અને અસ્થિર છે.

તમે આ અનિત્ય ભાગને સમજી લો પછી જે નિત્ય અને અનશ્વર છે તે આત્મા છે. દયા, માન, અહંકાર, શોક, આનંદ, સુખ અને દુઃખ આ બધા દ્વૈત ગુણો આરોપિત છે. આ બધાં લક્ષણો માત્ર પ્રકૃતિ પર અવલંબિત છે અને તે પ્રાકૃત ધર્મમાં રહેલાં છે. પ્રકૃતિ અનિત્ય અને સક્રિય છે જ્યારે આત્મા સ્થિર અને અચળ છે-નિત્ય છે. જ્યારે કોઈ આત્મ-પુરૂષને ઓળખી લે ત્યારે આત્મજ્ઞાન થાય અને પરિણામે પરમાત્મપદ પમાય.

# મોક્ષ

## ૪૧. સૃષ્ટિનું સર્જન

દાદાજી: આ સૃષ્ટિ કોણે બનાવી છે ?

જિજ્ઞાસુ: .........?..........?.........!!!........

દાદાજી: તમે જે કંઈ વિચારતા હોય તે કહો. ચિંતા કરશો નહીં. અહીં કોઈ તમારી પરીક્ષા લેવા માટે બેઠું નથી!

જિજ્ઞાસુ: કદાચ ભગવાને રચના કરી હશે.

દાદાજી: કેમ? ભગવાનના દીકરાઓ કુંવારા રહ્યા હશે કે એમણે આ સંસારની રચના કરી હશે? તમે ભગવાન માટે શું વિચારો છો, એ પરણેલા છે કે કુંવારા? તેમનું સરનામું શું છે? શું તમે વિચારી શકો છે કે મોક્ષ જેવું કાંઈ હોઈ શકે છે?

જિજ્ઞાસુ: મોક્ષ તો ચોક્કસ છે જ.

દાદાજી: પણ જો ભગવાન આ સંસારનો સર્જક હોય અને ચરમ મોક્ષ પણ હોય, તો પછી આ તો વિરોધાભાસ સર્જાયો.

જિજ્ઞાસુ: વિરોધાભાસ? શી રીતે ?

દાદાજી: જો ભગવાન આપણો ઉપરી હોય અને તેઓ આપણને મોક્ષ તરફ દોરી જવાના હોય તો પછી એનો અર્થ એ થયો કે જ્યારે તે બહાર જવા માટે હુકમ કરે ત્યારે તમારે ઊઠી જવાનું અને તમારે તમારો મોક્ષ પણ છોડવાનો. તમે એ શી રીતે કહી શકશો કે એ પૂર્ણ મોક્ષ છે. મોક્ષ અર્થાત્ સંપૂર્ણ મુક્તિ. કોઈ માલિક કે શેઠ નહિ. ભગવાન પણ નહિ અને કોઈ તમારાથી ઉતરતું પણ નહિ!

જિજ્ઞાસુ: હા, ગુરુદેવ! એમ જ હોવું જોઈએ.

## ૪૨. વ્યવસ્થિતશક્તિ.

દાદાજી: જુઓ, તમે સવારે વહેલા ઊઠી જાવ છો. સાચું કહેજો તમે જાતે જ ઊઠો છો? તમે જાતે જ વહેલા ઊઠી જાવ છો કે કોઈ અદૃશ્ય શક્તિ તમને જગાડે છે ?

જિજ્ઞાસુ: હું તો મારી જાતે જ જાગી જાઉં છું.

દાદાજી: પણ ક્યારેક એવું નથી બનતું કે તમને ઊંઘ આવતી હોય અને છતાં તમે ઊંઘી નથી શકતા જ્યારે તમારે વહેલી સવારે ચાર વાગ્યે જાગવાનું હોય અને જો તમે જાતે ઊઠી શકતા હોવ તો પછી એલાર્મ મૂકવાની જરૂર જ શી? જો તમે સવારે પાંચ વાગ્યે ઊઠી જવાનું નક્કી કરીને સૂઈ જાવ તો તમારે સમયસર ઊઠી જ જવું જોઈએ પણ એમ બને છે ખરું ?

જિજ્ઞાસુઃ જી ના ગુરુદેવ! મારે કોઈની મદદ લેવી પડે છે અને એલાર્મ પણ મૂકવું પડે છે.

દાદાજીઃ અહીં વિરોધાભાસ સર્જાય છે. જ્યારે તમે નથી કરતા છતાં તમે કહો છો કે મેં એ કર્યું છે. તો પછી એ સિદ્ધાંત શી રીતે કહેવાય? પછી વિચારો! તમને કોણ જગાડી દે છે? એ સંયોજિત અને તટસ્થ શક્તિ છે જે તમને જગાડે છે. સૂર્ય, ચંદ્ર વગેરે ગ્રહો તેમના નિયમો મુજબ ચાલે છે. આ મિલ્સ, કારખાનાં અને ઉદ્યોગો દુર્ગંધ અને ધુમાડાની ગંધ બહાર કાઢયે જ જાય છે પણ વ્યવસ્થિત શક્તિ પ્રદુષિત હવાને શુદ્ધ કરીને વાતાવરણને શુદ્ધ બનાવે છે, અન્યથા અમદાવાદ જેવા શહેરોના લોકો ગૂંગળામણને કારણે બહુ પહેલાં મરી ગયા હોત. તમને આવો વિચાર આવે છે કે કેમ?

ચોમાસામાં વરસાદ પડે છે. વાદળોમાં પાણી કોણ મોકલે છે? આ તો માત્ર અને માત્ર કુદરતી વ્યવસ્થા છે. જ્યારે હાઈડ્રોજનના બે અણુ ઓકસીજનના એક અણુ સાથે ભેગા થાય છે ત્યારે તેમાંથી પાણી બને છે અને વરસાદ તરીકે ધરતી પર વરસે છે પણ વૈજ્ઞાનિકો શું કહે છે? જુઓ! હું પાણીનો સર્જક છું. અરે મૂર્ખ! જ્યારે હું હાઈડ્રોજનના બે અણુને બદલે એક અણુ આપું તો તમે કહેશો કે આમ તે શી રીતે બને? ખરેખર તો તમે પણ પુરાવાનો એક ભાગ છો. તમે શી રીતે સર્જક બની શકો? આ સંસારમાં એવું કોઈ નથી કે જે પોતે એકલો જ સર્જક કે બનાવનાર હોય. આપણે સહુ તો નિમિત્ત માત્ર છીએ. અરે ભગવાન પણ સર્જક નથી. જો 'એ' સર્જક બની જાય તો તેને પણ ઘટનાઓની અસર પહોંચે પણ ભગવાન માત્ર જ્ઞાતા, દૃષ્ટા અને પરમાનંદી છે.

દાદાજીઃ ભગવાન ક્યાં રહે છે? એમનું સરનામું શું છે? તમને એમને પત્ર લખવાનું મન થાય છે ? તમે કયા સરનામે પત્ર મોકલાવશો? તે કઈ ગલીમાં રહે છે? એમની શેરીનો નંબર કયો છે?

જિજ્ઞાસુઃ હું એ નથી જાણતો પણ એમ કહેવાય છે કે એ ઊપર રહે છે. (ઊપર આકાશ તરફ આંગળી ચીંધે છે.)

દાદાજીઃ તો પછી તમે બીજા જે પણ કહે છે તેને માનો છો? તમારે તપાસ કરવી જોઈએ. શું તમારે ન કરવી જોઈએ? હું એમનુ સાચું સરનામું આપીશ. દૃશ્ય કે અદૃશ્ય જીવમાત્રમાં ભગવાન રહેલો જ છે, અનંત સજીવો માઈક્રોસ્કોપ હોવા છતાંય ન જોઈ શકાય એવા અદૃશ્ય રૂપે તમારી અને મારી વચ્ચે અસ્તિત્વ ધરાવે છે. ભગવાન એમની અંદર રહે છે. તે એમની અંદર એક શક્તિ રૂપે અવ્યક્ત રૂપે રહેલો છે પણ તે તેની સમસ્ત તેજસ્વિતા સાથે મારી અંદર પૂર્ણરૂપે વ્યક્ત થયા છે...

ભગવાન તો આ દેહરૂપી મંદિરમાં વ્યક્ત થયેલ છે. એની અંદર પ્રકાશ, આશ્ચર્યજનક પ્રકાશ (તેજ) છે. તમે તમારી સામે બેઠેલા જુઓ છો તે અંબાલાલ મૂળજીભાઈ પટેલ, ગુજરાત રાજ્યના આણંદ જીલ્લાના ભાદરણ ગામના પાટીદાર અને વ્યવસાયે સિવિલ એન્જિનિયર છે પણ 'તે' જે અંદર વ્યક્ત છે તે ખૂબ જ આશ્ચર્યજનક છે. તેઓ 'દાદા ભગવાન છે'! પણ તમે એમને શી રીતે ઓળખી-સમજી શકો?આ શરીર પણ એક પ્રકારનું પેકીંગ જ છે અને એની અંદર જે બેઠો છે તે 'દાદા

ભગવાન' છે.

તમે પણ વિવિધ સામગ્રી ભરેલું પેકીગ જ છો. અમિત નામનું પોટલું. જે 'અંદર' વસે છે તે ભગવાન છે. આ ગધેડા પાસે ગધેડા પ્રકારનું પોટલુ છે પણ જે તેમાં વસે છે તે ભગવાન છે. છતાં જયારે ગધેડો રસ્તામાં આડો ઉતરે છે ત્યારે આ કમનસીબ લોકો એને ભાંડે છે. અંદર વસેલો ભગવાન એની નોંધ લે છેઃ 'અરે! આ તો મને ગધેડો કહે છે! જા અને મજા કર, તને પણ ગધેડાનો એક અવતાર તો મળશે જ!' બહારનું પેકિંગ કોઈપણ જાતના લાકડાનું, કહો કે રોઝવુડ કે પાઈનવુડનું હોઈ શકે છે. વેપારી શું ચકાસે છે? બહારનું પેકિંગ કે અંદરની માલ-સામગ્રી?

જિજ્ઞાસુઃ તે માલ-સામગ્રી ચકાસે છે.

દાદાજીઃ હા, પેકિંગમાં શું રાખ્યું છે? એમાં જે ભારોભાર ભરેલું છે તેની સાથે આપણી નિસ્બત છે? આપના માટે તેનું મહત્વ છે અને કોઈ પેકિંગ કદાચ બગડેલું હોય, કોઈ તૂટેલું-ફૂટેલું પણ હોય છતાં તેમાંની વસ્તુ ચોખ્ખી છે. 'હું' એક સેકંડ માટે પણ આ અંબાલાલ મૂળજીભાઈ પટેલ સાથે એકરૂપ થયો નથી અને મારી સ્વાનુભૂતિ પછી 'હું' 'એમની' સાથે પડોશીની જેમ જ રહું છું.

## ૪૩. ભગવાન ઉપરી અને મોક્ષ

જિજ્ઞાસુઃ મનુષ્યની મોક્ષપ્રાપ્તિ માટે ભગવાનની શું ભૂમિકા છે?

દાદાજીઃ જ્યારે હું તેર વર્ષનો હતો ત્યારે મારા મનમાં એક ઈચ્છા હતી કે મને નિયંત્રિત કરે તેવું મારા ઊપર કોઈપણ નહી હોવું જોઈએ. ભગવાન પણ નહિ! આ મને ફાવે નહિ. હું આ સંસારમાં મારો પોતાનો ઉત્કર્ષ લઈને આવ્યો છું અને મારી અનંત જન્મોની તીવ્ર ઝંખના આ જીવનમાં પૂરી થઇ શકે છે.

જો ભગવાન આપણાં નિયંત્રક હોય અને એ આપણને બંધનોમાંથી મુક્ત કરવાના હોય તો જ્યારે આપણે ઘડીક આરામ કરી રહ્યા હોય ત્યારે આપણને ઊઠવા અને જવા માટે હુકમ કરી શકે છે અને આપણે એમના આદેશનું પાલન પણ કરવું પડે! એવું મને ન ગમે! એને મોક્ષ શી રીતે કહેવાય? મોક્ષ અર્થાત્ સંપૂર્ણ મુક્તિ! મોક્ષ એટલે બધા જ સરખા.

તમે જીવતે જીવ જ સંપૂર્ણ મોક્ષ અને સમાધિનો અનુભવ અને આનંદ માણી શકો છો. ચિંતામુક્તિ અને પૂર્ણ સમાધિ! અરે આવકવેરા ખાતાના સમન્સ પણ તમારી આનંદયુક્ત સમાધિને જરાયે ખલેલ નહી પહોંચાડી શકે-એ મોક્ષ છે. આપણે જયારે અહીં નહિ હોઈએ ત્યારે આપણે ચરમ મોક્ષનો આનંદ પ્રાપ્ત કરીશું પણ તે પહેલાં જયારે આપણે આ જીંદગી જીવી રહ્યા છીએ ત્યારે એનો આસ્વાદ માણી લઈએ! પણ સહુથી પહેલાં, તમારે હમણાં અહીં મોક્ષ પ્રાપ્ત કરવો અને અનુભવ લેવો રહ્યો ત્યારબાદ જ તમે ચરમ અને પરમ સમાધિના અનુભવ માટે નિશ્ચિંત થઇ શકો છો.

મેં સોળ વર્ષની વયે લગ્ન કરેલું. લગ્નવિધિ વખતે અવનવી ઘટના બની. મારા માથે મૂકેલી વરરાજાની પાઘડી ઢીલી પડીને જરાક નીચે સરકી ગઈ. મારા મનમાં એવો વિચાર આવ્યો કે એ નક્કી જ છે કે લગ્નના થોડાક સમય બાદ અમારામાંથી કોઈ એકને એકલા પડવાનું તો થશે. કદાચ હું વિધુર થાઉં કે પછી તેને વૈધવ્ય આવે.

માણસ અનેક જન્મોથી એક જ રૂઢિને વશ થતો આવ્યો છે અને જન્મોજન્મ આ જ શીખે છે અને શીખ્યા પછી અજ્ઞાનને લીધે વળી પાછો આવરાય છે. અજ્ઞાન શીખવાનું નથી હોતું. અણ-સમજ ખૂબ જ સહજ-સ્વાભાવિક છે પણ સાચી સમજ (જ્ઞાન) તો કેળવવી જ પડે છે. મારી બાબતમાં અજ્ઞાનતાનું આવરણ મારે એટલું પાતળું હતું કે હું તેર વર્ષની અવસ્થામાં એને સમજી શક્યો હતો.

એક દિવસ ગણિતશાસ્ત્રના મારા શિક્ષક અમને સરવાળો શીખવતા હતા અને અમને લઘુત્તમ અવિભાજ્ય કે જે બધામાં સામાન્ય હોય તેવી રકમ શોધી કાઢવાનું કહ્યું. એ જ અણસારથી મેં ભગવાનને તરત જ શોધી લીધા. તેઓ આપણાં સહુમાં છે, સર્વસામાન્ય અને અવિભાજ્યરૂપે અને આપણે બધા રકમો છીએ! હું જે શબ્દોચ્ચાર કરું છું તે તમારા અજ્ઞાન પરનું આવરણ હટાવી દે છે અને તમે અંદરથી પ્રબુદ્ધ થઈ જાવ છો. તેથી તમે હું જે કઈ કહું છું તે સમજી શકો છો. અન્યથા તમારા માટે એ સમજવું શક્ય નથી. તમારી બધી જ આવડત અહીં નકામી છે. સઘળા બુદ્ધિવાન લોકો ખોટી માન્યતાઓથી પીડાય છે. પણ હું અબુધ છું. મારી પાસે બુદ્ધિ નથી.

જિજ્ઞાસુ: ગુરુદેવ! આ મને સમજવામાં અઘરું લાગે છે!

દાદાજી: બુદ્ધિ શું છે અને વાસ્તવિક જ્ઞાન શું છે? બધા વિષયો-અને તે પણ અસંખ્ય છે તે બધા વિચાર ક્ષેત્રના તાબામાં છે પણ જો કોઈ જાણતો હોય કે, 'હું કોણ છું?' તો તે સાચું જ્ઞાન છે. આ સઘળું દુન્યવી જ્ઞાન (વ્યવહારિક જ્ઞાન) જે તમે મેળવ્યું છે તે સરવાળે તો મિથ્યા જ પ્રમાણિત થવાનું છે.

જે જ્ઞાન અહં (હું જાણું છું) દ્વારા પ્રાપ્ત કર્યું છે તે બુદ્ધિ છે જ્યારે અહં મુક્ત જ્ઞાન એ જ સાચું જ્ઞાન છે. પોતાની 'જાત'-'સ્વ'ને જાણવી એ જ સાચું જ્ઞાન છે.

મતભેદો વચ્ચે સુલેહભાવ સ્થાપવાનો ઉત્તમ ઉપાય શું છે? આપણે આ જીવન કેવી રીતે જીવીએ છીએ? આપ ખૂબ જ બુદ્ધિશાળી હોઈ શકો છો અને આપની પાસે લાખો-કરોડો રૂપિયા હોઈ શકે છે તેમ છતાં પણ આપના જીવનમાં સર્જાયેલ આંતરિક મતભેદો આપના જીવનને દુઃખની અતિશયતા તરફ લઈ જાય છે!

### ૪૪. મોક્ષ ક્રમે-ક્રમે કે અક્રમમાર્ગ દ્વારા.

જિજ્ઞાસુ: મોક્ષ મેળવવાના કેટલા માર્ગ છે?

દાદાજીઃ મોક્ષ તરફ ગતિ કરાવનાર બે માર્ગ છે. તેમાંનો એક તે ધીમે-ધીમે (એક પછી એક) પગથિયું ચડીને આગળ વધવાનો માર્ગ. જો તમે કોઈ પવિત્ર સંતનો સાથ મેળવવા માટે ભાગ્યશાળી હોવ તો તમે ૫૦૦ પગથિયાં ચડી શકો છો અને કમનસીબે જો તમે કુસંગની સાથે હોવ તો તમે ૫૦૦૦ પગથિયાં ચડીને સાપસીડીની રમતની જેમ લપસી પણ શકો છો... ઊંધે માથે પછડાઈ પણ શકો છો! આ ખૂબ જ કષ્ટદાયક માર્ગ છે. તમારે તપ, ત્યાગ અને ભગવાનના નામસ્મરણ રૂપી જપ કરતા-કરતા આગળ ચઢાણ કરવાનું છે અને છતાંય ધ્યેય પ્રાપ્ત થશે જ એની કોઈ ખાતરી નથી.

બીજો રસ્તો અક્રમ માર્ગનો છે—ઉન્નત કક્ષાએ લઈ જનારો માર્ગ.. અહીં તમારે પગથિયાં ચડવાનાં નથી. તમને તમારી પત્ની અને બાળકો સાથે જીવતાં-જીવતાં તેમજ સાંસારિક ફરજો બજાવતાં-બજાવતાં ઝડપી આધ્યાત્મિક લીફ્ટ મળશે. અરે! સંસારની બધી જ પ્રવૃત્તિઓ કરવા છતાંય તમે એક પળ માટે પણ તમારી સ્વતંત્રતા ગુમાવતા નથી. આ અક્રમ માર્ગને અપવાદ માર્ગ પણ કહેવામાં આવે છે. એ લાખો વર્ષ પછી વ્યક્ત (પ્રકટ) થાય છે.

ઋષભદેવ ભગવાને તેમના ૧૦૦ દીકરાઓમાંથી માત્ર ભરતને જ આ જ્ઞાન ઉપહાર રૂપે આપ્યું હતું. ૧૦૦ પુત્રોમાંથી ૯૮ દીક્ષિત થયેલા અને મુનિ થયા. ફક્ત બાહુબલી અને ભરત ઘેર રહ્યા. ઋષભદેવે તેમને રાજ્ય આપ્યું. ત્યારબાદ બાહુબલીએ પણ બધું છોડી દીધું અને રાજ્યનો પણ ત્યાગ કર્યો. તેણે પણ દીક્ષા લીધી. આમ ભરતને શિરે આખાય સામ્રાજ્યનું શાસન ચલાવવાની જવાબદારી આવી ગઈ.

તમે જાણો છો કે ભરતને કેટલી રાણીઓ હતી? તેરસો રાણીઓ હતી અને તે તેમનાથી કંટાળી ગયો હતો. તમને ખબર હશે જ કે અરે! આજકાલ માણસ એક પત્નીથી કંટાળી જતો હોય છે. ભરતરાજાને શાંતિ ન હતી. જો એને પોતાના રાણીવાસમાં જવાનું હોય તો તેને ૫૦ રાણીઓ પ્રસન્નમુદ્રામાં જોવા મળે જ્યારે ૫૦૦ રાણીઓનું ખિન્નતાવશ ચડેલું મોઢું જોઈને તે દુઃખી થઈ જાય. અને ભગવાન પાસે જઈને કહ્યું; ''હે ભગવાન! મારે તમારું રાજ્ય નથી જોઈતું. તમે એ બીજા કોઈને આપી દો. કૃપા કરીને મને દીક્ષા આપો. હું મોક્ષ ઝંખું છું''. ત્યારે ભગવાને તેને કહ્યું; 'રાજ્યના શાસનના કાર્યમાં તું તો માત્ર નિમિત્ત છે. જો તું રાજ્ય નહિ સંભાળે તો કલહ, હિંસા, અંધાધૂંધી અને અરાજકતા સર્જાશે'. મારા વહાલા દીકરા! તું પાછો વળ, હું તને એવું 'જ્ઞાન' આપું છું કે આ રાજ્ય અને ૧૩૦૦ રાણીઓ અને સંઘર્ષ તારા શુદ્ધ-આત્માને અને તારા અસ્તિત્વને સ્પર્શશે પણ નહિ.

ભગવાન ઋષભદેવે ભરતને આવું જ્ઞાન આપ્યું હતું. આ અક્રમ વિજ્ઞાન છે જે 'હું' આશિષ રૂપે આપું છું. ભરતને તેના નોકરો દ્વારા આખો દિવસ ઘંટારવ કરીને અને 'ઓ ભરત જાગો!', 'જાગતા રહો' ની આલબેલ પોકારીને દર પંદર મિનિટે તેને ચેતવવામાં આવતો હતો. પણ આ કળિયુગમાં જ્યારે તમે એકસોને પચાસ રૂપિયાની નોકરી કરતા હોય તો નોકરો રાખવાનું શી રીતે પરવડે? માટે હું તમારી અંદર એવી આધ્યાત્મિક વ્યવસ્થા અને ગોઠવણ કરું છું કે જેથી તમે પ્રત્યેક ક્ષણ

જાગૃત રહેવા માટે સતર્ક રહો! આ પહેલાં આવું અદ્ભૂત જ્ઞાન ક્યાંય સાંભળ્યું નથી કે જોયું નથી. આ તો આ યુગની અગિયારમી અજાયબી છે!

**૪૫. આત્મા અને અનાત્મા.**

દાદાજીઃ શું તમે એમ માનો છો કે તમારા શરીરમાં આત્મા છે?

જિજ્ઞાસુઃ અલબત્ત.

દાદાજીઃ તો પછી એનું સ્વરૂપ કેવું છે? મિશ્રિત કે સંયોજિત?

જિજ્ઞાસુઃ સંયોજિત.

દાદાજીઃ જો તે સંયોજનના સ્વરૂપમાં હોત તો બીજુ કોઈ દ્રવ્ય નવા ગુણધર્મ અથવા વિશેષતાઓ સાથે ઉત્પન્ન થાત અને આત્મા અને અનાત્મા પોતાની વિશેષતાઓ ગુમાવી દેત પછી આત્મા તેનો પ્રકૃતિ પ્રદત્ત સ્વભાવ પુનઃ પ્રાપ્ત ન કરી શકત અને કદીયે મુક્ત ન થાત. શું તમે સંમત છો?

જિજ્ઞાસુઃ હા ગુરુદેવ.

દાદાજીઃ જુઓ, હું તમને સમજાવું. આ આત્મા અને અનાત્મા મિશ્રણ સ્વરૂપે અને આત્મા અને અનાત્મા પોતપોતાના સહજ સ્વાભાવિક ગુણયુક્ત સહઅસ્તિત્વ ધરાવે છે તેમજ એમને જુદા પાડવાનું શક્ય છે.

ધારો કે પિત્તળ, ત્રાંબુ, ચાંદી, સોનામાં ભળી ગયેલું છે, વૈજ્ઞાનિક તે ધાતુઓની જુદી-જુદી વિશેષતાઓને કસીને એમને છૂટા પાડી શકે છે. એ સહેલાઈથી આ કામ કરી શકે છે. એ જ રીતે જે આત્મા અને અનાત્માના ગુણ જાણતો હોય છે અને જ્ઞાનની અનંત શક્તિ ધરાવતો હોય છે તે જ્ઞાનીપુરૂષ આત્મા અને અનાત્માને તેમના વિશ્લેષણ બાદ છૂટા પાડી શકે છે. 'હું' આ વિષયમાં દુનિયાનો સૌથી મહાન વૈજ્ઞાનિક છું. આત્મા અને અનાત્માના પ્રત્યેક અણુંનું વિશ્લેષણ તથા બન્નેને જુદા પાડીને હું એક જ કલાકમાં શુદ્ધાત્મા તમારા હાથમાં મૂકીશ. સંસારમાં આત્મા તરીકે વારંવાર કહેવાયેલ આત્મા એ શુદ્ધાત્માની વાત નથી. જ્ઞાનીના વ્યક્ત શબ્દો સિવાય આ બાબત ક્યાંય છતી થઈ નથી. સામાન્ય રીતે લોકો જેની વાત કરે છે તે શુદ્ધાત્મા નથી.

લોકો જે ધર્મ પાળે છે તે શુદ્ધાત્માનો નથી પણ અનાત્મા સાથે સંબંધિત છે. તેથી અનાત્મ સાથે જોડાયો છે. એટલે આ બધા વ્યાવહારિક ધર્મો છે. જ્યારે એ આત્માની પ્રકૃતિ સહજ વિશેષતાને સમજ્યો જ નથી તો પછી એ આત્મ-ધર્મને આચરણમાં કેવી રીતે ઉતારી શકે? માટે જ્યાં સુધી જ્ઞાનીપુરૂષ સાપેક્ષતા (રિલેટીવીટી) ના સિદ્ધાંતમાંથી યથાર્થતામાં ન લાવે ત્યાં સુધી

તમે 'યથાર્થ ધર્મ' ને આચરી નહિ શકો. મેં મહાત્માઓને દિવ્યચક્ષુઓના આશીર્વાદ આપ્યા હતા અને એમને બધામાં રહેલ ઈશ્વરના દર્શન કરવા માટે દીક્ષિત કરેલ છે, તમારી આ આંખો તો સ્થૂળ આંખો છે જે માત્ર નાશવંતને જ જોઈ શકે છે. અવિનાશી ઈશ્વરને તો માત્ર આંતરચક્ષુઓ (દિવ્યચક્ષુઓ) દ્વારા જ સમજી શકાય છે.

## ૪૬. દિવ્ય-દૃષ્ટિ દ્વારા મોક્ષ.

દાદાજીઃ મહાભારતના યુદ્ધ વખતે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ભ્રાંત વૈરાગ્ય ટાળવા માટે માત્ર પાંચ મિનિટ માટે દિવ્ય-દૃષ્ટિ આપી હતી. હું તને હમેશાં માટે દિવ્ય-દૃષ્ટિ પ્રદાન કરું છું જેથી તું જ્યારે પણ દૃષ્ટિપાત કરે ત્યારે તું કેવળ ભગવાનને જ નિહાળે. તું એમને મારી અંદર, વૃક્ષમાં અને ગધેડામાં પણ નિહાળી શકે. ભગવાનને તું દરેક જીવમાં જોઈ શકે છે. તું તારા આત્માને દરેક પ્રાણીમાં અનુભવી શકે. આ અનુભૂતિ પછી ક્યાંય કોઈ ઉચાટ રહે ખરો?

આનંદઘનજી મહારાજ સાહેબ જૈન ધર્મના મહાન સંત હતા. એમણે ત્રણસો વર્ષ પૂર્વે શું ફરમાવેલું? આ સમયમાં દિવ્યદૃષ્ટિની અછત છે પણ આ અદ્ભૂત જ્ઞાન મને સહજ રીતે પ્રાપ્ત થયું છે. આ તો સાહજિક છે એટલે આ દિવ્યચક્ષુઓ અનાયાસ જ એક જ કલાકમાં મારા દ્વારા સહજ ઉપલબ્ધ થાય છે.

ભગવાનનું શું કહેવું છે? 'મુક્તિનો પંથ તકલીફો અને અગવડોથી ભરેલો હોય છે પણ જો તમે સાચો જ્ઞાની પુરુષાર્થ મેળવી શકો તો પછી કોઈ મુશ્કેલી રહેતી નથી'. તમારો આત્મા 'મારી' વાણીને સ્વીકારશે કારણ કે 'હું' જ તારી અંદર બેઠેલો છું પણ તારે દુરાગ્રહી રહેવાનું નથી.

જિજ્ઞાસુઃ હા, પણ શ્રદ્ધા હોવી જરૂરી છે. એમ કહેવામાં આવ્યું છે.

દાદાજીઃ આ ઉપદેશકો બધાને વારંવાર કહે છે કે, 'શ્રદ્ધા રાખો, શ્રદ્ધા રાખો'. પણ જો મને શ્રદ્ધા સહેલાઈથી બેસતી ન હોય તો પછી મારે શું કરવું?

આ પ્રવચન સાંભળ્યા પછી શ્રોતા ધૂળ ખંખેરી નાખે છે અને વિચારે છે કે –'આજે રીંગણ ખૂબ જ સસ્તાં થઈ ગયાં છે'. અહીં તમારે શ્રદ્ધા રાખવાની કોઈ જરૂર નથી. હું આપણી વચ્ચે કોઈ ફરક જોતો નથી પણ જો તમારી અંદર આડાઈ ન હોય તો તમારે એ જીવંત જ્ઞાનીની વાણી પર ભરોસો રાખવો રહ્યો. એવી વાણી કે જે અજ્ઞાનના બધા જ સ્તરોને ભેદીને સીધી તમારા આત્મામાં ઉતરી જાય છે. ત્યારબાદ છેવટે તમે હું જે કાંઈ કહું છું તે સમજી શકો છો. શ્રદ્ધાની વાત અને અટલ શ્રદ્ધા વચ્ચેના મર્મ વચ્ચે બહુ ફરક છે. જો તમારો અભિગમ વિવેકપૂર્ણ હોય તો સામેની વ્યક્તિના ગળે વાત ઊતરી શકે છે.

## ૪૭. પુનર્જન્મ.

જિજ્ઞાસુ: લોકો પુનર્જન્મ વિશે શ્રદ્ધાવાન નથી.

દાદાજી: એકવાર અમે વિમાનમાં ઔરંગાબાદથી મુંબઈ આવતા હતા ત્યારે માઈક્રોબાયોલોજીસ્ટ એવા એક ફ્રેંચ વૈજ્ઞાનિક સાથે મુલાકાત થઇ. એમણે મને પૂછ્યું કે, 'તમે ભારતીય લોકો જે રીતે પુનર્જન્મમાં માનો છો એમ અમે પુનર્જન્મમાં માનતા નથી'. આ વિશે શું આપનો દ્દષ્ટિકોણ જણાવશો? એ સમજવા માટે આપ જ્યાં સુધી રોકાવાનું કહેશો એટલું હું રોકાઈશ.

મેં પૂછ્યું કે, 'તમે અહીં કેટલું રહી શકશો'?

ફ્રેંચ વૈજ્ઞાનિકે પ્રત્યુત્તર આપતા કહ્યું: 'પાંચ વર્ષ, દશ વર્ષ....'

મેં કહ્યું, 'મારી પાસે આટલો સમય નથી'.

પછી એણે પૂછ્યું: 'છ મહિના'?

મેં કહ્યું: 'મિસ્ટર સાયંટીસ્ટ, શું તમે એમ માનો છો કે હું નવરો છું? મારે ઘણાં કામ કરવાનાં છે. મારે આખી દુનિયાને સાચું સુખ પમાડવાની ભાવના છે. હું તો એનું નિમિત્ત છું. એક કામ કરજો. આપણે સાન્તાક્રુઝ એરપોર્ટ પર ઉતરીએ ત્યાં સુધીના એક જ કલાકમાં તમે પુનર્જન્મમાં માનવા લાગશો. મેં તેને વૈજ્ઞાનિક ઢબે મારો સિદ્ધાંત સમજાવ્યો અને તે સમજી ગયો. અમે સાન્તાક્રુઝ ઉતર્યા અને એ 'સચ્ચિદાનંદ, સચ્ચિદાનંદ'. કહેવા લાગ્યો અને એ તલ્લીન થઇ ગયો, એ એની પત્નીને પણ ભૂલી ગયો! એણે અમારા ફોટોગ્રાફ્સ લીધા અને પોતાની સાથે લઈ ગયો.

## ૪૮. મન, વચન અને શરીર ઈફેક્ટીવ (Effective) છે.

જિજ્ઞાસુ: આપ પુનર્જન્મ વિશે શી રીતે વૈજ્ઞાનિકને ખાતરી કરાવશો?

દાદાજી: શું મન, વાચા અને શરીર Effective (ઈફેક્ટીવ) નથી? તે જન્મથી જ કે જન્મતાં પૂર્વે ગર્ભમાં બહારની અસરથી પ્રભાવિત થાય છે. કેવી રીતે? તે જોઈશું.

જો કોઈ તમને મૂર્ખ કહી ગયું તો તમે રાતભર ઊંઘી નહિ શકો. શબ્દોની અસર દ્દઢતાપૂર્વક વળગી રહે છે કારણ કે મન 'Effective (ઈફેક્ટીવ)' છે અને વાણી તો પ્રત્યક્ષ રીતે ઈફેક્ટીવ છે. તમે કોઈને અપશબ્દ કહી જુઓ પછી તમને એકદમ તરત જ સમજાઈ જશે! આ શરીર પણ ઈફેક્ટીવ છે.

ઠંડી અને ગરમીની અસર થઇ જાય એવું. એ જન્મજાત ઈફેક્ટીવ છે. અરે! હુંફાળા કપડામાં વિટાળેલું નવજાત બાળક પણ કપડું હટાવી લેવાતાં રડવા માંડે છે પણ જ્યારે એને ફરીથી કપડામાં લપેટી દેવાય ત્યારે એ શાંત થઇ જાય છે. જો તમે એના

મુખમાં કશુંક ગળ્યું મૂકશો તો એને ગમશે પણ જો કશુંક કડવું મૂકશો તો મુખ મચકોડી દેશે. આ બધી અસરો છે. હું તમને સચોટ ઉદાહરણ આપીશ કે કેવી રીતે આ શરીરને તેના જન્મ પૂર્વે ગર્ભમાં પણ અસર થાય છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને દૃષ્ટાંત આપો.

દાદાજીઃ આ પચાસ વર્ષ પૂર્વે ઘટેલી ઘટના છે. અમારા ભાદરણ ગામમાં આઠ માસના ગર્ભવાળી એક સગર્ભા હતી. જ્યારે તે રસ્તા પરથી જઈ રહી હતી ત્યારે એક ગાયે શિંગડાથી ભેટી (ભેટું) મારી. એના લીધે એનું ગર્ભાશય સહેજ ફાટી ગયું અને બાળકની અતિ નાની નાજુક આંગળી બહાર આવી ગઈ. ડોકટરોને બોલાવાયા. તેઓએ આવીને એકબીજા સાથે તેના ઈલાજની ચર્ચા કરી, ખૂબ જ ગંભીર વિચારણા કરી પણ બધું ય વ્યર્થ? એ બહુ ભારે સમસ્યા થઇ ગઈ, ડોકટરો માટે બહુ મોટો પડકાર સ્વરૂપ બનાવ બની ગયો અને સતત લોહી વહી જવાને કારણે દર્દીની હાલત ગંભીર થઇ ગઈ હતી. નસીબ સંજોગે ત્યાંથી ૮૦ વર્ષની એક મહિલા મદદ કરવા માટે આવતી દેખાઈ. તેણીએ બધાને કહ્યું કે, ‘મહેરબાની કરીને બધા શાંતિથી નીચે બેસી જાવ અને ભગવાનનું નામ સ્મરણ કરો અને જોયા કરો’. એ વૃદ્ધાએ એક સોય લીધી અને સહેજ ગરમ કરી અને પેલી નાજુક આંગળીને ચાંપી અને લો! આંગળી એકદમ અંદર ચાલી ગઈ.! અંદર રહેલા બચ્ચાએ અસર અનુભવીને આંગળી અંદર ખેંચી લીધી! આમ તેની અસર છે, તેના કોઈ કારણ પણ હશે જ. એ કારણ (પરિબળ) અસરમાં પરિણમે છે અને અસર છે તેનું પુરોગામી કારણ હોવું જોઈએ.. આ એક સતત ચાલતી રહેતી પ્રક્રિયા છે, જે સદૈવ ચાલતી જ રહે છે.

જિજ્ઞાસુઃ નિમિત્ત (કારણ/પ્રયોજન) અને અસરો વિશે વિસ્તારથી સમજાવો.

દાદાજીઃ કારણ વિના કોઈ અસર હોઈ ન શકે અને જ્યાં પણ અસર છે ત્યાં એનું કોઈ ને કોઈ કારણ હોવું જ જોઈએ. આપણું અત્યારનું શરીર આપણી પાછલી જિંદગીનું પરિણામ છે. જન્મ સમયે, બે શરીર હોય છેઃ ભૌતિક અને એની અંદર સૂક્ષ્મ, પણ પછી આ ઈફેક્ટીવ શરીરમાં રાગ અને દ્વેષને લીધે નવાં કારણો ઉમેરાય છે અને ભવિષ્યના જીવન માટે બીજ વાવે છે. આમ કાર્યકારણ વિષયક શરીરની રચના તેના મૃત્યુપર્યંત ચાલતી રહે છે. મૃત્યુવેળાએ સૂક્ષ્મ શરીર દેહ અને આત્મા સ્થૂળ શરીરને છોડી દે છે અને માત્ર ભૌતિક દેહ ત્યાં રહી જાય છે. અગાઉના જન્મમાં ઉપાર્જિત કારણદેહમાંથી ‘જીવ’ નવા જન્મમાં સ્થૂળ-ઈફેક્ટીવ શરીર મેળવે છે.

જો પુનર્જન્મ જેવું ન હોત અને ભગવાને આપણને એક જ વારને માટે ઘડ્યા હોત તો આપણે સહુ એક જ બીબામાં ઘડાયેલ બીબાઢાળ જ હોત પણ અહીં, એક મોટો તો એક નાનો, એક ઊંચો તો એક નીચો, એક ગોરો તો એક કાળો, એક ગરીબ તો એક અમીર, આવું ન બનત અને આ ફેરફારો જે તમે જુઓ છો તે તેમના પાછલા જન્મને કારણે છે. આ ભૌતિક અને

ભીતરના સૂક્ષ્મ દેહો પાછલાં કારણોનું પરિણામ છે. કારણો અલગ છે એટલે તેની અસરો પણ અલગ છે. જો તમે કહેતા હોય કે પુનર્જન્મ નથી તો તે સાબિત કરવા માટે તેની સાબિતી આપો.

જિજ્ઞાસુ: પણ દાદાજી! મોટા ભાગના વિદેશીઓ પૂર્વ જન્મમાં માનતા નથી!

દાદાજી: જ્યારે તેઓ 'નસીબદાર'-'Lucky' 'કમનસીબ'- 'Unlucky' બોલે છે ત્યારે તે લોકો ખરેખર શું સમજે છે? મુસ્લિમો 'તકદીર', 'તદબીર' વગેરે શબ્દો વાપરે છે. એનું શું રહસ્ય છે? એ લોકોની ભાષા ખામી રહિત છે પણ એવી એમની માન્યતાઓ નથી. પુનર્જન્મની માન્યતાઓના ગર્ભિત સંદર્ભોમાં જ આ શબ્દો સાર્થક બને છે. જેવા પરિબળો હોય એવાં જ પરિણામ હોય છે. સારપ હમેશાં સારપ જ ઉત્પન્ન કરે છે અને અનિષ્ટ હમેશાં અનિષ્ટ અસર જ પેદા કરે છે પણ અંત સુધી મુક્તિ નથી. જ્યારે કારણો છૂટે છે ત્યારે અસરો છૂટી જાય છે પણ જ્યાં સુધી 'હું અમિત છું'. ની તમારી માન્યતા અને જ્યાં સુધી 'હું અમિત છું'. નો બોધ પણ, 'કારણો' ક્યારેય અટકાવી ન શકે. 'કારણો' ત્યારે જ છૂટે જ્યારે જ્ઞાનીપુરૂષ તમને અજ્ઞાનની ઊંઘમાંથી જગાડીને તમારી સાચી જાતને ઓળખાવે છે. શુદ્ધાત્માનો સાચો અનુભવ થાય ત્યારબાદ નવા નાશવંત શરીરની ધીમે-ધીમે તેની બાંધણીને અટકાવી શકીએ પછી 'અમિત' ની બધી જ અસરો નામશેષ થઈ જશે; આ પ્રક્રિયા દરમિયાન જો તમે આસક્તિઓ કે દ્વેષ દ્વારા ચલિત ન થાવ તો કર્મના નવા બીજ રોપાશે નહિ પણ હા, માણસે અસરો તો સહેવી જ પડે. આ દુનિયામાં કોઈપણ માઈનો લાલ આ અસરોને બદલી નહિ શકે કે તેમાંથી બચી નહિ શકે. એ પૂર્ણતયા વૈજ્ઞાનિક છે. અરે! વૈજ્ઞાનિકે પણ આ હકીકતને સ્વીકારવી પડે છે. કળિયુગના અત્યારના વિષમકાળમાં અત્યંત અદ્‌ભૂત જ્ઞાન મારી અંદર પ્રગટ થયું છે. હું જ્ઞાની છું. હાલના આ અવનવા સમયનો હું જ્ઞાની છું. મારે મારી આ રીતે જાહેરાત કરવી પડે છે કારણ કે અત્યારના વિષમ કાળમાં હીરાએ પણ પોતાનું મૂલ્ય જાતે જ જાહેર કરવું પડે છે. આખું વિશ્વ ત્રિવિધ અગ્નિની જ્વાળાઓમાં ભડકે બળી રહ્યું છે. આ ત્રિવિધ અગ્નિ કયા કયા છે? માનસિક સંતાપ, શારીરિક વ્યાધિઓ અને બીજાઓ દ્વારા લદાયેલી વેદનાઓ અને વ્યથાઓ.

## ૪૯. શું આ સંસાર મિથ્યા છે?

દાદાજી: આ સંસાર સાચો છે કે તદ્દન મિથ્યા?

જિજ્ઞાસુ: બધાનું કહેવું છે કે તે મિથ્યા છે.

દાદાજી: એવું નથી. મિથ્યાનો અર્થ  હું તમને સમજાવું. મિથ્યા એટલે ઝાઝવાનાં જળ જેવું. દા.ત. તમે પાણી જુઓ છો અને તમારું પાટલુન ઊપર ચડાવી દો છો પણ ત્યાં પાણી ન હોવાને કારણે તમારૂ પેન્ટ પલળતું નથી. અને તમને ભ્રમણાનો અનુભવ થાય છે! કેટલાક લોકોનું કહેવું છે કે 'સ્વ' જ સત્ય છે, બીજું બધું ભ્રમ છે. તેઓ કહે છે કે આ દુનિયા એક ભ્રમ છે.

જો આ સાચું હોય તો તમે તમારા હાથ આગમાં મૂકી દો અને પછી જુઓ એ ભ્રમણા છે! જો દુનિયા ભ્રમ હોય તો જો કોઈ એમ કહે કે, 'અમિત અક્કલ વગરનો છે' તો ગુસ્સે ભરાશો નહિ. આમ બને છે ખરું?

જિજ્ઞાસુઃ ના ગુરુદેવ!

દાદાજીઃ જો કોઈ એમ કહે કે અમિતમાં અક્કલનો છાંટો ય નથી. તે વાત અમિત સાથે વળગી જાય છે અને મધરાતે તેને જાગતો રાખીને તેને આખી રાત બેચેન બનાવી મૂકે છે....આપણે શી રીતે કહી શકીએ કે આ જગત એક ભ્રમ છે? હું કહું છું કે જગત અને બ્રહ્મ (શુદ્ધાત્મા) બન્ને સાચા છે. સત્ય સાથે સંબંધિત જગત સાપેક્ષ સત્ય છે અને બ્રહ્મ તો ખરા અર્થમાં સત્ય છે. આ એક સનાતન સત્ય છે. કોઈને ખબર નથી કે ક્યારે દુનિયાનું સાપેક્ષ સત્ય ભ્રમ પૂરવાર થશે. આ બધી કામચલાઉ ગોઠવણો છે અને માત્ર બ્રહ્મ જ સનાતન સત્ય છે.

## ૫૦. મન, વચન અને કાયા—ત્રણ વળગણ.

જિજ્ઞાસુઃ દરેક જણ પોતાના શરીર દ્વારા પોતાનો પરિચય આપે છે. જો કે શાસ્ત્રોમાં એમ કહેવામાં આવ્યું છે કે દરેકે આ માન્યતામાંથી મુક્ત થવાનું છે. કૃપા કરીને આ સમજાવો.

દાદાજીઃ માણસને ત્રણ પ્રકારનાં વળગણ હોય છે. મન, વચન અને કાયા. તેથી જ તો અમિત કહે છેઃ 'હું અમિત છું. કલેકટર, તેણીનો પતિ, તેનો પિતા'. પણ શું તમે હમેશાં કલેકટર રહેવાના છો? ના, આ તો એક પ્રકારનું વળગણ છે. તે એમ પણ કહે કે, 'હું રીટાયર થનાર છું'. તો આ એક વધારાનો મોહ. આ દારૂ પીધેલાને જુઓ; ગટરમાં પડ્યા પછી તે શું શોર બકોર મચાવી રહ્યો છે? તે કહે છે કે, 'હું સયાજીરાવ ગાયકવાડ છું! હું રાજા છું. હું મહારાજા છું'. તેના ગાંડપણભર્યા બકવાસથી શું આપણને ખબર ના પડે કે આ માણસ દારૂના નશામાં બોલી રહ્યો છે? એ જ રીતે મન, વચન અને કાયા એ ત્રણ વળગણ છે જેણે માણસને પકડી રાખેલ છે અને તેમનો પ્રભાવ તમને એમ માનવા માટે વિવશ બનાવી મૂકે છે કે, 'હું અમિત છું અથવા કલેકટર છું'. અને આ ખોટી માન્યતાને લીધે અમિત જે કરે છે. જો અમિત સુખી છે તો પોતે માને છે કે તે સુખી છે. તેની પોતાને અસર થઇ જાય છે. અમિત જો દુઃખી હોય તો તે પોતાને દુઃખી માને છે.

જિજ્ઞાસુઃ હજી આગળ સમજાવો ને.

દાદાજીઃ હું એક સાચો બનાવ કહીશ. કાશી નામની એક સ્ત્રી હતી. તે સ્ત્રીઓમાં કૂથલી કરતી રહેતી હતી. એક દિવસ તેણીએ ધૂણવાનું શરૂ કર્યું અને ભૂતનો વળગાડ હોય એમ આંખો ફાડી ફાડીને પટપટાવતી હતી. તે ખૂબ જ ભયંકર લાગતી હતી. બધા જ તેનાથી બીતા હતા. તેના એક પડોશીએ કહ્યું કે, 'તેણીને વળગાડ છે, ભૂવાને બોલાવો'. તેના પતિએ ભૂવાને બોલાવી લીધો. એ તરત જ સમજી ગયો કે કોઈ અનિષ્ટ તત્ત્વ કાશીને વળગેલું છે. એટલે તેણે કાશીને કોરડાથી ફટકારવા

માંડી જેથી કાશી મોટે મોટેથી બૂમો પાડવા માંડી. ભૂવાએ તેણીને પૂછ્યું કે 'તું કોણ છે'? કાશીએ કહ્યું, 'હું ચંચળ છું', 'હું ચંચળ છું'. ભૂવાએ પૂછ્યું કે, 'તું કેમ આવી'? કાશીએ (કાશીમાં રહેલ ભૂતે) કહ્યું, 'આ કાશીએ મારા પતિને તેના રૂપની જાળમાં ફસાવી દીધો છે!' કાશી તો અંગ્રેજીનો કક્કો પણ જાણતી ન હતીને છતાંય તે અંગ્રેજીમાં કડકડાટ બોલતી હતી. 'હું ચંચળ છું'. આ શી રીતે શક્ય છે? પાછળથી લોકોએ શોધી કાઢ્યું કે મૃત્યુ પામેલી સ્ત્રી ચંચળ અંગ્રેજી જાણતી હતી અને તે કડકડાટ બોલી શકતી હતી.

ભૂવાને તેને સજા કરી, સમજાવી અને તેની ખુશામત પણ કરી. ત્યારબાદ તેણીએ જે માંગ્યું તે આપીને ચંચળના ભૂતને મુક્ત કરી દીધું. ભૂતોની દુનિયા આવી છે. છેવટે ચંચળ નીકળી ગઈ પણ કાશીના શરીર પર કોરડાના સોળ (જખમ) તો રહી ગયા અને તે રૂઝાતા સુધી તેણીએ ખૂબ જ વેદના અનુભવી!

જેમણે તમને પકડી રાખેલ છે એવા મન, વચન અને કાયાના આ ત્રણ ભૂતોનો હું ભૂવો છું! હું તમને આ ત્રણ વળગણોની પકડમાંથી છોડાવી શકું છું પણ હા, જ્યાં સુધી જખ્મો રૂઝાય નહિ ત્યાં સુધી તમારે ચૂપચાપ આ દુઃખ સહન કરવું પડશે પણ તમે આ ભૂતોની અસરમાંથી છૂટી જશો એ નક્કી!

જો તમે મન, વચન અને કાયા આ ત્રણ વળગણોએ તમોને ગુલામ બનાવી મૂકેલ છે એમ સમજી ગયા હોય તો તમે અર્ધું પવિત્ર શાસ્ત્ર શીખી લીધું છે. તમારે ઘર, પત્ની, બાળકો અને વસ્ત્રોનો ત્યાગ કરવાનો નથી પણ તમને ગુલામ બનાવી રાખનાર આ ત્રણ વળગણોના બંધનમાંથી મુક્ત થવાનું છે.

## ૫૧. શાસ્ત્રો (આગમો અને નિગમો).

જિજ્ઞાસુઃ હું માનું છું કે મારે શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ હોવો જોઈએ.

દાદાજીઃ જ્ઞાનીના માર્ગદર્શન વિના આગમો (શાસ્ત્રો) સમજી ન શકાય. માત્ર જ્ઞાની જ આગમોને સમજે છે. જે પોતાની જાતથી જ અજ્ઞાત હોય એ શી રીતે આગમને સમજી શકે? આગમો અને નિગમો મારા માટે તો ખુલ્લી કિતાબ જેવા છે.

તમારા સાચા 'હું' ને શોધી કાઢો. તમે 'હું છું', 'હું છું' એમ શા માટે કહ્યા કરો છો?

તમે આ શરીરને 'હું છું' એમ કહો છો. આ શરીર તો પદાર્થ છે અને એ તો પૂરણ અને ગલનની પ્રક્રિયાઓથી ચાલે છે. અર્થાત્ અંદર ભરવાનું અને બહાર ખાલી કરવાનું.

દરેક જણ વિચારે છે કે ધનનો સંચય થાય પણ એ બીજુ કાંઈ નથી પણ પૂરણ અને ગલન (ખાલી કરવું) જ છે. તમારી હિસાબવહીમાં કેટલી કોલમ છે? બે કોલમ—જમા અને ઉધાર. તમારે માત્ર જમા બાજુ જ ન હોવી જોઈએ. જો તમે પૈસા

કમાવ (પૂરણ/આવક) તો તમારે ચૂકવણું (ગલન) કરવું જ રહ્યું, અંદર લેવું અને બહાર ફેકવું... તમારા મનમાં આવતા અને બહાર જતા વિચારો પણ પૂરણ અને ગલન છે. જ્ઞાની સમસ્ત વિશ્વને પૂરણ અને ગલન-એમ બે પ્રવૃત્તિઓ અને શુદ્ધાત્માના સ્થળ તરીકે મૂલવે છે.

## ૫૨. ધ્યાન (મેડિટેશન).

જિજ્ઞાસુ: ગુરુદેવ! ધ્યાનનો અર્થ સમજાવશો. આજકાલ લોકો એના વિશે ઘણી ચર્ચા કરી રહ્યા છે.

દાદાજી: ધ્યાન એટલે ચોક્કસ સમયગાળા માટે મનને એકાગ્ર કરવું. આપણું મન એક યા બીજી રીતે આપમેળે ધ્યાન કરતું હોય છે. કોઈકવાર સારી વસ્તુમાં કે કોઈકવાર ખરાબ વસ્તુમાં એકાગ્ર થાય છે. લોકો પોતાના વિચાર અનુસાર જુદા-જુદા પ્રકારનાં ચિંતનમાં તલ્લીન રહેતા જોવા મળે છે. મૂળ તો ધ્યાનના ચાર પ્રકાર છે અને દરેક જણ આમાંથી કોઈપણ એક પ્રકારના ધ્યાનમાં તલ્લીન રહેતો હોય છે. ભગવાન મહાવીરે ચાર પ્રકારના ધ્યાન ગણાવ્યાં છે. રૌદ્રધ્યાન, આર્તધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. દરેકની પરિણામિક અસરો પડતી હોય છે.

જિજ્ઞાસુ: ગુરુદેવ! શું મન એક યા બીજી રીતે પોતાની રીતે જાતે જ ધ્યાનમાં કેન્દ્રિત હોય છે. મને તે એકદમ નિરાળી વાત લાગે છે! કૃપા કરીને મને વિસ્તારથી સમજાવો.

દાદાજી: ધ્યાનના ચાર પ્રકાર છે. રૌદ્રધ્યાન, આર્તધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન.

જિજ્ઞાસુ: રૌદ્ર ધ્યાન એટલે શું?

દાદાજી: બીજાનું પડાવી લેવાની ઝંખના રાખવી, અરે બીજાની ખુશીનો નાનામાં નાનો હિસ્સો પોતાના માટે છીનવી લેવાની ઈચ્છા એટલે રૌદ્રધ્યાન.

જિજ્ઞાસુ: કૃપા કરીને રૌદ્રધ્યાનનું ઉદાહરણ આપો.

દાદાજી: તમે તમારા સુટ માટે કાપડ ખરીદવા માટે જાવ છો. વેપારી કહે છે કે આ કાપડ ચારસો રૂપિયે મીટર છે. પછી પૂછવામાં આવે કે આમાં કયું મટિરીયલ વાપરવામાં આવ્યું છે. તે કહેશે કે એ ટેરીન છે અને ફલાણી મીલનું છે. તેઓ એ કાપડના એક મીટરના ચારસો રૂપિયાનો ભાવ જણાવે છે અને પછી કાપડ મીટરથી ભરતી વખતે શું કરે છે? તે જેટલું બને એટલું કાપડ ખેંચે છે. જેથી તે ગ્રાહકને ઓછું કપડું મળે. આ રૌદ્રધ્યાન કહેવાય.-સમજ્યા?

ગ્રાહકને ઓછું આપવું (ગ્રાહકને છેતરવો) અને આમ જે ગ્રાહકના હકનું છે તે પડાવી લેવું તે રૌદ્રધ્યાન. મીટર કે કાટલાં બદલીને છેતરવું એ બીજું કાંઈ નથી પણ હકીકતમાં રૌદ્રધ્યાન જ છે. ભેળસેળ કરવી એ પણ રૌદ્ર ધ્યાન છે. કુદરતનો નિયમ

શું કહે છે? તમે શરૂઆતથી ૧૫ થી ૨૦ % ચડાવીને ધંધો કરી શકો છો પણ જો તમે કાપડ ખેંચીને ભરો તો તે તો ગુનો કહેવાય. ઉપરાંત એ ગુનો તો બહુ મોટો ગુનો બને છે. સાચો ધર્મનિષ્ઠ માણસ પોતાની જાતને રૌદ્રધ્યાનમાં સંડોવે નહિ.

કોઈકવાર તેને અકસ્માત બની જાય. ગુસ્સો કરવો, અપશબ્દો વાપરવા, અને લડાઈ-ઝઘડો કરવો એ પણ રૌદ્રધ્યાન જ છે. જો ખૂબ જ જરૂરી હોય તો જ રૌદ્રધ્યાન થવું જોઈએ પણ એ તો આ દિવસોમાં વારંવાર થતું રહે છે. ઉપદેશકો અને શિક્ષકો તેમના ઓછી સમજવાળા શિષ્યો પ્રત્યે ગુસ્સો કરે છે તે પણ રૌદ્ર ધ્યાનમાં પ્રવૃત્ત થાય છે. અંદરથી અવ્યક્ત રીતે ગુસ્સે થવું એ પણ રૌદ્રધ્યાન છે.

જિજ્ઞાસુઃ રૌદ્રધ્યાનનું શું પરિણામ આવે છે?

દાદાજીઃ દુઃખમય અને નારકીય યાતનાઓથી ભરેલું જીવન.

જિજ્ઞાસુઃ હવે મને આર્ત-ધ્યાન વિશે સમજાવો.

દાદાજીઃ આર્તધ્યાન એટલે પોતાની જાતને પીડા આપનારું ધ્યાન. તે બહારથી કોઈ જીવને નુકસાન પહોંચાડતું નથી પણ ભવિષ્યની ચિંતાઓમાં આર્તધ્યાનમાં ખોવાઈ જાય છે. આપણે એને અન્યની તુલનામાં સારું કહી શકીએ કારણ કે તેનાથી બીજાને નુકસાન થતું નથી. ક્રોધ, અભિમાન, દગાબાજી અને લોભ આર્તધ્યાનમાં ન હોય પણ આર્તધ્યાન આ કાળમાં ઘણું ઓછું હોય છે. સત્‌યુગમાં આર્તધ્યાન માત્ર ૫% હતું. દસ વર્ષની દીકરીના લગ્નની ચિંતા આર્તધ્યાન છે. જો કોઈ ના ગમતો મહેમાન આવી ચડે અને તમે એમ વિચારો કે, 'એ વહેલા જાય તો સારું'. આને આર્તધ્યાન કહેવાય. આપણને ગમતી વ્યક્તિ આપણી મહેમાન બને ત્યારે આપણે ઈચ્છીએ કે તે વહેલો ન જાય તો સારું. આ ઈચ્છા પણ આર્તધ્યાન જ છે. જો ગુરૂને સારો શિષ્ય ન મળે અને તે અંદરથી વ્યાકુળતા અનુભવે તો તે પણ આર્તધ્યાન જ કહેવાય.

જિજ્ઞાસુઃ આર્તધ્યાનનું પરિણામિક ફળ શું છે?

દાદાજીઃ પક્ષીઓ અને જીવજંતુઓનું જીવન (તિર્યંચ).

જિજ્ઞાસુઃ અને ધર્મધ્યાન શું છે?

દાદાજીઃ ધર્મધ્યાન એટલે જ્યાં ક્યારેય કોઈપણ પ્રકારની ચિંતા નથી હોતી અને આંતરિક સંઘર્ષો શાંત પડી ગયા હોય છે. ધર્મધ્યાન એટલે તમે નથી રૌદ્રધ્યાનમાં કે નથી આર્તધ્યાનમાં પણ હમેશાં સારું કરવાના ચિંતનમાં રાચેલા રહો છો. ધર્મધ્યાનની વિશેષતાઓ આ પ્રમાણે છે-નીડરતા, ધૈર્ય, ચિંતામુક્ત અને સ્થિરતા વગેરે. ભગવાન કહે છે કે તમે તમારા અંતરાત્મા પ્રત્યે બેધ્યાન રહો તો તેનો હું વાંધો લેતો નથી. પણ તમારે આંતરિક અને વિખવાદોથી મુક્ત રહેવું જરૂરી છે. આ

સમયમાં ધર્મધ્યાનમાં બહુ ઓછા લોકો હોય છે. સોએ મુશ્કેલથી બે કે પાંચ હોય. કારણ કે આ કળિયુગમાં માત્ર સંસારીઓ જ ચિંતા કરતા હોય છે એમ નથી પણ સાધુ-સાધ્વીઓ, સંતો અને ઉપદેશકો પણ ચિંતાઓને વશ હોય છે. તેઓને ચિંતા કરવાનું કોઈ કારણ નથી છતાં પણ તેઓ તેમના શિષ્ય પ્રત્યે નાહક ઉશ્કેરાઈ જશે!

જિજ્ઞાસુ: ધર્મધ્યાનનું પરિણામક ફળ શું છે?

દાદાજી: દેવગતિ શુદ્ધ ધર્મધ્યાનનું ફળ છે. પણ જો એ આર્તધ્યાન સાથે ભળેલું હોય તો તેનું પરિણામ માનવ જીવન છે.

જિજ્ઞાસુ: શુક્લધ્યાન એટલે શું?

દાદાજી: શુક્લધ્યાનના ચાર સોપાન છે. આત્માનું અસ્પષ્ટ વેદન એ પ્રથમ સોપાન છે. બીજા સોપાનમાં શુદ્ધાત્માનો સ્પષ્ટ અનુભવ છે. સુસ્પષ્ટ અને નિરાળો અનુભવ એટલે શુદ્ધાત્માએ પરમાત્માને પૂરેપૂરો જાણી-સમજી લીધો છે પણ બધા જાણવા જોગ જ્ઞેયો પ્રતિબિંબિત અને જ્ઞાત થતા નથી અને કેવળજ્ઞાનમાં સર્વજ્ઞેયો પ્રતિબિંબિત થાય છે. હું આ બીજા સોપાન પર છું. વર્તમાનયુગના સ્વભાવને કારણે હું છેલ્લી ચાર ડિગ્રી સુધી ઐક્ય સાધી શક્યો નથી અને મનની પૂર્ણ વિશાળતા કેવળજ્ઞાનથી થોડેક દૂર એટલે કે હું ૩૫૬ ડિગ્રી પર બેઠો છું. અસ્પષ્ટ કે ઝાંખું વેદન એટલે એક અંધારિયા ખંડમાં બરફ છે. જો બરફ પરથી તમારા તરફ પવન વાય તો સ્વાભાવિક છે કે તમે ઠંડક અનુભવો અને અનુમાન કરો કે આટલામાં અહીં ક્યાંક બરફ હોવો જોઈએ પણ આત્માનું સર્વથા નોખુ વેદન તો બરફની પાસે બેસવા સમાન છે. શુક્લધ્યાનનું ત્રીજું સોપાન છે કેવળજ્ઞાન. જ્યાં સર્વજ્ઞ અને કેવલી ભગવાન હોય છે. ચોથા સોપાન પર મોક્ષની સ્થિતિ આવે છે. આમ શુક્લધ્યાનનું ચરમ ફળ મોક્ષ છે. દરેક ધર્મ ઢંઢેરો પીટે છે કે શુક્લધ્યાન કળિયુગમાં શક્ય નહિ બને. આત્મજ્ઞાનના ઉપહાર પછી તમારી, મારી અને કેવળી ભગવાન વચ્ચે કોઈ ખાસ ફરક રહેતો નથી. હું ખટપટીયો વીતરાગી કહેવાઉ છું. હું પૂર્ણ રીતે વીતરાગ નથી કારણ કે હું તમારા બધા પ્રત્યે કરુણાવાન છું અને કહું છું કે, 'આવો હું તમને મોક્ષ આપીશ'. તમને મોક્ષ પ્રદાન કરવા માટે હું જુદા-જુદા રસ્તાઓ અને સાધનોનો ઉપયોગ કરીશ.

જિજ્ઞાસુ: ગુરુદેવ! હવે મને ચિંતન-મનન પર ખૂબ જ વૈજ્ઞાનિક સ્પષ્ટીકરણયુક્ત સમજાયું છે કે ધ્યાનના ચાર સોપાન છે.

દાદાજી: હા, સામાન્ય રીતે મેં જણાવ્યું તે પ્રમાણે ચાર પ્રકારના ધ્યાન છે. તદુપરાંત ધ્યાનનો એક અન્ય એક પ્રકાર પણ છે. જે ધ્યાન રૌદ્ર, આર્ત અને ધર્મધ્યાન કે શુક્લધ્યાનમાં સમાવિષ્ટ નથી તે છે અપધ્યાન. અપધ્યાન આજના સમયમાં ઉત્પન્ન થયેલું છે.

પહેલાંના સમયમાં બહુ થોડાક લોકોને અપધ્યાન હતું પણ હવે ચપરાશીને પણ આવું ધ્યાન છે. અપધ્યાન એ દુર્ધ્યાનથી ઉતરતી કક્ષાનું છે! મોક્ષ માટે ધ્યાન જ્યારે વ્યવસ્થિત રીતે કરવામાં આવતું નથી ત્યારે એ અપધ્યાન બની જાય છે. કોઈ

ધ્યાન અથવા સામાયિક કરે પણ સભાનપણે માને કે મેં સામાયિક કર્યું અને એ સતત ઘડિયાળ તરફ નજર પણ રાખ્યા કરે! જો એ સમયમાં જ ખોવાયેલો રહે તો એ ધ્યાનમાં શી રીતે હોઈ શકે?

જિજ્ઞાસુ: સાચી વાત ગુરુદેવ! ધ્યાન કરતી વખતે સામાન્ય રીતે આવું બનતું હોય છે!

દાદાજી: આજે નહીં તો કાલે મારા ગયા બાદ મારા શબ્દો આ લોકોને હલાવી મૂકશે!

**૫૩. ધાર્મિક ક્રિયાકાંડ અને મન.**

જિજ્ઞાસુ: ગુરુદેવ! મને ધાર્મિક ક્રિયાકાંડ બાબતે સમજાવો.

દાદાજી: ભગવાને શું કહ્યું છે; અમે તમારી ધાર્મિક ક્રિયાઓનો હિસાબ નથી રાખતા કારણ કે તે તો તમારા કર્મોદયનું પરિણામ છે પણ નોંધ એ લેવાય કે ભક્તિ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરતી વખતે તમારી અંદર કયું ધ્યાન ચાલી રહ્યું છે? કોઈ સામાયિક કરે ત્યારે તેની નજર ઘડિયાળ પર જ હોય અથવા એનું મન શિષ્યને સજા કરવા માટે ઉશ્કેરાયેલું હોય છતાં એ એમ કહે કે, 'મેં સામાયિક કર્યું'.

દાદાજી: એક આચાર્ય મહારાજ સાહેબ ભગવાન મહાવીરની સમક્ષ બેઠા હતા. એમને દીક્ષા આપવામાં આવી હતી પણ 'વ્યવસ્થિત શક્તિ' ની સમજ આપવામાં આવી ન હતી. જ્યારે તે આચાર્ય સામાયિકમાં બેઠા ત્યારે અન્ય સાધુઓએ મહાવીરસ્વામીને પૂછ્યું કે હે પ્રભુ! આ સાધુનો આવતો ભવ કેવો હશે?

ભગવાને કહ્યું: 'હવે તેને દેવગતિ પ્રાપ્ત થશે પણ થોડીવાર પછી' કોઈએ પૂછ્યું કે, 'આ ક્ષણ પછી એનું શું ભવિષ્ય હશે?'

ત્યારે ભગવાને કહ્યું કે, ''એની અધોગતિ હશે''. પછી પંદર મિનિટ બાદ કોઈકે પૂછ્યું: 'હવે આ આચાર્યનું હવે પછીનું મરણોત્તર જીવન કેવું હશે?'

ત્યારે ભગવાને કહ્યું: 'હવે તે દેવગતિ પ્રાપ્ત કરશે'.

'પ્રભુ! જુદા-જુદા સમયે એના જુદા-જુદા પરિણામ કેમ મળ્યાં?' તે પૂર્ણ ધ્યાનમાં હોય એમ લાગે છે. ત્યારે ભગવાને કહ્યું: 'જે મને દેખાય છે તે તને દેખાતું નથી અને તને જે દેખાય છે તેનું મારે મન કોઈ મહત્વ નથી. જો કે તે ધ્યાનમાં બેઠેલો હતો પણ ફક્ત મને જ ખબર છે કે એનું મન ક્યાં ભટકતું હતું! જ્યારે તમે પહેલીવાર એના ધ્યાન વિશે પૂછ્યું ત્યારે તે દેવગતિને લાયક ધ્યાનમાં હતો. બીજી વાર એના મનની સ્થિતિ વિશે પૂછ્યું ત્યારે નરક ગતિને લાયક ધ્યાનમાં હતો પણ જ્યારે ત્રીજીવાર તમે પૂછ્યું તે પોતાની જાતને શુદ્ધાત્મા તરીકે શુક્લધ્યાન અનુભવી રહ્યો હતો. જે તેને મોક્ષ ગતિ તરફ લઈ જશે. તમારું મરણોત્તર જીવન કેવું હશે તે તમારા ધ્યાનની સ્થિતિ પર અવલંબે છે. અર્થાત્ ધ્યાન ઉપર ફળની સ્થિતિ અવલંબિત છે'.

ધ્યાનની વિવિધ સ્થિતિઓમાંથી પુદ્ગલ પસાર થાય છે પણ તમે જો તેની સાથે તન્મય થયા તો પછી તમે હસ્તાક્ષર કરી આપ્યા છે પણ તન્મયાકાર ન થતાં અને જાગૃતિ રાખીને અંદર થતું ચિતરામણ જોઇને જાણે તો પછી તે શુદ્ધાત્મા તરીકે મુક્ત છે.

જિજ્ઞાસુઃ એનો અર્થ એવો થાય કે એક જ પ્રકારના કાર્ય કરતી બે વ્યક્તિઓ કે જેમના આશયો કે મનની સ્થિતિ અલગ-અલગ હોય તો બન્ને જુદી કર્મગતિ પ્રાપ્ત કરે.?

દાદાજીઃ હા, કાપડિયો કાપડ વેચતી વખતે કપડાને ખેંચીને ભરે અને ફૂલાય! હું ધંધામાં કેવો હોશિયાર છું અને કેવી ધીખતી કમાણી કરી લઉં છું પણ એને એ ભાન નથી કે તે પોતાની જાતને અધોગતિની દિશામાં લઈ જઈ રહ્યો છે! તે રૌદ્રધ્યાનમાં છે. હવે બીજો પણ કાપડ ભરતી વખતે ખેંચીને વેચે છે પણ એને અંદરથી ઘોર પશ્ચાતાપ થાય છે. તે વિચારે છે કે હું ખોટું કરી રહ્યો છું. મહાવીરનો સાચો ભક્ત આવું કદી કરે જ નહી. તે પોતાના માટે તિર્યંચ ગતિની તૈયારીઓ કરે છે. તેમની ક્રિયાઓ સરખી જ છે પણ તેમનું ધ્યાન જુદું-જુદું છે અને પરિણામે તેઓ મૃત્યુ પછીની જુદી-જુદી ગતિ પ્રાપ્ત કરે છે. આ કાળમાં કોઈને સ્વરૂપનું ભાન છે જ નહીં. પણ જો લોકો ધર્મને જાણતા —સમજતા હોત તો તેમને ધર્મધ્યાન થઈ શકત પણ આજકાલ દુન્યવી-વ્યાવહારિક ધર્મો છે. અને તે તેમના મૂળ પાયા પર નથી. એટલે આ જગતના લોકોને ધર્મધ્યાન નથી પણ માત્ર આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છે.

જગતના લોકો એમ કહે કે એક શ્રીમંત માણસે દાનમાં પચાસહજાર રૂપિયા આપ્યા. તે ઘણોં સારો માણસ છે. પણ હવે જુઓ, પેલા અમીર માણસના મગજમાં શું છે? તે વિચારે છે કે જો મેયરે મને દબાણ ન કર્યું હોત તો હું આ દાન આપત નહિ. તેણે આપ્યું કારણ કે તેના પર દબાણ કરવામાં આવ્યું. આ રૌદ્રધ્યાન છે અને તે હવે પછી અધોગતિ માટે તૈયારી કરી રહ્યો છે. બીજો એક માણસ છે જેની પાસે પૈસા નથી પણ એ ધ્યાન કરે છે કે, 'ઓહ! મારી પાસે પૈસા હોત તો હું તેમાંથી થોડાક ઉમદા કાર્યો માટે જરૂર વાપરત'. આ ધર્મધ્યાન છે. આ માણસે એકપણ પરોપકારી કાર્ય કર્યા વિના ઊર્ધ્વગતિ બાંધી છે અને પેલા ધનવાન માણસે તેણે દાન કર્યું હોવા છતાં પોતાના માટે અધોગતિ બાંધી છે.

## ૫૪. નિર્દોષ દૃષ્ટિ.

ભગવાન મહાવીરની સભામાં એક આચાર્ય મહારાજ પ્રભુની વાણીનું શ્રવણ કરવા માટે બેઠા હતા. એમને એવો મદ હતો કે, 'હું બધું જાણું છું અને હું કંઈક છું'. તેમણે ભગવાનને પૂછ્યું કે, 'ભગવાન, હવે મારામાં અને તમારી વચ્ચે શું ફરક છે? હજી મારે કેટલા જન્મ રાહ જોવાની છે?' આચાર્યે વિચાર્યું કે પોતે વધુમાં વધુ માત્ર ત્રણ જન્મમાં મોક્ષ પ્રાપ્ત કરી લેશે.. ભગવાન તો વીતરાગ છે. તેઓ આચાર્યનો આશય સમજી ગયા. તેમણે કહ્યું, 'તમારો પ્રશ્ન ખૂબ જ સારો છે પણ બહાર

ઊભેલા પેલા ચાર-પાંચ જણને બોલાવો કારણ કે તેમનું પુણ્ય ઉદયમાં આવી રહ્યું છે. પેલા નગરશેઠને બોલાવો પછી સતી, વેશ્યા અને પેલા ખિસ્સાકાતરુને બોલાવો ....અને હું પેલા બહાર ઊભેલા ગધેડાની વાત પણ કહીશ'. જેથી આ આચાર્યે તો આ બધાને બોલાવી ભગવાન સમક્ષ રજૂ કર્યા, ભગવાને જણાવ્યું કે, 'આચાર્ય! સાંભળો! મારે મન આ અમીર માણસ, સતી, વેશ્યા, આ ખિસ્સાકાતરુ, આ ગધેડો તેમજ અમારી અને તમારી વચ્ચે કોઈ ફરક નથી'.

'ભગવાન! આપ શું કહો છો? તમારી અને અમારી વચ્ચે શું કોઈ જ ફરક નથી? પણ ફરક તો ઘણોં બધો જણાઈ આવે છે!' આચાર્યે કહ્યું.

ભગવાને પ્રત્યુત્તરમાં કહ્યું કે, 'જે ફરક તમને લાગે છે તે તમારા દ્રષ્ટિબિંદુથી છે'. અમે આગળના ત્રીજા ભવમાં જ્ઞાનીના શિષ્ય બન્યા. તેમણે અમારી દૃષ્ટિને નિર્દોષ બનાવી, જેના કારણે અમોને આ સંસાર નિર્દોષ લાગે છે. અમે એના પછીના બે જન્મોમાં એ જ નિર્દોષ દૃષ્ટિનો ઉપયોગ કર્યો અને અમે આ જન્મમાં પૂર્ણતયા નિર્દોષ બની ગયા. એ જ નિર્દોષ દૃષ્ટિથી અમે કહીએ છીએ કે અમે, તમે તથા બીજા બધામાં કોઈ ફરક નથી.

આચાર્યે આગળ એમ કહ્યું કે, 'પણ હે પ્રભુ! અમને તો ઘણોં બધો ફરક દેખાય છે. આપ એમ શી રીતે કહી શકો કે સતી, વેશ્યા, ધનવાન માણસ, ખિસ્સાકાતરુ, હું અને પેલો ગધેડો સરખા જ છીએ? કઈ રીતે અમે સરખા છીએ? એ માન્યામાં ન આવે એવી વાત છે'.

ભગવાને કહ્યું, "જુઓ આચાર્ય! તમે, હું, શેઠ, સતી, વેશ્યા, ખિસ્સાકાતરુ અને પેલા ગધેડામાંનો અંતરાત્મા તો એક જ છે. કહો કે ૧૨૦ કાઉંટવાળા ૨૫ ગ્રામનો ધાગો આપણાં સહુમાં એક જ છે જે અંદર બેઠેલો છે. ફરક એટલો જ છે કે તમારા દોરાની રીલ ગૂંચવાયેલી છે અને મારી ગૂંચવાયેલી નથી. અમે જ્ઞાન દ્વારા જોઈ શકીએ છીએ કે હવે ગધેડાને જન્મના બહુ થોડા ફેરા બાકી રહેલા છે".

ભગવાને આગળ કહ્યું કે, 'અરે આચાર્ય મહારાજ! તમે તો ઘણાં શાસ્ત્રો વાંચ્યાં છે. તમારા માનસિક ભારણમાંથી અને અહંમાંથી છૂટતાં-છૂટતાં તમને ઘણાં જન્મો લાગશે જ્યારે આ ગધેડાને તેના આવતા ભવમાં જ્ઞાનીપુરૂષ પ્રાપ્ત થવાથી તેને મુક્તિ મળી જશે!'

**૫૫. મદ અને મોક્ષ.**

જિજ્ઞાસુઃ ગુરુદેવ! શું શાસ્રોના અભ્યાસ દ્વારા પ્રાપ્ત જ્ઞાન આપણને મોક્ષ પ્રાપ્તિમાં તકલીફ ઊભી કરે?

દાદાજીઃ 'હું કાંઈક જાણું છું' એ તો બહુ ભારે મદ (કેફ) કહેવાય. કેફી માણસ કદાપિ મોક્ષ ન મેળવી શકે. એને ઊંઘમાં પણ કેફ રહ્યા કરે. મોક્ષ તો સ્થિર ચિત્ત અને શાંત-સ્વસ્થવાળા નિરહંકારીને પ્રાપ્ત થાય. તમે શાસ્ત્રો વાંચ્યાં અને ગોખી પણ

લીધાં—તે આ મહેનત મોક્ષનું સાધન હતું કે પછી અનંત જન્મોના ચક્કર મારવા માટે હતી? એણે તો માનસિક બોજો વધાર્યો, જે મદ કહેવાય છે. દારૂડીયા પર તો થોડું પાણી નાખીને તેનો નશો ઉતારી શકાય છે પણ શાસ્ત્રોના અભ્યાસને કારણે ચડેલો નશો કદીયે ન ઉતારી શકાય. જેટલો મદ ઓછો એટલો મોક્ષ વહેલો!

માણસને જો મોઢા પર બાજરીના દાણા જેવી નાનકડી ફોલ્લી થઈ હોય તો પણ વારંવાર દર્પણમાં જોયા જ કરતો હોય છે. કારણ કે તે એમ સમજે છે કે હું અમિત છું. તે પોતાના શરીરને જ પોતાની જાત સમજે છે એટલે તે વારંવાર આયનામાં જોયા કરે છે. પણ આ શરીર તમારું નથી. આ શરીર તો એક પ્રકારની ફસામણ છે.

જિજ્ઞાસુઃ શરીર શી રીતે ફસામણ બની શકે?

દાદાજીઃ જ્યારે કોઈ છોકરો તેની મિત્ર સાથે પ્રેમમાં પડે છે ત્યારે તેના પિતા કહે છે, ''આ લફરું શા માટે?'' છોકરો કહે છે કે તમે શું કહેવા માંગો છો? શું એ લફરું છે? તમને આમાં શી સમજ પડે? પણ થોડાક દિવસ પછી છોકરી સાથે ઝઘડો શરૂ થાય છે અથવા છોકરી તેને તરછોડીને બીજાને મળવાનું શરૂ કરી દે છે ત્યારે તેને સમજાય છે કે તે તો મહામુસીબત જ હતી. આ જ રીતે આ શરીર પણ એક વળગણ જ છે. જો શરીરનો એકાત્મ અનુભવ જાય તો એ ભારે આસક્તિ કે મોહજાળ પણ તેની સાથે વિદાય લઈ લે. આવી જાળ હમેશાં દગાબાજ જ હોય છે. અરે! મન, શરીર અને વચન આ સર્વે ફસામણ જ છે.

લફરું કોને કહેવાય છે? કે તમે છૂટવા ઈચ્છો તો પણ તમે છૂટી શકતા નથી.....આ જ જાળ છે....જે ક્ષણે તમે સમજી જાવ કે આ તો જાળ છે, તે જ ક્ષણથી તમે તેમાંથી છૂટવા માટે પ્રયત્ન કરો છો ....પણ જો તમે એ જાળને જ ચાહતા હોય તો? તે તમને વધારે ને વધારે મજબૂતીથી વળગી રહેશે. અને તે પણ બહુ ઘેરી પકડથી.

લફરું, રાગ અને દ્વેષ પર અવલંબિત છે. હું તમને રાગ અને દ્વેષ આ બંનેમાંથી મુક્ત કરાવું છું જેથી જાળ આપોઆપ ઢીલી પડશે. શું કોઈ સજા કે ઈંદ્રિયોના દમનથી આ જાળ દૂર કરી શકાય? ના એ તો વીતરાગતા અને અહિંસા દ્વારા જ દૂર કરી શકાય. આ મન, વચન અને કાયા એ લફરું જ છે. એકવાર જો તમે તટસ્થભાવથી જુઓ, જાણો અને સમજી લેશો તો એની પકડ આપોઆપ ઢીલી પડી જશે.

## ૫૬. મોક્ષ જ સર્વોત્તમ અભીપ્સા છે.

દાદાજીઃ કેવળ મોક્ષ સિવાય બીજી કોઈ ઈચ્છા કરવા જેવી નથી. મોક્ષ તરફ જતો કોઈપણ રસ્તો જે વિધિ-વિધાન યુક્ત છે તથા કષ્ટસાધ્ય છે તે લૌકિક માર્ગ છે. જો તમે ભલેને એક જ વાર, મોક્ષની ઈચ્છા પ્રામાણિકતાથી કરી હોય, તો ગમે એટલા વર્ષો પછી પણ તમને જ્ઞાની મળશે અને જે થકી મોક્ષ મળી શકે છે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! પણ મોક્ષની ઈચ્છા શા માટે રાખવી જોઈએ?

દાદાજીઃ મોક્ષ તો પૂર્ણ મુક્તિ છે; સંસારની દરેક આપદાઓમાંથી મુક્તિ.

જિજ્ઞાસુઃ પણ ગુરુદેવ! એમ કહેવાય છે કે મોક્ષ મેળવવો મુશ્કેલ છે.

દાદાજીઃ મોક્ષ અને મુક્તિ તો વ્યક્તિનો જન્મસિદ્ધ હક છે. મોક્ષ તો આત્માનો સહજ સ્વભાવ છે. દાખલા તરીકે પાણી એના સ્વભાવે ઠંડું જ છે. તેને ગરમ કરવાનો કોઈકે પ્રયત્ન કરવો પડે છે પણ તેને ઠંડુ પડવા માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. તે એની જાતે જ ઠંડુ પડી જાય છે.

જિજ્ઞાસુઃ આપણે આ સત્યને શી રીતે સારી રીતે સમજી શકીએ?

દાદાજીઃ તમે જાણો છો કે આપણે શા માટે આપણા જન્મસિદ્ધ સ્વભાવ એવા મોક્ષને સમજી નથી શકતા? આપણે આપણા સહજ સ્વભાવને સમજી નથી શકતા કારણ કે આપણે ભ્રમમાં રાચીએ છીએ. આ ભ્રમને ત્યારે જ તોડી શકાય જ્યારે તમે જ્ઞાનીના સંપર્કમાં રહો અને એ તમારા ભ્રમને નિરસ્ત કરી દે. તેથી હમેશાં જ્ઞાનીની ખોજમાં રહો અને મુક્તિ માટે સજીવન મૂર્તિને અનુસરજો.

જ્ઞાની એવી વ્યક્તિ છે જે મુક્ત છે અને ઘણાં મુમુક્ષુઓને મુક્ત કરવા સમર્થ છે. જ્યારે તમને એ જ્ઞાની પ્રાપ્ત થઈ જાય ત્યારે બેધડક એમનું અનુસરણ કરજો. હાલના સમયમાં હું મોક્ષદાતા છું. હું જ્ઞાનનો અદ્‌ભૂત અવતાર છું. હું એક જ કલાકમાં તમને મોક્ષ પ્રાપ્તિના આશીર્વાદ આપી શકું છું. તમારે તો કશું જ કરવાનું નથી અથવા અમોને કશું જ આપવાનું નથી કારણ કે મારે કોઈ જ ઈચ્છા નથી. જે બધી જ ઈચ્છાઓ અને અપેક્ષાઓથી પર છે તેમની અંદર ભગવાન પ્રગટ થાય છે.

જિજ્ઞાસુઃ ઘણાં સાધુઓ અને આચાર્યો પૈસા કે વસ્તુઓની ઈચ્છાઓથી પર હોય છે.

દાદાજીઃ તમને એવા ઘણાં સાધુઓ કે આચાર્યો મળ્યા હશે કે જે સંપત્તિની ઝંખના રાખતા નથી કે વિષય સુખનો તલસાટ અનુભવતા નથી પણ તેઓને નામ તથા શિષ્ય (અનુયાયીઓ)ની કામના તો રહે જ છે. તેમના હૃદયના કોઈક ખૂણામાં ભિખારી જેવી ઈચ્છાઓ તો રહે જ છે. જે આ બધી ઈચ્છાઓથી મુક્ત થઇ ગયો હોય તેની અંદર ભગવાન પ્રગટે છે. હું સંપત્તિ, દુન્યવી આનંદ, નામના, શિષ્યો કે બીજા કશાની ઈચ્છા રાખતો નથી. મારે કશાની ઈચ્છા નથી કે મારે કશું જોઈતું નથી. તમારી કોઈ ઈચ્છા હોય તો મારી પાસેથી માંગી લો પણ સમજીને માંગજો. મોક્ષની માંગણી કરજો જેથી ફરીથી તમારે મારી પાસે કશું જ માંગવું નહિ પડે.

જિજ્ઞાસુઃ જો કે માણસને જીવનમાં ભૌતિક વસ્તુઓની પણ જરૂર રહે છે.

દાદાજીઃ શુદ્ધાત્માનો બોધ કરવો એ માનવજીવનનો મુખ્ય હેતુ છે અને દુન્યવી સુખો તો તેની આડ પેદાશ છે. લોકોએ મુખ્ય

ઉત્પાદનને બાજુએ રાખીને આડ ઉત્પાદનો માટે કારખાનાં શરૂ કર્યાં છે! તેમની મુક્તિ ક્યારે થશે? આખી દુનિયા અંધારામાં ભટકે છે કારણે કે એને મોક્ષના રસ્તાની ખબર જ નથી. એટલે ભૂલો પડી જ જાય. જો તમારે મોક્ષ જોઈતો હોય તો તમારે જ્ઞાની પાસે જવું પડશે. દાખલા તરીકે તમારે દાદર રેલ્વે સ્ટેશન જવું હોય તો તમારે કોઈક એવાને પૂછવું પડશે જે તે સ્ટેશન સુધી જવાના રસ્તાથી પરિચિત હોય. તો પછી આ તો મુક્તિ કેરો માર્ગ છે, જે અટપટો અને ગૂંચવાડાથી ભરેલો છે. જો તમે કોઈપણ જાતના માર્ગદર્શન વિના એકલા-એકલા નીકળી પડશો તો તમે અટવાઈ જશો, માટે જ્ઞાનીને ખોળી લો અને તે કહે તે પ્રમાણે કરો. તે તમને મોક્ષ આપી શકશે. હું પણ મોક્ષ આપી શકું છું. હું પૂર્ણ મોક્ષના તમને આશીર્વાદ આપી શકું છું. હું જ્ઞાનનો અવતાર છું અને સોપાન વિહીન મોક્ષમાર્ગ સ્વરૂપ છું. હું તમારી અંદર ભગવાનને એક કલાકમાં પ્રગટ કરી શકું છું પણ તમે એના માટે પૂરેપૂરા 'સજ્જ' હોવા જોઈએ.

જિજ્ઞાસુ: મોક્ષ માટેની સજ્જતા કેવી હોવી જોઈએ?

દાદાજી: માત્ર બે વસ્તુઓ સાથે તમે મારી પાસે આવો. પહેલાં તો મનમાં એમ નક્કી કરીને આવો કે, 'હું કાંઈ જ જાણતો નથી'. બીજું, પરમ વિનય સાથે આવો. 'હું કાંઈ જાણું છું' તે મદ અને કેફ છે.

જ્ઞાન એટલે પ્રકાશ. પ્રકાશની હાજરી ઠોકર ખાવા દેતી નથી પણ જ્યારે કોઈ ડગલે ને પગલે ઠોકર ખાતો હોય તો તે શી રીતે કહી શકે કે તેણે જ્ઞાન મેળવ્યું છે? એમ શી રીતે કહી શકાય? તમે ચિંતા મુક્ત થયા ખરા? જો તમે સત્યને સમજી લીધું હોય તો તમારે કોઈપણ જાતની ચિંતાઓ ન હોવી જોઈએ. જો તમે એમ માનો કે, 'હું કંઈક જાણું છું'. તો હું તમારા અધૂરા ઘડામાં શું ઉમેરી શકું? જો તમારો ઘડો ખાલી હોય તો હું તેમાં અમૃત ભરી શકું. પછી તમે આ દુનિયામાં ગમે ત્યાં જાવ, તમારા બાળકોને પરણાવો, સાંસારિક જીવન જીવો પણ અમારી આજ્ઞા મુજબ જીવો. આ અપૂર્વ બાબત ભૂતકાળમાં સાંભળેલી ના હોય, વાંચેલી ન હોય. તે અપવાદરૂપ છે. અમે તો સંસારના કલ્યાણ માટેનું એક માત્ર નિમિત્ત છીએ. અમે અમારા જ્ઞાનની મદદથી આ જોયા પછી કહીએ છીએ કે આખુંય વિશ્વ પોલંપોલ છે. જો તમે જગતને નક્કર સમજો તો એ તમારી ભૂલ છે. પોલું અર્થાત્ અવકાશ અને આકાશ નક્કર નથી.

જિજ્ઞાસુ: ગુરુદેવ! પોલું શબ્દ દાખલા સહિત સમજાવો.

દાદાજી: એક વૈદ્યે તેના દર્દીને ખૂબ જ સારી દવા આપી. સાથે મરચું નહીં ખાવાની ચરી પાળવાની સલાહ પણ આપી કારણ કે વધારે પડતું મરચું ખાવાને લીધે તેને બીમારી લાગુ પડી હતી. ચિકિત્સકે તેને શ્રેષ્ઠ દવાઓની માત્રાઓ આપીને ખૂબ પ્રયત્ન કર્યો કે તેનાથી દર્દી સાજો થઇ જાય. તે એક પછી એક દવાઓ તેને આપતો ગયો પણ ચાર છ મહિના વીતવા છતાંય દર્દી સાજો ન થઇ શક્યો. એક દિવસ એ ચિકિત્સકને તે દર્દીના ઘેર જવાનું થયું અને જોયું કે દર્દી જમતો હતો અને તેની

થાળીમાં બે મરચાં પડેલાં હતાં. વૈદ્યરાજને બહુ ગુસ્સો આવ્યો અને ખૂબ જ લાગણીવશ થઇ જવાને કારણે માનસિક તાણ અનુભવતાં ત્યાં ને ત્યાં ઢળી પડ્યા અને મૃત્યુ પામ્યા! અહીં કોનો વાંક છે? દર્દી તો ફાવે તેમ કરે. તે ઝેર પણ પી શકે છે. પણ તમે શા માટે ઝેર પીધું? આ બધું પોલંપોલ કહેવાય. કોઈપણ જગ્યાએ અટવાઈ પડવું સલાહભર્યું નથી હોતું. જો તમે એમ કરશો તો તમે ફસાશો.

આ કેસમાં દર્દી મરચું ખાય છે અને ડૉક્ટરને ટેન્શન થઇ જાય છે પરિણામે દાક્તરના મગજની રક્તવાહિની ફાટી જાય છે! એના દર્દીને મરચું ખાતો જોવાનું ડૉક્ટર માટે ખરેખર ઝેર સમાન બની ગયું. કોઈ વ્યક્તિ એના ચાના કપમાં કચરું પડેલું જુએ તો તે એકદમ ગુસ્સે થઇ જાય છે....પણ જો એને ખબર જ નહિ પડે તો, તે આનંદથી પી જશે. આવું છે પોલંપોલ. જ્યારે કોઈને સત્યની ખબર પડે છે ત્યારે તે ડરી જાય છે અન્યથા નહિ.

હું એક બીજો બનાવ કહું છું. એક માણસ મારી પાસે આવતો હતો. તેને એક દીકરી હતી. મેં એને શરૂઆતથી જ સમજાવેલું કે, 'આ કળિયુગ છે અને તમારી દીકરી પણ તેનાથી પ્રભાવિત હોય જ માટે ચેતીને રહેજે'. તે એ વાતને સમજી ગયો અને જ્યારે તેની દીકરી કોઈની સાથે ભાગી ગઈ ત્યારે એ માણસે મારી પાસે આવીને કહ્યું કે, ''તમે મને જે કહેલું તે સાચું પડ્યું. જો તમે મને ચેતવ્યો ન હોત તો મેં ઝેર ખાઈ લીધું હોત''. આ દુનિયા પોલંપોલ છે. જે કંઈ બને છે તે બધું સ્વીકારી લેવું જોઈએ. શું તમને એમ નથી લાગતું છે કે આ જગત સદંતર પ્રપંચ છે?

હવે મારી વાત સાંભળો, વળી બીજું એક ઉદાહરણ આપું છું. આ ભરવાડો શું કરે છે? સીટી વગાડીને 'ટીહી', 'ટીહી' બોલીને ઘેટાંને તેમના વાડામાં ભેગાં કરે છે અને એમને છટકવા દેતો નથી. ઘેટાં એમ વિચારે છે કે ભરવાડ તેમને વાઘથી બચાવે છે. અને એ ભરવાડ પણ એમને કહે છે કે, 'હું તમારું રક્ષણ કરું છું'. પણ આ ઘેટાં કદીએ એમ વિચારે છે ખરાં કે આ ભરવાડ તેમનું કેવી રીતે શોષણ કરે છે? તેઓ રોજ ઘેટાંને દોહીને દૂધ લઈ લે છે. ઊન તેમને ઠંડીથી બચાવે છે પણ તે ઊન તેમના શરીર પરથી ઉતારી લે છે અને ક્યારેક તેમના મહેમાનોને માંસની મિજબાની આપવા માટે મારી પણ નાખે છે....આ રીતે આ સંસારિક જીવન એક પ્રપંચ છે. તેથી જ હું કહું છું કે, માત્ર મોક્ષની જ ઉત્કટ ઈચ્છા રખાય.

### ૫૭. સાધક અવસ્થા.

સાધુ કોને કહેવાય? જે શુદ્ધાત્મા પદને પ્રાપ્ત કરવાના રસ્તા પર ચાલતો હોય તે સાધુ કહેવાય. સાધુ એ છે જે અનુશાસિત જીવન જીવે છે અને હમેશાં મોક્ષની ઝંખના રાખે છે તથા તેની સાધના કરે છે. આજકાલ તો કલિયુગ ચાલી રહ્યો છે. સાધુઓ મોક્ષ પ્રાપ્તિની ખેવના ધરાવે છે છતાંય સાથે-સાથે તેમની જીવનચર્યા અને સાધના પદ્ધતિ આધ્યાત્મિક પ્રગતિને પ્રતિકૂળ હોય છે.

દાખલા તરીકે, સાધુ જ્યારે સામાયિક, પ્રતિક્રમણ વગેરે દ્વારા ધ્યાન ધરે છે ત્યારે ૧૦૦ પોઈન્ટ પ્રાપ્ત કરે છે પણ જ્યારે તે તેના શિષ્ય સાથે અકળાયા કરે છે અને માનસિક સંતાપ અને પીડા-ક્લેશમાંથી પસાર થાય છે ત્યારે તે ૧૫૦ પોઈન્ટ ગુમાવે છે! આ બંને વસ્તુઓ સાથે-સાથે જ ચાલતી હોય છે.

ખરેખર તો, મોક્ષ તરફનો આધ્યાત્મિક વિકાસ પોતાની જાત ને સાચી રીતે ઓળખી-સમજી લીધા પછી જ શરૂ થાય છે. માટે પ્રયત્નો એવા હોવા જોઈએ કે અન્ય નકારાત્મક ફસામણોને છોડીને આધ્યાત્મિક વિકાસમાં સહાયક બને તો જ સાચો વિકાસ થાય.. અન્યથા તે મોક્ષની દિશાને બદલે સંસારની દિશામાં વિકાસ સાધશે! જિજ્ઞાસુ દશા એટલે પૂર્ણ સિદ્ધત્વ પ્રતિ ચાલતો રહેતો નિરંતર આધ્યાત્મિક વિકાસ. અત્રે કોઈનો દોષ નથી અજ્ઞાન એ જ મોટો ગાળિયો છે. અન્યથા સાધુઓ તો સદૈવ પરમ પદને પામવા માટેની જ ઈચ્છા ધરાવે છે.

## ૫૮. સર્જન અને વિસર્જન.

માણસ જ્યારે પથારીમાં પડ્યો હોય અને ઘણું બધું વિચારતો હોય છે ત્યારે તે બ્રહ્માજીનું કામ-અર્થાત્ વિશ્વનો સર્જક બનવાનું કામ કરવા માંડે છે. હવે એ વ્યક્તિ પોતે સર્જન કરે પણ વિસર્જન તો પ્રકૃતિની યોજના મુજબ થાય છે. તેથી તેના હાથમાં કશું જ રહેતું નથી. જ્યારે વિસર્જનની શરૂઆત થઈ જાય છે ત્યારે પોતે ભ્રમિત થઇ જાય છે તેથી તે સ્વાભાવિક રીતે જ ગૂંચવાઈ જાય છે અને તેના હાથમાંથી સરતી જતી બાબતોને જોઇ ભયવશ થઇને વ્યગ્રતા અનુભવે છે.

એકવાર યોજનામાં તન્મયાકાર થઇ ઓપ અપાઈ ગયો પછી તે આ યોજનાનો સર્જક થઇ જ ગયો. અને તે યોજના મૂર્તસ્વરૂપ ચોક્કસ ધારણ કરે છે અને તેનું વિસર્જન થાય છે.

વિસર્જન એ અટલ અને અપરિવર્તનીય છે. જો એ કોઈના હાથની વાત હોત તો તે કશું જ અણગમતું ઘટવા ન દેત, માત્ર ગમતી (અનુકૂળ) વસ્તુઓને જ ઘટવા દેત. પણ વિસર્જન એ આપણાં કાર્યક્ષેત્રમાં નથી. (નિયંત્રણમાં નથી) ત્યાં વ્યવસ્થિતશક્તિ સક્રિય બને છે અને શાસન કરે છે. આ શક્તિ સામે સહુ લાચાર બની જાય છે માટે સર્જન કરતી વખતે તમે સંન્નિષ્ઠ રહો અને અયોગ્ય યુક્તિઓથી (પ્રપંચલીલાથી) દૂર રહો. જો તમે એકવાર બ્રહ્માની જગ્યા લઈ લીધી તો બ્રહ્મપદ તમારી પકડમાં નહીં આવે. પણ હા, જ્યારે આવી વ્યક્તિ જ્ઞાનીપુરૂષને મળશે તો તે તેને બ્રહ્મપદમાં પ્રસ્થાપિત કરીને એક જ કલાકમાં તેની ખોટી માન્યતાઓમાંથી મુક્ત કરાવી દેશે અને તેનું સાચુ સ્વરૂપ દેખાડશે. એકવાર જ્ઞાની તેને બ્રહ્મનિષ્ઠ બનાવશે પછી તે બ્રહ્મનિષ્ઠત્વ કાયમ રહેશે. આના પછી નવું સર્જન અટકી જશે અને ભૌતિક શરીરનું ધીમે-ધીમે વિસર્જન થતું જશે. ફક્ત મનુષ્ય જ આ માટે સમર્થ છે તેથી આત્મા જન્મજન્માંતરની શૃંખલામાંથી મુક્ત થઇ જાય છે અને અંતે મોક્ષ પામે.

## ૫૯. પ્રકૃતિની પૂજા—પુરૂષની પૂજા.

જિજ્ઞાસુઃ આ સંસારમાં ભક્તિની વિવિધ પદ્ધતિઓ પ્રવર્તમાન છે.

દાદાજીઃ દુનિયામાં આજકાલ પ્રચલિત ભક્તિ, એ પ્રાકૃતિક ગુણો આધારિત ભક્તિ છે. આ ગુણ ચંચળ છે, કલ્પના પર આધારિત હોઈ બદલાયા કરે છે અને તેનું કાયમી અસ્તિત્વ જ નથી. આ અસ્થાયી ગુણ 'વાત', 'પિત્ત' અને 'કફ'ની દૈહિક પરિસ્થિતિ પર આધારિત છે. આ બધા એવા તો ચલિત છે કે કોઈ એકાએક જ પાગલ પણ થઇ જાય! પણ શુદ્ધાત્માના ગુણધર્મો સ્વતંત્ર છે. પ્રકૃતિની વિશેષતાઓ અસંખ્ય ઘટકો પર આધારિત છે. સંસારમાં સર્વત્ર પ્રકૃતિની પૂજા જ ચાલી રહી છે. ક્યાંય 'શુદ્ધાત્મા' ની પૂજા થતી નહિ જુઓ. દુન્યવી જીવન પ્રકૃતિ-પૂજાનો પુરસ્કાર છે અને મોક્ષ 'શુદ્ધાત્મા' ની ભક્તિનો પુરસ્કાર છે.

આપણે 'પુરૂષ' (શુદ્ધાત્મા) તરીકે સ્વતંત્ર છીએ અને પ્રકૃતિને કારણે આપણે પરાશ્રિત અને બંધનાવસ્થામાં છીએ. આ વિશ્વ પ્રકૃતિને કારણે અને વ્યવસ્થિત શક્તિના નિયંત્રણમાં કાર્યરત છે અને ભગવાન આ બધી બાબતોમાં હસ્તક્ષેપ કરતા નથી. એકવાર તમે 'પુરૂષ' બની જાવ પછી તમારા પ્રકૃતિ સાથેના સંબંધો પૂરા થઇ જાય છે. ઘટનાઓ પ્રકૃતિ આધારે બને છે પણ જે ન તો આસક્તિ કે અણગમો અનુભવે છે, તે 'શુદ્ધાત્મા' છે. અમારું આ જ્ઞાન એવું તો અદ્ભૂત છે કે કોઈની સાથેની બાઝાબાઝીમાં પણ તમારા પર કોઈ અસર નહિ થાય.

## ૬૦. માયા અને મોક્ષ.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! મોક્ષપ્રાપ્તિના રસ્તામાં માયાનો પ્રભાવ એ સૌથી મોટું નડતર છે. એનો શાસ્ત્રોમાં વારંવાર ઉલ્લેખ આવે છે. માણસને આ માયા શક્તિશૂન્ય કરી દે છે. કહેવાય છે કે,

''માયા માથે શિંગડા, લાંબાં નવ નવ હાથ,

આગે મારે શિંગડાને પીછે મારે લાત''.

જિજ્ઞાસુઃ આ માયા શું છે એ અમને સમજાવો.

દાદાજીઃ શાસ્રોમાં માયાનું વર્ણન વિવિધ ઉપમાઓ દ્વારા કરવામાં આવેલું છે. માયા કહે છે કે, ''ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ વગેરે મારા છ પુત્રો છે અને હું સાતમી-આમ આ કુટુંબવૃક્ષ હમેશાં લીલુંછમ રહેશે. જ્યાં સુધી મારો દીકરો 'માન' જીવતો છે ત્યાં સુધી તમે મારા બીજા દીકરાઓને મારી નાખશો તો પણ તે બધા પુનર્જીવન પામતા જ રહેશે''. એટલે કહેવાયું છે કે માયા અને તેના છ પુત્રોના આ શક્તિશાળી પ્રભાવને કારણે આ સંસારમાં કોઈની પણ પાસે ક્ષણવારની પણ શાંતિ નથી.

આ છ પુત્રોમાં ક્રોધ નિખાલસ (ભોળો) છે. તે અકારણ અને જેમ ફાવે તેમ ઉતાવળે ન કહેવા જેવું કહી દે છે અને ન કરવાનું કરી નાખે છે એટલે તેને ઓળખવો સહેલો છે. જેથી કોઈ એમ પણ સમજાવે કે ‘‘ઓ નાદાન! તું તારો પિત્તો શા માટે ગુમાવે છે?’’

માન-અહંકાર ને પણ ઓળખવો સહેલો છે પણ ક્રોધ કરતા થોડોક ઓછો સમજી શકાય છે. કોઈ તમને કહી શકે કે ‘‘તું આટલો અભિમાની શા માટે છે?’’

માણસનાં કપટ અને મોહ સહેલાઈથી સમજી શકાતાં નથી અને આ ગુણ ધરાવનાર પણ તેના અસ્તિત્વથી અજાણ હોય છે.

છેલ્લે લોભ આવે છે. ભગવાન પણ આ કપટ, મોહ અને લોભથી કંટાળી જાય છે!

આ માયા અને તેના વંશજ એટલા તો શક્તિશાળી છે કે તે બધા મોક્ષ મેળવવાનું મુશ્કેલ બનાવી દે છે. માયા લગભગ છેલ્લી ક્ષણ સુધી અજેય રહે છે.

જિજ્ઞાસુઃ ઉપમાઓ સિવાય માયા અને તેના ક્ષેત્ર વિષેની સચ્ચાઈ શું છે?

દાદાજીઃ સાચું કહું તો, માયા બીજું કાંઈ નથી પણ શુદ્ધાત્મા તરીકે સાચા ‘સ્વ‘ નું અજ્ઞાન છે. ભ્રમણા કે જે દરેક વ્યક્તિના મનમાં જન્મોના અનેક ફેરાઓથી બરાબર ઠસી ગયેલી હોય છે કે, ‘‘હું આ નામધારી છું’’. અને એ જ માયાનું મૂળ કારણ છે. જે આગળ ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષના ભ્રામક વિચારો પેદા કરે છે અને માયાની આ ભ્રમ-જાળ મોક્ષપ્રાપ્તિના ક્રમિક માર્ગમાં અજેય રહે છે અને છેલ્લી ક્ષણ સુધી વિઘ્ન નાંખ્યા કરે છે.

તેથી માયાને ભ્રમ કહી શકાય અને જ્યાં સુધી જ્ઞાનીપુરૂષની કૃપાથી તે પોતાના સાચા ‘સ્વ‘ ને શુદ્ધાત્મા તરીકે અનુભવી ન લે ત્યાં સુધી આ માયાની જાળમાં જીવ ફસાયેલો રહે છે. જ્યારે શુદ્ધાત્માના સાચા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારે જીવનનો કૂટપ્રશ્ન (કોયડો) ઉકેલી શકાય છે. જીવનો જ્ઞાનીપુરૂષ સાથે યોગાનુયોગ ભેટો થઈ જવાથી માયા અને તેના ભ્રામક વિચારોનો સમૂળગો નાશ થઈ જાય છે.

જિજ્ઞાસુઃ જ્ઞાનીપુરૂષ માયાની ભ્રમજાળને કેવી રીતે વિખેરી નાખે છે?

દાદાજીઃ હું કશું જ કરતો નથી. હું તો માત્ર તમારા અહંના ભ્રમને-‘હું અમિત છું.‘ ને ઓગાળી દઉં છું અને તેનો નાશ કરી દઉં છું. આમ માયાજન્ય અન્ય ભ્રાંતિઓ કુદરતી રીતે વિલય પામી જાય છે! ત્યારે જીવાત્મા આ બંધનમાંથી મુક્ત થાય છે અને મોક્ષનો આનંદ મેળવે છે. જ્યારે હું જ્ઞાન આપું છું ત્યારે તમને તમારા શુદ્ધાત્માનો તમારી સાચી ઓળખ તરીકે અનુભવ કરાવું છું. તમારા યુગો જૂના ભ્રમો-‘‘હું નામધારી છું’’ ઓગળી જાય છે અને તમે ભ્રમના બંધનોમાંથી મુક્ત થાવ છો.

## ૬૧. મળ-વિક્ષેપ-અજ્ઞાનઃ રાગ-દ્વેષ-અજ્ઞાન.

જિજ્ઞાસુઃ મોક્ષ શી રીતે પ્રાપ્ત થઇ શકે?

દાદાજીઃ વેદાંતમાં કહ્યું છે કે, ''જ્યારે મળ-વિક્ષેપ-અજ્ઞાન અદશ્ય થઇ જાય છે ત્યારે વ્યક્તિને મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે''. અને જૈન ધર્મમાં કહ્યું છે કે, ''જ્યારે રાગ-દ્વેષ અને અજ્ઞાન દૂર થઇ જાય છે ત્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે''. આ બંને માન્યતાઓમાં અજ્ઞાન એ સર્વસામાન્ય અવરોધરૂપે છે તેને ઠીક કરવાની જરૂર છે.

હવે શરીરમાંની દૈહિક અશુદ્ધિઓ તો રેચન દ્વારા દૂર કરી શકાય છે પણ મનની અશુદ્ધિઓને કોઈ શી રીતે દૂર કરી શકે? ચિત્તની અશુદ્ધિઓને નિર્મૂળ કરવી તેથી વધારે દુષ્કર છે. જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી વિક્ષેપ અને અશુચિતાઓ (મળ) વિકસતી જ રહે છે. લોકો થોડી શાંતિ પામવા માટે આ અશુદ્ધિઓ અને વ્યગ્રતાઓને દૂર કરવા માટે પ્રયત્ન કરે છે! પણ સાચા જ્ઞાન વડે અજ્ઞાનને દૂર કરવાનો ઈલાજ તો જ્ઞાનીપુરૂષ પાસેથી જ મળી શકે છે. વ્યક્તિ જ્ઞાની સાથે સત્સંગ કરીને, સાચી સમજ કેળવીને આ બધા મળ અને વિક્ષેપ વગેરેથી મુક્ત થઇ શકે છે.

જિજ્ઞાસુઃ માનવ આત્માના બંધનનું કારણ શું છે?

દાદાજીઃ અજ્ઞાન.

જિજ્ઞાસુઃ તો પછી એની મુક્તિ શી રીતે સંભવે?

દાદાજીઃ જેનાથી આત્મા બંધાયો છે તેના વિરોધીથી. અર્થાત્ જ્ઞાન દ્વારા.

જિજ્ઞાસુઃ કૃપા કરીને આગળ સમજાવો ને.

દાદાજીઃ 'હું અમિત છું'- એ ખોટી જગ્યાનો રાગ છે પણ અજ્ઞાનને લીધે આ રાગ તો વ્યક્તિને વધારે ગમે છે. તેથી બીજી બાજુ પોતાના સાચા સ્થાનના નવનિર્ધાર પ્રત્યે અણગમો રહેલો છે. અર્થાત્ 'શુદ્ધાત્મા' પ્રત્યે અણગમો રહેલો છે. જો કોઈ ખૂણામાં રાગ હોય તો બીજા ખૂણામાં અણગમો (દ્વેષ) હોય જ. જ્યારે હું શુદ્ધાત્માનો અનુભવ કરાવું અને શુદ્ધાત્મામાં તમારી દૃષ્ટિ સ્થિર કરું તે જ ક્ષણથી તમે રાગમાંથી મુક્ત થઇ જાવ છો અને જેમ-જેમ તમે આગળ વિકાસ કરતા જાવ તેમ-તેમ તમે અણગમા અને દ્વેષથી મુક્ત થતા જાવ છો.

વીતરાગ અર્થાત્ પોતાના 'મૂળ સ્થાન' નું જ્ઞાન એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિ. હું તમને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન પમાડું છું. જેથી કરીને તમને પૂર્ણ દર્શન મળે પરંતુ ૩૬૦ ડિગ્રીનું પૂર્ણ જ્ઞાન તમારા માટે અપાચ્ય રહેશે. એનું કારણ આ સમય (કાળ) છે. અરે 'હું' પણ પૂર્ણ જ્ઞાનના ઉપલા ૪ અંશ પચાવી નથી શકતો. હું તમને પૂર્ણ જ્ઞાનના ૩૬૦ અંશના આશીર્વાદ

આપું છું. પણ તમે એ હજમ નહીં કરી શકો. તેથી તમે અંશ કેવલજ્ઞાની કહેવાવ છો અને 'ભગવાન' પૂર્ણ જ્ઞાન ધરાવે છે. જ્યારે 'શુદ્ધાત્મા' પૂરેપૂરી રીતે પ્રગટ થાય છે, ત્યારે તેને સર્વાંશ કેવળજ્ઞાન કહેવામાં આવે છે. મુક્તિની રાહના ક્રમિક પથ પર 'ભ્રમને ભ્રમથી દૂર હટાવો' કહેવામાં આવેલ છે. -આ જ તેનો મહત્વનો સંદેશ છે.

જિજ્ઞાસુ: હજી બીજા દ્રષ્ટાંત આપો.

દાદાજી: જો વસ્ત્ર ગંદુ હોય તો આપણને તે ગંદકી દૂર કરવા માટે સાબુની જરૂર પડે છે. પણ સાબુ તેનો અવશેષ એ વસ્ત્ર પર છોડી જાય તો એને દૂર હટાવવા માટે ડીટર્જંટની જરૂર પડે છે. ડીટર્જંટ સાબુ એ નિશાનને દૂર કરી દે છે પણ બદલામાં ડીટર્જંટના નિશાન દૂર કરવા માટે તમે ટીનોપાલ જેવા રસાયણનો ઉપયોગ કરો છો. આમને આમ તમારે આગળ કરતા રહેવું પડશે પણ મેલ સર્વાંશે નહીં જાય. બધા જ પોતાનું કશુંકને કશુંક મૂકતા જશે. આમ બધા જ રસ્તાઓ પોતાની મલિનતાની અસરો જિજ્ઞાસુ પર છોડી જાય છે અને પેલા વસ્ત્રની જેમ તે કદીએ બધી અશુચિતાઓથી પૂરેપૂરો મુક્ત થઇ શકતો નથી.

જિજ્ઞાસુ: તો આનો શું ઉપાય?

દાદાજી: જ્ઞાનીપુરૂષનો સમાગમ થાય તો જ જિજ્ઞાસુ બધી મલિનતાઓથી આધ્યાત્મિક અને શારીરિક રીતે શુદ્ધ થાય. જ્ઞાનીપુરૂષ કે જે બધી મલિનતાઓથી પૂરેપૂરા મુક્ત છે, તેનાં સઘળા પાપોને બાળી દે છે અને તેના હાથમાં 'કેવળ શુદ્ધાત્મા' ધરે છે અને પેલા કોયડાનો ઉકેલ આવી જાય છે. પછી તે મોક્ષ પ્રાપ્ત કરે છે. અન્યથા તે અનંત જન્મોથી જુદા-જુદા સાબુ વડે વસ્ત્રની મલિનતાને દૂર કરવા માટે ધોતો જ જાય છે અને એ સાબુ તેના ડાઘ એ વસ્ત્ર પર છોડતા જ જાય છે!

**૬૨. શુદ્ધાત્માનું મૌન.**

દાદાજી: આખો દિવસ મારી રેકોર્ડ (વાણી) ચાલતી હોવા છતાં હું મૌન છું.

જિજ્ઞાસુ: તે કેવી રીતે?

દાદાજી: મારી વાણીને માત્ર શુદ્ધાત્માની સાથે સંબંધ છે તેથી હું તેને મૌન કહું છું. જે મૌન ધારણ કરે છે તે મુનિ કહેવાય છે. પણ જે બહારથી તો મૌન ધરાવે છે અને અંદરથી વ્યાકુળતા અનુભવતા હોય તેને મુનિ ન કહેવાય. તે શી રીતે મુનિ કહેવાય? 'અમે' તો મહામુનિ છીએ. સંપૂર્ણ શાંત. આને પરમાર્થ મૌન કહેવાય છે, અર્થાત્ શુદ્ધાત્માનું મૌન.

જિજ્ઞાસુ: સાચી વાણીની કઈ વિશેષતાઓ છે? દાદાજી!

દાદાજી: જે વાણી હિતકારી, માપસરની અને પ્રિય આ ત્રણે ગુણ ધરાવે છે એ સાચી વાણી છે અને બાકીની બીજી બધી સાચી

વાણી નથી. આપણી રોજે-રોજની જિંદગીમાં આ નિયમ લાગુ પડે છે.

જુઓ! નટુભાઈ, તમે મારી વાણીને લખી લો છો, પણ એ તમને માત્ર ૫૦% જ મદદ કરશે અને જે એને વાંચે છે તેને તો માત્ર ૨%નો લાભ થશે!

જિજ્ઞાસુઃ જ્યારે શબ્દે શબ્દ લખાયો હોય તો પણ એવું કેમ બને?

દાદાજીઃ કારણ કે એ જીવંત વાણી નહિ હોય. જ્યાં સુધી આ પરપોટો (દેહ) ફૂટે નહિ ત્યાં સુધીમાં શુદ્ધાત્માનો અનુભવ કરી લો. એકવાર જો તે ફૂટી જશે ને તો બધું જ વ્યર્થ થઈ જશે. માટે અમે દરેકને કહીએ છીએ કે મારા ગયા બાદ મારી મૂર્તિ કે ફોટા મૂકશો નહિ. આપણી પાસે મહાવીર તથા શ્રીકૃષ્ણના ફોટા ક્યાં નથી? તેમને જાળવી રાખો અને મૂકો. મારો ફોટો મૂકશો નહિ. એનો કોઈ જ અર્થ નથી. અમે અમારી પાછળ જ્ઞાનીઓની વંશાવલી મૂકી જઈશું, અમારા અનુગામી મૂકી જઈશું અને પછી તો જ્ઞાનીઓની ચેઈન ચાલતી જ રહેશે. માટે જ્ઞાનીને ખોળી કાઢો. તેમના પ્રત્યક્ષ માર્ગદર્શન વિના કોઈ વ્યક્તિનો કોયડો નહિ ઉકલે.

**૯૩. જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ.**

જિજ્ઞાસુઃ જ્ઞાની વિચાર સાથે કેવો વ્યવહાર રાખે છે?

દાદાજીઃ હું માત્ર મનની 'ફિલ્મ' જોઉં છું. હું ફક્ત જોઉં છું અને જાણું છું કે કયો વિચાર આવ્યો અને કયો વિચાર ગયો. વિચારો સાથે મારે તો માત્ર હાથ મિલાવવા પૂરતા જ સંબંધો છે. હું તેમના કારણે કદી ખુશ પણ થતો નથી કે હેરાન પણ થતો નથી! ભગવાન મહાવીર પણ આમ જ કરતા હતા. તેઓ વિચારોના આવાગમનને જોયા કરતા. એ તો આવે ને જાય. વિચારો તો તેમના આખરી શ્વાસ સુધી આવતા રહ્યા.

સાંભળો, મિત્ર! વિચારોના તમે માત્ર જ્ઞાતા જ છો! તે તો જાણવા યોગ્ય બાબત છે અને તમે જ્ઞાતા છો. આ તો જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ છે. તમે તમારા મોક્ષની છેલ્લી ક્ષણ સુધી મનની ફિલ્મ જોશો પણ જ્યારે તેનો અંત થશે ત્યારે પૂર્ણ મોક્ષ-'નિર્વાણ' હશે.

જો તમારા મનમાં લૂંટારાઓના વિચારો આવ્યા કરતા હશે તો અંધારામાં એકલા આવતી-જતી વખતે તમારે એ સમજવું જોઈએ કે આજે નહિ તો કોઈક દિવસ તો તમે લૂંટાવાના જ. જો તમારા મનમાં એવા વિચારો નહિ હોય તો તમે લૂંટાવાના નથી. આવનારી ઘટનાઓની આગાહીરૂપે વિચારો આવે છે. અંદરની વખાર તો માલથી ભરેલી જ હોય છે તેથી તે વિચારોના સ્વરૂપમાં વ્યક્ત થાય છે! તમારા મનમાં આવો વિચાર આવ્યો તે તો એક સંયોગ છે. આપણે એ જાણવાનું છે અને એમાં વધુ જાગૃત રહેવાનું છે. આ સંસારમાં મનના વિજ્ઞાનને સવિશેષ સમજવાનું છે. ઘણાં લોકો મનનો નાશ કરવાનું

કામ કરે છે. અરે ભાઈ મારા! મનનો નાશ કરવાનું નથી. જો મનનો નાશ થાય તો માણસ ગાંડો જ બની જાય!

જિજ્ઞાસુ: આપણી અંદર સારા વિચારો જ આવવા જોઈએ એવું બધા કહે છે.

દાદાજી: આપણે માત્ર સારા વિચારોની જ અપેક્ષા મનમાં ન રાખવી જોઈએ. જે કોઈ વિચાર મનમાં ઉદ્ભવે તેને આવકારવો જોઈએ. આપણે મનને શું કહેવું જોઈએ? તું તારું રણશિંગું કે પિપૂડી જેમ ઠીક લાગે તેમ વગાડ. Effective મનને બદલનાર કે અટકાવનાર આપણે કોણ? આવું કોઈ જ ન કરી શકે કારણ કે મન તો એક કાર્ય (પરિણામ) છે. આપણે એનાથી શા માટે ડરવું જોઈએ? જો એ સંગીત ન વગાડે, તો પછી આપણે શું સાંભળવાના? આપણે તો અનુકૂળતા જ સાધવાની છે: હે મન, તને જે ઠીક લાગે તે તું ગા. અમે તો કોઈપણ સંગીતનો આનંદ ઉઠાવી શકીએ છીએ. અમારા ‘સ્વત્વ’ ને અનુભવ્યા પહેલાં અમે માત્ર સારા સંગીતને જ ગમાડતા અને બીજા કોઈપણ સંગીતને પસંદ કર્યું નહિ. હવે અમે અમારી જાતને ગોઠવી લીધી છે એટલે તને જે ફાવે તે રીતે વગાડ. હવે તો મને ગમા કે અણગમા જેવું કશું જ નથી.

**૬૪. મન અને આત્માનો જ્ઞેય-જ્ઞાતા સંબંધ.**

જિજ્ઞાસુ: ગુરુદેવ! આત્મા અને મન કઈ રીતે સંબંધિત છે?

દાદાજી: આત્મા તો સદાકાળ અચળ જ હોય છે જ્યારે વિચારો ચલિત હોય છે. આત્મા અને વિચારો-આ બંને અલગ જ છે. તેમનો બીજો કોઈ સંબંધ નથી પણ જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ છે. તેથી હું તમને સહુને કહું છું કે કદીયે કોઈપણ સંજોગોમાં તમે તમારા ભાવોને બગડવા દેશો નહિ. કોઈ અણધાર્યો મહેમાન ક્યારેક કવેળાએ પણ આવી ચડે છતાંય તેની વિરુદ્ધ ખોટા ભાવ લાવશો નહિ. તમે તેને રોટલી અને થોડુંક શાક આપીને પણ આવકારો આપજો પણ તેના માટે જરાય ખોટો ભાવ લાવશો નહિ અને મનને કદી પણ બગડવા દેશો નહિ.

ક્રોધાવેશમાં આવીને આપણે સામેવાળાનું મન તોડીએ છીએ. સંબંધો વણસી જાય છે અને જન્મોજન્મની અનંત શુંખલામાં ભટક્યા કરીએ છીએ. એક કહેવત છે કે, ‘મન, મોતી અને કાચ એકવાર જો તૂટી જાય તો ફરીથી સંધાતા નથી’. તે તકલાદી હોય છે! જો જોડાય તો પણ સાંધો રહી જાય છે.

જ્ઞાનીપુરૂષ જ્યારે કોઈ વ્યક્તિના સંપર્કમાં આવે છે ત્યારે તેના મનમાં ચાલતા વિચારોનો પડઘો અનુભવે છે અને તે વિચારોને ધીમે-ધીમે સ્પષ્ટ રૂપે વાંચી શકે છે, જોઈ શકે છે અને અનુભવી શકે છે. આને મન:પર્યવજ્ઞાન કહેવામાં આવે છે. જો કે વીતરાગની ભાષામાં પોતાના મનના દરેક પર્યાયને સહજ ભાવે જુએ, જાણે અને સમજે તે મન:પર્યવજ્ઞાન કહેવાય.

હું તો આ દુનિયામાં મનનો ચિકિત્સક છું. શરીરના ડૉક્ટર બધે જ મળી રહે છે. પણ મનના ડૉક્ટરને શોધવાનો પ્રયત્ન કરો! દેહની બધી જ બીમારીઓના મૂળમાં તો માનસિક બીમારીઓ જ છે. હું તમારા મનને તમામ બીમારીઓથી સાજું કરી શકું

છું. હું નવી બીમારીઓને પણ આવતી રોકી શકું છું અને તમને નવેસરથી મળેલ તંદુરસ્તીને જાળવી રાખવામાં મદદ કરી શકું છું અને છેવટે, હું તમારા મનને તમારાથી જુદું પાડી આપું છું અને તમારી અંદરના શુદ્ધાત્માને પ્રગટ કરું છું. પછી તમારું મન તમને ખલેલ નહિ પહોંચાડે. તે તમને મોક્ષ તરફ દોરી જશે એટલું જ નહિ તે જ મન તમારા વશમાં રહેશે!

**૬૫. બુદ્ધિપ્રકાશ અને જ્ઞાનપ્રકાશ.**

જિજ્ઞાસુઃ કૃપા કરીને સમજાવો કે બુદ્ધિ શું છે?

દાદાજીઃ સંસારના સઘળા વિષયોના જ્ઞાનનો બુદ્ધિમાં સમાવેશ કરી શકાય છે પણ નિરહંકારી જ્ઞાન એ સાચું જ્ઞાન છે. જો સાંસારિક જ્ઞાનમાં અહં હોય તો તેનો સમાવેશ બુદ્ધિમાં થાય છે. કોઈએ પણ અહં પ્રેરિતજ્ઞાન અર્થાત્ બુદ્ધિ દ્વારા પ્રાપ્ત કરેલ જ્ઞાન પર મદાર રાખવો જોઈએ નહિ.

જિજ્ઞાસુઃ શા માટે કોઈએ બુદ્ધિ પર મદાર ન રાખવો જોઈએ?

દાદાજીઃ કારણ કે બુદ્ધિ પરનો તમારો વિશ્વાસ મિથ્યા સાબિત થઇ શકે છે. ખૂબ જ બુદ્ધિશાળી મસ્તિષ્ક જ્યારે સંજોગોની પકડમાં ફસાય છે ત્યારે તે બુદ્ધુ જેવું વર્તન કરે છે. બુદ્ધિશાળી માણસ પણ બુદ્ધુ બની શકે છે. બુદ્ધિ તો અહંના માધ્યમથી આવતો પરોક્ષ પ્રકાશ છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને કોઈ દૃષ્ટાંત આપો.

દાદાજીઃ જુઓ, પતરૂં અથવા નળિયાના કોઈ છિદ્રમાંથી ચળાઈને આવતો સૂર્યપ્રકાશ દર્પણ પર પડે છે અને તે પરાવર્તિત થઈ પરોક્ષ પ્રકાશ સર્જે છે. બુદ્ધિ એ આવો પરાવર્તિત પ્રકાશ છે.

જિજ્ઞાસુઃ બુદ્ધિ અને જ્ઞાન વચ્ચે શું ફરક છે?

દાદાજીઃ જ્ઞાન તો આત્માનો પ્રત્યક્ષ પ્રકાશ છે. તે પૂર્ણ પ્રકાશ છે. જે જેમ છે તેમ સત્ય સમજાવે છે તે જ્ઞાન છે. બુદ્ધિ એ સ્વયં પ્રકાશ નથી. જ્યારે જ્ઞાન સ્વયં પ્રકાશ છે, સ્વયં પ્રકાશિત અને તે સમસ્ત વિશ્વને ઝળહળું કરી દેવાની અમર્યાદ શક્તિ ધરાવે છે. સૂર્ય સ્વયં પ્રકાશિત હોવા ઉપરાંત અન્ય પદાર્થોને પણ પ્રકાશિત કરી શકે છે જ્યારે ચંદ્રમા સૂર્ય દ્વારા પ્રકાશિત છે. પૂર્ણજ્ઞાન સાથે બુદ્ધિની સરખામણી કરીએ તો બુદ્ધિ તો સૂર્યની સામે માટીના કોડિયા જેવી છે. હું જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ ધરાવું છું એટલે હું બુદ્ધિનો નાનો અંશ પણ ધરાવતો નથી! હું અબુધ છું. નદીના આ તટ ઊપર હું બુદ્ધિથી મુક્ત બન્યો ત્યારે સામે કિનારે મને સર્વજ્ઞતાની દશા પ્રાપ્ત થઈ.જે કોઈ અબુધ થઇ જાય તે સર્વજ્ઞ થઇ શકે છે.

## ૬૬. બુદ્ધિનો આશય.

જિજ્ઞાસુઃ દરેક માણસ તેના પોતાના ઘરમાં મજેથી જીવતો હોય છે.

દાદાજીઃ સાચી વાત, તેની બુદ્ધિના આશયને કારણે. જે વ્યક્તિ નાનકડા ઝૂંપડામાં રહેતો હોય તેને વિશાળ બંગલામાં મજા નહિ આવે અને મોટા બંગલામાં રહેનારને નાના ઝૂંપડામાં મજા નહિ આવે ! વ્યક્તિને તે જ મળે છે જે પોતાની બુદ્ધિના આશયમાં લઈને આવ્યો હોય. દરેકની બુદ્ધિના આશયો જુદા-જુદા હોય છે. સામાન્ય રીતે મોટા ભાગના લોકો તેમના પુણ્યકર્મોના ફળ રૂપે કાર, બંગલા, દીકરા, દીકરી અને પત્ની વગેરે પ્રાપ્ત કરે છે અને પરાણે એક કે બે ટકા સાચા ધર્મ માટે ખર્ચે છે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! શું માણસે જેની ઈચ્છા રાખી હોય તે મેળવે છે ખરો?

દાદાજીઃ દરેકની બુદ્ધિના આશયમાં જે સમાવિષ્ટ છે, તેમાં પાપ અને પુણ્ય બે રીતે વપરાય છે. ક્યાંક તો પુણ્યના પ્રતાપે ઈચ્છનીય ફળ રૂપે અથવા પાપના પ્રતાપે અનિચ્છનીય ફળ રૂપે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને હજી વધારે સમજાવો.

દાદાજીઃ જુઓ, બે ચોરોએ ચોરી કરી. તેમાં એક પકડાઈ ગયો અને બીજો હોશિયારીપૂર્વક બચી ગયો. આ શું બતાવે છે? બંને ચોરોમાં ચોરી કરવાની વૃત્તિ તેમની બુદ્ધિના આશયમાં હતી પણ જે પકડાઈ ગયો તેનું પાપકર્મ વપરાઈ ગયું. જ્યારે પેલો કે જે સદ્ભાગ્યે બચી ગયો તેનું પુણ્યફળ પણ વપરાઈ ગયું. આમ, પાપ અને પુણ્ય કર્મની અસરો વ્યક્તિની બુદ્ધિના આશય મુજબ કામ કરે છે. જો કોઈ આ દુનિયામાં ખૂબ જ ધન દોલત કમાવાના આશયવાળી બુદ્ધિ સાથે આવે અને તે ઢગલે ઢગલા ધન દોલત કમાય તો તેનું પુણ્યકર્મ કમાણીમાં ખર્ચાઈ ગયું. બીજો વ્યક્તિ પણ એવા જ આશય સાથે આ સંસારમાં આવે કે ખૂબ જ ધનદોલત પ્રાપ્ત થાય પણ પાપકર્મનું ફળ સક્રિય થવાથી લક્ષ્મીજી તેમનું મુખડું પણ નથી બતાવતાં.

કુદરતનો ન્યાય તો ખૂબ જ ચોખ્ખો હોય છે. બધા જ તેની સામે નિર્બળ હોય છે, લાચાર હોય છે. કોઈ એમ માને કે તે લાખ રૂપિયા કમાયો છે પણ જેનો તે વિચાર નથી કરતો તે એ કે તેનું પુણ્યકર્મ લાખ રૂપિયા કમાવામાં વપરાઈ ગયું છે. આમ કરવા કરતાં જો તમે તમારી બુદ્ધિનો આશય બદલી નાખો તો સારું. દરેકે પોતાની બુદ્ધિના આશયનો ઉપયોગ ધર્મ માટે જ કરવો જોઈએ. કોઈએ પણ જડ (ભૌતિક) વસ્તુઓ જેવી કે કાર, બંગલો, રેડિયો વગેરેની ઈચ્છા રાખવી જોઈએ નહિ.

જિજ્ઞાસુઃ એકંદરે બુદ્ધિનો કયો આશય આદર્શ કહી શકાય?

દાદાજીઃ જે કાંઈ તમે પામ્યા છો, તેને યથાવત રહેવા દો પણ હવે પછી તમારી બુદ્ધિના આશયોને પૂર્ણરૂપે ધર્મની પ્રાપ્તિ માટે ગોઠવતા રહો.

મારી બુદ્ધિનો આશય ૧૦૦% સાચા ધર્મ અને સમસ્ત સંસારના કલ્યાણ માટે છે. મારું પુણ્યકર્મ ધન-દોલત, કાર, બંગલો, પુત્ર કે પુત્રી માટે નથી વપરાયું. પુણ્યકર્મ બુદ્ધિના આશય પ્રમાણે ફળ આપે છે.

જેઓ મને મળ્યા છે અને મારા દ્વારા દીક્ષિત થયેલા છે તેમણે મોક્ષ અથવા સદ્ધર્મની પ્રાપ્તિ માટે તેમની બુદ્ધિના આશયમાંથી બે થી પાંચ ટકા અલગ તારવી રાખેલ છે, એટલે હું મળ્યો. મેં તો મારા આશયના પૂરા ૧૦૦% ધર્મ-મોક્ષ માટે મૂકી દીધા છે. એટલે જ મને દરેક જગ્યાએથી ધર્મ માટે 'નો ઓબ્જેક્શન સર્ટીફીકેટ' મળેલું છે.

## ૬૭. ગણપતિ : બુદ્ધિના અધિષ્ઠાયક દેવ.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! મોટા ભાગના લોકો ગણેશજીની પૂજા-ભક્તિ કરે છે.

દાદાજીઃ ગણપતિ બુદ્ધિના અધિષ્ઠાયક દેવ છે. મુખ્યત્વે, તેમને જ માત્ર શાસ્ત્રો લખવાનો અધિકાર છે. તેમની બુદ્ધિનો પ્રકાશ તેમના સમગ્ર અસ્તિત્વને શણગારે છે. એટલે જ સર્વ દેવોમાં તેઓ અગ્રણી છે અને તેમની પૂજા સહુથી પહેલી થાય છે. તેમની ભક્તિ-પૂજાથી બુદ્ધિ વિનમ્ર બને છે અને તે વિભ્રમ ન થાય કે વિપરીત ન થાય..

કોઈ કદાચ મહીને એકાદ-બે અડચણો અનુભવે પણ જો તેને સતત ડર રહેતો હોય તો એ જાણવું-સમજવું જોઈએ કે તે (ભય) વિપરીત બુદ્ધિને કારણે છે. સઘળા શ્રેષ્ઠ ગુણોના પાલક ગણપતિની પૂજા સૌથી પહેલી થાય છે, જેથી કરીને બુદ્ધિ વિભ્રમ ન થાય કે વિપરીત ન થાય. જો કે ભક્તિ સમજ્યા વિના કરવામાં આવે તો એ એટલી ફળદાયી નથી નીવડતી.

જો યોગ્ય રીતે અને યોગ્ય ભાવપૂર્વક ભક્તિ કરવામાં આવે તો તેનું યથેચ્છ ફળ મળે જ. ગણપતિ એવા દેવ છે જેઓ બુદ્ધિની બધી જ જટિલતાઓમાંથી સફળતાપૂર્વક પસાર થઈ ગયેલ છે. જો ગણેશજીની ભક્તિ સમજીને કરવામાં આવે બુદ્ધિની ભ્રામકતા વગેરેથી તે જિજ્ઞાસુ મુક્ત રહે છે અને સદ્બુદ્ધિ પ્રાપ્ત કરે છે.

## ૬૮. બુદ્ધિજન્ય અનુભવ અને જ્ઞાનજન્ય અનુભવ.

જિજ્ઞાસુઃ બુદ્ધિ શું છે?

દાદાજીઃ બુદ્ધિ તમારા ગત જન્મનું દષ્ટિબિંદુ છે. દા.ત. તમે રાજમાર્ગ પર ડ્રાઈવિંગ કરી રહ્યા છો અને પહેલો એક માઈલ પૂરો થતામાં કોઈક દશ્ય જુઓ છો અને તમારી બુદ્ધિ એ રીતે એની નોંધ લે છે કે, 'જો મારે એવું જ...હોત તો સારું થાત...' અને આમ પહેલા માઈલનો દષ્ટિકોણ નક્કી થયો. જ્યારે તમે આગળ વધ્યા અને બીજા માઈલે પહોંચ્યા તમે બીજું દશ્ય જોયું, આખો નજારો બદલાઈ ગયો. પછી બુદ્ધિ એ નોંધે છે કે આવું જ હોવું જોઈએ.....પણ આગળનું દશ્ય હજી ભૂલાયું નથી. એટલે તે વારંવાર પોતાની સમક્ષ આવતું રહે છે.

જો તમે આગલા દૃશ્યને લક્ષ્યમાં ન લો તો કોઈ તકલીફ નથી પણ તેને સ્વીકાર્યા વિના તમે રહી શકતા નથી. તે દૃશ્ય તમને ખલેલ પહોંચાડે છે. આને અમે જ્ઞાન-અતીતની સમજણ કહીએ છીએ કારણ કે બુદ્ધિએ મત્તું મારીને તેને સહી સિક્કા કરી દીધેલ છે. એટલે પોતાની અંદર વિકલ્પો વધતા જાય છે.

જિજ્ઞાસુ: કૃપા કરીને ઉદાહરણ આપો.

દાદાજીઃ ચોર તેના ભૂતકાળના જીવનના પૂર્વજન્મના દૃષ્ટિકોણને કારણે ચોરી કરે છે પણ તે સારા લોકોની સોબતમાં આવે છે. એટલે એની દૃષ્ટિ બદલાઈ શકે છે અને એવું નક્કી કરે કે ચોરી કરવી એ સારું કામ નથી. પરંતુ ગયા ભવના દૃષ્ટિકોણને કારણે તે આ ભવમાં ચોરી કરે છે. જો કે હાલની તેની દૃષ્ટિ બદલાઈ ગઈ છે. સાથે-સાથે તે તેના નવા જન્મમાં પણ ચોરી નહિ કરવાની સમજ (બુદ્ધિ) સાથે જન્મ ધારણ કરશે.

જિજ્ઞાસુ: બુદ્ધિ અને જ્ઞાનના અનુભવમાં શું તફાવત છે?

દાદાજીઃ કલ્પના કરો કે એવી વ્યક્તિ જેણે કદીયે આઈસ્ક્રીમ ચાખ્યો નથી તેને અંધારામાં આઈસ્ક્રીમ આપવામાં આવે અને તે કલ્પના કર્યે જાય કે શું આઈસ્ક્રીમની ઠંડક તેનો સ્વભાવ હશે? કે દૂધનો સ્વભાવ ઠંડક હશે? કે પછી ઈલાયચીનો ઠંડકનો ગુણ હશે? પણ જેણે આઈસ્ક્રીમનો અનુભવ કરેલો છે તે આઈસ્ક્રીમનાં વિવિધ તત્ત્વો અને એમની વિશેષતાઓને જાણે છે. તે બૌદ્ધિક અનુભવોને આધારે એ પણ જાણે-સમજે છે કે આઈસ્ક્રીમ શા માટે ઠંડો હોય છે. જગતમાં જો બુદ્ધિ આવું ઉપયોગી કાર્ય કરી શકતી હોય તો કલ્પના કરો કે જે અત્યંત શક્તિશાળી છે અને તે પ્રત્યક્ષ જ્યોતિ પણ છે એવા શુદ્ધાત્મા દ્વારા કેવું પરાક્રમ થઇ શકે છે?

જિજ્ઞાસુ: શુદ્ધાત્માનો અનુભવ થયા પછી વ્યક્તિને બુદ્ધિના ટેકાની જરૂર રહે છે ખરી?

દાદાજીઃ સમસ્ત સંસારને બુદ્ધિની જરૂર હોય છે. તે એમનો આશરો પણ છે. જો કે મારા દિક્ષિતોને મારી સલાહ છે કે તેઓ તેમની બુદ્ધિને કહે કે રીટાયર થઈને પેન્શન લઈ લે. કારણ કે અમારું આપેલું જ્ઞાન એવું છે કે બુદ્ધિની કોઈ જરૂર નથી રહેતી. હું બુદ્ધિને લુચ્ચી અને લબાડ કહું છું. તેની વાત કદીયે માનશો નહિ. તમારે એને એમ કહેવું જોઈએ કે, ‘‘ઓ બુદ્ધિ બહેન! તમે મને દરેક ભવમાં હમેશાં તકલીફ આપતાં રહ્યાં છો માટે હવે તમે વિદાય લો. જેને તમારી જરૂર હોય તેની પાસે જાવ, અમારે તમારી હવે કોઈ જરૂર નથી માટે હવે તમે પેન્શન પર ઊતરો અને રવાના થાવ’’.

તમારે બુદ્ધિને તરછોડ મારવાની નથી કારણ કે જ્યાં સુધી તિરસ્કારની લાગણી હશે ત્યાં સુધી મોક્ષ પ્રાપ્ત નહિ થાય. માટે તેને સમજાવો, ફોસલાવો અને તેને પેન્શન આપીને વિદાય કરો. અહીં પેન્શન એટલે આશ્વાસન (હૈયાધારણ) સમજવાનું છે.

જિજ્ઞાસુઃ મોક્ષ મેળવવામાં બુદ્ધિ શી રીતે મદદરૂપ થાય છે?

દાદાજીઃ જો તમારે મોક્ષ મેળવવો હોય તો તમે તમારી બુદ્ધિની વાત સાંભળશો નહિ. બુદ્ધિ જ્ઞાની વ્યક્તિની ભૂલો પણ શોધી કાઢશે. અરે કમનસીબ! જેના દ્વારા તને મોક્ષ મળવાની શક્યતા હતી. એવી વ્યક્તિમાં પણ તે દોષ જોયા! અરે, આ કારણે તારી મુક્તિ અસંખ્ય ભવ-ભવાન્તરો પર્યંત દૂર ઠેલાઈ જશે!

દુનિયામાં બુદ્ધિ તમને ભટકાવે છે. અરે! જો કોઈ વ્યક્તિ તેની પત્નીની સલાહ પ્રમાણે ચાલે તો પણ તે દુઃખી થાય અને અથડામણ કરાવે તો પછી આ બુદ્ધિબહેનની તો વાત જ શી? જો કોઈ તેના કહ્યા મુજબ ચાલે તો તેને દુનિયાના બીજે છેડે ઉપાડીને દૂર-દૂર ફેંકી દે! બુદ્ધિબહેન તો રાત્રે બે વાગ્યે પણ તમને જગાડી મૂકે અને ગેરમાર્ગે દોરે. તમારી પત્ની તો સમયે જ ભેગી થાય પણ આ બુદ્ધિબહેન તો સતત તમારી જોડે વળગેલી રહે છે! બુદ્ધિ તો એવી ખંધી છે કે તમને ઊંચકીને ફેંકી દે(પદભ્રષ્ટ કરી દે).

પાંચ અબજ રૂપિયાના હીરાની પરખ માટે તમે એકસો ઝવેરીઓને તેડાવ્યા. દરેકે તેની અલગ-અલગ પરખ કરી. કારણ કે બધા તેમની બુદ્ધિ પ્રમાણે ચાલ્યા. જો હીરો એક જ હોય તો પછી પરખ જુદી-જુદી શી રીતે થઈ? એનું કારણ એ કે દરેક ઝવેરીની બુદ્ધિ અલગ-અલગ છે. તેથી હું સમજાવું છું કે, ''આ જ્ઞાનીપુરૂષ તમારી બુદ્ધિના ગજથી ઊંચો છે. કૃપા કરીને તેને માપવાનો પ્રયત્ન કરશો નહિ''.

જ્ઞાનીની સામે ભૂલથી પણ બુદ્ધિનો ઉપયોગ કરવો જ નહિ. જ્ઞાનીપુરૂષના દરેક અંગ, દરેક કર્મ તો પૂજવા યોગ્ય હોય છે. ત્યાં બુદ્ધિ વાપરવી નહિ. આ જ્ઞાનીપુરૂષને દેહ છે પણ અંદરની આતમજ્યોત નિરંતર આશ્ચર્યજનક, શાશ્વત અને સજાગ છે. જે તમને દેખાય છે તે જ્ઞાનીપુરૂષના મૂર્ત સ્વરૂપનો નાટકીય ભાગ છે. હું તો પૂર્ણ નાટ્યાત્મક ભાવ સાથે રહું છું. હું અબુધ છું. આવી વ્યક્તિના સહવાસમાં રહીને કોઈપણ વ્યક્તિ બુદ્ધિના બંધનથી મુક્ત થઈ શકે છે.

બુદ્ધિ સાંસારિક લોકોના કામનું નિયમન કરે છે જ્યારે વ્યવસ્થિતશક્તિ સંસારની સુગઠિત અને તટસ્થ નિયામિકા છે જે જ્ઞાની પુરૂષની પ્રવૃત્તિઓનું દિશા નિર્દેશન કરે છે જેથી કોઈ ગરબડ થતી નથી.

## ૬૯. ચિત્તનું શુદ્ધિકરણ.

જિજ્ઞાસુઃ દાદાજી, મારે મારા ચિત્તને કેવી રીતે શુદ્ધ કરવું?

દાદાજીઃ મેલા વસ્ત્રોને સાબુથી ધોઈએ છીએ તે રીતે દુનિયાના સઘળા ધર્મો અશુદ્ધ ચિત્તને શુદ્ધ કરવા માટે સંઘર્ષ કરે છે! પણ એ સાચું છે કે સાબુ કપડાં પરનો બધો મેલ ધોઈ નાખશે ખરો પણ તે પોતાનો અવશેષ પાછળ છોડીને જશે. તે પછી સાબુનો રહી ગયેલ મેલ કાઢવા માટે તમારે ડીટર્જંટની જરૂર પડશે. સાબુનો મેલ તો ડીટર્જંટ ધોઈ જ નાખશે પણ વળી તેનો પોતાનો

મેલ મૂકી જશે જે માટે તમે ટિનોપાલ કે એવું બીજું કોઈ રસાયણ વાપરશો. આમ જોઈએ તો એકમેકથી ચડિયાતી મેલ નિવારક ચીજો તેમનો પોતાનો મેલ (અવશેષ-અસર) તો છોડી જાય છે. આવી જ હકીકત સંસારના બધા ધર્મો બાબતે છે, જેનાથી ધીમે-ધીમે થોડા ઘણાં શુદ્ધ થતા ચિત્ત પર પણ આખરે તો કંઈ ને કંઈ અશુદ્ધિના ડાઘ અવશ્ય રહી જાય છે.

જિજ્ઞાસુઃ આવું જ હોય તો વ્યક્તિ છેવટે કેવી રીતે તેના શુદ્ધાત્માનો સાક્ષાત્કાર કરી શકે?

દાદાજીઃ જે પૂરેપૂરો તેના અસ્તિત્વના પ્રત્યેક અણુંમાં શુદ્ધ હોય –શુદ્ધચેતા હોય માત્ર તેવી વ્યક્તિ જ આપણને શુદ્ધ કરી શકે છે, આવા જ્ઞાનીપુરૂષ જ તેમ કરી શકે છે. બીજું કોઈ ન કરી શકે અને તેથી બધા શાસ્ત્રો સંયુકતપણે જાહેર કરે છે કે, 'જો તમારે શુદ્ધાત્માનો અનુભવ કરવો હોય તો જ્ઞાનીની પાસે જાવ. માત્ર એ જ તમને શુદ્ધાત્માનો સાક્ષાત્કાર કરાવી શકે છે.'

શાસ્ત્રોમાં તો આપણને નામ પૂરતો આત્મા જાણવા મળે છે, જે વ્યર્થ છે કારણ કે તેમાં આત્માનું માત્ર વર્ણન છે, પણ તે તમને 'શુદ્ધાત્મા' નો અનુભવ અને સાક્ષાત્કાર કરાવી નહિ શકે!!!

જિજ્ઞાસુઃ પણ આપણે આત્મજ્ઞાન તથા મોક્ષ પામવા માટે આપણાં મનને શી રીતે શુદ્ધ કરી શકીએ?

દાદાજીઃ મોક્ષપ્રાપ્તિની યાત્રામાં મનને છંછેડવાનું જ નથી. ચિત્તની જ અશુદ્ધિઓને આધ્યાત્મિક રીતે શુદ્ધ કરવાની છે ત્યારપછી જ કોયડો (જીવનનો) ઉકલી શકે. કેટલાક લોકો મનને અકારણ જ યાતના આપીને તેને જીતવાનો પ્રયત્ન કરે છે. તે તેમના દૃષ્ટિકોણથી સાચા છે પણ હકીકતે જો કોઈ મુક્તિ ઈચ્છે તો મનને યાતના આપવાનો અભિગમ ખોટો પડે છે. મોક્ષમાર્ગીએ તો હકીકતથી વાકેફ થવું જ રહ્યું . એકવાર ચિત્ત શુદ્ધ થઈ જાય તો તે ચિત્ત માત્ર મનની ફિલ્મ નિહાળે છે, પછી તેને મન સાથે કોઈ લેવાદેવા રહેતી નથી!

મનને રોકી રાખવાની ઘણી જગ્યાઓ છે પણ ચિત્તને રોકી રાખવા માટે એકપણ જગ્યા નથી. શું તમે નથી જોયું કે લોકો પત્તા રમે છે? એ શું છે? એ રમતમાં શું ખુશી છે? એ તો ચિત્તને રોકી રાખવા માટેનો એક ઉપાય માત્ર છે, પણ ચિત્તને પત્તાની બાજીમાં રોકી રાખવું એ એક લપસણું સાધન છે જે પછી લોકો તેમાં આગળ ને આગળ લપસતા જ જાય છે. પણ, ચિત્ત ક્યાં સુધી પત્તાની બાજીમાં રોકાયેલું રહે! અને એ પત્તાબાજીની રમત સમય જતાં શું કંટાળાજનક નથી બની જતી?

જિજ્ઞાસુઃ ચિત્ત શા માટે અમુક વસ્તુઓ અથવા બાબતોમાં ભટકે છે?

દાદાજીઃ ચિત્ત એની રીતે અવારનવાર એવાં સ્થળો અને વસ્તુઓ પાસે જાય છે જ્યાં એને વધારે ગમે છે અથવા તો ડર લાગે છે. જો બપોરે કોઈ રૂમમાં સાપને જુએ તો રાત્રે સૂવાના સમયે પણ સાપની યાદ તેને ડરાવી મૂકે. જ્યારે ચિત્ત કોઈ જગ્યાથી ડરતું હોય તો તે વારંવાર ત્યાં જાય છે. જડ નહિ ને ચેતન પણ નહિ એ બંને ગુણોનું મિશ્રણ એવું એ અશુદ્ધ ચિત્ત તેની મરજી પડે ત્યાં ગમે ત્યાં ભટકે છે. એવું બને છે કારણ કે તે વિના ટિકિટ (!) પણ યાત્રા કરી શકે છે. જો તેણે ટિકિટ લઈને યાત્રા

કરવાની હોત તો કદાચ તે દૂર અને લાંબે સુધી ન જાત!

જે કોઈ પર્યાયો વ્યક્તિએ સારીપેઠે તેની ભૂતકાલીન જિંદગીમાં અનુભવ્યા હોય તે હવે જ્યારે આપમેળે જ બહાર આવે છે ત્યારે ચિત્ત ત્યાં કલાકો સુધી ચોંટેલું રહે છે અને પછી કર્મનાં હાનિકારક બીજનું વાવેતર થાય છે. પણ જે પર્યાયો પાતળા અને હલકા હોય તે ચિત્ત સાથે જોરથી ચોંટતા નથી અને આવા પર્યાયો ચોંટતામાં જ જુદા પડી જાય છે.

ચેતન શબ્દ ચિત્ત પરથી આવેલો છે. શદ્ધજ્ઞાન+શુદ્ધદર્શન = શુદ્ધચેતન.

જિજ્ઞાસુ: જ્ઞાન એટલે શું અને દર્શન એટલે શું?

દાદાજી: જો આપણે જ્ઞાન અને દર્શન બંને વિશે એકસાથે કાંઈ કહેવા ઈચ્છતા હોય તો આપણે તેને ચિત્ત કહીશું. ચિત્ત માત્ર અસ્થાયી વસ્તુઓ બતાવે છે. વાસના જ્યાં-જ્યાં ચોંટી રહે છે ત્યાં-ત્યાં ચિત્તને જવું જ પડે છે. 'દર્શન' એટલે અસ્પષ્ટ સમજ અને જ્ઞાન એટલે સ્પષ્ટ (ચોક્કસ) સમજ.

જિજ્ઞાસુ: મંદિરમાં જઈએ ત્યારે જુદા-જુદા સમયે ભગવાનની મૂર્તિનાં દર્શન જુદાં-જુદાં થાય છે; આવું કેમ?

દાદાજી: મંદિરમાં દર્શન કરીએ છીએ ત્યારે તે સમયની અંતર-દ્રષ્ટિ (perception) અને બીજીવાર જઈએ ત્યારના સમયની દ્રષ્ટિ (perception) અલગ હોય છે તેથી જુદા-જુદા સમયે જુદા-જુદા દર્શનનો અનુભવ થાય છે. જેનું મૂળ કારણ આપણાં સતત બદલાતા મનના પર્યાય અને ચિત્તવૃત્તિઓની ભટકવાની દશા સાથે સંબંધિત હોય છે. મંદિરમાં મૂર્તિનાં દર્શન કરતી વખતે આપણાં મનની સ્થિતિ અને ચિત્તની સ્થિતિ પ્રમાણે ફેરફાર દેખાય. વળી જો મંદિરમાં પ્રકાશ આગળથી પડતો હોય તો દર્શન જુદું હોય છે અને જો બાજુ પરથી પડતો હોય તો તે જુદું હોય છે.

આજ રીતે જ્ઞાનીપુરૂષનો ચહેરો તો એક જ છે પણ લોકો એને પોતાના મનના પરિવર્તન અથવા ચિત્તવૃત્તિઓની ચંચળ દશા મુજબ જુદી-જુદી રીતે જુએ છે, પણ જ્ઞાનીનાં દર્શન તો માત્ર એક જ રીતે શુદ્ધાત્માના મૂર્તસ્વરૂપમાં જ કરવાનાં હોય છે.

### ૭૦. અહંકાર

દાદાજી: અંતઃકરણનો ચોથો ભાગીદાર અહંકાર છે.

જિજ્ઞાસુ: ગુરુદેવ! આ અહંકાર શું છે?

દાદાજી: મન અથવા ચિત્ત સાથે ભળીને બુદ્ધિ જે કાંઈ નક્કી કરે છે તેના પર અહંકાર મતું મારે છે. જ્યાં સુધી અહંકાર સહી ન કરે ત્યાં સુધી આગળની કોઈ કાર્યવાહી ન થાય, પણ બુદ્ધિ એ અહંકારની મારફત આવતો પ્રકાશ હોવાથી બુદ્ધિ નિર્ણય લે એટલે અહંકાર નિયમથી જ ભળી જાય અને કાર્ય શરૂ થઈ જાય છે.

જ્ઞાનીના મતાનુસાર 'હું અમિત છું'. એ પહેલો અને સર્વોપરી અહં છે. આખું વિશ્વ એ ધરી પર ટકેલું છે. જો આ અહં –'હું અમિત છું' ઓગળી જાય તો વ્યક્તિ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આ જીવન કયા આધારે પોતાનું અસ્તિત્વ ધરાવે છે? શું તે પગ ઉપર કે પછી શરીર પર ટકેલું છે? ના, તે તો 'હું છું' પર ટકેલું છે. વ્યક્તિ શુદ્ધ અહં અર્થાત્ 'હું શુદ્ધાત્મા છું', દ્વારા મોક્ષ પામી શકે છે. અન્ય અહં તો માત્ર જન્મ અને મૃત્યુના ફેરા વધારવાનું કારણ જ છે.

જિજ્ઞાસુ: સામાન્ય રીતે આપણે અભિમાનને અહં કહીએ છીએ. મહેરબાની કરીને વધુ સમજાવો.

દાદાજી: સાચું કહીએ તો, અનાત્મમાં 'હું છું' ની માન્યતા એ અહં કહેવાય. જો તમે શુદ્ધાત્મમાં 'હું છું' ને માનો તો તે અહં નથી. કોઈ કહે કે, 'હું છુ' એટલે કે તેનું અસ્તિત્વ છે, માટે એને 'હું છું' એમ કહેવાનો હક છે. પણ તમે બરાબર જાણતા નથી કે આ 'હું છું' ક્યાંથી જન્મ્યો? કોઈને અનાત્મમાં 'હું' એમ કહેવાનો અધિકાર નથી. ખરેખર હું કોણ છું તેની વ્યક્તિને ખબર જ નથી. જો કોઈને આ રહસ્ય સમજાઈ જાય તો તેનો બેડો પાર થઈ જાય.

આ સંસાર પોતાની રીતે ચાલ્યા કરે છે. કોઈ એની ગતિને સમજ્યું નથી અને કોઈ સમજી પણ નહિ શકે. માત્ર અહંકાર ડંફાસ મારે છે કે, "દુનિયાના આ વિશાળ તંત્રને હું જ ચલાવું છું". જ્યાં સુધી વ્યક્તિએ શુદ્ધાત્માને અનુભવેલ નથી ત્યાં સુધી વ્યક્તિ એ ચાવી ભરેલી રમકડાંની મોટરગાડી જેવો જ છે.

**૭૧. ત્યાગ.**

દાદાજી: બધા કહે છે કે મોક્ષ મેળવવા માટે દુન્યવી બાબતોનો વ્યક્તિએ ત્યાગ કરવાનો છે.

દાદાજી: ખરેખર ભગવાને કહ્યું છે કે જો તમારે મોક્ષ જોઈતો હોય તો તમારે કશું છોડવાની જરૂર નથી. જો અહંકાર અને મમતાનો ત્યાગ કરવામાં આવે તો, બધુંય ત્યજાઈ ગયું. 'હું' એ અહંકાર છે. અને 'મારું' એ મમતા છે. ફક્ત 'હું' અને 'મારાપણા' (મમત્વ) ને છોડવાનું છે.

જ્યારે હું જ્ઞાનદીક્ષા આપું છું ત્યારે હું તમને તમારા 'શુદ્ધાત્મા' નો સાક્ષાત્કાર કરાવું છું અને અહંકાર અને મમતાને છોડાવું છું. જો તમે 'હું' અને 'મમત્વ' બંનેને છોડયું તો બીજી તરફ અમે તમને શું ગ્રહણ કરાવીએ છીએ તે જાણો છો? અમે તમને શુદ્ધાત્મા ગ્રહણ કરાવીએ છીએ. માટે ગ્રહણ કે ત્યાગનો સવાલ ઊભો જ નથી થતો. અહંકારના મૂલોચ્છેદ માટે જ આ બધા પરિત્યાગ છે. અમે તમારા સઘળા અહંકારને લઈ લઈએ છીએ. પછી તમારા હું-પણા અને અસ્તિત્વની લાગણીનાં મૂળિયાં અસલ સાચી જગ્યાએ રોપાય છે. અહંકારનું પોતાનું એક સાચી જગ્યાએ અસ્તિત્વ હોવું જોઈએ. અમે તમારા અહંકારને શુદ્ધાત્મા તરીકે તેની મૂળ જગ્યાએ બેસાડી દઈએ છીએ.

જો તમે સવારે પાંચ વાગ્યે જાગી જવાનું નક્કી કરો તો તમે અવશ્ય એમ કરી શકશો. બીજા શબ્દોમાં દઢ નિશ્ચય એટલે

અહંકાર. અહંકાર માટે કશું જ અશક્ય નથી.

જિજ્ઞાસુઃ કૃપા કરીને દાખલો આપો.

દાદાજીઃ એકવાર એવું બન્યું કે સ્વામી સહજાનંદજી કાઠીયાવાડ ગયા અને ત્યાંના રાજાને મળ્યા. તેણે સ્વામીજીને કહ્યું કે, ‘‘એક જબરો સાધુ આવ્યો છે. તે પંદર દિવસ સુધી જમીનમાં દટાયેલો રહે છે’’. સ્વામીજીએ કહ્યું, ‘‘મારી સમક્ષ એને આ પ્રયોગ કરવા દો’’. સાધુ તો પંદર દિવસ સુધી જમીનમાં દટાયેલો રહ્યો. પછી સ્વામીજીએ રાજાને કહ્યું કે, ‘‘દરેક વખત તમે તેનું અભિવાદન કરવા જાવ છો અને તેનું સ્વાગત કરીને વાજતે ગાજતે બેંડના સંગીતની મધુર સૂરાવલીઓ સાથે તેની ભવ્ય શોભાયાત્રા કાઢો છો પણ હવે આ વખતે આ બધું બંધ કરવું પડશે. જ્યારે તે ખાડામાંથી બહાર નીકળે ત્યારે તેના સ્વાગત માટે માત્ર બે જ સૈનિકોને મોકલો’’. એ પ્રમાણે થયું. જ્યારે સાધુ ખાડામાંથી બહાર નીકળ્યો, તેના માટે કોઈ શોભાયાત્રા ગોઠવી ન હતી, બેંડ પણ ન હતું. અને રાજા પણ તેના અભિવાદન માટે હાજર ન હતો. આ જોઈ તે (સાધુ) મોટે મોટેથી બોલવા લાગ્યો અને ચીસો પાડવા લાગ્યો-ક્યાં છે રાજા? ક્યાં છે રથ? ક્યાં છે બેંડ? આવી ચીસો પાડતા–પાડતા તે જમીન પર ફસડાઈ પડ્યો અને મરણને શરણ થયો.

તે તેનો અહંકાર જેટલો પોષાયો એટલું લાંબુ જીવ્યો હોત અને તે (અહંકાર) ન પોષાવાને કારણે મૃત્યુ પામ્યો. જે ખરેખર તમારું સાચું સ્થાન નથી તે સ્થાન પર તમે તમારી જાતને થોપી દો, તે અહંકાર છે.

સાચું કહીએ તો ‘સ્વ‘ કદીયે મરતો નથી. એ તો અહંકાર છે જે મરે છે અને પાછો જન્મે છે. જ્યાં સુધી અહંકાર મતું નથી મારતો ત્યાં સુધી મોત પણ આવતું નથી. પણ કમનસીબ વ્યક્તિ મતું મારી દીધા વિના રહી શકતો નથી! જ્યારે કોઈ વ્યક્તિ વેદનામાં હોય, પથારીવશ હોય અને દુઃખજનક અવસ્થામાં ખૂબ જ રિબાતો હોય તે સહી કરી દે છે કે, ‘‘હે ભગવાન! હવે તો મોત આવે તો સારું!’’ આમ મૃત્યુ માટે સહી કરી દે છે.

## ૭૨. ભોગવે છે કોણ?

જિજ્ઞાસુઃ હા, આત્મા ઘણાં દુઃખ ભોગવતો હોય છે.

દાદાજીઃ શુદ્ધાત્મા કશું જ ભોગવતો નથી. ‘શુદ્ધાત્મા’ કદીયે કોઈપણ પદાર્થને ભોગવી શકે નહિ. અને જો તેનો ભોગવવાનો સ્વભાવ સહજ-સ્વાભાવિક હોય, તો તે સ્વભાવ શુદ્ધાત્માને ક્યારેય છોડશે નહિ અને તો શુદ્ધાત્મા માટે મોક્ષ પણ ન હોય. આ તો ભોગવનાર ખાલી ડંફાસ મારે છે કે, ‘‘મેં ભોગવ્યું’’.

ઇન્દ્રિયો Effective હોય છે અને તેમને નિમિત્તોની અસર થાય છે, ભ્રાંતિની દશામાં રહેલ વ્યક્તિ માત્ર એમ કહે છે કે, ‘મેં ભોગવ્યું, મેં ભોગવ્યું’. જો આ ભ્રાંતિ કે હું જ કર્તા છું એ જાય અને ‘કર્તા કોણ છે?’ એ જો બરાબર સમજી જવાય તો મોક્ષ

બહુ દૂર નથી. આ જ દેહમાં અહીં જ અને હમણાં જ મોક્ષની અનુભૂતિ કરી શકાય છે.

આ માણસોની ભીડ નથી પણ તે તો અહંકારની ભીડ છે. વ્યક્તિ આ બધાની વચ્ચે જ્ઞાનના સહારે જીવી શકે છે. કુદરત તેના પોતાના કાયદાઓને પદ્ધતિસર અનુસરે છે. 'શુદ્ધાત્મા' પોતાના સ્વભાવને અનુસરે છે પણ આ અહંકાર એ શુદ્ધાત્મા અને અનાત્મ એમ બંનેની વચ્ચે દુઃખોનું કારણ છે. અને તે એ કરે છે જે એણે કરવાનું નથી હોતું. સમસ્ત સંસાર અહંકારની ધરી પર નભેલો છે અને જીવની ચાર ગતિઓ (દેવ-મનુષ્ય-તિર્યંચ-નરક) પણ આ અહંકારને કારણે થાય જ છે. આ અહંકારે જ આપણાં સહુને ભગવાનથી વિખૂટા પાડી દીધા છે.

અરે! દેખાવડો માણસ પણ અહંકારને કારણે કદરૂપો દેખાય છે. માણસ ક્યારે દેખાવડો દેખાય? જ્યારે તે સર્વ માટે પ્રેમાળ બની જાય, પ્રેમથી છલોછલ બની જાય ત્યારે માણસ દેખાવડો (સુંદર) બની જાય છે. પણ મોઢા ઉપર રસોળી-ગાંઠને કારણે માણસ કેવો કદરૂપો બની જાય છે? એ જ રીતે સુંદર દેખાતો માણસ પણ અહંકારની ગાંઠને કારણે કદરૂપો દેખાય છે.

જિજ્ઞાસુઃ શું જુદા-જુદા પ્રકારના અહંકાર હોય છે?

દાદાજીઃ જે ક્ષણે તમે કહ્યું કે, 'હું આ અનાત્મ છું', તો તે અહંકાર છે. અભિમાન, ઘમંડ, માન, ગર્વ, મદ, મત્સર આ બધા શબ્દો અહંકાર માટે જુદા-જુદા સમયે વ્યવહારમાં વપરાય છે; માટે જ્ઞાનીપુરૂષે જુદા-જુદા શબ્દો વાપર્યા છે.

જિજ્ઞાસુઃ ઘણાં લોકો પોતાને નિર્માની કહે છે.

દાદાજીઃ પણ પોતાને નિર્માની તરીકે ઓળખાવવાનો જે કેફ ચઢે છે તે ખૂબ જ અહંકારી વ્યક્તિ કરતા પણ ઘણોં જ ભ્રામક છે. વ્યક્તિ તેના કહેવાતા નિર્માનીપણા હેઠળ ભારે માનને આશ્રય આપતો હોય છે. એ નિર્માની વ્યક્તિનો અહંકાર કોઈવાર કાળા નાગની જેમ પોતાની ફેણ ચડાવે છે! આત્મજ્ઞાન વિના અહંકાર કદીયે નિર્મૂળ ન થઇ શકે પણ લોકો નિર્માનીપણું મેળવવામાં મચી પડે છે અને આમાંથી ભારે માત્રામાં ઉદ્ભવેલ કેફના જોખમને સમજી શકતા નથી.. અહંકારના જટિલ સ્વરૂપનો જરા વિચાર કરો. જે ઉપલક નિરાભિમાનીપણાના કેફને કારણે ભયંકર સૂક્ષ્મ અહંકાર ઊભો થયો તેનું શું?

જિજ્ઞાસુઃ તો પછી શી રીતે અહંકારથી મુક્ત થવાય?

દાદાજીઃ 'સ્વ' ના જ્ઞાન પછી, અંતઃકરણ તો યથાવત જ રહે છે. જ્ઞાનીપુરૂષ તમારા ભ્રમને હાંકી કાઢે છે કારણ કે જયાં તમે 'હું પદ' ને આરોપિત કરેલ છે તે ખરેખર તમે નથી.

હું તમારા 'હું' ને દરઅસલ 'હું' માં ગોઠવું છું. પછી તમારા અંતઃકરણનો અહંકાર જે બાકી રહ્યો તે તમારી બધી સાંસારિક પ્રવૃત્તિઓને ચલાવશે. એને દબાવી દેવાનો નથી પણ તેને નીરસ બનાવવાનો છે.

## ૭૩. અહંકારનો રસકસ ખેંચી લો.

જિજ્ઞાસુઃ મને ઘણીવાર ખૂબ માઠું લાગી જાય છે.

દાદાજીઃ જ્યારે તમે ક્યાંક બહાર જઈ રહ્યા હોય અને જો કોઈ એમ કહે કે; ''એય નાદાન, સીધા ચાલો''. એ વખતે તમારો અહં ઉશ્કેરાય છે, રીસ પણ ચઢી જાય અને નારાજ થાવ છે; તમને મન દુઃખ થયું છે, ગુસ્સો આવે છે, પણ વ્યાકુળ થવા જેવું કોઈ કારણ અહીં છે ખરું?

એકવાર તમે હકીકત સમજી લીધા પછી, હવે તો તમારે અહંકારને નિચોવી નાખવાનો છે. હવે અમોને તો રીસાવા જેવું કાંઈ લાગતું નથી. માટે આપણે આપણા અહંકારમાંથી રસ ખેંચી લેવાનો છે. કોઈને પણ અપમાનિત થવાનું ગમે નહિ. પણ 'હું' કહું છું કે તે તો વધારે 'મદદરૂપ' છે.

જિજ્ઞાસુઃ દાદાજી! અપમાન શી રીતે મદદરૂપ થઈ શકે?

દાદાજીઃ માન અને અપમાન-અહંકારના આ બંને મીઠા અને કડવા રસ છે. જે તમારું અપમાન કરે છે તે તમારી અંદરથી કડવો રસ બહાર કાઢવા માટે આવેલો છે. જ્યારે કોઈ કહે કે, ''તમે મૂર્ખ છો''. તેણે તમારી અંદરથી કડવાશ ખેંચી કાઢી. જેમ-જેમ કટુતા બહાર નીકળી જાય તેમ-તેમ અહંકારની તીવ્રતા ઓછી થાય છે અને આમાં આપણે તો જરાયે મહેનત કરી નથી અને બીજા કોઈએ આ કાર્ય કરી આપ્યું! અહં તો રસથી છલોછલ ભરેલો છે. જ્યારે કોઈ અજાણતાં એને નિચોવે છે ત્યારે વ્યક્તિને બળતરા અનુભવાય છે માટે આપણી પૂરેપૂરી સભાનતા વચ્ચે એને કુદરતી રીતે જ નીકળી જવા દેવો રહ્યો. જો બીજો વ્યક્તિ આપણાં અહંમાંથી હું પદનો રસ ખેંચી કાઢતો હોય તો એના જેવો અન્ય કોઈ ઉપયોગી હોઈ શકે ખરો? એ સજ્જન દ્વારા તમને બહુ મોટી મદદ મળી કહેવાય!

આપણાં પ્રયત્નો દ્વારા આપણાં અહંકારમાં રહેલ બધા રસ ખેંચી લેવામાં આવે તો જીવનની બધી જ સમસ્યાઓનું નિરાકરણ આવી જાય. જો કે અહંકાર પણ ઉપયોગી છે. એના વિના આ બધા દુન્યવી વ્યવહારો ચાલે શી રીતે? પણ હવે માત્ર એક જ કામ કરવાનું કે અહંકારને રસહીન કરી દો. આપણે જે નિર્મળ કરવું છે તે કોઈએ કરી આપ્યું છે એટલે તે આપણો ફાયદો.

જ્ઞાનીપુરૂષ અબુધ છે પણ તે ખૂબ જ સમર્થ છે એટલે સહેલાઈથી તે પોતાના પ્રયત્નથી જ અહંકારનો બધો રસ નિચોવી લે છે પણ તમારી પાસે આવી શક્તિ નથી. માટે તમારે ખુશ થવું જોઈએ કે બીજું કોઈ તમારું અપમાન કરીને તમારા અહંકારને રસમુક્ત કરી રહ્યું છે. તેણે તમારી ઘણી બધી મહેનત બચાવી લીધી છે! અને તમને ખૂબ જ લાભ થયો છે. આપણે એ વિચારવું જોઈએ કે આપણાં માટે લાભપ્રદ શું છે? આ તો ખરેખર લાભકારક જ છે!

જો તમારા અહંકારમાંથી કડવાશ ગઈ તો તમારો અહંકાર એના સ્વભાવ મુજબ નાટકીય રીતે તમારાં બધાં કામ કરશે.

અહંકારને મારવાનો નથી પણ તેને રસહીન અને તટસ્થ કરવાનો છે.

અહંકાર ઉપયોગી પણ છે. જ્યારે આપણે જમતા હોઈએ ત્યારે ''આજે તો દાળ-શાક બહુ સ્વાદિષ્ટ બનેલ છે''. એમ કહીને સામેવાળી વ્યક્તિને પ્રોત્સાહિત કરવા માટે આપણે તેના વખાણ કરીએ જ છીએ ને?

## ૭૪. હસતે મુખે ઝેર પીએ.

જિજ્ઞાસુઃ એમ કહેવામાં આવે છે કે આપણે કોઈના અહંને ઠેસ ન પહોંચાડવી જોઈએ.

દાદાજીઃ સાચું છે, જો આપણા દ્વારા કોઈના અહંને ઠેસ પહોંચે તો, તેને ઘણું દુઃખ થાય છે અને કડવાશ અનુભવે છે. આપણે કોઈના દિલને ઠેસ ન પહોંચાડવાથી થતા લાભને સારી રીતે જાણીએ સમજીએ છીએ. માટે જો આપણે કોઈનામાં કડવાશ પેદા ના કરીએ તો તે વધારે હિતાવહ ગણાશે.

કવિરાજ નવનીતે જ્ઞાનીપુરૂષ માટે સાચે જ કહ્યું છે કે :

''હસતે મુખે ઝેર પીએ, નીલકંઠી ખાનદાન,

નિઃસ્પૃહ અયાચકને ખપે નહિ માન તાન''.

જિજ્ઞાસુઃ કૃપા કરીને સમજાવોને દાદાજી!

દાદાજીઃ કવિરાજ નવનીતે મારા માટે બે પંક્તિઓ લખી છે. હું શિવ-નીલકંઠ થયો છું. મને જે કાંઈ અપમાનના રૂપમાં ઝેરના પ્યાલા મળ્યા છે, તે સહુ મેં હસતાં-હસતાં પીધા છે અને ઝેર આપનારને આશીર્વાદ આપતો રહ્યો છું અને એટલે જ હું શિવ બન્યો છું. અર્થાત્ નીલકંઠ.

જિજ્ઞાસુઃ જેને ઝેર આપવામાં આવ્યું હોય તે સ્વેચ્છાએ શી રીતે પી શકે? અને તે પણ હાસ્ય સાથે!

દાદાજીઃ તમારે અપમાનના રૂપમાં મળેલ વિષનું પાન કરવું જ પડશે. વ્યવસ્થિતમાં તમારું ખાતું છે અને તમારે હસતા મોઢે કે મોં કટાણું કરીને પણ ઝેર તો પીવું જ પડશે. હા, તમને તે પીવું ગમતું નથી છતાંય લોકો દ્વારા અપાયેલ વિષ તમારે પરાણે પીવું જ પડશે. જો આમ જ થવાનું હોય તો પછી શા માટે વિષદાતાને આશીર્વાદ આપવા સાથે આનંદથી વિષપાન ન કરવું? આમ કર્યા વિના કોઈ શી રીતે નીલકંઠ થઈ શકે?

જેઓ તમને વિષના કટોરા આપે છે તેઓ તમને શ્રેષ્ઠ પદની ભેટ આપે છે. જો તમે મોં કટાણું કર્યું હોત તો એ તક તમારા હાથમાંથી સરકી જાત. શ્રેષ્ઠ પદ મેળવવાની જે આગળની તક છે તેને તમે ખોઈ બેસત. જેણે પણ મને વિષ આપ્યું છે તે મેં હસતા મુખે પીધું છે, તેને હમેશાં આશીર્વાદ આપ્યા છે. તેથી હું નીલકંઠ થયો છું અને તમને આ રસ્તો ચીધ્યો છે.

જિજ્ઞાસુ: આવી શક્તિ કોઈ કેવી રીતે પામી શકે?

દાદાજી: જ્યાં સુધી તમે એમ માનો કે, 'હું અમિત છું' ત્યાં સુધી બધું કડવું લાગશે પણ મારા માટે તો આ બધું અમૃત જ થયું છે. માન-અપમાન, મીઠું-કડવું, આ બધું દ્વૈતભાવ સાથે સંકળાયેલ છે. હવે અમે આ બધાથી પર છીએ. અમે આ બધા દ્વૈતભાવથી મુક્ત છીએ એટલે જ અમે આ આધ્યાત્મિક ચર્ચા-વિચારણા તથા સત્સંગમાં બેસીએ છીએ. આખરે તો સૌએ આ દ્વૈતભાવથી પર એવી સ્થિતિને પામવી જ રહેશે. જ્યારે કોઈ તમને કડવું કોકટેઈલ પીવડાવે છે ત્યારે તમે આનંદથી પી લો અને પીવડાવનારને આશીર્વાદ આપો તો તમારો અહં ઓગાળીને તમે તેનાથી મુક્ત થઈ જાવ. તેનાથી સામેવાળી વ્યક્તિને પણ લાભ થશે.

જિજ્ઞાસુ: જેણે તમને ઝેર આપ્યું છે એ વ્યક્તિને એ શી રીતે લાભકર્તા થશે?

દાદાજી: તમારો વિરોધી, કે જેણે તમને કડવું વિષ પાયું છે તેને સકારાત્મક પ્રતિક્રિયાનો અનુભવ થાય છે અને તેનામાં પરિવર્તન પણ આવી શકે છે અને તેને લાભ પણ થઇ શકે છે. તે એ પણ અનુભવે છે કે એ એની નબળાઈ છે કે તે તમને કડવું કોકટેઈલ પીવડાવે છે અને તમે આનંદથી પી લો છો તેથી તમે મજબૂત માણસ છો.

જિજ્ઞાસુ: કોઈને પણ સ્વેચ્છાએ આવું કડવું પીવાનું ગમતું નથી.

દાદાજી: ચોક્કસ નથી ગમતું, પણ તો પછી આનો લાભ આપણને શી રીતે મળશે? જે આપણને કાંઈપણ ખવડાવે અથવા પીવડાવે છે તે માતા સમાન છે પણ આપણે તે પી નથી શકતા. આપણે તે નીલકંઠ બનીને પીવું પડશે.

આપણે આપણી જાતને કહેવું પડશે કે, ''તારે આ કડવો પ્યાલો સો વખત પીવો પડશે''. પછી તમે ધીરે-ધીરે ટેવાતા જશો. આપણે બાળકને કડવી દવા પીતો કરવાનો છે. પણ જો તે સમજે કે આ દવા સ્વાસ્થ્ય માટે સારી છે તો તે દવા પીવા માટે તેને કોઈના દાબ-દબાણની જરૂર નહિ રહે. બાળક જાતે જ તે પી જશે. જો કોઈએ આપેલી કડવી દવાઓ તમે એકવાર પી જવાનું નક્કી કરશો તો તમે પી શકશો પણ તમારે જાણવું જોઈએ કે કટુ ઘૂંટ શી રીતે પીવાય. આપણે ક્યારેક તો કડવો ઘૂંટડો પીવાનો જ છે તો પછી આજે શા માટે નહીં પીવો?

જિજ્ઞાસુ: જો કોઈ બધાની સામે આપણું અપમાન કરે ત્યારે આપણને દુ:ખ થાય છે.

દાદાજી: જ્યારે તમે સમજો કે અપમાનિત થવું એ લાભકારક વ્યવસાય છે, તો શી રીતે નુકસાન વેઠો?

તમે કહો છો : ''હું શુદ્ધાત્મા છું'' પણ શું તમે એ અવસ્થામાં સદૈવ રહેવા નથી ઈચ્છતા? માટે તમારે પૂરેપૂરી તાકાતથી તમારા અહંને ઓગાળી નાખવો પડશે.

કલ્પના કરો કે કોઈ ભિખારીને રાજા બનાવી દેવામાં આવે. તે રાજગાદી પર બેસે અને પછી જો એમ કહે કે, 'હું તો રખડેલ ભિખારી છું' તો તે કેટલું બેહૂદુ લાગશે. એકવાર તમે શુદ્ધાત્માની સ્થિતિને અનુભવી લીધી હોય તો તમારે બીજા કોઈ વળગણ નહીં રહે.

તમે અહંના કડવા-મીઠા સ્વાદથી મુક્ત થવા ઈચ્છો છો કે નહી? પછી શા માટે તમે દૂધમાં અને દહીંમાં તમારો પગ નાંખી રાખો છો? એકવાર તમે નક્કી કરી લીધું હોય કે હું શુદ્ધાત્મા છું તો તમારે શુદ્ધાત્માને જ વફાદાર રહેવું જોઈએ, અનાત્મ તત્ત્વને (અહંકારને) નહિ. પ્રાર્થનામાં તમે કહો છો કે, ''હું શુદ્ધાત્મા છું'' તો પછી તમારે શુદ્ધાત્માને દુન્યવી બાબતોથી બચાવી રાખવો જોઈએ.

જિજ્ઞાસુ: જ્યારે ફૂલ આપવામાં આવે છે ત્યારે તો લોકો ખુશ થાય છે પણ જ્યારે પત્થરમારો કરવામાં આવે છે ત્યારે શું થાય?

દાદાજી: અહંને સ્વાદહીન કરી દેવો એ અઘરું કામ છે. માટે, જો તે કામ તમારા માટે બીજો કોઈ કરી આપે તો એ તો ઘણું સારું કહેવાય. તે જ ક્ષણથી 'અહં' નાટકીય રહે છે અને અંદરનું તંત્ર એનું કામ ખૂબ જ સારી રીતે કરે છે. જ્યારે તમે જાણો છો કે એ લાભપ્રદ છે, તો તમારા અહંને ઓગાળવા માટે તમને આપેલ ઝેર હસતા મુખે શા માટે પી નથી લેતા? જ્યારે અહંકાર પૂરેપૂરો નિરસ થઈ જાય છે ત્યારે જ 'શુદ્ધાત્મા' નો સાક્ષાત્કાર થાય છે માટે તમે તમારા અહંકારને ઓગાળી દેવાનું નક્કી કરો અને તે સદંતર ઓગળી જતા સુધી નીરસ થવા દો..

જો એકવાર આ કડવી દવા તમને માફક આવી ગઈ તો અન્ય બધી તકલીફો ખતમ થઈ જશે. અને તમે તો હવે એ જાણો છો કે એ તો ખૂબ જ ફાયદેમંદ કામ છે.આ જીવન રૂપી પ્યાલો લાગે છે મીઠો પણ એ એટલો જ કડવાશથી ભરેલો છે. માટે, કડવી દવાને પહેલાં પચાવો તો પછી મીઠી દવા સહજ રીતે જ આવી મળશે જે પચાવવી એટલી મુશ્કેલ નથી. આ કડવી દવા પચી જાય તો એ સૌથી મોટી ઉપલબ્ધિ કહેવાશે.

## ૭૫. માન - અપમાનનો હિસાબ.

જિજ્ઞાસુ: ક્યારેક અપમાનની બીક લાગ્યા કરે છે.

દાદાજી: ''જો અનાદરની કોઈ બીક ન હોય તો કોઈ તમારું અપમાન કરવાની હિંમત નહિ કરે''. આ કુદરતનો નિયમ છે. જ્યાં સુધી ડર છે ત્યાં સુધી આવું રહે છે. એકવાર જો ડર ગયો કે આવી ઘટનાઓ આપોઆપ અટકી જશે.

તમારા ચોપડામાં માન અને અપમાનનું ખાતુ રાખો. જ્યારે પણ લોકો તમને અનાદર કે અપમાન આપે ત્યારે તમે એને તમારા ખાતામાં જમા કરજો, ઉધારશો નહિ. ગમે તેવો નાનો કે કડવો ડૉઝ (માત્રા) હોય તેની નોંધ તમારી ખાતાવહીમાં કરજો. એ નક્કી કરજો કે આ મહિનામાં એકસો અપમાનોની જમાનોંધ કરવી છે. મનથી એ નક્કી કરી લો કે જેટલા વધારે ને

વધારે અપમાન એટલો વધારે લાભ માટે જો તમને માત્ર સિત્તેર જ મળે તો બાકીના ત્રીસની તમને ખોટ ગઈ એમ માનો. પછી તમે આતુરતાપૂર્વક બીજે મહિને એકસોની અપેક્ષા રાખજો અને વધારાનાં ત્રીસ અપમાનોની!

જેણે ત્રણસો અપમાન એના ખાતામાં જમા કરેલ છે તેના મનમાં અપમાનનો કોઈ ભય રહેતો નથી. તે નદીને પાર કરીને બીજા કાંઠે પહોંચી જાય છે માટે મહિનાના પહેલાં દિવસથી જ તમારે તમારી ખાતાવહીમાં ખાતું પાડી રાખવાનું. શું તમે આ કરી શકશો?

જ્યારે તમે જ્ઞાનીપુરૂષને નમન કરવા માટે બે હાથ જોડો છો ત્યારે તમારો ઐહિક અહંકાર શુદ્ધ બની જાય છે અને જ્યારે તમે તેમના પગના અંગૂઠાને તમારા લલાટનો સ્પર્શ કરાવીને ખરા અર્થમાં દર્શન કરો છો, એનો અર્થ એ થાય છે કે તમે તમારો અહંકાર એમના પાવન ચરણોમાં સમર્પિત કરી દીધો છે. તમને એ લાભ થયો કે તમે તમારો અહંકાર સમર્પી દીધો.

જિજ્ઞાસુઃ હવે આપ દયા વિશે સમજાવો..

દાદાજીઃ જ્યાં સુધી તમે દ્વૈતભાવથી પર થયા નથી ત્યાં સુધી આ સંસાર માટે દયા એ અત્યંત સ્તુત્ય ગુણ છે કારણ કે તે આ સંસારધર્મનો મૂળ આધાર છે અને તેમ છતાં પણ, સૌએ સમજવું જોઈએ કે દયાનો ગુણ હોવો તે માત્ર પોતાની જ સલામતી માટે છે. નહિ કે ભગવાનની સલામતી માટે.

જ્ઞાનીપુરૂષમાં દયાનો ગુણ નથી હોતો પણ એ તો અનંત-અપાર કરૂણાભાવથી ભરેલા હોય છે. દયા તો ભારે અહંકારપૂર્ણ ગુણ છે!

જિજ્ઞાસુઃ દયા એ અહંકારયુક્ત ગુણ શી રીતે હોઈ શકે?

દાદાજીઃ દયા એ દ્વંદ્વ ગુણ છે. દ્વંદ્વ ગુણ અર્થાત્ એક બાજુ દયાભાવ હોય અને સાથે-સાથે બીજી કોઈ બાજુ નિર્દયતા પણ હોય. એ જ્યારે બહાર આવે છે ત્યારે જ ખબર પડે છે અને પછી તે પોતાનો બાગ પણ ઉજાડી નાંખે છે. તે તેના ઘર, પત્ની કે બાળકોને પણ છોડતો નથી. આખો સંસાર આ દ્વંદ્વભાવમાં ગળાડૂબ છે.

જિજ્ઞાસુઃ સંતો તો ખૂબ જ દયાળુ હોય છે.

દાદાજીઃ ખરેખર તો જે બીજાની દયા ખાય છે તેને જ દયાની જરૂર છે. પ્રિય મિત્ર! તમે તમારી જાત માટે કેમ દયા ખાતા નથી? શા માટે બીજા પ્રત્યે દયાભાવ વહાવો છો? કેટલાક સાધુઓ સાંસારિક લોકો પ્રત્યે દયાભાવ બતાવે છે અને વિચારે છે કે, ‘‘હે ભગવાન! આ લોકોનું શું થશે? હું પૂછું છું કે દયા કરનારા તમે કોણ? જ્યારે તમે જ તમારા જીવનની સમસ્યાઓનું નિરાકરણ લાવી શકતા નથી તો પછી તમે બીજાની મુશ્કેલીઓ ખોળવા-નિવારવા શા માટે નીકળ્યા છો?’’ આ તો મિથ્યા

આડંબર અથવા અહંકારનો ભયાનક નશો છે! સંસારી લોકો તો જ્યારે રેશન, તેલ અને ખાંડ મેળવવાની લાઈનમાં કલાકોથી ઊભા હોય છે ત્યારે તેમનો નશો ઓગળે છે પણ શું આ સાધુઓનો નશો (મદ) ઉતરશે ખરો (તેમનો કેડો મુકશે ખરો)? ના, એ તો વધતો જ જશે. ભગવાને કહ્યું છે કે, ‘‘જે અહંકારના આ મદથી મુક્ત છે તે મોક્ષ મેળવે છે’’. અહંકારનો આ કેફ તો મહાભયાનક અને ગૂઢ છે. તે તમને આ જગતમાં જન્મ-મરણના અનંત ફેરાઓમાં જકડી રાખે છે.

જિજ્ઞાસુઃ આ તો ખૂબ જ ગંભીર બાબત છે. ગુરુદેવ! હવે મને સમજાયું.

દાદાજીઃ સ્થૂળ અહંકાર બીજાને દેખાય છે અને તેઓ તેને બતાવે પણ છે. ત્યાં કોઈ હશે જે કહેશે કે, ‘‘ઓ મૂર્ખ ! આમ છાતી કાઢીને શા માટે ચાલે છે? જરાક નરમ પડ’’. અને વ્યક્તિ થોડો નરમ પણ પડશે પણ આ ગૂઢ અહંકાર ‘હું કાંઈક છું., મેં કંઈક મેળવ્યું છે, હું કાંઈક જાણું છું’. આવો અહંકાર કદીયે નહિ જાય.

જેને જ્ઞાનનો પ્રકાશ થાય તેને તો પ્રકાશમાં ડગલે ને પગલે ઠોકર ન જ વાગે.. પણ આ લોકોને તો ડગલે ને પગલે ઠોકર વાગે છે. પછી તે લોકો એવો દાવો શી રીતે કરી શકે કે તેઓએ કશુંક જાણી-સમજી લીધું છે? જ્યારે તેઓ પોતે જ અજ્ઞાનના અંધકારમાં અટવાયેલા છે ત્યારે આવા લોકોને શો અધિકાર છે કે તે બીજાની દયા ખાય?

## ૭૬. અહંકારનું વિષ.

જિજ્ઞાસુઃ અધ્યાત્મની યાત્રામાં અહંકારના જોખમો વિશે સમજાવશો તો મારા ઉપર આપનો ખૂબ ઉપકાર રહેશે.

દાદાજીઃ અરે સિદ્ધિના અહંકારથી પણ માણસનું પતન નક્કી જ છે. કોઈ કોઈને મારી નાખવામાં ગૌરવ અનુભવે છે તો કોઈ કોઈના જીવનને બચાવવામાં ગૌરવ અનુભવે છે. પણ ભગવાને બંનેને અહંકારી કહ્યા છે કારણ કે કોઈની પણ પાસે કોઈને મારવાની કે કોઈનું જીવન બચાવવાની સત્તા નથી. માણસ તો ખાલી બડાઈ હાંકે છે કે, ‘‘મેં કોઈકને બચાવ્યો, મેં કોઈકને મારી નાખ્યો’’. આ બંને અહંવાદી છે. જે જીવને બચાવે છે તેની ગતિ સારી થાય છે જ્યારે મારનારની અધોગતિ થાય છે. છતાં આ બંને સ્થિતિઓમાં બંધન તો છે જ.

દૈવીશક્તિઓ મેળવ્યા પછી પણ જો વ્યક્તિનો અહંકાર તેનું માથું ઊંચકે તો વ્યક્તિ તેની સિદ્ધિના શિખર પરથી ગબડ્યા વિના રહે જ નહિ. દૈવી શક્તિને આધારે થાય અને જો વ્યક્તિ મેં કર્યું છે એવો અહંકાર કરે અથવા દૈવી શક્તિઓનો દૂરુપયોગ કરે તો તેનું અધઃપતન નક્કી જ છે. તેનું જીવન દુઃખોથી ઘેરાઈ જાય. ખરેખર તો આવું પરિણામ તેના દૈવી અહંકારના પ્રત્યાઘાતનું છે.

મારા મહાત્માઓના કિસ્સામાં જ્યારે તેઓ જ્ઞાનના અહંથી પીડાય ત્યારે મારી કૃપાને કારણે તેમનું પતન નહીં થાય પણ તેમના જ્ઞાનની જ્યોતિ ઝાંખી પડી જશે.

જિજ્ઞાસુઃ બાળકોને અહંનો પ્રશ્ન નથી હોતો.

દાદાજીઃ બાળકોને પણ અહં હોય છે પણ તે સુપ્તાવસ્થામાં હોય છે. અહં તો હોય જ છે પણ તે દબાયેલો હોય છે. જેમ-જેમ બાળક મોટું થતું જાય છે તેમ તેનો અહં પણ વધતો જ જાય છે. જો આપણે બિનજરૂરી રીતે બાળકના અહંને પોષીએ નહિ તો તે સમજુ બાળક તરીકે ઉછેર પામશે. જો તેના અહંને પોષવામાં ન આવે તો બાળકનો સંસ્કારી વ્યક્તિ તરીકે વિકાસ થશે.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! અહંવાદી લોકો સાથે વ્યક્તિએ કેવો વર્તાવ રાખવો જોઈએ?

દાદાજીઃ જો આપણે આ સંસારના લોકોની જાળમાં લપેટાઈએ નહિ તો વધારે સારું. આવા લોકો હમેશાં તેમના અહંકારને પોષવાના લાગમાં રહેતા હોય છે માટે જો તમે તેમની જાળમાં ફસાવા ઈચ્છતા ન હોય તો તેમના અહંકારને પોષીને આગળ વધતા રહેવું. નહિતર તમારો માર્ગ અવરોધાઈ જશે. અહંવાદી (માનાભિલાષી) વ્યક્તિ તેના અહંની મોટી-મોટી આંટીઘૂંટીઓ રચ્યા કરે છે પણ સામાન્ય રીતે તેને લોભની ગાંઠ મજબૂત હોતી નથી.

ગહન ચિંતન અને ઊંડી સમજણની શક્તિવાળા લોકોને આ સંસારમાં 'સંસ્કારી લોકો' કહેવાય છે પણ આવા ઘણાં સંસ્કારી લોકોમાં તેમના માનનું વિષ બહુ ભારે પ્રમાણમાં વિકસી ગયેલું હોય છે.

મમતાનું ઝેર પણ બહુ નડે છે. જો કે મમતા છૂટી શકે છે પણ અહંકારનું છૂટવું અતિ મુશ્કેલ છે.

જિજ્ઞાસુઃ ઘણાં લોકો શા માટે આત્મહત્યા કરી લે છે?

દાદાજીઃ અહંના અતિરેકને કારણે જ્યારે તેમનો અહં ખંડિત થઈ જાય છે અને ચૂરેચૂરા થઈ જાય છે, જ્યારે કોઈપણ જગ્યાએથી એ પોષાતો નથી ત્યારે છેવટે તે આત્મહત્યા કરી લે છે. ઉપરાંત આત્મહત્યા કરનાર વ્યક્તિ ભયાનક નારકીય જીવનની ભૂમિકા બાંધી દે છે.

અહંકાર જેમ ઓછો તેમ ગતિ ઊંચી થાય અને અહંકાર જેમ વધારે તેમ ગતિ નીચી થાય.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! તો પછી અહંકારના આ ઘોર અરણ્યમાંથી બહાર નીકળવાનો રસ્તો કયો?

દાદાજીઃ જુઓ, સિંહમાં બહુ ભારે અહંકાર હોય છે. તે પશુ-પક્ષીઓ (તિર્યંચ) નો રાજા છે. તે જન્મોના ઘણાં ફેરાઓમાંથી પસાર થયો હોય છે એટલે આખરે આ જીવનમાં તે રાજા થયો છે પણ એને ક્યાંય સુખ જડતું નથી. એટલે તે પોતાના અહંકારની લાગણીઓ ગર્જનાઓ અને આક્રંદ દ્વારા બહાર કાઢે છે. તે છૂટવા ઈચ્છે છે પણ તેને રસ્તો દેખાતો નથી.

ઘણાં ઓછાને આ રસ્તો મળતો હોય છે; જ્ઞાનીપુરૂષનો મેળાપ થવાની તક અર્થાત્ મોક્ષદાતાનો સંયોગ બહુ ઓછો મળતો હોય છે. બધા સંજોગો મળે છે અને વિખૂટા પડે છે પણ ભાગ્યબળે જો જ્ઞાનીપુરૂષ સાથે સત્સંગ થઈ જાય તો જીવનની

સમસ્યાઓનું કાયમી નિરાકરણ આવી શકે છે.

## **૭૭. તમારો અહંકાર જ તમારો સંસાર.**

દાદાજીઃ તમારો અહંકાર જ તમારો સંસાર છે.

જિજ્ઞાસુઃ એમ કે?

દાદાજીઃ જે નિરંતર બદલાતાં દશ્ય તમે જુઓ છો તે સંસાર નથી. તો પછી આવા અહર્નિશ બદલાતા સંસારમાં જો કશુંક સ્થિર ન રહે તો તેમાં શું નુકસાન છે? ધારો કે કોઈ વ્યક્તિએ આપણને આપણાં પાંચસો રૂપિયા પાછા નથી આપ્યા તો જ્યાં સુધી તે આપણાં પાંચસો રૂપિયા પાછા નહિ આપે ત્યાં સુધી આપણો અહં સંતોષાતો નથી અને આપણે તેની સામે કોર્ટમાં દાવો કરીએ છીએ અને ખોટી લપમાં પડીએ છીએ. પણ જો એ વ્યક્તિ આવીને આપણાં પગે પડીને રડે તો આપણો અહંકાર સંતોષાય છે અને તેને સજા આપ્યા વિના છોડી દઈએ છીએ.

અહંકાર એવી વસ્તુ છે કે તે વ્યક્તિને જે સ્થિતિમાં જે સીટ ઉપર બેઠો છે તેના પ્રત્યે જરાય અણગમો થવા ન દે. અરે! છેવટે એવો અહંકાર કરીને ભિખારી પણ તેના ઝૂંપડા પ્રત્યે મોહ ધરાવે છે અને તેમાં તે એ રીતે ખૂબ જ ખુશ રહે છે કે તેની દશા કૂતરા અને અન્ય પ્રાણીઓ કરતાં તો સારી છે. એ એમ વિચારીને તેમાં સુખ અનુભવે છે કે એની પાસે રહેવા માટે ઘર તો છે. કોઈપણ વ્યક્તિએ પોતે જે કંઈ મેળવ્યું હોય તેના પ્રત્યે અણગમો થતો નથી તે અહંકારભાવ ને લીધે જ.

જિજ્ઞાસુઃ દરેક જગ્યાએ ઘણાં અલગ-અલગ જૂથ હોય છે. અરે વિવિધ ધર્મમાં પણ જૂથ હોય છે.

દાદાજીઃ અહંકાર જ જુદા-જુદા સમૂહો ઊભા કરે છે. જ્ઞાનીપુરૂષ અહંકાર મુક્ત હોય છે. સઘળા મતભેદો અને જૂથો તેમની ઉપસ્થિતિમાં વિરમી જાય છે. અહંકારી માણસ દરેક જગ્યાએ વર્ગો અને જૂથો ઊભા કરીને સ્વાર્થી આનંદ મનાવે છે.

જિજ્ઞાસુઃ ઘણાં લોકો ખૂબ જ લાગણીશીલ હોય છે.

દાદાજીઃ લાગણીવશતા એ અહંકારનો દેખીતો ગુણ છે. કલ્પના કરો કે રોજ-બરોજના જીવનની વાતચીત ચાલતી હોય ત્યારે હું આવીને પૂછું કે, ''વડોદરાથી આવતી વખતે શું મગજમારી થઈ હતી?'' તે વખતે જો કોઈ વચમાં બોલવા માંડે તો તે સૅન્સિટીવ-લાગણીશીલ માણસ છે એમ કહેવાય. આ તો તે વ્યક્તિની આંતરિક અવરોધ (અટકણ) હોય છે. આવું ઘણીવાર અહંકારને લીધે બનતું હોય છે.

જિજ્ઞાસુઃ અટકણ વિશે વિસ્તારથી સમજાવો.

દાદાજીઃ તમે ઘણીવાર જોયું હશે કે કોઈ તાકાતવાન ઘોડો દોડતાં-દોડતાં એકાએક મસ્જિદ કે કબ્રસ્તાન પાસે અથવા કોઈક

અસામાન્ય વસ્તુને જોઈને ઊભો થઇ જાય અને અટકવા માંડે છે. તેને આંતરિક અવરોધ-અટકણ કહેવામાં આવે છે. એ જ રીતે, દરેક વ્યક્તિ પોતાની કોઈ અટકણને કારણે હેરાન-પરેશાન રહેતો જ હોય છે અથવા એ અટકણને લીધે જ તે રઝળતો થઇ ગયો હોય છે. કોઈપણ બાબત કે વિષય પ્રત્યેના એકદમ ગાઢ અભિપ્રાયને કારણે અટકણ ઉદ્ભવતી હોય છે. આ સંસારની રઝળપાટ આ અટકણને કારણે જ છે અને આ રઝળપાટ હમેશાં માટે લટકતા રહેવાની સ્થિતિ સર્જે છે માટે હું તે વિષચક્રમાંથી છૂટવાનો રસ્તો સૂચવું છું. જો કે ભાવુકતાપૂર્ણ (Sensitive) અહંકાર આવા અટકણવાળા અહંકાર કરતાં પણ ખૂબ જ હાનિકારક હોય છે. જ્યાં સુધી તે રહે છે ત્યાં સુધી પ્રગતિ જ ન થાય.

જિજ્ઞાસુઃ અટકણ અને ભાવુકતાથી માણસ કઈ રીતે બચી શકે?

દાદાજીઃ કોઈપણ વ્યક્તિ અટકણનું નિરીક્ષણ કરીને આ આંતરિક અવરોધથી મુક્ત થઇ શકે છે પણ જો તમે તમારી શક્તિ અને જાગૃતિપૂર્વક જોરદાર બ્રેક નહિ મારો તો ભાવુકતાનો ભુક્કો નહિ થાય. એટલું તો નક્કી જ છે કે અંદર જે કઈ ભરાયેલું પડ્યું છે તે પ્રસંગોપાત બહાર તો આવશે જ પણ પ્રક્રિયાને ધ્યાનથી જોતા રહો. જ્ઞાનીએ તો તમને જ્ઞાન આપ્યું જ છે પછી શા માટે આનંદરહિત અવસ્થામાં અટવાયા છો? આ દશા તમારા આંતરિક અવરોધ અને ભાવુકતાને કારણે છે. ભાવુક માણસનો આત્મા તેની ભાવુકતા સાથે પૂરેપૂરો એકરૂપ થઇ જાય છે અને જ્યારે શુદ્ધાત્મા આ રીતે તન્મયાકાર બની જાય ત્યારે તેના પરિણામે આનંદ લુપ્ત જ થઈ જાય. તમે એ શોધી કાઢો કે તમે ક્યાં ચૂક્યા અને ક્યાં લપસ્યા?

તમે જે અજવાશવાળા, ચોખ્ખા અને સમજણ અને જ્ઞાનના રસ્તા ઉપર ચાલો છો તો પછી અંધારામાં શા માટે અથડાવ છો? આવું તમારી આંતરિક અવરોધ ગ્રંથિઓ-અટકણો અને ભાવુકતાને કારણે થાય છે.

તમે જે અંદરનો માલ ભરી લાવ્યા છો તેને સમ્યક્દૃષ્ટિ પૂર્વક જાણવા ચકાસવાથી ધીમે-ધીમે વિલય થઇ જશે માટે જ્ઞાતદષ્ટા થઈને જોતા રહેજો. તેથી તે ખતમ થઇ જશે. અટકણ પણ આ રીતે નષ્ટ થઇ જશે. પણ ભાવુકતા તમને સહેલાઈથી નહિ છોડે. જ્યારે કોઈ Sensitive (ભાવુક) થાય ત્યારે તેમાંથી ઈલેક્ટ્રિસિટી ઉત્પન્ન થવાને લીધે અંદર તણખા ઝરે છે અને તમારી અંદર રહેલા અનંત જીવો મરી જાય છે.

વાત ખૂબ જ સાદી છે છતાં આ આંતરિક અંતરાયો (અટકણ) ઊભા થાય છે અને ભાવુકતા ચિરકાળથી વળગેલી રહી છે. જો તમારા પક્ષે જાગૃત રહી શકાય તો તમને કશું જ નડવાનું નથી. તમારી અંદર ભરાયેલ માલ (અટકણો અને ભાવુકતા) ધીમે-ધીમે ઓછો થતો જશે અને તેનો નિકાલ થતો જશે.

### ૭૮. અંતઃકરણનું કાર્ય.

જિજ્ઞાસુઃ દાદાજી! અંતઃકરણ કેવી રીતે કામ કરે છે?

દાદાજીઃ ખરેખર તો અંતઃકરણ સ્વચાલિત છે અને મન બુદ્ધિ, ચિત્ત અને અહં તેમના સહજ રૂપમાં જ આપમેળે કામ કરતાં હોવાં જોઈએ.

જિજ્ઞાસુ: પણ એવું થતું હોય એમ લાગતું નથી.

દાદાજીઃ ખરું, જ્યારે અંતઃકરણમાં મન બૂમાબૂમ કરતું હોય, અહંકાર ચિત્તનો સંદેશ લઈ લેતો હોય અથવા ચિત્તનો ફોન બુદ્ધિ લઈ લે અને બુદ્ધિના ફોનનું રિસીવર લઈને અહંકાર 'હલો, હલો' કરતો હોય છે જેને લીધે ગરબડ થાય છે. માટે ખરેખર તો વ્યક્તિએ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંના ધર્મને જાણવાનું જ હોય છે. આપણે તો ઈન્દ્રિયોની પ્રવૃત્તિઓ જેમ કે આંખ, નાક વગેરેના માત્ર જ્ઞાતા અને દ્દષ્ટા છીએ. જો તમે બીજાનો અર્થાત્ મન અથવા ચિત્તનો ફોન ઉઠાવી લેશો તો મોટો ગૂંચવાડો સર્જાશે. માટે જે જેનું કામ હોય તે કરે.

સાંસારિક જીવનનું ચક્ર યોગ્ય રીતે ચાલ્યા કરતી એવી આંતરિક વ્યવસ્થા પર નભેલું છે. આપણે લાગતા વળગતા આંતરિક તંત્રને કોલ (સંદેશ) લેવા દેવો જોઈએ. પોતે (આત્માએ) અન્યના કામમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ અને તેમાં ગૂંચવાડો ઊભો કરવો ન જોઈએ.

જિજ્ઞાસુ: તો પછી 'સ્વ' નું (આત્માનું) પોતાનું કાર્ય શું છે?

દાદાજીઃ તમે કદીયે એ બાબતની ચિંતા કરી છે ખરી કે જમી લીધા પછી આંતરડાં કે હોજરીમાં શું થાય છે? બધા અવયવો તેમના સ્વભાવ અને કાર્ય પ્રમાણે પોતપોતાનું કામ કરે છે. જો કાન તેના સ્વભાવમાં ન હોય તો કશું સંભળાશે નહિ. અને જો નાક જો તેનું સ્વાભાવિક કામ ન કરે તો કોઈપણ પ્રકારની વાસ અનુભવી શકાશે નહિ. એ જ રીતે મન, બુદ્ધિ, ચિત્ત અને અહં તેમના સ્વભાવ-ધર્મ મુજબ કામ કરે છે. જો તમે એમ કહો કે, 'મેં કર્યું' તો તે બાબત તમને વળગી જાય છે. આપણે તો માત્ર તપાસ જ કરવાની છે કે તેઓ પોતપોતાનો ધર્મ કઈ રીતે બજાવે છે? જો 'સ્વ' પોતાના શુદ્ધાત્મામાં જ સ્થિત (ગોઠવાયેલો) રહે તો કોઈ ખલેલ ઊભી નહિ થાય.

જો અંતઃકરણ તેના સ્વભાવ પ્રમાણે કાર્યશૈલીને જાળવી રાખે તો મન પેમ્ફલેટની યોજના બતાવે, ચિત્ત ફોટા બતાવે, બુદ્ધિ નિર્ણયો આપે, અહં તેના પર મતું મારી આપે, અને શુદ્ધાત્મા જ્ઞાતા-દ્દષ્ટા જ રહે તો પછી કોઈ ગૂંચવાડો કે અવ્યવસ્થા નહિ સર્જાય અને બધું સરસ રીતે ચાલશે. દરેક અંગ તેના સ્વભાવ ધર્મ મુજબ કાર્ય કરે છે. અંતઃકરણના કોઈ ભાગના ગુણધર્મો ખોટકાયા હોય તે શોધીને તેમની કેવી રીતે મરામત કરવાની છે તેમ વિચારીને સંવાદિતા લાવવાની છે પણ કમનસીબે વ્યક્તિ માને છે અને કહે છે, 'હું વિચારું છું, હું બોલું છું, હું કરું છું'. આ હાથ અને પગ તેમના સ્વભાવને અનુસરે છે છતાંય તે કહેતો ફરે છે કે, 'હું ચાલ્યો'. આમ તે પોતાના અહંને વ્યક્ત કરે છે અને તેની જોડે તેનો આત્મા એકરૂપ થઈને ભારે

ગૂંચવાડો સર્જે છે. જો તમારા મનનું કાર્ય ખોટકાયું હોય તો તમે અચૂક જાણી શકશો.

જિજ્ઞાસુ: કૃપા કરીને ઉદાહરણ સાથે સમજાવો.

દાદાજી: કલ્પના કરો કે કોઈ વૃદ્ધા (માજી) તમારે ઘેર રહેવા માટે આવે છે અને આખો દિવસ બડબડાટ કર્યા કરે અને પજવણી કર્યા કરે છતાં જો તમે કોઈ મગજમારી જ ન કરો તો થોડાક દિવસમાં તમે એનાથી ટેવાઈ જશો. એ જ રીતે મનમાં નિરંતર ફટાકડા ફૂટ્યા કરતા હોય છે (!) તેનાથી તમે ટેવાઈ ગયા છો જેથી અંદર કયા પ્રકારના ફટાકડા ફૂટી રહ્યા છે તે સમજવાની શક્તિ ગુમાવી બેઠા છો. એ બધું આપણે કોઠે પડી ગયેલું હોય છે. એમ લાગે કે જુદા-જુદા પ્રકારનો ગનપાઉડર ભેગો થઇ ગયેલો છે! આ કોઈ નિર્દોષ ફૂલઝર છે પણ એ તો હવાઈ-ફટાકડાની જેમ ફૂટે છે! તે દારૂ ભેગો થઇ ગયેલો હોય એમ મનના ફટાકડા ફૂટ્યા કરે છે. જો પેલી વૃદ્ધા સાથે કોઈ મગજમારી ન હોય તેવી જ રીતે મનની સાથે પણ કોઈ મગજમારી ન હોય તો આપણે પણ તેની સાથે ટેવાઈ જઈએ. આપણે તો મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સાથે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ છે. આપણે તો જ્ઞાતા અને અંતઃકરણને સમજનારા છીએ. ટૂંકમાં, આ જ્ઞાતાજ્ઞેય સંબંધ છે, લગ્નનો સંબંધ નથી! માટે, શુદ્ધાત્મા તો દેખીતી રીતે જ અલગ છે તે તો હમેશાં અલગ જ રહેવો જોઈએ.

જિજ્ઞાસુ: કેટલાક લોકો બીજાનું શી રીતે વશીકરણ (Hypnotise) કરી લે છે?

દાદાજી: આ લોકો બીજાના અંતઃકરણનું જ વશીકરણ કરે છે. તેઓ અંતઃકરણના બધા જ અંગોનું વશીકરણ કરે છે. પહેલાં તો તેઓ ચિત્તને મોહિત કરી લે છે પછી અન્ય અંગોને મોહિત કરે છે. આખા અંતઃકરણને અસર પહોંચે છે. જ્યારે અંતઃકરણ ઉપર અસર થાય એટલે બહાર પણ (બાહ્યકરણને) અસર થાય છે. બાહ્ય અંગો મનના હુકમ પ્રમાણે વર્તે છે. જ્યારે કોઈ વશીભૂત થઇ જાય છે ત્યારે તે સમજણની શક્તિ ગુમાવી દે છે. તે એકદમ મતિશૂન્ય બની જાય છે. પછી જ્યારે તે હોશમાં આવે ત્યારે શું થયું તે યાદ નથી રાખી શકતો. તેના કાર્યશીલ અંગો મતિશૂન્ય બની જાય છે અને એવું લાગે છે કે જાણે એમાં કોઈ ચૈતન્ય જ નથી રહ્યું. આ વશીકરણની (Hypnotism) અસર બધા પર સરખી રીતે પડતી નથી. વશીકરણ ત્યારે જ શક્ય છે જ્યારે કર્મનો જૂનો હિસાબ ચૂકવવાનો હોય અને એ હિસાબ જ આવું પરિણામ લાવે છે. વશીકરણ (Hypnotism) લાંબો સમય ટકી ન શકે. એનો પ્રભાવ થોડાક જ સમય માટે હોય છે.

જિજ્ઞાસુ: વ્યક્તિ સાચો આનંદ અને શાંતિ કેવી રીતે અનુભવી શકે?

દાદાજી: જો તમે જ્ઞાનીપુરૂષની શરણમાં તમારું અંતઃકરણ સોંપીને એક કલાક માટે બેસી જાવ તો તમે આખા જગતને જીતી શકો છો. હું તમને દિવ્યદષ્ટિ આપીશ. હું તમને શુદ્ધાત્માનો અનુભવ કરાવીશ પછી તમે સંસારમાં ગમે ત્યાં જઈ શકો છો. તમે મોક્ષના દરવાજા સુધી પહોંચો ત્યાં સુધી શુદ્ધાત્મા તમારી સાથે રહેશે. અહીં અમારી હાજરીમાં તમારું અંતઃકરણ શુદ્ધ

થતું રહેશે. અંતઃકરણમાં જો તમને કોઈ દુઃખ હોય તો તે નામશેષ થઈ જશે. આ શુદ્ધિકરણને કારણે સાચા અર્થમાં આનંદ અને સાચી શાંતિ અનુભવાય છે.

જિજ્ઞાસુઃ જ્યારે હું જપ કરું છું ત્યારે મારા અંતઃકરણમાં જુદી-જુદી પ્રવૃત્તિઓ ચાલ્યા કરે છે. દાદાજી! કૃપા કરીને મને સમજાવો કે આ બધું શું છે? આ વિધિ કરતી વખતે કયું મન કામ કરે છે?

દાદાજીઃ આવું ઘણા ખરા સાધકો સાથે બને છે. તેઓ માનસિક રીતે તો વિધિ આચરે છે, હાથ તો માળા-જાપ કરવામાં અને પ્રાર્થના કરવામાં રોકાયેલા રહે છે પણ તેમનું ચિત્ત બીજી પ્રવૃત્તિઓમાં રોકાયેલું રહે છે. જ્યારે મન માળાના મણકા ગણવાનું નક્કી કરે છે ત્યારે આ પ્રવૃત્તિ આપોઆપ શરૂ થઈ જાય છે. હાથ એનું કામ કરવા માંડે છે. તે સમયે મન અને અહંકાર અંતઃકરણમાં કામ કરે છે. ત્યાં ચિત્તની હાજરી નથી. તે બહાર ભટકે છે. તે સમયે અહંકાર અભિમાન કરે છે કે મેં માળા ગણી. આમ તે આવનારા ભવનું વાવેતર કરે છે. અહંકાર જે કંઈ કરે છે તે પૂર્ણ Discharge છે. પણ જ્યારે કર્તવ્ય અદા થાય છે ત્યારે જે તે વ્યક્તિ અભિપ્રાય આપે છે અને પોતે તેનો કર્તા થાય છે. કર્મનું ફળ તો પોતાની અંદરના અભિપ્રાય પર આધાર રાખે છે. ''જ્યારે હું જપમાળા કરું ત્યારે જો ચિત્ત સ્થિર હોય તો એ ઘણું સારું''. એવી ભાવના હશે તે આવતા ભવમાં આજ્ઞાંકિત ચિત્ત મેળવીને કર્મના સારા ફળ પામશે. પણ જો કોઈ ફટાફટ જપમાળા કરી લેવા ઈચ્છતો હશે તો આવતા ભવમાં તે જપમાળા કરવાની તક નહિ મેળવી શકે! કર્મની Chargingની પ્રક્રિયા અભિપ્રાય પર આધારિત છે અને તેથી આવતા ભવ માટેની કર્મબીજની વાવણી પણ થાય છે.

જિજ્ઞાસુઃ બાળકો તેમના અભ્યાસને કેવી રીતે બરાબર યાદ રાખી શકે?

દાદાજીઃ બાળકો વાંચે છે....પણ જો તેમનું મન, બુદ્ધિ, ચિત્ત, અને અહં આ બધા હાજર હોય તો તેમને માત્ર એક જ વાર વાંચવાની જરૂર પડે. પણ જો તે અહીં વાંચતા હોય અને ચિત્ત જ્યાં ક્રિકેટની મેચ રમાતી હોય ત્યાં રખડતું હોય તો તેનું બધું વાંચેલું બેકાર..જો કોઈ ટેબલનો એક પાયો તૂટેલો હોય તો શું થાય? શું પરિણામ આવે? એવી જ સ્થિતિ અંતઃકરણની છે.

જિજ્ઞાસુઃ ઘણાં લોકો બધું છોડીને એકાંતની શોધમાં વનમાં જાય છે.

દાદાજીઃ આપણાં કવિરાજ નવનીતે શું કહ્યું તે તમે જાણો છો?

''ભીડમાં એકાંત એવી સ્વપ્નમયી સૃષ્ટિમાં,

સૂણનારો 'હું' જ ને ગાનારો 'હું' જ છું''.

સાંજે જ્યારે મુંબઈની લોકલ ટ્રેનમાં ભીડ ખૂબ જ હોય અને તમે તેમાં મુસાફરી કરતા હોય અને ચારે બાજુથી ધક્કા વાગતા

હોય ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ભારે ભીડમાં ઘેરાયેલા હોય અને બધાં જ રોકાયેલા હોય ત્યારે શુદ્ધાત્મા જોવા અને જાણવાની અમૂલ્ય ક્ષણોને માણતો હોય. ત્યારે ખરેખર તે એકલો જ હોય છે. તે વેળાએ તે સાચા અર્થમાં મુક્તિ અનુભવતો હોય છે. બીજું વધારામાં તમે ભીડની વચ્ચે હોવ ત્યારે ઘણાં બધા પદાર્થોને જાણવાના હોઈ જ્ઞાતા પણ તદાનુસાર આશ્ચર્યજનક રીતે મહોરી ઉઠે છે.

જ્યારે કોઈ ખરેખર ભીડની વચાળે હોય છે ત્યારે જ્ઞાતા તેના સમસ્ત પૂર્ણ પ્રકાશ સાથે ચમકી ઉઠે છે. જેમ-જેમ જ્ઞાતાનો વ્યાપ (સ્કોપ) વધતો જાય તેમ-તેમ એની શક્તિમાં પણ વધારો થાય છે. પણ ખરી મજા તો ભીડમાં જ છે. જ્યારે અંદર-બહાર ભીડ હોય, સર્વત્ર ભીડ હોય ત્યારે શુદ્ધાત્મા પોતાનું સાચું એકાંત માણે છે. તે વખતે શુદ્ધાત્મા કશાની સાથે તાદાત્મ્ય કેળવતો નથી. જો કે આ ફક્ત શુદ્ધાત્માનું જ્ઞાન 'સ્વરૂપ જ્ઞાન' મેળવ્યા પછી જ સંભવ બને છે પછી તેને જંગલમાં એકાંત શોધવાની જરૂર રહેતી નથી.

## ૭૯. સંસારનું અધિષ્ઠાન—મૂળભૂત આધાર

જિજ્ઞાસુઃ એક બાજુ શાસ્ત્રોમાં એમ કહેવામાં આવ્યું છે કે આત્મા તો અકર્તા છે, તે કશું કરતો નથી. તો પછી કોઈ આ સંસારના જીવનચક્રમાં શી રીતે આવે છે? મેં વાંચેલ ઘણાં શાસ્ત્રો, પવિત્ર ગ્રંથો અને સિદ્ધાંતોમાં પણ મને આનો સ્પષ્ટ ખુલાસો મળતો નથી.

દાદાજીઃ આ સંસારમાં ઘણાં લોકો એ શોધ્યા કરે છે કે એ કઈ બાબત છે જેના ઉપર જીવનચક્ર મૂળભૂતપણે આધારિત છે. આ પામવાનું ખૂબ જ વિકટ કાર્ય છે. ખરેખર તો, શુદ્ધાત્મા નહિ પણ આ સંસારમાં જીવનચક્રનો મૂળભૂત આધાર પ્રતિષ્ઠિત આત્મા છે. આ સંસારમાં જીવન-ચક્રનો સાચો આધાર તો અમારા દ્વારા સહજ ભાવે વ્યક્ત થયેલ છે.

જિજ્ઞાસુઃ જ્યારે શુદ્ધાત્મા જો જાતે કોઈ પ્રવૃત્તિ કરતો નથી તો તો પછી ભીતરમાં આ આંતરિક અને રહસ્યમય સૂક્ષ્મ પ્રવૃત્તિઓ કોણ કરે છે?

દાદાજીઃ આ બધું તો પ્રતિષ્ઠિત આત્મા જ કરે છે. પ્રતિષ્ઠિત આત્મા અર્થાત્ ગયા જન્મમાં ભીતરમાં જે તે કર્મો કર્યાં, જે-જે પ્રતિષ્ઠાઓ કરી તે પછીથી આ જન્મમાં પ્રતિષ્ઠિત આત્મા રૂપે થઈને નવા શરીરમાં આવે છે. બીજા શબ્દમાં તે 'આરોપિત આત્મા' કહેવાય છે.

જિજ્ઞાસુઃ દાદાજી! આ પ્રતિષ્ઠા જીવનમાં શી રીતે થાય છે?

દાદાજીઃ કોઈ કહે કે, 'હું અમિત છું, આ મારું શરીર છે, આ મારું મન છે, અને જે કાંઈ થાય છે તે મારા લીધે થાય છે'. વગેરે પ્રતિષ્ઠાઓ કહેવાય છે. આ પ્રમાણેનો આરોપિત ભાવ નવા પ્રતિષ્ઠિત આત્માનું સર્જન કરે છે અને શુદ્ધાત્મા સાથે તે બીજા

જન્મમાં જાય છે.

જે બધે આરોપણ કરે છે એને આરોપિતઆત્મા કહેવાય છે. તે આરોપિત 'સ્વ' અથવા પ્રતિષ્ઠિત આત્મા કહી શકાય. કોઈ જે કાંઈ પણ કરે તેમાં તે 'સ્વ' એટલે કે 'હું-પણા' ને ઉપરથી લાદે છે. આ જન્મમાં વિસર્જન વખતે, તે સૂક્ષ્મ રીતે ફરી 'હું-પણું' આરોપિત કરી વળી પાછું નવું સર્જન કરે છે. તે આપણને શી રીતે સમજાય? જે સર્જાય છે તે નવો પ્રતિષ્ઠિત આત્મા છે. આ આરોપિત સ્વ કે પછી પ્રતિષ્ઠિત આત્મા આપણી સાથે અન્ય જન્મમાં જાય છે. આ આરોપણને કોઈ શી રીતે સમજી શકે! કે જે નવો રચાયેલ છે તે બીજો પ્રતિષ્ઠિત આત્મા થયો. આ બાબત આપણે કેવી રીતે સમજી શકીએ?

અહંકાર (હું) અને મમતા (મારું) આ બંને સાથે રહીને પ્રતિષ્ઠિત આત્માનું સર્જન કરે છે. જ્યાં 'હું' અને 'મારું' જેવો કોઈ ભાવ (લાગણી) નથી હોતો ત્યાં કષાય (ક્રોધ-માન-માયા-લોભ) હોતા નથી. આ 'હું' અને 'મારું' તો અનાત્મ સાથેનો કષાયિક સંબંધ છે અને તે જ પ્રતિષ્ઠિત આત્મા છે. શુદ્ધાત્મા તો અકષાયી છે.

જિજ્ઞાસુઃ અરે ભગવાન! તો શું પ્રતિષ્ઠિત આત્મા જ આ બધી પ્રવૃત્તિઓ કરતો રહ્યો છે?

દાદાજીઃ હા, શુદ્ધાત્મા તો કશું જ કરતો નથી. હરવું-ફરવું આ બધું અનાત્મ (પ્રતિષ્ઠિત આત્મા) ના ગુણધર્મ છે. શુદ્ધાત્માની આવી કોઈ પ્રવૃત્તિ હોતી નથી. આત્મા તો કદીયે રાત્રે કે દિવસે ઊંઘતો નથી, પ્રતિષ્ઠિત આત્મા જ ઊંઘે છે. જે પ્રવૃત્તિ કરે છે તે ઊંઘે છે. જે અંગ પ્રવૃત્તિ કરે છે તેને આરામની જરૂર હોય છે. શુદ્ધાત્મા કોઈ પ્રવૃત્તિ કરતો નથી, તો પછી તેને આરામની શી જરૂર હોય? આરામની જરૂર કોને હોય છે? જેને આરામમાં રસ-રૂચિ હોય અને તે કોણ છે? તે પ્રતિષ્ઠિત આત્મા છે. આ બધી પ્રવૃત્તિઓ પ્રતિષ્ઠિત આત્મા સાથે સંબંધ ધરાવે છે. પ્રતિષ્ઠિત આત્માએ ગાઢ નિદ્રા માણી કે નહિ. એ કોણે જાણ્યું? શુદ્ધાત્માએ.

જિજ્ઞાસુઃ તો શુદ્ધાત્મા આખો વખત કશું કરે છે ખરો?

દાદાજીઃ શુદ્ધાત્મા પ્રતિષ્ઠિત આત્માની કોઈપણ ક્રિયામાં દખલ દેતો નથી. માત્ર એ તો જુએ છે અને જાણે છે. આ બધી દખલ તો પ્રતિષ્ઠિત આત્માની છે. જે પ્રતિષ્ઠિત આત્માને જાણે છે તે શુદ્ધાત્મા છે. પ્રતિષ્ઠિત આત્માને દુઃખનું શું કારણ? કારણ એ જ કે તેને અનાત્મ પ્રત્યે આસક્તિ અને રૂચિ છે.

શુદ્ધ આત્મા કોઈપણ રસ-રાગથી પર છે, આસક્તિ કે મોહથી પર છે. તે જ્ઞાતા છે, જુએ છે અને સ્વયં આનંદરૂપે છે. શુદ્ધાત્મા સ્વયંપ્રકાશિત છે અને અન્યને પ્રકાશિત કરે છે જ્યારે પ્રતિષ્ઠિત આત્મા સ્વયંપ્રકાશિત નથી. શુદ્ધાત્મા પ્રતિષ્ઠિત આત્માને જુએ છે અને જાણે છે માટે પ્રતિષ્ઠિત આત્મા જ્ઞેય છે. શુદ્ધાત્મા અને પ્રતિષ્ઠિત આત્માનો સંબંધ માત્ર જ્ઞાતા અને જ્ઞેયનો જ છે.

જિજ્ઞાસુઃ તો દુઃખ કોને પડે છે?

દાદાજીઃ તમે જ દુઃખી થાવ છો. શું તમે આત્મા નથી? તમે આત્મા ખરા પણ પ્રતિષ્ઠિત આત્મા છો! તમે સાચા આત્માને (શુદ્ધાત્મા) જાણ્યો નથી કે ઓળખ્યો જ નથી. તો પછી તમે એ રૂપ શી રીતે હોઈ શકો? પણ હા, જો તમે શુદ્ધાત્માને જાણો અને તેમાં જ નિરંતર રહો, તો તમે શુદ્ધાત્મા; પણ જો એમ માનો કે, 'હું અમિત જ છું' અને 'આ શરીર મારું છે' તો પછી તમે પ્રતિષ્ઠિત આત્મા કહેવાઓ. તમે તમારા અહંકાર અને મમતાની સ્થાપના કરેલી છે એટલે તમે પ્રતિષ્ઠિત આત્મા છો.

જિજ્ઞાસુઃ કૃપા કરીને દૃષ્ટાંત સાથે સમજાવો.

દાદાજીઃ જાપાનમાં બનેલી એક કાર અને તેની કાર્ય સંરચના એવી કે તે ચાલુ થયા પછી દસ કિલોમીટર દોડ્યા પછી જ ઊભી રહે. ચાર લોકો તેમાં સવાર થયા. કાર દોડવા લાગી કારણ કે તેમાં એ રીતનો પ્રોગ્રામ નાખવામાં આવેલો હતો. તે લોકો દોઢેક કિલોમીટર જેટલું ગયા. તેઓ જે વ્યક્તિને મળવા જતા હતા તે વ્યક્તિને રસ્તામાં આવતી જોઈ. તેણે કહ્યું-"જય સચ્ચિદાનંદ. અરે ભાઈ! તમે જરા થોભો, જરા થોભો!" પણ તેઓ શી રીતે ગાડીને રોકે કારણ કે તેનો પ્રોગ્રામ જ એવો હતો કે તેને એકી સાથે પાંચ કિલોમીટર સુધી દોડવું જ પડે!

જિજ્ઞાસુઃ તે 'યુ- ટર્ન' પણ લઈ શકે છે ને તો પછી!

દાદાજીઃ આ તો સમજવાની વસ્તુ છે. તેઓ કદાચ 'U turn' લઈને થોભવાનો પ્રયત્ન કરે તો પણ ગાડીમાં બેઠેલા લોકો અથડાતા-કુટાતા જ્યાં સુધી પેલા દસ કિલોમીટર પૂરા ન થાય ત્યાં સુધી તો કારમાં જ ચક્કર પર ચકકર મારતા રહેત. સંસાર આવો છે. કારને પોતે જ પ્રોગ્રામ આપેલો પણ એ કેવું હાસ્યાસ્પદ છે કે તે પોતે પોતાની મરજીથી તેને રોકી ના શકે. યુ-ટર્ન લીધા પછી પણ ગોળ ગોળ ચક્કર ખાધા કરવા પડે એ કેવું હાસ્યાસ્પદ કહેવાય! કોઈ પોતાની પ્રતિષ્ઠા કરે છે પણ સાહજિક વિસર્જનના સમયે તેને લાગે છે કે તે પોતાની જાળમાં જ ફસાયેલો છે.

જે સાંભળે છે તે પ્રતિષ્ઠિત આત્મા છે. જે જુએ છે તે પ્રતિષ્ઠિત આત્મા છે, જે પાંચ ઇન્દ્રિયો દ્વારા અનુભવે છે તે પણ પ્રતિષ્ઠિત આત્મા કહેવાય. પણ જે પ્રતિષ્ઠિત આત્માને ઓળખે અને સમજે છે તે શુદ્ધાત્મા છે. ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત જ્ઞાન તે પ્રતિષ્ઠિત આત્માનું જ્ઞાન છે અને શુદ્ધાત્માનું જ્ઞાન ઇન્દ્રિયોથી પર છે. પ્રતિષ્ઠિત આત્માનું જ્ઞાન પરોક્ષ અને મર્યાદિત છે અને શુદ્ધાત્માનું જ્ઞાન પ્રત્યક્ષ અને અમર્યાદિત છે. પ્રતિષ્ઠિત આત્માએ ચાર્જ કરેલ ઊર્જાઓનું ગલન થાય છે. અંતે તો પ્રતિષ્ઠિત આત્મા અને શુદ્ધાત્મા બંને જુદા પડી જવાના. જો કે મોક્ષની સ્થિતિમાં શુદ્ધાત્મા નિરાકાર હોવા છતાં છેલ્લા દેહના પ્રમાણમાં સાકારી પ્રમાણમાં છે. સ્થૂળ કે સૂક્ષ્મની સઘળી આપ-લે, લેવડ-દેવડ પ્રતિષ્ઠિત આત્માની છે. કોઈ લૂંટી શકતું નથી કે કોઈ લૂંટાઈ પણ શકે નહિ. આ બધી પ્રતિષ્ઠિત આત્મા દ્વારા રચિત પ્રતિષ્ઠાના સંસારમાં લેતી દેતી ચાલે છે.

જિજ્ઞાસુઃ જો આપણે કોઈ જીવને મારી નાખીએ તો તે પાપ કહેવાય કે નહિ?

દાદાજીઃ જો તમે પ્રતિષ્ઠિત આત્માને બાળો તો તે ભયાનક પાપ લાગે. કેવી રીતે? કારણ તે પોતે તે સ્વરૂપ જ છે. જો તમે આ ટેબલને બાળી દો તો તે પાપ નથી. પણ જો તે ટેબલમાં કોઈએ માલિકીભાવ આરોપિત કર્યો હોય અને એમ કહે કે, ''આ મારું છે'', તો એના ટેબલને તમે બાળો કે નાશ કરો તે પાપ કહેવાય.

જ્યારે કોઈ એમ માને કે, 'હું આને ભોગવું છું' ત્યારે તેનો માલિકીભાવ ઘડાય છે. (વસ્તુ પ્રત્યે) માલિકીભાવ હોવાથી 'હું ભોગવું છું' આપોઆપ લાગુ પડે છે. આ બધી સામગ્રી બીજું કાંઈ નહિ પણ આનંદ ભોગવતી વેળાની તમારી આસક્તિનું ફળ છે. આમ, માણસ પોતાના દ્વારા પ્રતિષ્ઠિત કર્મોનું જ ફળ ઉપાર્જિત કરે છે. જો તમે કશાકમાં સુખનું આરોપણ (પ્રતિષ્ઠા) લાગુ કરો છો ત્યારે તમને લાગે છે કે જાણે તમે તેમાંથી આવતા સુખનો અનુભવ કરી રહ્યા છો. અણગમો પણ વ્યક્તિ દ્વારા પૂર્વે બાંધી લીધેલી ધારણા છે અને જુદી-જુદી બાબતોમાં તમારો બધો આનંદ કે ઉદાસી (ગમો કે અણગમો) પણ ભૂતકાળમાં બાંધી લીધેલી ધારણા પર આધાર રાખે છે. અર્થાત્ જેવી પ્રતિષ્ઠા કરે તેવું ફળ મળે.

જિજ્ઞાસુઃ બધા કહે છે કે શુદ્ધાત્મા જ માત્ર અનુભવી શકે છે.

દાદાજીઃ શુદ્ધાત્મા કર્તારૂપે કે ભોક્તારૂપે કદીયે હોતો નથી. શુદ્ધાત્મા અને ભોગવવાપણું- વેદકતા બન્ને પરસ્પર વિરોધાભાસી છે. કર્તા તરીકે કે ભોક્તા તરીકે વેદકતા દેખાઈ તે તો પ્રતિષ્ઠિત આત્માની છે. જે-જે ક્રિયાઓ આંખો દ્વારા દૃશ્યમાન છે અને ઈન્દ્રિયગમ્ય છે તેને શુદ્ધાત્મા સાથે કોઈ નિસ્બત નથી. આ બધી ક્રિયાઓ પ્રતિષ્ઠિત આત્માની છે.

શુદ્ધાત્માની ક્રિયા માત્ર જ્ઞાનગમ્ય ક્રિયા છે. અનંત જ્ઞાનક્રિયા અને અનંત દર્શનક્રિયા સંબંધિત તેની શક્તિ છે. જો વ્યક્તિએ શુદ્ધાત્મા સ્વરૂપને પ્રાપ્ત કર્યું હોય તો જ આ સમજી શકાય છે અને ત્યારે જ એ પોતે શુદ્ધાત્માની અક્રિયતાને સમજી શકે છે. જ્યાં સુધી વ્યક્તિ શુદ્ધાત્મા થયો નથી ત્યાં સુધી તે પોતે પ્રતિષ્ઠિત આત્મા છે તેમ જ કર્તા ભોક્તાની સ્થિતિમાં છે. જ્યારે ભોક્તારૂપે, તે કર્તાપણું માને છે ત્યારે નવી મૂર્તિ ઘડે છે અને બીજા જન્મ માટે પ્રતિષ્ઠિત આત્માની પ્રતિષ્ઠા કરે છે; તે પોતાનું નવું રૂપ ઘડીને સંસારની એ જ જૂની ઘરેડને અનુસરે છે. શુદ્ધાત્મા તો માત્ર જ્ઞાતાદૃષ્ટા જ છે.

જિજ્ઞાસુઃ દરેકને પોતાનો ચહેરો ખૂબ જ ગમતો હોય છે. આવું કેમ?

દાદાજીઃ પ્રતિષ્ઠિત આત્માએ આ માળખું ઊભું કર્યું છે. એટલે જ દર્પણમાં બધાને પ્રતિબિંબત થયેલો પોતાનો ચહેરો વધારે ગમે છે. અન્યથા કોઈને ગમે નહિ. આ બધી રચના પ્રતિષ્ઠિત આત્માની છે.

જિજ્ઞાસુઃ કર્મબંધ કેવી રીતે થાય છે?

દાદાજીઃ જ્યાં સુધી પ્રતિષ્ઠિત આત્મા એમ માને છે કે, 'હું કર્તા છું', તે કર્મનાં બીજ રોપે જ જાય છે. આમ દરેક માણસ પોતે જ બીજા જન્મનું ઘડતર કરે છે. 'જેવું વાવો તેવું લણો.!' તમારી પ્રતિષ્ઠા મુજબ તમને રૂપ મળશે. તમારી પોતાની પ્રતિષ્ઠા જ પ્રતિષ્ઠિત આત્મા છે અને એ જ બધાનો કર્તાહર્તા- વ્યવહાર આત્મા કે જીવાત્મા કહેવાય છે.

આખી દુનિયા સત્યને પામવા માટે ફાંફાં મારે છે. જે પરમાત્મા પોતાનામાં ઝળહળી રહ્યો છે તે સત્ છે પણ કોઈ Real આત્માને પામી શક્યું નથી, તે સાપેક્ષ (Relative) આત્મા એટલે કે પ્રતિષ્ઠિત આત્માને જ પામે છે.

''પ્રતિષ્ઠિત આત્માને ભાવના ભાવવા સિવાય અન્ય કોઈ ખાસ શક્તિ નથી''.

ઉત્ક્રાંતિને લગતા ચક્રમાં જે આત્માઓનો પ્રવેશ થયો નથી તે હજી પ્રતિષ્ઠિત આત્મા સાથે અવ્યવહાર રાશિમાં જ હોય છે. અવ્યવહાર રાશિમાં જીવ હોય છે ત્યાં સુધી તેમનો વિકાસ થયો હોતો નથી, તેઓ જ્યારે વ્યવહાર રાશિને પ્રાપ્ત કરે ત્યારે તેઓ નામ પ્રાપ્ત કરે છે. ત્યાંથી તેમનું વ્યવસ્થિત શરૂ થાય છે.

જિજ્ઞાસુઃ અંતઃકરણ, પ્રતિષ્ઠિત આત્મા અને શુદ્ધાત્મા પરસ્પર કઈ રીતે સંબંધિત છે?

દાદાજીઃ પ્રતિષ્ઠિત આત્મા અંતઃકરણનો સ્વામી છે પણ તેનાથી તે અલગ છે. તે મન, બુદ્ધિ, ચિત્ત અને અહં આ બધાથી અલગ છે. મન કહે છે, ''મારે આ કરવું છે, પણ જો પ્રતિષ્ઠિત આત્મા કહે કે, ના, એ નથી કરવું'', એટલે પછી તે ન થાય. હવે આમાં જે ભાવ છે તે પ્રતિષ્ઠિત આત્માનો છે. શુદ્ધાત્મા તો કેવળ જ્ઞાતાદૃષ્ટા જ છે. અંદર જાગતી ઈચ્છાઓ પ્રતિષ્ઠિત આત્મા દ્વારા પોષાય છે. મન સાથે પ્રતિષ્ઠિત આત્મા ભળે તે શુદ્ધાત્મા જાણે અને તેની અલિપ્તતાને પણ જાણે છે..

અજ્ઞાની વ્યક્તિ પણ પ્રતિષ્ઠિત આત્માને મનથી અલગ પાડીને તેના યોગબળે કેટલીક શક્તિઓ પ્રાપ્ત કરે છે.

જિજ્ઞાસુઃ શુદ્ધાત્માના અનુભવ પછી કર્મનું શું થાય છે?

દાદાજીઃ શુદ્ધાત્મા પદ પ્રાપ્ત કર્યા બાદ આપણે કોઈ નવી પ્રતિષ્ઠા નથી કરતા. જે પ્રતિષ્ઠા પહેલાં થઇ ગયેલી છે તે ચાલતી રહે છે અને તે વ્યવહાર (દુન્યવી બાબતો) માટે છે. આપણે આને આપણી ભાષામાં નિરહંકાર કહીએ છીએ. કર્મનાં નવા ચિતરામણ બંધ થાય છે. આ તો એક નવી નવાઈ જ છે! જો એકાદ જન્મમાં પણ આવી પ્રતિષ્ઠા ન થાય તો તે મોટી ઉપલબ્ધિ કહેવાય! જ્ઞાનીનો સ્વાનુભૂત 'હું' શુદ્ધાત્મા છે તેથી તે શુદ્ધાત્માને જ પહોંચે છે જ્યારે અન્યનો 'હું' તો માત્ર પ્રતિષ્ઠિત આત્મા માટે જ છે. આ બધાને પરાયું સમજે છે તે આત્મજ્ઞાની છે. જ્ઞાની પ્રતિષ્ઠિત આત્માને પણ પરાયો જાણે છે. જ્ઞાની જે કાંઈ ઐહિક છે તેને જાણે-સમજે છે અને પ્રતિષ્ઠિત આત્માને પણ ઓળખે છે. તેથી તે નવું કર્મ બાંધતો નથી. પણ અજ્ઞાની ભૂલથી પ્રતિષ્ઠિત આત્માને 'હું' માની લે છે અને નવાં કર્મ બાંધે છે.

જિજ્ઞાસુઃ સાંસારિક વ્યવહારમાં ચેતનનો ઉપયોગ થાય છે તે શું શુદ્ધાત્માનું છે?

દાદાજીઃ આ વપરાતું ચેતન પ્રતિષ્ઠિત આત્માનું જ છે. શુદ્ધાત્માને જરાય ગુમાવવાનું નથી. બેટરી ચાર્જીંગ સ્ટેશન તો માત્ર બેટરીને ચાર્જ કરે છે. અને આમ કરવામાં તેની શક્તિ જરાય ઓછી થતી નથી. આ બધાં કાર્ય જન્મના જુદા-જુદા ફેરામાં જીવ કરતો હોય છે પણ ગુણવત્તાની રીતે તો સોનું તો શુદ્ધ સોનું જ રહેશે, કશું જ ઓછું થવાનું નથી. પણ હા, ઘડામણ તો લાગતી જ રહેવાની. ભેંસનું રૂપ ઘડવામાં મહેનત વેડફાઈ ગઈ! જીવ નરકમાં જુદા-જુદા જીવન (ભવ) માં રખડ્યો છે પણ સોનું તો સોએ સો ટકા સોનું જ રહ્યું છે. સોનાના કદીયે ૧૦૦%ના ૯૯% ટકા થયા નથી.

આ જે કાંઈ વધઘટ થાય છે તે માત્ર પ્રતિષ્ઠિત આત્મામાં જ થાય છે. ચાર્જ અને ડિસ્ચાર્જની પ્રક્રિયા પ્રતિષ્ઠિત આત્મામાં જ થાય છે. મિશ્ર ચેતનમાં થાય છે, શુદ્ધાત્મામાં નહિ.

જિજ્ઞાસુઃ ગુરુદેવ! શું વિચારવાનું કાર્ય પ્રતિષ્ઠિત આત્મા દ્વારા થાય છે?

દાદાજીઃ અરે! પ્રતિષ્ઠિત આત્મા પણ એટલો શુદ્ધ હોય છે કે તે વિચાર કરી ન શકે. વિચાર તો મનનું જ સ્વરૂપ છે. જ્યારે ગાંઠ ફૂટે છે ત્યારે વિચારદશા પ્રાપ્ત થાય છે. ધર્મનો વિચાર કે કશુંક ચોરી લેવાનો જે કોઈ વિચાર ઉદય પામે છે તે તો મનની ગ્રંથિઓ છે. જો પ્રતિષ્ઠિત આત્મા વિચારી શકતો હોત તો બુદ્ધિનું કોઈ સ્થાન જ ન રહેત અને તે કમ્પ્યુટર જેવી થઈ જાય.

જ્યારે પ્રતિષ્ઠિત આત્મા કોઈ અંતઃક્રિયા કરે છે. તેની પહેલી કામગીરી અંતઃકરણમાં જ થાય છે. પછી એ જ વસ્તુ બાહ્યકરણમાં ભૌતિક રૂપે થાય છે. જે આ અંતઃકરણને પારખી શકે તેને બાહ્યકરણની પણ ખબર પડે પણ વ્યક્તિએ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંને ઓળખવાનું આવડવું જોઈએ. મન, બુદ્ધિ, ચિત્ત અને અહં પ્રતિષ્ઠિત આત્માનાં અંગ છે. આ રીતે જોઈએ તો અંતઃકરણ એ જ પ્રતિષ્ઠિત આત્મા તેમ કહી શકાય.

અંતઃકરણ જે કાંઈ બતાવે છે તે બાહ્ય ક્રિયાઓ તરીકે રૂપકમાં આવે છે. મસ્તિષ્ક પણ અંતઃકરણ સાથે જોડાયેલું છે પણ તે સ્થૂળ છે. જ્યારે અંતઃકરણ તો જટિલ છે. અંતરમાં જે-જે ક્રિયાઓ ચાલે છે તે પ્રતિષ્ઠિત આત્માની છે.

જિજ્ઞાસુઃ શું પ્રતિષ્ઠિત આત્મા ખૂબ જ સમર્થ છે?

દાદાજીઃ પત્થરની પ્રતિમાની પ્રતિષ્ઠા પણ લોકોને લાંબા સમય સુધી ખૂબ જ મદદરૂપ થઈ પડે છે. આ પ્રતિષ્ઠાની વિધિ પણ કેટલી સમર્થ છે! તેનામાં લોખંડ પણ હવામાં ઊડવા લાગે એવી શક્તિ હોય છે!

આ સંસારમાં વિજ્ઞાનની આ શોધખોળો પ્રતિષ્ઠિત આત્માએ કરેલી છે. પ્રતિષ્ઠિત આત્મા પાસે ઘણી બધી શક્તિઓ છે પણ શુદ્ધાત્મા તો અનંત શક્તિઓ ધરાવે છે. આત્મામાં એવી ચમત્કારિક શક્તિઓ છે કે યોગ્ય પ્રતિષ્ઠા દ્વારા તેનાથી દીવાલ પણ

બોલતી થઈ જાય. અર્થાત્ જો તમે પ્રતિમામાં પ્રતિષ્ઠા કરો તો તમને તે રૂપમાં ભગવાન મળે છે પણ જો તમે અમૂર્તમાં પ્રતિષ્ઠા કરો તો તમને અમૂર્ત ભગવાનનો અનુભવ થશે!

## ૮૦. માનવદેહ મોક્ષનો અધિકારી.

જિજ્ઞાસુ: ડાર્વિને ઉત્ક્રાંતિવાદ સમજાવેલો છે, જે ખૂબ જ જાણીતો છે.

દાદાજી: ડાર્વિને ઉત્ક્રાંતિવાદ રજૂ કર્યો છે પણ તે અપૂર્ણ છે.

જિજ્ઞાસુ: અપૂર્ણ કેવી રીતે?

દાદાજી: તે અધૂરો છે. તે જાણતો ન હતો કે માનવજીવન પછી ઉતરતી જીવયોનિમાં પરિવર્તન થઈ શકે છે તે તેણે વિચારેલું નથી. આથી તે આપણને ઉત્ક્રાંતિનો પૂર્ણ અને સ્વીકાર્ય સિદ્ધાંત આપી શક્યો નથી. માનવભવ સિવાય બીજી કોઈ યોનિ નથી જેને મોક્ષનો અધિકાર પ્રાપ્ત થયો હોય. માનવભવ તો મોક્ષનો હકપત્ર છે. જો કોઈને માનવભવ મળે અને મોક્ષપ્રાપ્તિના સાધનો તથા અનુકૂળ સંજોગો મેળવે તો તેનું જીવન સાર્થક થઈ જાય. પણ અત્યારે માણસો તો નિશ્ચેતન-ચેતનની દશામાં છે. આ બધા તો ફરતા ભમરડા જેવા છે!

જિજ્ઞાસુ: કૃપા કરીને સમજાવો કે લોકો કેવી રીતે ભમરડા જેવા અને નિશ્ચેતન-ચેતન છે?

દાદાજી: લોકો જે 'ભાવમન' અને 'દ્રવ્યમન' માને છે તે તો નિશ્ચેતન-ચેતન છે. શુદ્ધ ચેતન તો જ્ઞાનીપુરૂષ આપે તે જ. બાકીનું તો યંત્રવત છે. એ તો અજીવ, જૂના કર્મો અનુસાર ચાલતું અને આ ભવમાં માત્ર તે ગલનકાર્ય (discharge) રૂપ જ છે.

આ મશીનરી સ્વયંસંચાલિત છે પણ કોઈ એમ કહે કે, "હું તેને ચલાવું છું".-'મેં કર્યું છે'; આ બીજું કાંઈ નહિ પણ નર્યો અહંકાર છે. મન તો ગ્રંથિઓનું બનેલું છે. આ ગ્રંથિઓ ક્યારેક ફળદાયી બને છે. જો તમારા કર્મનું ફળ મિશ્રચેતન સંલગ્ન હોય તો તો પછી માત્ર ગૂંચવાડો જ થાય. આપણે મિશ્રચેતનને છોડી દઈએ છતાંય સામો પક્ષ આપણને છોડે નહિ. જો તમે અચેતનને છોડો તો તેના તરફથી કોઈ તકલીફ, સમસ્યા કે દાવો હોતો નથી.

ડૉક્ટરને તો મન નથી દેખાતું પણ તે જ્ઞાનીને દેખાય છે. મન સંપૂર્ણપણે ભૌતિક છે જ્યારે Sub-Conscious Mind એ નિશ્ચેતન-ચેતન છે.

જિજ્ઞાસુ: જો કે જીવ અને ચેતન આ બંને શબ્દો એકબીજાને બદલે વપરાય છે.

દાદાજી: સ્પષ્ટ કહું તો નિશ્ચેતન-ચેતન દશાને અદ્વૈત દશા કહી શકાય. એને જીવ પણ કહી શકાય પણ ચેતન (શુદ્ધાત્મા) ન

કહી શકાય. આપણાં મહાત્માઓએ શુદ્ધચેતન પ્રાપ્ત કરેલ છે. આપણું શરીર નિશ્ચેતન- ચેતન છે અને આપણે 'પોતે' શુદ્ધ ચેતન છીએ..

નિશ્ચેતન ચેતનમાં નિશ્ચેતન વિશેષણ છે. અર્થાત્ તે જીવનરહિત હોવા ઉપરાંત જીવંત દેખાય છે! જ્યાં સુધી તમે શુદ્ધ ચેતન નથી થયા ત્યાં સુધી તમે નિશ્ચેતન-ચેતન(જીવ) છો. સર્વે નિશ્ચેતન-ચેતન છે, ભલે તે સાધુ હોય કે સંન્યાસી! મનુષ્ય હોય કે તિર્યંચ જીવરૂપે હોય, વનસ્પતિ, પક્ષીઓ તેમજ પ્રાણીઓ, નારકીય જીવો અને દેવો-આ બધા નિશ્ચેતન-ચેતનની દશામાં આવે છે. અર્થાત્ તેમને ભમરડા કહેવાય.. જ્યાં સુધી શુદ્ધાત્માનો સાક્ષાત્કાર થયો ન હોય ત્યાં સુધી તે નિશ્ચેતન-ચેતન છે. તમે જ્યાં સુધી જ્ઞાનીપુરૂષના સંપર્કમાં ન આવો ત્યાં સુધી તમે જીવ એટલે કે નિશ્ચેતન ચેતન છો. 'હું' વિશ્વનો માલિકી વગરનો સ્વામી છું. કોઈ સત્તા ધારણ નથી કરેલી કે માલિકી પણ નથી કારણ કે 'હું' પ્રગટ રૂપે શુદ્ધ ચેતન છું. જે-જે ઘટનાઓ અને તબક્કાઓ (phases) આવે તે નિશ્ચેતન—ચેતન છે. એ તો આવે અને જાય છે. દરેક ઘટના અથવા અવસ્થાઓને જાણવા-સમજવા અને સમભાવે નિકાલ કરવાનું આવડતું હોવું જોઈએ જેથી હિસાબ સરભર થાય. દરેકે એ જાણવું જોઈએ કે પરિસ્થિતિઓ અથવા ઘટનાઓ આવે તેમનો સામનો શી રીતે કરવો? જો તમે ક્યાંક અટવાઈ જાવ તો તમે દુઃખી થશો અને તમે આનંદ ગુમાવી દેશો. આ જગતની નિયંતા શક્તિ પણ નિશ્ચેતન-ચેતન છે. નિશ્ચેતન ચેતનમાં જ અજંપો, આધિ-વ્યાધિને ઉપાધિના ત્રિવિધ તાપ થાય છે. જ્યારે શુદ્ધ ચેતનમાં આનંદ, પરમ આનંદ અને સમાધિ હોય છે.

જિજ્ઞાસુઃ તો પછી અંતરાત્માનો કયો ભાગ જીવનની બધી ચિંતાઓ અને દુઃખોમાંથી પસાર થાય છે?

દાદાજીઃ દુઃખ, ચિંતા, વ્યગ્રતા અને અજંપો નિશ્ચેતન-ચેતનમાં હોય છે. ચિંતા અને વ્યગ્રતા નિશ્ચેતન-ચેતનને જ હોય પણ માણસ વિચારે છે કે, 'હું અમિત છું' - (જીવ-નિશ્ચેતન—ચેતન). વિવિધ ઉપાધિઓ જેવી કે ચિંતાઓ, વ્યગ્રતા અને શોક (માનસિક, શારીરિક કે અન્ય) વગેરે નિશ્ચેતન-ચેતનમાં જન્મે છે. કોઈ હકીકતે ચેતન સ્વરૂપમાં જીવતું જ નથી. જ્ઞાન ભાષામાં આ બધા નિશ્ચેતન-ચેતન જીવ છે.

જિજ્ઞાસુઃ દાદાજી નિશ્ચેતન-ચેતનની રચનાનું ચક્ર ક્યાં સુધી ચાલતું રહેશે?

દાદાજીઃ ભ્રમણાઓને કારણે શુદ્ધાત્મા ઉપર કોઈ 'હું અમિત છું' એવું માની લે છે. પોતે શુદ્ધાત્મા જ છે અને જ્યાં તે ખુદ નથી ત્યાં તે સ્વયંને પ્રતિષ્ઠિત કરે છે અને આમ નિશ્ચેતન- ચેતન ઉભું કરે છે. અને માને છે કે તે અમિત જ છે. જ્યાં સુધી આ ભ્રમ ભાંગે નહિ ત્યાં સુધી આ પ્રકારની પ્રતિષ્ઠાની પ્રક્રિયા ચાલતી જ રહેવાની. જો કોઈ 'હું શુદ્ધાત્મા છું' એવું લક્ષ્ય રાખે તો નિશ્ચેતન-ચેતનમાં પુનઃપતિત નથી થતો. શુદ્ધાત્માનો સાક્ષાત્કાર થયા પછી જ શુદ્ધ ચેતન સમજાય છે અને તે ભ્રમ અને ભૂલ ભરેલી માન્યતાઓથી મુક્ત થાય છે.

જીવ(નિશ્ચેતન-ચેતન) જેવો પોતાના અમૂક કર્મોથી મુક્ત થાય છે ને સાથે-સાથે 'હું ફલાણો-ફલાણો છું' એવી ખોટી માન્યતાને કારણે વળી પાછો ફરી નવાં કર્મને વીંટે છે.

## ૮૧. શરીરના ત્રણ પ્રકાર.

જિજ્ઞાસુ: કહેવાય છે કે ત્રણ પ્રકારનાં શરીર હોય છે.

દાદાજી: હા, આપણી અંદર ત્રણ પ્રકારનાં શરીર હોય છે. (૧) તૈજસ દેહ (electrical body) (૨) કારણ દેહ (causal body) અને (૩) સ્થૂળ દેહ (gross body).

જિજ્ઞાસુ: આ તૈજસ દેહ એટલે શું?

દાદાજી: તૈજસ દેહ આપણી અંદર અનંતકાળથી રહે છે. તૈજસ દેહ ખૂબ જ સૂક્ષ્મ હોવાથી તેને સૂક્ષ્મ દેહ પણ કહેવામાં આવે છે. તે આહાર પચાવે છે અને ઊર્જા પેદા કરે છે. તે લોહીને ફરતું રાખે છે. તેનું તંત્ર આખા શરીરમાં વ્યાપ્ત છે. તેના કારણે શરીરનું તંત્ર કાર્યરત રહે છે. કોઈક કાર્મિક કમી હોય તો તે વ્યક્તિનું પાચનતંત્ર ખૂબ જ કમજોર હોઈ શકે છે. દેહની અંદરનો તૈજસ દેહ આ બધા કાર્યો કરે પણ જ્યારે બહારનું શરીર તેને નબળો પ્રતિસાદ આપે છે ત્યારે તે નબળું પડી જાય છે. દેહની સૂક્ષ્મ તેજ-રાશિ અને આભા આ તૈજસ દેહને પરિણામે છે.

જિજ્ઞાસુ: લોકોનું આભામંડળ અલગ-અલગ હોય છે.

દાદાજી: દેહના આભામંડળના ચાર કારણો છે.

(૧) લક્ષ્મીનું તેજ: આ તેજ અમીરી જીવન, સમૃદ્ધિ, આરામ અને સુખમાંથી આવે છે.

(૨) ધર્મનું તેજ : તે ધર્મનિષ્ઠ અને પવિત્ર જીવન જીવતા વ્યક્તિમાંથી પ્રસરે છે.

(૩) પાંડિત્યનું તેજ: જુદા-જુદા શાસ્ત્રો અને ઉપદેશોનો અભ્યાસ અથવા દુન્યવી જ્ઞાન પ્રાપ્ત કરનારના દેહમાંથી વિસ્તરે છે.

(૪) બ્રહ્મચર્યનું તેજ: તે પૂર્ણ આત્મ સંયમ અથવા બ્રહ્મચર્યના પાલનમાંથી ઉદ્ભવે છે.

આ બધાં તેજ (નૂર) તૈજસ દેહમાંથી ઉદભવે છે.

જિજ્ઞાસુ: તૈજસ દેહ વિશે હજી વધારે વિગતે સમજાવો.

દાદાજી: જે કાંઈ બને છે તે આ તૈજસ દેહ દ્વારા બને છે. તેની રચના કેટલાક ચોક્કસ અણુઓમાંથી થાય છે. આ સ્થૂળ શરીર

દ્વારા થતી કોઈપણ પ્રવૃત્તિઓ સાથે આત્માને કોઈ નિસ્બત નથી. તૈજસ દેહ પોતે જ સઘળાં દુઃખ વેઠે છે. તૈજસ દેહ 'હું' ની અભિવ્યક્તિ છે. તે 'હું પણા' નો આભાસ રચે છે. માટે, તૈજસ દેહ ચાર્જ (Charge) થાય છે અને ડિસ્ચાર્જ (Discharge) 'હું' ની જેમ વ્યવહાર કરે છે.

જિજ્ઞાસુ: કારણ દેહ વિશે સમજાવો.

દાદાજીઃ માતાનું રજ અને પિતાના વીર્યના સંયોગથી નવું કાર્ય શરીર રચાય છે. જીવ એટલે શું? જે જીવે છે અને મરે છે તે જીવ છે. આ સજીવો જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તે આત્મા સૂક્ષ્મ દેહને અને કારણ દેહને તેની સાથે લઈ જાય છે. જ્યારે કોઈ વ્યક્તિનું મરણ થાય ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર અહીં જ વિલય થઇ જાય છે અને કારણ શરીર (Casual Body) સાથે જાય છે અને એનાથી કાર્યશરીર (effect body) ઉદ્ભવે છે.

માતાનું રજ અને પિતાના વીર્યના સંયોગથી ઉત્પન્ન થયેલ સૂક્ષ્મ ગર્ભને સૂક્ષ્મ શરીર તેનો ખોરાક બનાવી લે છે અને તેની ગ્રંથિ બને છે. જેમાં આત્મા, સૂક્ષ્મ શરીર અને કારણદેહ વ્યાપે છે. બીજ પોતે પોતાનું પોષણ કરે છે. જીવ ખોરાક લીધા વિના એક કલાક પણ ટકી ન શકે. તેના પોષણ માટે કશુંક તો હોવું જ જોઈએ. તે ખોરાક નહિ તો પાણી અથવા હવા કંઈક તો લે જ.

તમારા દેહાકારની બાંધણી તો પહેલેથી જ નક્કી થઇ ગયેલી હોય છે. એ કારણ શરીર (Causal Body) કહેવાય અને આ જે સ્થૂળ દેહ મળ્યો છે તે કાર્ય શરીર (Effect Body) છે.

સામાન્ય રીતે વધુ કર્મવાળાને નાનો દેહ. ઓછા કર્મવાળાને મોટો દેહ મળે છે. દાખલા તરીકે કીડી અને હાથીને જુઓ. કીડી સવારે ચાર વાગ્યે પણ ખાંડનો દાણો ખેંચતી હોય છે અને હાથી તેની મોજમાં જીવે છે.!

જિજ્ઞાસુ: બધાને શા માટે શારીરિક તકલીફો થાય છે?

દાદાજીઃ શરીરમાં જે ભાગ Above Normal (અસામાન્ય) કે બીલો નોર્મલ (Below Normal) થઇ જાય છે તે ભાગનો જ દોષ હોય છે અને તે અંગ જ દુઃખ ભોગવે છે. આના પરથી નક્કી કરી શકાય કે પીડા ક્યાંથી આવી અને કેમ આમ થયું. આ રીતે કોઈ પોતાની તકલીફનું કે દુઃખનું કારણ સમજી શકે છે.

જિજ્ઞાસુ: કારણ દેહ વિશે સમજાવો.

દાદાજીઃ કોઈપણ વ્યક્તિ સહેલાઈથી કારણ દેહને સમજી શકે છે. ગર્ભધારણ થાય અને જન્મ થાય ત્યારથી જ એની શરૂઆત થઇ જાય છે. જ્યારથી તે શ્વાસ લેવાનું શરૂ કરી દે છે ત્યારથી રાગ-દ્વેષ થવા માંડે છે. ગમા અને અણગમાની શરૂઆત પણ બાળપણથી જ થઇ જાય છે. આ રાગ-દ્વેષ નિરપવાદરૂપે પરમાણુંઓના આકર્ષણમાં પરિણમે છે. જ્યારે વીતરાગત્વથી

પરમાણું નથી ખેંચાતાં. પરમાણું ખેંચાતાં પૂરણ થવાને કારણે કારણ દેહ રચાય છે. સ્થૂળ દેહ તે Effect Body છે જે Causal Body (કારણ દેહ) દ્વારા નિર્ધારિત થયો છે. જ્ઞાનીપુરૂષ Causal Body (કારણ દેહ) ને જોઈ શકે છે. એમનું આધ્યાત્મિક સામર્થ્ય એટલું તો મોટું હોય છે કે તે નવા Causal Body (કારણ દેહ) ને બંધાતો રોકી શકે છે!

જિજ્ઞાસુઃ જ્યારે કોઈનું મૃત્યુ થાય છે ત્યારે શું થાય છે?

દાદાજીઃ આત્મા સ્થૂળ દેહમાંથી છૂટો પડે છે અને કારણ દેહ સાથે લઈ જાય છે. અશુભ કર્મ (પાપ) અને શુભ કર્મ પણ તેની સાથે જ રહેશે. પુણ્ય બળે વ્યક્તિને સમતોલ અને સ્વસ્થ શરીર મળે છે પણ પાપકર્મને લીધે કોઈ પ્રકારની વિકૃતિઓ આવે. આત્મા તેની સાથે સૂક્ષ્મ દેહ અને કારણ દેહને લઈ જાય છે અને જ્યારે સૂક્ષ્મ દેહ અને કારણ દેહના પરમાણુંઓના સંયોગાત્મક પુરાવાઓ જોડાય છે ત્યારે તેઓ નવા સ્થૂળ દેહરૂપે પરિણમે છે.

જિજ્ઞાસુઃ આવું થવામાં થોડોક સમય લાગતો હશે.

દાદાજીઃ ના, માણસનું જ્યારે મૃત્યુ થાય છે ત્યારે તેનો આત્મા (જીવ) તરત જ તેના દેહથી છૂટો પડે છે અને ક્ષણના નાનામાં નાના ભાગમાં એક સ્થળેથી બીજા સ્થળે નક્કી કરેલા સ્થાને સ્થળાંતર કરે છે. અને ત્યાં જઈને પિતાના વીર્ય અને માતાની રજ સાથે મિલન થવાથી નવો દેહ ધારણ કરે છે.

આ બધું વ્યક્તિની વ્યવસ્થિત (નિયતિ) દ્વારા સાથે-સાથે જ નક્કી થાય છે (વૈજ્ઞાનિક સંયોગિક પુરાવાઓ). આત્મા પોતાના નવા સ્થાન સુધી પહોંચવા માટે પોતાનું સ્વરૂપ નાનું અથવા મોટું કરે છે. જ્યાં સુધી આત્માને નવું સ્થાન નહિ મળે ત્યાં સુધી તે પોતાનું જૂનું શરીર નહિ છોડે. સ્થિતિસ્થાપકતાને લીધે તે નવા દેહ સુધી પહોંચવા માટે જૂના દેહથી નવા દેહ સુધી લંબાય છે.

તેમ છતાંય એવા પણ દાખલા છે કે જેમાં કેટલાક જીવ તુરંત જ સ્થળાંતર કરી નથી શકતા અને નવું ખોળિયું મેળવી શકતા નથી ત્યાં સુધી સ્થૂળ દેહ રહિત અવગતિયા બનીને રખડ્યા અને ભટક્યા કરે છે. જ્યારે તેમને નવો દેહ મળે છે ત્યારે જ તેવી અવગતિથી મુક્તિ થાય છે.

જિજ્ઞાસુઃ શું માણસ, માણસ તરીકે ફરીવાર જન્મ ધારણ કરે ખરો?

દાદાજીઃ માનવભવ પામ્યા પછી આત્માને તેના કર્મ પ્રમાણે અન્ય જીવગતિઓ જેવી કે દેવગતિ, તિર્યંચગતિ અને નરકગતિ વધુમાં વધુ આઠ પુનર્જન્મો સુધી પ્રાપ્ત થઈ શકે છે. ત્યારબાદ તે ફરી એકવાર માનવરૂપને પ્રાપ્ત કરે છે.

આ માત્ર માનવદેહ દ્વારા જ કોઈ અન્ય ગતિમાં ઉત્થાન કે પતન થઇ શકે છે અથવા મોક્ષ પ્રાપ્ત કરે છે. આમ, એમાં ક્યાંક તો

વક્રગતિ ઉત્પન્ન થાય છે કે પછી મોક્ષ પ્રાપ્ત થાય છે.

જો કોઈ માનવજીવનનો ઉદ્દેશ્ય સારી રીતે જાણે અને સમજે તો તે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે અથવા તો પછી એક જન્મથી બીજા જન્મમાં નિરુદ્દેશ્ય ભટક્યા કરે.

જિજ્ઞાસુઃ શું બધા જ જીવો કર્મ ઉપાર્જિત કરે છે?

દાદાજીઃ અન્ય ગતિમાં જીવ તેના કર્મોના ફળને માત્ર ભોગવે છે પણ નવાં કર્મો ઉપાર્જિત થતાં નથી. મનુષ્ય ભવમાં બેઉ વિકલ્પો છે. તમે કર્મોના બંધનમાંથી મુક્ત પણ થઈ શકો છો તથા નવા કર્મોનું ઉપાર્જન પણ કરો છો. માટે તમે માનવ ભવનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરો. આત્માએ માનવદેહ પામવા માટે ભવના અનંત ચક્કર કાપ્યાં છે તો હવે જો એ દેહે પોતાના આત્મા માટે માત્ર એક જ ભવનો સદુપયોગ કરે તો મોક્ષ પ્રાપ્તિનું લક્ષ્ય સાધી શકશે.

જિજ્ઞાસુઃ તો પછી, જન્મ અને મરણના નિરંતર આવાગમનમાંથી કોઈ કેવી રીતે મોક્ષ પ્રાપ્ત કરી શકે?

દાદાજીઃ માત્ર આ માનવભવમાં જો જીવ જ્ઞાનીપુરૂષનો સત્સંગ કરે તો તે (જ્ઞાનીપુરૂષ) તમને મોક્ષ તરફ લઈ જવા માટે સમર્થ છે. જ્ઞાનીપુરૂષ સાથેનો સીધો સંપર્ક આત્માને પામવામાં સહાય કરે છે અને પછી દેહ કે જે અનેક ભવ સુધી શત્રુ સાબિત થયો છે તે પરમ મૈત્રીભાવમાં પરિણમે. તમે જ્ઞાનીનો સત્સંગ કર્યો હોય તો તમારું કાર્ય સિદ્ધ થઈ જશે અને તમે ભવસાગર તરી જશો!

છેલ્લો દેહ કે જેના બાદ સીધો મોક્ષ જ થનાર છે તે ચરમ દેહ કહેવાય છે. જે દેહે મોક્ષે જવાનું છે તે દેહ બહુ મજબૂત હોય.

મને આ દેહ પ્રત્યે કેટલો મોહ છે? મેં મોક્ષ મેળવ્યો છે. હવે આ દેહ માટે જતન માત્ર એટલું જ કે આ દેહ અન્યને મોક્ષ પ્રાપ્તિ માટે પણ ઉપયોગી થાય..

હું આ દેહ સાથે પડોશીની જેમ જ રહું છું. આ દેહ ઉપર મારો કોઈ અધિકાર નથી. જેનો હક હશે તે આવીને હક દાવો રજૂ કરશે. આપણે તો આ દેહની સાથે મિત્રની જેમ વર્તીને પોતાનું કામ કાઢી લેવું રહ્યું. દેહને ક્યારે શું થઈ જાય તે કહી ન શકાય પણ શુદ્ધાત્માને કશું ય નહિ થાય.

આ દેહમાં ભગવાન કેટલું રહેશે? પ્રતિષ્ઠિતાત્મા ચાર્જ થાય ત્યાં સુધી ભગવાન દેહમાં રહે. પણ તેની પાછળનો મુખ્ય આધાર તો કેવળ શુદ્ધાત્મા જ છે. પ્રાણના આધારે જીવે તે પ્રાણી. તે શ્વસનક્રિયાના મુખ્ય બળ પર ટકેલું છે પણ જો નસકોરાંને દબાવીને આઠ મિનિટ માટે બંધ રખાય તો તે વ્યક્તિનું મરણ થાય છે. આ તો મશીનરી જેવું છે.

દેહાધ્યાસ તો વિમૂઢતા છે. દેહાધ્યાસ તો અજ્ઞાન છે. સ્વાનુભૂતિ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે.

સ્થૂળ દેહ તો ગમા અને અણગમાથી પર એવો વીતરાગી છે. એ તો લાકડાના ટેબલ જેવો વીતરાગી છે. આત્મા પણ

પૂર્ણતયા વીતરાગ છે.

## ૮૨. દેહાધ્યાસ ક્યારે તૂટે?

જિજ્ઞાસુ: 'હું' દેહ છું. એવું આખો વખત રહે છે.

દાદાજી: 'હું અમિત છું', 'હું કાકા છું .'..તેનો પતિ,...તેનો પિતા...આ બધું દેહાભિમાન છે.....એ માન્યતા કે 'હું જ દેહ છું.' હા, કોઈ ક્યારેક કહે કે 'આ દેહ મારો નથી'. પણ જો આવા વ્યક્તિને તમે 'બુદ્ધિહીન-senseless' કહો, તો તે આખી રાત ઊંઘવા નહિ પામે!

જિજ્ઞાસુ: તો પછી કોઈનું દેહાભિમાન શી રીતે દૂર થાય?

દાદાજી: જ્યાં સુધી વ્યક્તિ પોતે શુદ્ધાત્માનો અનુભવ ન કરે ત્યાં સુધી દેહાભિમાનને દૂર ન કરી શકાય. જે ક્ષણે વ્યક્તિને 'હું શુદ્ધાત્મા છું' એવી સાચી અનુભૂતિ થઈ કે તરત જ દેહાભિમાન ગાયબ! આત્મસાક્ષાત્કાર પછી જો તેનો પુત્ર પણ મૃત્યુ પામે તો તે શોક કે ગ્લાનીનો અનુભવ નહિ કરે. સારા કે ખરાબનો દ્વંદ્વ ન રહે. આત્માધ્યાસથી દેહાભિમાનને હટાવવું જોઈએ. ભર ઊંઘમાં પણ આત્માનું ભાન રહેવું જોઈએ. દહીંને વલોવ્યા બાદ જુદા રહેતા માખણ અને છાશની જેમ હું તમને જ્ઞાન દ્વારા શુદ્ધાત્માની અનુભૂતિ કરાવું છું. એટલે જ્ઞાન પછી દેહ અને આત્મા અલગ રહે છે.

પૂર્વેના જ્ઞાનીઓએ તેમના શરીરને ખૂબ જ કષ્ટ આપ્યું. તેઓ સમજતા હતા કે આ બધા દુ:ખોની કોઈ અસર શુદ્ધાત્મા પર નહિ પડે.

## ૮૩. માનવ દેહનો મર્મ.

સાધક: માનવ જીવનનું મહત્વ શું છે?

દાદાજી: માનવ દેહ પ્રાપ્ત કરવાનું સાચું પ્રયોજન આ સંસારમાં કોણ જાણે છે? માનવદેહ પ્રાપ્તિના પ્રયોજન વિશે અજ્ઞાનત્તા પ્રવર્તે છે. લોકો એમ માને છે કે તેઓ મોજ-મસ્તી કરવા, પ્રભુભક્તિ કરવા, યોગ કરવા, પ્રાયશ્ચિત કરવા તથા પરિત્યાગ કરવા માટે અહીં આવ્યા છે. ખરેખર તો આત્માને ઓળખવા માટે તેમજ જૂની ભૂલો અને દુષ્કર્મોની આધ્યાત્મિક શુદ્ધિ માટે આપણને આ માનવદેહ મળેલો છે. આ માનવદેહ આપણને જૂના સઘળા સંજોગો અને જૂના હિસાબોનો ઉકેલ લાવવા માટે અને શુદ્ધાત્માનો સાક્ષાત્કાર કરવા માટે મળ્યો છે.

કવિરાજ નવનીતે લખ્યું છે કે :

"દેહ જે પ્રાપ્ત થયો, ગનેગારી ટાળવા,

કર્મ આવરણ ખપ્યે, ભગવાન ન્યાળવા''.

પૂર્વજન્મોના કર્મોથી મુક્ત થવા માટે આપણને દેહ પ્રાપ્ત થયો છે; કર્મોનું આવરણ હટાવીને આપણી અંદરનો ભગવાન નિહાળવો એ માનવદેહનું પ્રયોજન છે.

માનવજીવનનો ખરો આશયઃ પરમાર્થ અને આત્માનુભવ.

સાધકઃ માનવજીવનનો આશય શું છે?

દાદાજીઃ ખરો આશય તો તમે પોતાના પુનર્જન્મના બંધનોમાંથી પૂર્ણ રીતે મુક્ત થાવ. પૂર્ણ બનો. શુદ્ધઆત્માનો અનુભવ કરો અને જ્યાં સુધી તમે શુદ્ધાત્માનો સાક્ષાત્કાર ન કરો ત્યાં સુધી અન્યને માટે જીવો. આ બે મુદ્રાલેખ માટે જ વ્યક્તિ ભારતમાં જન્મ લે છે. શું કોઈ આ બંને ઉદ્દેશ્યોને અનુસરે છે?

ઉલટાનું લોકોએ મનુષ્યમાંથી પ્રાણીના રૂપમાં નીચે ઉતરતા જવા માટે ભેળસેળ અને અનૈતિકતાપૂર્ણ કળાઓ શોધી કાઢી છે. પરમાર્થથી પુણ્યકર્મોનું ઉપાર્જન થવા પામે છે.

સાધકઃ અન્ય માટે જીવવામાં શું મર્મ છે?

દાદાજીઃ જ્યાં સુધી તમે મોક્ષ પ્રાપ્ત ન કરો ત્યાં સુધી, માત્ર તમારાં પુણ્યકર્મો જ તમારા મિત્ર તરીકે કાર્ય કરે છે અને તમારાં પાપકર્મો તમારા શત્રુ તરીકે વ્યવહાર રાખે છે. હવે તમારે નક્કી કરવાનું છે કે તમે મિત્ર ઈચ્છો છો કે પછી દુશ્મન. જો કોઈને દુશ્મન ગમે તો હું તેમને કહીશ કે તેણે મન ફાવે તેમ કરવું, બીજાના ભોગે જીવવું અને જ્યાં રઝળવું હોય ત્યાં રઝળવું અને જેનાં પ્રતિકૂળ પરિણામ પાછળથી તે ભલે ભોગવે.

સાધકઃ દાદાજી! પુણ્યકર્મ કેવી રીતે કમાઈ શકાય?

દાદાજીઃ ભગવાન મહાવીર સમજાવે છે કે યોગોપયોગ પરોપકારાય; અહીં યોગ એટલે તમારા મન-શરીર-વાચા-બુદ્ધિ-ચિત્ત વગેરે પ્રાપ્ત થવી. તમે મનુષ્ય તરીકે આ બધી ખૂબ જ મૂલ્યવાન વસ્તુઓ—સંસાધનો પ્રાપ્ત કરેલ છે. તે સામગ્રી (assembly) નો પરહિત કાજે ઉપયોગ કરવાનો છે. જેથી તમે પુણ્યકર્મ કમાઈ શકશો કે જે જીવનયાત્રામાં સાચો મિત્ર સાબિત થશે. તમે વૃક્ષ પાસેથી શીખો. શું વૃક્ષો પોતાના ફળ ખાઈ જાય છે? જરાય નહિ. કદાચ જ્યારે આપણે તેના તરફ જોતા નહીં હોય ત્યારે ખાઈ જતા હશે? ના, ના. માટે વૃક્ષો સાચે જ તમને કહે છે કે જે તેમનાં ફળ તમે આનંદથી ખાઓ. માટે જો તમને આ સંસારી જીવન ગમતું હોય, જો તમે આગળ ઉપર સારી-સારી પાર્થિવ વસ્તુઓ ચાહતા હો, તો પરમાર્થ કર્યે જાવ.

શા માટે કૂતરીને ખાવાનું મળે છે? કારણ કે જેમાં ભગવાન વસેલો છે તેવાં તેના ગલુડિયાંની તે કાળજી રાખે છે. આ સંસાર માત્ર આ જ આધાર ઉપર ચાલે છે. વૃક્ષો ક્યાંથી તેમનું પોષણ મેળવે છે? શું વૃક્ષોએ કોઈ પ્રયાસ કરવો પડે છે? તે પોતાના પોષણની ચિંતા કરતાં નથી. તેઓને કદી એમ થતું નથી ચાલો એક માઈલ દૂર પાણી પીવા માટે જઈએ!

સાધકઃ પણ વૃક્ષોને પોતાને પરોપકારથી કેવી રીતે લાભ થાય છે?

દાદાજીઃ વૃક્ષો તો મનુષ્યની સેવા કરે છે અને ફળ આપે છે. તેથી તેઓ ઉન્નત જીવનસ્વરૂપ તરફ પ્રગતિ કરશે. તેમની મદદથી મનુષ્યો પણ ઉન્નત દિશામાં પ્રગતિ સાધશે. દાખલા તરીકે, જો તમે કેરી ખાવ, તો આંબાને શું નુકસાન જશે? અને તમે તેના તરફથી શું પામો છો? તમને કેરી ખાવાની મજા પડે છે અને તમારા સુખને કારણે તમારા મનોવલણનો ઉર્ધ્વવિકાસ થાય છે. પરિણામે તમને માનો કે એકસો જેટલા પુણ્યના માર્કની કમાણી થાય છે. આ એકસો પોઈન્ટ્સમાંથી ધારો કે પાંચ પોઈન્ટ તમને ફળ આપવાને કારણે આંબાને મળે તો બાકીના પંચાણું પોઈન્ટ તમારી પ્રગતિ માટે તમારી પાસે રહેશે. માટે જ્યારે તમે બીજા સાથે વહેંચો છો એટલે તેઓ ઉન્નત સ્તરે પહોંચે છે. સાથો-સાથ તમે કાંઈ નીચે નથી પડી જતા. તમે પણ ઊંચે વિકાસ કરશો. આમ, 'અન્યને મદદ કરીને તમે તમારી જ મદદ કરો છો'.

સાધકઃ ગુરુદેવ! પરમાર્થ કરવાથી મને શી રીતે લાભ થાય?

દાદાજીઃ વૃક્ષોનું કાર્ય તો ઉમદા કાર્ય છે પણ વૃક્ષોમાં કર્તાભાવ (Doership) નથી હોતો. તેમનું પોતાનું જીવન હોય છે; તેઓ તેમનાં ફળ અન્યને આપે છે. તમારે પણ આમ જ કરવું જોઈએ. તમને પણ તમારા ફળ મળતાં રહેશે. જ્યાં સુધી તમે અન્યને મફતમાં ફળ આપતા રહેશો ત્યાં સુધી તમે તમારું મન, તમારું શરીર અને તમારી વાચા માટે ફળ મેળવતા રહેશો. તમને જીવનની કોઈપણ જરૂરિયાત મેળવવામાં કોઈ તકલીફ અનુભવવી નહીં પડે પણ જો તમે તમારા સદ્ભાગ્યના ફળ પોતે જ ભોગવ્યા કરશો તો તમારે દુઃખો ભોગવવાં પડશે.

સાધકઃ પણ સ્વાર્થી જીવન જીવવામાં શું ખોટું છે?

દાદાજીઃ જો આંબો પોતે જ પોતાનાં ફળ ખાઈ જાય તો આંબાનો માલિક શું કરશે? શું ઝાડને તે કાપી નહિ નાખે? એ જ રીતે લોકો તેમનાં ફળ પોતે જ ખાય છે. જો તમે તમારું જીવન તમારા લાભ માટે જ કામે લગાડશો તો અંતકાળ બહુ વસમો આવશે. તમે શાંતિપૂર્વક આ સંસાર તથા તમારી માલમતા, સગા-સંબંધી વગેરેને સ્વસ્થતાપૂર્વક નહિ છોડી શકો. ઉલટાનું જો તમે તમારું જીવન પરહિત માટે જ ઉપયોગમાં લેશો તો તો તમને જરાય તકલીફ નહીં નડે અને જીવનમાં તમારી બધી જ ઈચ્છાઓ પૂરી થશે. પણ જો તમે વસ્તુઓની પાછળ દોડશો તો તમારી એકપણ ઈચ્છા પૂરી નહિ થાય. જીવન પ્રત્યેનો એ અભિગમ તમને શાંતિથી ઊંઘવા પણ નહિ દે. આજકાલ ધંધાદારીને દિવસો સુધી ઘસઘસાટ (શાંતિપૂર્ણ) ઊંઘ આવતી નથી.

કારણ કે તેઓએ લોકોને છેતરવા અને લૂંટવા સિવાય બીજું કશું જ કર્યું નથી.

આજકાલ લોકો પોતાની અક્કલ અને બુદ્ધિ બીજા માટે વાપરવાની ફી વસૂલે છે. એક સાદું ફોર્મ ભરી આપવા અથવા સાદી અરજી લખી આપવાના ગરીબ અને અભણ લોકો પાસેથી વીસ રૂપિયા ફી લઈ લે છે.

જુઓ આપણાં દેશને શું થઇ ગયું છે? પહેલાં જ્યારે કોઈ વિવાદ ઊભો થાય ત્યારે સલાહ મફત મળતી હતી. ખરેખર તો એ મફત સલાહ આપનાર પોતાના ઘરનું જમાડીને સલાહ આપતો. જો ગામમાં કોઈ ઝઘડો ઊભો થાય તો માલદાર વેપારી, ગામનો શાણો માણસ લવાદી તરીકે વિના મૂલ્યે સેવા આપતો. તે બંને પક્ષોને ભેગા કરીને બંનેને સુલેહ સંપથી બંનેને સ્વીકાર્ય સમાધાન કરાવતો. જો કોઈ દેવું સેટલ કરવાનું હોય તો તે અમુક રૂપિયા આપવા માટે વ્યવસ્થા કરતો અને બાકીના રૂપિયા હપ્તાવાર ચૂકવીને દેવું ભરપાઈ કરવા માટે સમજાવટ કરાવતો. પછી આ ત્રણે સાથે બેસીને જમતા. હવે, આવી મફત સલાહ અને સલાહદાતા આજે મળવા શું શક્ય છે?

સાધકઃ પણ ગુરુદેવ! જેના ઉપર આપણે ઉપકાર કરીએ છીએ તેમની અંદર જરાય કૃતજ્ઞતાની લાગણી હોતી નથી. આના માટે આપણે શું કરી શકીએ?

દાદાજીઃ જો પરમાર્થી વ્યક્તિ ગ્રહણ કરનાર પાસે કૃતજ્ઞતાની લાગણીની અપેક્ષા રાખે તો પછી તે વકીલની જેમ દાવેદાર બની ગયો કહેવાય. માટે તમે જેને મદદ કરી હોય તેની પાસે કૃતજ્ઞતાની લાગણીની અપેક્ષા ન રાખો. શું કદીય વૃક્ષ તેનું ફળ ખાનાર સારો માણસ છે કે ઠગ-બદમાશ છે એવું કદી વિચારે છે ખરું? જે મેળવે તેની કેરી. વૃક્ષો દ્વારા જીવાતું જીવન જ શ્રેષ્ઠ પરમાર્થી જીવનના દાખલારૂપ છે.

સાધકઃ પણ જેમને મદદ કરી હોય એવા લોકો મદદગાર પર આળ ચડાવે તો તેનું શું? શું આપણે હજી પણ તેમને મદદ કરતા રહેવું?

દાદાજીઃ હા, એ બાબત જ ધ્યાનમાં રાખવા જેવી છે. અકૃતજ્ઞ પ્રત્યે પરમાર્થ એ જ સાચો પરમાર્થ છે પણ આવી ઊંડી સમજ લોકો ક્યાંથી મેળવી શકે? જો માણસ આટલું સમજે તો તે ખરેખર ધન્ય કહેવાય.

પરમાર્થ તો બહુ ઊંચી બાબત છે અને માનવજીવનનો તે ચરમ ઉદ્દેશ્ય છે અને ભારતમાં માનવજીવનનું બીજું લક્ષ્ય જન્મ અને મરણના ફેરામાંથી મોક્ષ મેળવવાનું છે.

કુદરતનો કાનૂન એવો છે કે તે એની જ દરકાર કરશે જે તેના ફળ બીજાને આપશે. આ ગૂઢ વિજ્ઞાન છે. આ પરમાર્થ તે રિલેટીવ (Relative) ધર્મ છે, પછી સાચો ધર્મ (Real Religion) આવે છે કે જે આત્મધર્મ છે.

અન્યના હિત માટે તમે તમારું મન, કાયા અને વાણીનો ઉપયોગ કરો તેમાં જ માનવજીવનનું હાર્દ રહેલું છે.

**૮૪. ક્લેશ.**

જિજ્ઞાસુ: કૃપા કરીને અમને કલેશ વિશે સમજાવો.

દાદાજી: ''કદીયે કોઈની સાથે ઘર્ષણમાં ઉતરશો નહિ અને હંમેશા ઘર્ષણને ટાળજો''. જો તમે મારા આ વિધાનને અનુસરશો તો તમે નિ:શંકપણે મોક્ષ મેળવશો 'મારા' વચનબળયુક્ત આ શબ્દો સાથે જોડાયેલી તમારી નિષ્ઠા તમને મનોવાંછિત ફળ આપશે. હા, પણ તમારી આ બાબતે તૈયારી હોવી જોઈએ.

અરે 'મારું' એક વાક્ય પણ જો સાચી ભાવનાથી જીવાય તો એ એટલું તો શક્તિશાળી છે કે તમને મોક્ષગતિ તરફ લઈ જઈ શકે છે. માત્ર વાક્ય જ નહિ, 'મારો' એક શબ્દ પણ સીધેસીધો એના મૂળ સ્વરૂપમાં જો પચાવી લેવામાં આવે તો પણ વ્યક્તિને મોક્ષ અપાવી દે. હા, એને એના મૂળ રૂપમાં એનું બૌદ્ધિક વિશ્લેષણ કર્યા વિના જ ઉતારી જવાનો. અહીં તમારી બુદ્ધિ કામ નહિ કરે પણ આખેઆખી વસ્તુને ગૂંચવી નાખશે.

મારો એક જ શબ્દ માત્ર એક દિવસ માટે પણ જીવશો તો ગજબની આધ્યાત્મિક શક્તિ પેદા થશે. આત્મશક્તિ આપોઆપ પ્રગટ થશે. તમારી અંદર એવી પ્રચંડ શક્તિ આવશે કે કોઈકે તમારા ઉપર લાદેલા સઘળા ક્લેશને તમે દૂર હટાવી દેશો.

જિજ્ઞાસુ: અમુક પ્રકારના લોકો સાથે હમેશાં અથડામણનું જોખમ રહેતું હોય છે.

દાદાજી: જે પોતાના હિતની જરાય દરકાર કરતો નથી તેની સાથે જો તમે અથડાવ તો તેઓ તમને તેમની સાથે અધોગતિમાં ખેંચી જશે. તમે આવા લોકોથી છૂટવા ચાહો છો કે પછી હમેશાં ક્લેશમાં રહેવા માંગો છો? આવા લોકો કદીયે મોક્ષ નહિ મેળવી શકે અને તમને પણ પાછા પાડશે. તમને આવું પરવડે ખરું? જો તમે મોક્ષ ચાહતા હોય તો એમની પરવા કરશો નહિ. તમારે આવા લોકો સાથે વધારે પડતું ડહાપણ કરવાનું નહીં અને આવા લોકોનાં લલોપતા પણ કરવા નહિ કે, 'હેં ભાઈ, તમને વધારે વાગ્યું છે?'

જિજ્ઞાસુ: દાદાજી! મોક્ષના માર્ગ પર કઈ બાબતની કાળજી લેવી જોઈએ?

દાદાજી: તમારે બધી રીતે સાવધ અને ચેતતા રહેવું જોઈએ. અન્યથા આ દુનિયા એવી છે કે જો તમે મુક્ત થવા માંગતા હશો તો પણ તે હમેશાં તમને બંધનમાં જ રાખશે. હું તો ત્યાં સુધી કહીશ કે, ''જો તમારું ધોતિયું પણ કાંટાળી ઝાડીમાં ફસાયું હોય અને જો તમે મોક્ષની ગાડીને ઉપડતી જુઓ તો જરાય રાહ જોયા વિના અને ધોતિયું બચાવી લેવાની ભાંજગડમાં પડ્યા વિના તમારું ધોતિયું ત્યાં પડતું મૂકીને પણ એ ગાડી પકડવા માટે દોડી જજો''. કોઈપણ સંજોગોમાં એક પળ માટે પણ મોહાસક્તિ

રાખવી કે તેમાં જકડાઈ જવાનું યોગ્ય નથી. જો તમે કોઈની સાથે અથડાયા તો તમે શુદ્ધાત્માની દૃષ્ટિ ગુમાવી બેસશો. આમેય ક્ષુલ્લક બાબતોનું શું મહત્વ હોય છે?

ગમે ત્યારે અથડામણના સંજોગો ઊભા થઇ શકે છે. જો તમે ભૂલથી કે પછી સંજોગોવશાત્ પણ ક્લેશમાં ઉતર્યા તો પછી તમારે જ એનું નિરાકરણ લાવવું રહ્યું. તમે કોઈ જાતનો ક્લેશ-કકળાટ કર્યા વિના એમાંથી શાંતિથી અને કળાપૂર્વક રસ્તો કાઢી પસાર થઇ જજો.

## ૮૫. આત્માને પોષણની કોઈ જરૂર નથી હોતી.

જિજ્ઞાસુ: પણ, આ ચાર જણની (ક્રોધ, માન, કપટ અને લોભ) ટોળકી કેવી રીતે ઉદ્ભવે છે?

દાદાજી: દેહાધ્યાસની ખોટી માન્યતાને કારણે ઊભા થયેલ પ્રતિષ્ઠિત આત્મા દ્વારા તેમનો ઉદ્ભવ, પોષણ અને ઉછેર થાય છે. તે પ્રતિષ્ઠિત આત્મામાંથી ચાર્જ થાય છે.

જિજ્ઞાસુ: તો પછી કોઈ તેમાંથી કઈ રીતે મુક્ત થઇ શકે?

દાદાજી: જ્ઞાનીપુરૂષ જ તેની ઈચ્છા પ્રમાણે કરી શકવાને સમર્થ હોય છે. જ્ઞાનીપુરૂષ કર્મો ચાર્જ થતાં રોકે છે. જેનાથી પ્રતિષ્ઠિત આત્મા ચાર્જ થતો હોય છે એ ભ્રામક માન્યતાના હાર્દને જ્ઞાની તોડીને ભુક્કો બોલાવી દે છે. ક્ષણિક (અનિત્ય) જગત પ્રત્યેના મોહ અને ઝોકને છોડાવે છે. તેમની કૃપા આત્માને શુદ્ધાત્માની દિશામાં ઉન્નત કરે છે અને અભિમુખ કરે છે, ત્યારબાદ વ્યક્તિ ક્રોધ, કપટ, માન અને લોભથી મુક્ત થાય છે. વ્યક્તિનાં ક્રોધ, કપટ, માન અને લોભ તો આત્મા અને અનાત્મને જોડતી કડી છે, જે બંધન છે. તે જ્ઞાન અને જ્ઞેયને જોડતી કડી છે. અન્યથા ભગવાન (શુદ્ધાત્મા) જે આ પ્રકારના બધા મોહથી મુક્ત છે. તેને શા માટે મોહ થવો જોઈએ?

## ૮૬. યોગ અને એકાગ્રતા.

જિજ્ઞાસુ: કૃપા કરીને મનની એકાગ્રતા વિશે અમને સમજાવો.

દાદાજી: એકવાર એક એંજિનિયરે મને કહ્યું કે, ''દાદા! કૃપા કરીને મને એ સમજાવો કે મોક્ષ પ્રાપ્તિ માટે મારે શું કરવું જોઈએ?''

મેં એમને પૂછ્યું કે, ''મોક્ષ પામવા માટે અત્યાર સુધી તમે શું કર્યું છે?''

તેમણે કહ્યું કે, ''હું ધ્યાન ધરું છું અને ચિંતન-મનન કરું છું''.

મેં કહ્યું, ''જે વ્યગ્રતાથી પીડાતો હોય તેણે વ્યગ્રતા ઘટાડવા માટે ધ્યાનનો મલમ લગાવવો જોઈએ! જે ધ્યાન ધરે છે તે વ્યક્તિ વ્યગ્રતાથી પીડાતો હોય છે. આ મજૂરો શા માટે ધ્યાન (એકાગ્રતા) ધરતા નથી? તેઓ વ્યગ્રતાથી પીડાતા નથી અને હું

જ્ઞાનીપુરૂષ હોવાને કારણે મારે પણ એકાગ્રતા સાધવા માટે પ્રયત્ન કરવો પડતો નથી કારણ કે મારી અંદર વ્યગ્રતા જેવું કશું જ નથી.

જ્યારે જીવ બળતો હોય અને બળતરા થતી હોય ત્યારે લોકો એકાગ્રતાની દવા લગાડે છે. પણ આમ કરવામાં, તેમના આત્માને કેવી રીતે મદદ થાય? શું તેમની ચિંતાઓ ઓછી થાય છે? તે ખૂબ જ હોશિયાર હતો એટલે તેણે તરત જ કહ્યું, ''તમે શું કહેવા માગો છો તે મારી બુદ્ધિ સ્વીકારે છે અને મારી ગેરસમજ પણ દૂર થઇ ગઈ છે!''

જિજ્ઞાસુઃ અને ગુરુદેવ! ''યોગનું શું?''

દાદાજીઃ એ એંજિનિયરે ઉમેર્યું કે, ''પણ દાદા! હું રોજ ચાર કલાક યોગ અને ધ્યાન કરું છું''.

મેં કહ્યું, ''તમે યોગના કયા પક્ષની સાધના કરો છો. તમે જ્ઞાત વિષયની સાધના કરો છો કે પછી અજ્ઞાતની. તમે આત્માને તો જાણતા જ નથી તમે તો માત્ર શરીરને ઓળખો છો. એટલે તમે શરીરને અનુશાસનબદ્ધ કરવા માટે શરીરને સમજીને યોગ કરો છો. આ દેહસાધના કહેવાય''.

શું તમે બિલકુલ અપરિચિત વ્યક્તિનો ચહેરો યાદ કરી શકો ખરા?  ના તમે નહિ કરી શકો. એ જ પ્રમાણે તમે તમારા આત્માથી અજાણ છો તો પછી તમે આત્મા (ચેતન) નું ધ્યાન કેવી રીતે કરી શકો? માટે, તમે જે કરો છો તે તો દેહસાધના છે. તમે તમારા આત્મકલ્યાણ માટે શું કર્યું?

જિજ્ઞાસુઃ તો પછી યોગનો ખરેખર શું અર્થ થાય છે?

દાદાજીઃ 'યોગ' એટલે 'જોડાવું'. આ શબ્દ મૂળ ક્રિયાપદ 'યુજ' પરથી બનેલો છે. 'યોગ' (ધ્યાન દ્વારા જોડાવું) માત્ર જ્ઞાત (જાણેલ) બાબતમાં જ શક્ય છે. શરીર, વાચા અને મનનો પણ યોગ થઇ શકે છે.

આ સંસારમાં મનોયોગીઓ પણ હોય છે. અને કેટલાક બુદ્ધિ યોગી પણ હોય છે. તેમાં  કોઈ સદ્‌બુદ્ધિવાળા અને કેટલાક વિપરીત બુદ્ધિવાળા હોય છે. કેટલાક પાસે શુદ્ધ બુદ્ધિ હોય છે કેટલાક પાસે વિકૃત બુદ્ધિ. યોગીઓ પણ જુદા-જુદા પ્રકારના હોય છે. વિરક્ત સાધુઓ દેહયોગી હોય છે અને વકીલો વચનયોગી હોય છે.

યોગ વિવિધ પ્રકારના હોય છે. આત્મયોગ જ સાચો યોગ છે. બીજા બધા અયોગ છે. આત્મા સાથે સુમેળ સ્થાપવો એ ખરા અર્થમાં યોગ છે અને અન્ય યોગ તો અનાત્મા સાથેની કવાયત છે. આવા યોગ શારીરિક અથવા ભૌતિક શક્તિમાં વધારો કરે છે પણ તે મોક્ષ સુધી પહોંચાડતા નથી.

જિજ્ઞાસુઃ તો પછી મોક્ષમાર્ગ માટે કયો યોગ અથવા ધ્યાન ઉપયોગી બની શકે છે?

દાદાજીઃ માત્ર આત્મયોગ દ્વારા (શુદ્ધાત્મા સાથે જોડાઈને) જ મોક્ષ સાધી શકાય છે. જ્યારે દેહ યોગ દુન્યવી અને ભૌતિક પરિણામ નિપજાવે છે. મારા સઘળા મહાત્માઓ આત્મયોગી છે. અને હું સતત આત્મસ્વરૂપમાં રહેનાર આત્મ-યોગેશ્વર છું.

જો તમે આત્મયોગમાં હો અને તમારું મન બીજી બધી વસ્તુઓ બતાવે તો મનને કહી દો કે, ‘‘અહીંથી ચાલવા માંડ. નહિતર તારું અપમાન થશે. હમણાં નહિ, પછી આવજે’’. તમે જ્યારે આત્મા સાથે સંબંધ સ્થાપો ત્યારે તમને જે અનુભૂતિ પ્રાપ્ત થાય તે કદી જાય નહિ. પોતાના ચેતન સિવાયનું અન્ય જ્ઞાન અજ્ઞાનની કક્ષામાં આવે છે અને સ્વરૂપના ભાન પછી અનુભવાતું આત્મદર્શન એ સાચું જ્ઞાન છે. આત્મયોગ અર્થાત્ ચેતન સાથે જોડાણ, તે જ પોતાનો સાચો પરિચય છે. જ્ઞાનયોગ તો ચરમ-પરમ સિદ્ધાંત છે. મન-વચન-કાયાના ત્રિયોગ તો આધ્યાત્મિક યાત્રાની શરૂઆતનું અલ્પવિરામ છે.

## ૮૭. નિર્વિકલ્પ સમાધિ.

જિજ્ઞાસુઃ વૃત્તિઓને શા કારણે અસ્થિર અને દ્વિધાત્મક રહેતી હોય છે?

દાદાજીઃ શું તમે લાંબા સમય સુધી સ્થિર બેસી શકો છો? તો પછી તમે તમારી મનોવૃત્તિઓને સ્થિર રહેવાની અપેક્ષા શી રીતે રાખી શકો? મનોવૃત્તિઓને સ્થિર રાખવાની અસંખ્ય આધ્યાત્મિક પદ્ધતિઓ અને રીતો છે, સાથો-સાથ એટલી જ અડચણો પણ છે. તેમ છતાંય ખળભળાટ મચાવનારી ત્રેવડી આધિ, વ્યાધિ ને ઉપાધિઓ વચ્ચે પણ પ્રશાંત રહેવું શક્ય છે.

જિજ્ઞાસુઃ યોગના માર્ગમાં આખરી પડાવ સમાધિ છે- અનંત આનંદ. કૃપા કરીને અમોને આ વિષયમાં સમજાવો.

દાદાજીઃ યોગ કરતી વખતે યોગમાર્ગમાં સુખ-શાતા પ્રદાતા સ્થિતિનો અનુભવ થાય છે. તેનાથી મન, વચન અને કાયામાં સળગી રહેલ દુઃખ શાંત પડે છે પણ તેમાં મોક્ષના આનંદનો અનુભવ થતો નથી. એ સુખનો અનુભવ તો માત્ર આત્મયોગી જ કરી શકે છે.

સમાધિ શું છે? દેહયોગની કવાયતથી પ્રાપ્ત સમાધિ જ્યાં સુધી તમે દેહયોગ કરો ત્યાં સુધી શાતાનો અનુભવ કરાવે છે પણ ‘શાશ્વત શાતા’ તો ‘નિર્વિકલ્પ સમાધિ’ ઉત્પન્ન થાય તો જ મળે છે. તે ‘હું’ માંથી અને ‘મમત્વ’ માંથી મુક્તિ આપે છે. તે સ્વાભાવિક-સહજ અને અનાયાસ સમાધિ છે. તે તમારી બધી ક્રિયાઓ, જેવી કે ચાલવા, બેસવા, ખાવા અને ઝઘડવા દરમિયાન પણ રહેતી હોય છે. આવી સમાધિ મેળવ્યા બાદ જ તમને મોક્ષ પ્રાપ્ત થાય છે.

જિજ્ઞાસુઃ નિર્વિકલ્પ સમાધિનું શું?

દાદાજીઃ નિર્વિકલ્પ સમાધિમાં દેહ અને આત્મા એકદમ જુદા અનુભવાય છે અને એકમેકથી જુદા અને વિશિષ્ટ અનુભવાય

છે અને આત્મા જીવનના કોઈપણ પડાવમાં તલ્લીન થતો નથી. જુઓ, ‘હું ફલાણો છું’ એ વિકલ્પ છે. તે ખરેખર તો અહંકાર છે અને તમે યોગી થઇ જાવ તો પણ અહંકાર તો રહે જ છે. વિકલ્પી (અહંકારી) વ્યક્તિ કદીયે નિર્વિલ્પી (નિરહંકારી) થઇ શકતો નથી.

જિજ્ઞાસુ: વ્યક્તિ શી રીતે સંકલ્પ-વિકલ્પ (‘હું’ પણું ‘અને ‘મારાપણું’) માંથી મુક્ત થઇ શકે?

દાદાજી: જેઓ સહજ ભાવે નિર્વિકલ્પી થયા છે તેઓ આ પદ સુધી અન્યને લઈ જઈ શકે છે. ‘હું’ અને ‘મારા’ (સંકલ્પ-વિકલ્પ) નો પરિત્યાગ કરનાર નિર્વિકલ્પ બને છે. જ્યાં સુધી વ્યક્તિ નિર્વિકલ્પાવસ્થામાં દીક્ષિત ન થાય ત્યાં સુધી તે નિર્વિકલ્પ થઇ શકતો નથી.

કેટલાક યોગીઓ છે જેઓ ‘હું’ ની ગ્રંથિ સિવાયના તમારા સઘળા સંકલ્પ-વિકલ્પોને જડમૂળથી ઉખેડી નાખે છે. તેથી વ્યક્તિ કદાચ ઉન્નત દશામાં વિકાસ પામે અને આધ્યાત્મિક તેજ પ્રાપ્ત કરે પણ જ્ઞાનનો સાક્ષાત્કાર અનુભવી શકે નહિ. શુદ્ધાત્માની પોતાની ખાસિયતો છે. તેના સ્વાભાવિક ગુણ (ધર્મ) છે. એના પોતાની શુદ્ધ અવસ્થાઓ છે. શુદ્ધાત્મા ધ્યાન અને ચિંતન-મનનથી પર છે અને સદાકાળ દોષ રહિત અને નિષ્કલંક (અલખનિરંજન) છે. આત્મા જ્ઞાનીપુરૂષમાં સંપૂર્ણપણે વ્યક્ત થાય છે. જ્યાં સુધી તમે તમારા આત્મસાક્ષાત્કારના લક્ષ્યથી અજાણ હો ત્યાં સુધી તમે તે મેળવી શકો નહિ. વ્યાપક નુકસાન થાય અને બધું જડમૂળથી ઉચ્છેદ થાય તો પણ સહજ સમાધિ છૂટે નહિ.

‘ધારણા’ તો કાલ્પનિક છે. પ્રતિષ્ઠિત આત્મા તો પરોક્ષ પ્રકાશ છે. જ્યાં કાયમને માટે જ્ઞાતા અને દૃષ્ટાપણું રહે છે તે શુદ્ધાત્માનું જ્ઞાન છે. સર્વ રીતે મનનું સમાધાન રહે તેનું નામ જ્ઞાન છે. પાંચે ઈન્દ્રિયો જાગૃત હોય છતાં સમાધિ જળવાઈ રહે તે જ સાચી સમાધિ છે. પ્રત્યેક અવસ્થામાં અનાસક્ત યોગ જ પૂર્ણ સમાધિ છે.

જિજ્ઞાસુ: શું વ્યક્તિ યોગ અને ધ્યાન દ્વારા સમાધિ (નિત્ય આનંદની સ્થિતિ) પ્રાપ્ત ન કરી શકે?

દાદાજી: નસકોરાં દબાવવાથી સમાધિ શી રીતે પ્રાપ્ત થાય? બાળકનું નાક દબાવી જુઓ, તે તમને બચકું ભરી લેશે! એનાથી ગૂંગળામણ થાય છે. આધિ, વ્યાધિ અને ઉપાધિની બાદબાકી એ જ સાચી સમાધિ છે. મૃત્યુવેળાએ તે વ્યક્તિ કેવળ પોતાના આત્મસ્વરૂપમાં આવી જાય છે અર્થાત્ પોતાને સંકેલીને નિર્વિકલ્પ સમાધિમાં તલ્લીન રહે છે. આપણાં મહાત્માઓ સમ્યક્દૃષ્ટિ અને સ્વાનુભૂતિ ધરાવે છે. તેઓ સમાધિ મૃત્યુ પ્રાપ્ત કરે છે. તેઓ ‘શુદ્ધાત્મા’ તરીકેની પૂર્ણ સભાનતા સાથે એમનો દેહ ત્યાગે છે.

**૮૮. ધ્યાતા-ધ્યેય-ધ્યાન.**

જિજ્ઞાસુ: હું સારી રીતે ધ્યાન ધરી શકતો નથી તો મારે શું કરવું જોઈએ?

દાદાજીઃ એક શેઠ હતા. તે ધ્યાનમાં બેઠા હતા. ત્યારે કોઈકે તેમની પત્નીને પૂછ્યું કે, શેઠ ક્યાં ગયા છે? શેઠાણીએ જવાબ આપતા કહ્યું કે તે તો ઉકરડે ગયા છે. આ સાંભળીને શેઠ મનોમન શેઠાણી સમક્ષ નમી પડ્યા. ખરેખર તેઓ ધ્યાનની ક્ષણોમાં વિષય-સુખના વિચારોમાં લીન થઇ ગયેલા.

જો સાચી રીતે અને વ્યવસ્થિત રીતે ધ્યાન કરવામાં આવે તો તેમાં અદ્ભૂત શક્તિ છે. ધ્યાન શબ્દની વ્યાખ્યાને બરાબર સમજી લો. ધ્યેય નક્કી કર્યા બાદ પોતે ધ્યાતા બની જાય છે ધ્યેય અને ધ્યાતાને જોડતી કડી અર્થાત્ ધ્યાન છે.

જિજ્ઞાસુઃ કૃપા કરીને ઉદાહરણ આપો.

દાદાજીઃ જો કોઈ નક્કી કરે અને કહે કે, "ભલે ને એ હુક્કો દુકાનમાં હોય પણ મારે આ હુક્કો જોઈએ છે". અને જો કોઈ એની ઉપર એક પણ સેકંડની ખલેલ પાડ્યા વગર સતત પચાસ મિનિટ સુધી એકાગ્રતાથી ધ્યાન કરે, તો તે તેને પચાસ મિનિટમાં જ મળશે. એ ક્યાંથી આવશે? તેની ચિંતા કરવાની નથી. ધ્યાનની આવી શક્તિ છે!

જો ધ્યાન પદ્ધતિસરનું હોય તો ધ્યેય (ઉદ્દેશ્ય) નો અનુભવ થવો રહ્યો પણ જો પ્રક્રિયા જ ખોટી હોય તો પછી ફળ શી રીતે મળે? તેનાથી વ્યક્તિ ભગવાનને પણ પ્રાપ્ત કરી શકે છે. ધ્યાનમાં જબરદસ્ત શક્તિ છે પણ તમારે ધ્યાનને સાચી રીતે સમજવું રહ્યું. જો દાદા પચાસ મિનિટમાં આત્માની અપૂર્વ દશાને પ્રાપ્ત કરાવી શકતા હોય તો પછી તમને શું ન મળે?

જ્યારે તમે સતત આઠ મિનિટ સુધી ધ્યાન કરો તો તે જમા થતું થતું તમારા ખાતામાં પચાસ મિનિટનું જમા થઇ જાય છે અને તમને આ રીતે પચાસ મિનિટમાં કરેલ ધ્યાનના લાભ મળી શકે છે. ઓછામાં ઓછી આઠ મિનિટનું સતત ધ્યાન જમા થઇ જાય છે, એનાથી ઓછું સાત મિનિટનું તમારા ખાતામાં જમા થતું નથી.

ધારો કે તમે તમારી જાતને 'અમિત' માનો છો અને ધ્યાતા તરીકે તમારી કલ્પના મુજબ તમારા વિચાર પ્રમાણે નક્કી કરીને ધ્યાન કરો તો શી રીતે તમને સાચા અર્થમાં લાભ થાય? ખરેખર અભિલાષા મુજબનો લાભ આ રીતે સિદ્ધહસ્ત કરી શકાય?

જ્યારે તમે ધ્યાન ધરો ત્યારે તમે શેનું ધ્યાન ધરો છો? તમારા ધ્યાનનો ઉદ્દેશ્ય શું છે? ધ્યાન કોણ ધરે છે? કોઈપણ લક્ષ્ય રહિત, લક્ષ્ય નિર્ધારણ કર્યા વિના, તમે કોનું ધ્યાન ધરશો? ધ્યાન તો લક્ષ્ય સિદ્ધિનું એક હથિયાર અને શૈલી છે. ધ્યાન ત્યારે જ સાર્થક થાય છે જ્યારે આત્મા ધ્યેય હોય અને આત્મા જ ધ્યાતા હોય.

જ્યારે હું તમને જ્ઞાન આપું છું ત્યારે તમને ધ્યાતા બનાવું છું અને તમારી અંદર ચેતનની પ્રતિષ્ઠા કરું છું. ધ્યાનમાં ધ્યાતા અને ધ્યેય તદાકાર થઇ જાય છે. જ્યારે આત્મા શુદ્ધાત્મા તરીકે રહે તો મોક્ષનો સાક્ષાત્કાર થાય. પણ લોકો જ્યારે ધ્યાન ધરે ત્યારે તેઓ ઈચ્છે કે તેમને આવકવેરા કે કામવાસનાના વિચારો ન આવે, પણ જેવા તેઓ ધ્યાનમાં બેસે કે તરત તેમને વણચાહ્યા વિચારો આવે છે. તો આવી દશાને તમે ધ્યાન કેવી રીતે કહી શકો?

હું તમને હમણાં જ ધ્યાનસ્થ કરી દઉં પણ જો તમારે હજી હજાર પગથિયા ચડવાના બાકી હોય ત્યારે તે અર્થહીન છે. એના કરતા, હું તમને સીધે-સીધો મોક્ષ અપાવી દઉં. મારી પાસે આવીને જુઓ. તમારે સીધે-સીધું આત્મપ્રાપ્તિ માટે કહેવું જોઈએ. શા માટે લૌકિક ધ્યાન માગવું જોઈએ? લૌકિક ધ્યાન અપૂર્ણ છે.

જિજ્ઞાસુ: પણ આ મુશ્કેલ તો હોવું જોઈએ.

દાદાજી: જ્યારે હું તે આપનાર હાજર હોઉં તો પછી શેની તકલીફ? જ્યારે તમારાં સઘળાં કાર્ય જો પ્રમુખની ઓળખાણ અને લાગવગથી થઈ શકતાં હોય તો પછી તમે જ્ઞાનીપુરૂષને ઓળખો અને માંગો તો શું ન થઇ શકે? હું તો બધા પૂર્વગ્રહો અને ભેદભાવથી પર છું. હું વીતરાગ છું. જે મને રૂબરૂ મળે અને નિખાલસ હોય તેને હું મોક્ષ આપું છું.

જિજ્ઞાસુ: શું કોઈ પોતાના (શુદ્ધાત્માના) ગુણધર્મ-અનંત જ્ઞાન, અનંત દર્શન તેનું ધ્યાન કરે તો આત્માનુભવ પ્રાપ્ત થાય?

દાદાજી: હા, અવશ્ય, કેમ નહિ? તમે આત્માના ગુણોને જેમ-જેમ જાણો અર્થાત્ અનંતજ્ઞાન, અનંતદર્શન વગેરેને જાણો-સમજો અને તમે તેની ચિંતવના કરો તેમ-તેમ તમને તેનો અનુભવ થશે.

## ૮૯. ભગવાન વિશે.

દાદાજી: ભગવાન—નામ છે કે પછી વિશેષણ છે?

જિજ્ઞાસુ: હા, એ નામ છે!

દાદાજી: જો નામ હોય તો આપણે ભગવાનદાસ કે ભગવાનભાઈ કહેવું જોઈએ. ખરેખર તો ભગવાન વિશેષણ છે. જેમ કે 'ભાગ્યવાન' વિશેષણ 'ભાગ્ય' પરથી બનેલું છે. 'ભગવાન' વિશેષણ પણ 'ભગવત્' પરથી બનેલ છે.

જેની અંદર 'ભગવત્' ગુણધર્મો હોય તે 'ભગવાન' કહેવાને લાયક હોય છે. લોકો મને ભગવાન કહે છે પણ મારું પદ તો કોઈપણ વિશેષણ અને તુલનાથી પર છે. તમે તેને કયું વિશેષણ આપશો? શું તમે આ શરીરને વિશેષણ આપશો? શરીર ક્યારેક તો મરવાનું છે. જે મારી અંદર વ્યક્તરૂપે છે તે પરમાત્મા છે. મારી અંદર જ્ઞાનપ્રકાશ થયો છે, જે અજોડ છે!

જ્ઞાન એ જ પરમાત્મા છે. આત્મા તો માત્ર એક શબ્દ છે. જે સનાતન છે, સત્ય છે તેના સંદર્ભથી તે મૂકવામાં આવ્યો છે. ખરેખર તો જ્ઞાન એ જ પરમાત્મા છે. જ્ઞાન જ સઘળું સંચાલિત કરે છે પણ તમારે જ્ઞાનનો સાક્ષાત્કાર કરવો જોઈએ. શુદ્ધ જ્ઞાન દ્વારા મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. તમે સદ્જ્ઞાનથી સુખી થશો અને વિપરીત જ્ઞાનથી દુઃખી રહેશો. આ સંસારમાં તમારો બીજો કોઈ ઉપરી નથી.

જિજ્ઞાસુ: આ દુનિયાનો ખરેખર કોઈ સર્વોપરી નથી? લોકો કહે છે કે ભગવાનના હાથમાં તેની દોરી (સૂત્ર) છે.

દાદાજીઃ સાચું કહું તો, જે સ્વતંત્ર થયેલો છે અને જેની ઉપર કોઈ નથી તેને ભગવાન કહેવાય છે. તેમની ઉપર કે નીચે કોઈ જ નથી. પણ તમે તમારી અધીનાવસ્થાને સમજતા નથી. પછી તમે કેવી રીતે મોક્ષને સમજી શકો? આ સંસાર પરવશતાથી ભરેલો છે. આ પરવશતા જ દુઃખ છે. લોકો પોતાના આત્માથી જ અપરિચિત રહે છે. જેટલા વિચારો પ્રવર્તે છે એટલા જ વિવિધ રસ્તાઓ પણ છે. તમને ગમે ત્યાં રખડવાની છૂટ છે અને જ્યારે તમે થાકી જાવ ત્યારે અક્રમ વિજ્ઞાનના રસ્તા ઉપર આવજો.

તમને જ્યારે મોક્ષ મેળવવાની ઈચ્છા થાય ત્યારે મારી પાસે આવજો. જ્યારે તમે હતાશા અનુભવો, ગૂંગળામણ અનુભવો અને બધું અસહ્ય થઇ જાય ત્યારે મારી પાસે આવજો. સંસારી જીવન ખોટું નથી, સંસારી જીવનમાં તમારી સમજણ સિવાય કશુંય ખોટું નથી. સંસારમાં ક્ષણે-ક્ષણે જોખમ છે, પ્રત્યેક ક્ષણે પરવશતા છે. એટલે તમારી અંદર બધી વખત વ્યાકુળતા રહે છે.

જિજ્ઞાસુઃ લોકો કહે છે કે વિકરાળ એવા મૃત્યુના દેવ યમરાજ હોય છે.

દાદાજીઃ યમરાજને વારંવાર યાદ કરીને ડરાવનારા ઘણાં લોકો છે. લોકો તેને જમરાજ પણ કહે છે! તેમણે યમરાજાની લાંબા દાંતવાળા રાક્ષસ જેવી ડરામણી આકૃતિઓ ચીતરી રાખેલી છે અને લોકો ડરથી અધમૂઆ જેવા થઇ ગયા છે! યમરાજ તરીકે ઓળખાતું કોઈ પ્રાણી નથી. તે તો ખરેખર 'નિયમરાજ' છે. આ નિયમરાજ સંસારમાં બધું નિયમમાં રાખે છે. આ નિયમરાજ ઉપર જ આપણું જીવન અને મૃત્યુ અવલંબિત છે. આ સાચી સમજ પછી કોઈ આશંકા કે બીક રહેતી નથી.

જિજ્ઞાસુઃ શું આપણે સાચી સમજ કેળવીને બીક દૂર કરી શકીએ?

દાદાજીઃ હા, ધારો કે, કોઈને એમ કહેવાયું હોય કે જંગલમાં તે જે રસ્તા પરથી પસાર થઇ રહ્યો છે ત્યાં કોઈ સિંહ કે હિંસક પ્રાણી નથી પણ એ કહેવાનું રહી ગયું કે એક જગ્યાએ પાંજરામાં કેદ વાઘ અને સિંહ છે. તે જંગલની વાટ પરથી પસાર થઇ રહ્યો હોય કે એકદમ અનાયાસ જ વાઘની ગર્જના તેણે સાંભળી અને એકદમ ગભરાઈને પાછો વળી ગયો! જો તેને પહેલાંથી જાણ કરી હોત કે વાઘ અને સિંહ તો છે પણ પાંજરામાં પૂરાયેલા છે તો તે ડર્યો ન હોત અને પાછો ભાગ્યો ન હોત. માણસ એટલા માટે પાછો ભાગી ગયો કે તેની પાસે અધૂરી માહિતી હતી. એ જ રીતે, તમે અધૂરા જ્ઞાન દ્વારા શી રીતે જીવનની સમસ્યાઓનું સમાધાન લાવશો?

## ૯૦. ગુરૂચાવી (ગુરૂકિલ્લી).

જિજ્ઞાસુઃ ગુરૂ વિશે માર્ગદર્શન આપવાની કૃપા કરશોજી.

દાદાજીઃ ભગવાને કહ્યું છે કે, તમારે ગુરૂ થવું ન જોઈએ અને જો ગુરૂ થાવ તો ગુરૂચાવી રાખવી આવશ્યક છે.

નહિતર, તમે આધ્યાત્મિક રીતે ગુરૂ થવાથી વધી ગયેલા મદને લીધે ફેંકાઈ જશો. ભગવાન કોઈના ગુરૂ થયા નથી પણ અહીં તો આપણને સર્વત્ર ગુરૂઓ મળી આવે છે. કેટલાક ગુરૂઓએ તેમની પત્ની અને બાળકોની જવાબદારી છોડી દીધી છે પણ પછી પાછળથી પાંચસો ચેલાઓની જવાબદારી ઉઠાવે છે. આ મૂર્ખાઓ તેમની પોતાની જાતને પણ ડૂબાડ્યા વિના નહિ રહે. ગુરૂ અર્થાત્ ભારે. તેઓ માત્ર પોતાની જાતને જ નહિ પણ તેમની સાથે બીજાને પણ ડૂબાડીને રહેશે.

હું તો લઘુત્તમ છું. હું ડૂબવાનો નથી અને અન્યને પણ ડૂબાડવાનો નથી. હું તો હળવોફૂલ છું. હું પોતે જીવનરૂપી મહાસાગરમાં તરીશ અને બીજાને પણ તારીશ કારણ કે હું તરણતારણ છું. હું મુક્ત છું અને ઘણાંને મુક્તિ અપાવવાની સત્તા ધરાવું છું પણ હું કોઈનો ગુરૂ નથી.

ભગવાને કહ્યું છે કે જો તમે ગુરૂ બનશો તો તમારી જવાબદારીઓ અને જોખમ વધશે કારણ કે જો તમે જાગૃત નહિ રહો તો તમારે સજા ભોગવવી પડશે. જો તમે ગુરૂ થાવ તો જ્ઞાનીપુરૂષ પાસેથી ગુરૂચાવી મેળવી લેજો. ત્યારબાદ જ તમે બીજાની સહાયતા કરી શકશો. અન્યથા આ એવું પદ છે કે તમારો અહંકારનો કેફ ખૂબ વધતો જ જશે. ગુરૂપદની બહુ ભારે જવાબદારી હોય છે.

એકવાર, કહેવાતા પાંચ-છ ગુરૂઓ મારી પાસે આવ્યા. તેમણે મને કહ્યું કે, ''શું લોકોને ગુરૂની જરૂર નથી?''

મેં જવાબમાં કહ્યું કે, ''હા, તેમને જરૂર છે પણ સાચા ગુરૂઓ જ મદદરૂપ થાય છે. અન્યથા ગુરૂ અર્થાત્ ભારે અને જે ભારે હોય તે જાતે ડૂબે છે અને તેમની સાથે બીજાને પણ ડૂબાડે છે''.

જિજ્ઞાસુઃ આ બાબતે અમને વિસ્તારથી સમજાવો.

દાદાજીઃ હું લઘુત્તમ પુરુષ છું (સાંસારિક વ્યવહારોમાં અતિ વિનમ્ર) છું અને આધ્યાત્મિક બાબતોમાં સૌથી ગુરૂત્તમ છું. પેલા બીજા ઉપર આધિપત્ય ધરાવે છે તેવા સાંસારિક ગુરૂના જેવું કામ હું કદીયે કરતો નથી. તમારે સાંસારિક જીવનમાં લઘુત્તમ થવાનું છે ત્યારપછી જ તમે આધ્યાત્મિક ક્ષેત્રમાં ઊંચે આવશો.

જો તમે 'ગુરૂ' થયા હોય તો તમે દિલથી સમજ જો કે હું લઘુ છું, અર્થાત્ નાનામાં નાનો-લઘુત્તમ. આ વાતનું તમે મનમાં બરાબર ધ્યાન રાખો. હૃદયમાં લઘુતાભાવ હોવો જોઈએ અન્યથા ગુરૂ બનવું તે તો તમને અને બીજાને પણ ડૂબાડશે. ગુરૂ માટેની આ ગુરૂચાવી છે.

જિજ્ઞાસુઃ જ્ઞાન તો ખૂબ જ જટિલ અને ગહન હોય છે. અને તેને સમજવા માટે ગુરૂની મદદની જરૂર પડે છે. એમ તેઓ કહે છે.

દાદાજીઃ 'શુષ્ક જ્ઞાન' કાંઈ ફળ આપતું નથી. એ તો એવા વૃક્ષ જેવું છે, જે પુષ્પાચ્છાદિત તો છે પણ તેના પર એકપણ ફળ લાગતું નથી. આજે આપણને સર્વત્ર આવું શુષ્કજ્ઞાન જોવા મળે છે. વર્તમાન સમયનો આવો પ્રભાવ છે!

'અગમજ્ઞાન' એવું જ્ઞાન છે કે જે જ્ઞાન બધાને સમજવું મુશ્કેલ છે. મેં મારા મહાત્માઓને જે આપ્યું છે તે આ અગમ જ્ઞાન છે. લોકો પાસે 'નિગમ જ્ઞાન' જે માહિતીપરક અને વ્યાવહારિકજ્ઞાન છે પણ તેમની પાસે અગમ જ્ઞાન નથી, જે શબ્દોથી પણ વર્ણનાતીત છે.

માત્ર સદ્‌ગુરૂ જ કોઈકને અનુભવ કરાવી શકે કે અગમ શબ્દનો શું અર્થ થાય છે પણ, જો ગુરૂ પોતે જ અજ્ઞાની હોય અને તે જાતે જ સાચું-ખોટું સમજવામાં ભૂલ કરે તો તેની પાસેથી શી અપેક્ષા રાખી શકાય?

# શુદ્ધાત્મા પ્રત્યે પ્રાર્થના

હે અંતર્યામી પરમાત્મા !
આપ દરેક જીવમાત્રમાં બિરાજમાન છો
તેમ જ મારામાં પણ બિરાજેલા છો.
આપનું સ્વરૂપ તે જ મારું સ્વરૂપ છે.
મારું સ્વરૂપ શુદ્ધાત્મા છે.
હે શુદ્ધાત્મા ભગવાન !
હું આપને અભેદ ભાવે
અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું.
અજ્ઞાનતાએ કરીને મેં જે જે દોષો(★) કર્યા છે,
તે સર્વ દોષોને આપની સમક્ષ જાહેર કરું છું.
તેનો હૃદયપૂર્વક ખૂબ પસ્તાવો કરું છું
અને આપની પાસે ક્ષમા પ્રાર્થું છું.
હે પ્રભુ ! મને ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો
અને ફરી એવા દોષો ક્યારેય પણ ના કરું એવી આપ મને શક્તિ આપો.
હે શુદ્ધાત્મા ભગવાન !
આપ એવી કૃપા કરો કે અમને ભેદભાવ છૂટી જાય
અને અભેદ-સ્વરૂપ પ્રાપ્ત થાય.
અમે તમારામાં અભેદ સ્વરૂપે તન્મયાકાર રહીએ.
(★ જે દોષ થયા હોય તે મનમાં જાહેર કરવા.)

# ये विश्व मे सुख और शांति हो

ये विश्व में सुख और शांति हो,
ऐसी करुणा कर देना;
दिल भीतर के सब तिमिर हरो,
तरणतारण परमात्मा.... ये विश्व में...
ज्ञानांजन हे प्रगट पुरुष,
सिध्धेश्वर शिल्पी सन्मुख;
सब जीव को आतम-प्राप्ति द्यो,
निरावरणी व्यक्तात्मा.... ये विश्व में...
एक स्वभाव है प्रकाश का,
चाहे किसी भी दीप में हो;
पश्चम - पूरब सूरज हो,
निष्पक्षी है किरणात्मा.... ये विश्व में...
निःसंशय ॐ महेश्वरा,
प्रफुल्लित स्वानन्द उदयकरा;
शुध्ध अंतःस्तल की झगमग ज्योत,
केवल ग्यान में स्थिर करना.... ये विश्व में...
भव-भयभंजक मूल-शरण,
आप से कटते जनम-मरण;
जब आयु अंतिम आ जाए,
त्वं सु-चरणों में ले लेना .... ये विश्व में...